યાકિનીમહત્તરાસૂનુ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

# યોગદૃષ્ટિસમુચ્ચય

## શબ્દશઃ વિવેચન

## (ભાગ - ૧)





વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# યોગદૃષ્ટિસમુચ્ચય

## શબ્દશઃ વિવેચન

(ભાગ-૧)

❖ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ❖

લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા પ્રાવચનિક પ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી મોહજિતવિજયજી મહારાજ તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા
વિદ્વાન પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મહારાજ

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✻ સંકલન-સંશોધનકારિકા ✻

પ.પૂ. શાસનસમ્રાટ નેમિસૂરિ મહારાજાના સમુદાયના સાધ્વીજી ચારિત્રશ્રીજી મ. સા. ના
પ્રશિષ્યા સાધ્વી ઋજુમતિશ્રીજી મ. સા.

સંસ્થાના જ્ઞાનખાતામાંથી
આ પુસ્તક
જ્ઞાનભંડાર/શ્રીસંઘને
ભેટ આપેલ છે.
ગીતાર્થ ગંગા

❖ પ્રકાશક ❖

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન
## (ભાગ - ૧)

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૩૩ વિ. સં. ૨૦૬૩

આવૃત્તિ : પ્રથમ નકલ : ૫૦૦

મૂલ્ય : રૂ. ૧૦૦-૦૦

卐 આર્થિક સહયોગ 卐

ધાનેરા નિવાસી

ચંદનબેન કનૈયાલાલ પાનસોવોરા

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૭૫

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

❖ મુદ્રક ❖

નવરંગ પ્રિન્ટર્સ

આસ્ટોડીયા, અમદાવાદ-૧. ફોન : (મો.) ૯૮૨૪૦૪૮૬૮૦ (ઘર) ૨૬૬૧૪૬૦૩

# પ્રાપ્તિસ્થાન

**❖ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૯૧૧૪૭૧

**શ્રી નટવરભાઈ એમ. શાહ (આફ્રિકાવાળા)**
ફ્લેટ નં. ૫૦૧, બ્લોક-એ, રિદ્ધિવિનાયક ટાવર,
વિજયનગર રેલ્વે ક્રોસિંગની પાસે, નારણપુરા,
અમદાવાદ-૧૩.
☎ (૦૭૯) ૨૭૪૭૮૫૧૨

**❖ મુંબઈ :**

**શ્રી નિકુંજભાઈ આર. ભંડારી**
વિષ્ણુ મહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦.
☎ (૦૨૨) ૨૨૮૧૪૦૪૮

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન, બીના જ્વેલર્સની
ઉપર, મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૯૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧

**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરૂ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦

**❖ જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩

**❖ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

**❖ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦

**❖ Bangalore :**

**Shri Vimalchandji**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross,
Bangalore-560053.
☎ (080) (O) 22875262, (R) 22259925

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થભૂત તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાય મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે, ઘણાં સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યાં છે, શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યાં છે, તે અનુસાર કામ બહાર આવી રહ્યું છે અને ક્રમસર આવતું રહેશે. દરમ્યાન શ્રી સંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ સાહેબનાં તથા પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મહારાજ સાહેબનાં જુદા જુદા વિષયો પરનાં અપાયેલાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ શ્રી સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મુખ્ય લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી તેમ જ અતિ માંગને કારણે ઉપર્યુક્ત વિનંતી લક્ષમાં રાખીને આ પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત –

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટીગણ
ગીતાર્થ ગંગા

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વ્યાખ્યાનના ગ્રંથો

## ગુજરાતી

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી (મોટા પંડિત) મહારાજ સાહેબ**

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મહારાજ સાહેબ**

૧. યોગદૃષ્ટિસમુચ્ચય
૨. કર્મવાદ કર્ણિકા
૩. સદ્‌ગતિ તમારા હાથમાં !
૪. દર્શનાચાર
૫. શાસન સ્થાપના
૬. અનેકાંતવાદ
૭. પ્રશ્નોત્તરી
૮. ચિત્તવૃત્તિ
૯. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૦. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૧. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૨. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૩. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૪. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૫. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૧૬. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી (ભાગ-૧)

**પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મહારાજ સાહેબ સંપાદિત**

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો

**લેખક :- પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મહારાજ સાહેબ**

૧. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?

## हिन्दी

**व्याख्यानकार :- प. पू. गणिवर्य श्री युगभूषणविजयजी (नाना पंडित) महाराज साहब**

१. जैनशासन स्थापना

२. चित्तवृत्ति

३. श्रावक के बारह व्रत एवं विकल्प

४. प्रश्नोत्तरी

**लेखक :- प. पू. गणिवर्य श्री युगभूषणविजयजी (नाना पंडित) महाराज साहब**

१. *जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?*

**संपादक :- प. पू. गणिवर्य श्री अरिहंतसागरजी महाराज साहब**

१. पाक्षिक अतिचार

## ENGLISH

**Lecturer : H. H. GANIVARYA SHRI YUGBHUSHANVIJAYJI MAHARAJ SAHEB**

1. Status of religion in modern Nation State theory

**Author : H. H. GANIVARYA SHRI YUGBHUSHANVIJAYJI MAHARAJ SAHEB**

1. Is Jaina Order Independent Religion or Denomination ?

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનના ગ્રંથો

## ગુજરાતી

### વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન

૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| ૧. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજરાતી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (હિન્દી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજરાતી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧

# ‘યોગદૃષ્ટિસમુચ્ચય’ ગ્રંથ શબ્દશઃ વિવેચન ભાગ-૧ના સંકલન-સંપાદનની વેળાએ પ્રાસ્તાવિક

અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવીને પંચેન્દ્રિયત્વ પામ્યા પછી મનુષ્યભવમાં ધર્મની સામગ્રી મળતાં જીવે ધર્મ તો અનેક વાર કર્યો, છતાં મોક્ષ ન પામ્યો; કેમ કે યોગમાર્ગની જિજ્ઞાસા કરીને જીવે યોગમાર્ગમાં પ્રવેશ જ કર્યો નથી. તેવા જીવોની કરુણાથી તે જીવોને સન્માર્ગ બતાવવા યાકિનીમહત્તરાસૂનુ ૧૪૪૪ ગ્રંથના રચયિતા સૂરિપુરંદર પૂજ્ય **હરિભદ્રસૂરિ મહારાજા**એ ‘યોગદૃષ્ટિસમુચ્ચય’ ગ્રંથની રચના કરી છે.

મધ્યમ વિસ્તારવાળો આ ગ્રંથ, અપુનર્બંધકાદિ અવસ્થાને નહિ પામેલા પણ સરળ બુદ્ધિથી સત્યને સ્વીકારવાની તૈયારીવાળા પ્રજ્ઞાપનીય જીવોને અપુનર્બન્ધકાદિ અવસ્થા પમાડવા માટે અને અપુનર્બંધકાદિ અવસ્થા પામેલા જીવોને યોગમાર્ગની ક્રમસર ભૂમિકાઓ પમાડીને કેવળજ્ઞાન અને મોક્ષપ્રાપ્તિ માટે અત્યંત ઉપકારક થાય તેમ છે.

‘યોગદૃષ્ટિસમુચ્ચય’ ગ્રંથના મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાંતા, પ્રભા, પરા એ આઠ દૃષ્ટિઓથી આઠ વિભાગ પડે છે.

ચારિત્ર અંગીકાર કરતાં પહેલાં મેં શ્રી **મહેન્દ્રભાઈ પંડિત**ને (પૂ. **મોહજિતવિજય** મ.સા.) જોયેલા, અને એમણે જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે જ્ઞાન પ્રાપ્ત કરવાની મારી ઇચ્છા હતી. તેથી એમની પાસે ભણેલાં અરુણાબેન, હાલમાં પૂ. **ભક્તિસૂરિ** મ.સા.ના સમુદાયનાં પૂ. **સા. બોધિરત્નાશ્રીજી**નો પરિચય કર્યો. ત્યારપછી પૂ. **સા. બોધિરત્નાશ્રીજી** દ્વારા પ. પૂ. **મુનિશ્રી યુગભૂષણ વિ.** મ.સા. અને **પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા**નો પરિચય થયો. શાસનસમ્રાટ પૂ. આ. ભ. **નેમિસૂરિ મહારાજ**ના સમુદાયના પૂ. **ચંદ્રોદયસૂરીશ્વરજી** મ.સા.ના શિષ્યરત્ન પૂ. **પંન્યાસ નિર્મળચંદ્ર વિ.** મ.સા.ની (સંસારી પક્ષે ભાઈ) સંમતિ મેળવીને **પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ** પાસે અભ્યાસ શરૂ કર્યો. મેં એક વાર વાંચેલું કે મોક્ષ પામવા માટે યોગમાર્ગ જાણવો અત્યંત આવશ્યક છે, અને કોઈક પરમ પુણ્યોદયે તત્ત્વજ્ઞ અધ્યાત્મરસિક પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા પાસે **‘યોગદૃષ્ટિસમુચ્ચય’** ગ્રંથનો અભ્યાસ કરવાની મને સોનેરી તક સાંપડી, તે બદલ આ ઉપકારી મહાત્માઓની હું ઋણી છું.

આ ગ્રંથના ગુજરાતી વિવરણના પ્રૂફસંશોધનાદિ કાર્યમાં શ્રુતોપાસક-શ્રુતપિપાસુ સુશ્રાવક **શ્રી શાંતિલાલ શિવલાલ શાહ**નો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો છે. તેઓએ પણ પોતાને આવા ઉત્તમ ગ્રંથરત્નના સ્વાધ્યાયની-વાંચનની અમૂલ્ય તક સાંપડી તે બદલ ધન્યતા અને ઉપકૃતતા અનુભવેલ છે.

આ ગ્રંથરત્ન દ્વારા મને અને અન્ય વાંચકોને યોગમાર્ગની પ્રાપ્તિ થાય, સંસાર ટૂંકો થાય અને મોક્ષધામ પ્રતિ શીઘ્ર ગતિએ પ્રયાણ કરીએ અને પરમપદને પામીએ એ જ અભ્યર્થના.

**– શાસનસમ્રાટ પ. પૂ. નેમિસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના**
**પૂ. સાધ્વીજી ચારિત્રશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા**
**સાધ્વીજી ઋજુમતિશ્રીજી**

# 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથ ભાગ-૧ના પદાર્થોની સંકલના

ગ્રંથકારે પ્રથમ શ્લોકમાં આઠ દૃષ્ટિને કહેવાની પ્રતિજ્ઞા કરેલ અને તેમાં મંગલરૂપે વીર પરમાત્માને નમસ્કાર કરેલ છે. તે નમસ્કાર શાસ્ત્રયોગથી કરવાની પોતાની અશક્તિ જણાવાથી ગ્રંથકારે ઇચ્છાયોગથી કરેલ છે; અને આઠ દૃષ્ટિને કહેવાનો સંકલ્પ હોવા છતાં, તે આઠ દૃષ્ટિ સાથે ઇચ્છાદિ ત્રણ યોગો પણ સંકળાયેલા છે, અને આઠ દૃષ્ટિના બોધમાં આ ઇચ્છાદિ ત્રણ યોગોનો બોધ પણ ઉપકારક છે, તેમ જણાવાથી ગ્રંથકારે ઇચ્છાદિ ત્રણ યોગોનું સ્વરૂપ પણ સંક્ષેપથી બતાવેલ છે.

**(1) ઇચ્છાયોગ :-**

યોગમાર્ગની ક્રિયાઓ શાસ્ત્રાનુસારે કરવાની બળવાન ઇચ્છા હોય, છતાં તથાપ્રકારના બોધના અભાવને કારણે કે પ્રમાદને કારણે શાસ્ત્રથી વિકલ ધર્મપ્રવૃત્તિ થતી હોય, તે ઇચ્છાયોગ છે.

**(2) શાસ્ત્રયોગ :-**

શાસ્ત્રવિધિના સમ્યગ્ બોધપૂર્વક અને શાસ્ત્રવિધિ અનુસાર ધર્મક્રિયા કરવા માટે સુદૃઢ યત્ન જેમાં વર્તતો હોય, અને શાસ્ત્રે જે અનુષ્ઠાનથી જે ભાવો ઉત્પન્ન કરવાના કહ્યા છે તે ભાવોને સમ્યક્ ઉલ્લસિત કરી શકે તેવો અવિકલ વ્યાપાર જે અનુષ્ઠાનમાં વર્તતો હોય તે શાસ્ત્રયોગ છે.

**(3) સામર્થ્યયોગ :-**

શાસ્ત્રે જે દિશામાં જવાનો ઉપાય બતાવ્યો હોય તે દિશામાં શક્તિના પ્રકર્ષથી યત્ન વર્તતો હોય, અને આગળ જ્યાં શાસ્ત્ર દિશા બતાવી શકતું નથી ત્યાં સ્વપ્રજ્ઞાથી તે સ્થાનનો બોધ થાય અને શક્તિના ઉદ્રેકથી અવિકલ વ્યાપાર થાય, તે સામર્થ્યયોગ છે.

આ સામર્થ્યયોગ બે પ્રકારનો છે –

પહેલો સામર્થ્યયોગ ક્ષપકશ્રેણીકાળમાં પ્રગટે છે, અને બીજો સામર્થ્યયોગ યોગનિરોધકાળમાં પ્રગટે છે.

પ્રથમ સામર્થ્યયોગકાળમાં મોહના ઉન્મૂલન માટે સુદૃઢ વ્યાપાર હોય છે અને સર્વ સંગરહિત અસંગભાવમાં અનવરત પ્રવૃત્તિ હોય છે, અને બીજા સામર્થ્યયોગકાળમાં કર્મબંધના કારણભૂત મન, વચન, કાયાના યોગોનો નિરોધ થાય છે, જેથી સર્વસંવર પ્રગટે છે, અને તેના ફળસ્વરૂપે સર્વ કર્મનો નાશ થાય છે.

વળી ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગથી મિત્રાદિ આઠ દૃષ્ટિઓ ઉદ્ભવ પામે છે. તેથી મિત્રાદિ આઠ દૃષ્ટિઓના બોધમાં ઇચ્છાયોગાદિનો બોધ ઉપયોગી છે, તેમ ગાથા-૧૨માં સ્પષ્ટ કરેલ છે. ત્યારપછી

આઠ દૃષ્ટિનું સ્વરૂપ બતાવતાં, પ્રથમ અન્વર્થ નામવાળી આઠ દૃષ્ટિઓનાં નામ શ્લોક-૧૩માં બતાવેલ છે. તેથી આઠ દૃષ્ટિઓનાં નામથી પણ તે તે દૃષ્ટિનો કંઈક બોધ થાય છે.

વળી આ મિત્રાદિ આઠ દૃષ્ટિઓ ઓઘદૃષ્ટિ કરતાં જુદી છે. તેથી ઓઘદૃષ્ટિ શું છે ? તેનો બોધ કરાવવા અર્થે શ્લોક-૧૪માં ઓઘદૃષ્ટિ બતાવી. તેનાથી એ પ્રાપ્ત થયું કે પારલૌકિક પ્રમેયના વિષયમાં ઓઘદૃષ્ટિ જુદી રીતે પ્રવર્તે છે અને યોગદૃષ્ટિ જુદી રીતે પ્રવર્તે છે. પ્રથમ ચાર દૃષ્ટિ સુધી યોગદૃષ્ટિ છે અને ઓઘદૃષ્ટિ પણ છે. તેથી ચાર દૃષ્ટિ સુધીના યોગીઓમાં ઓઘદૃષ્ટિને કારણે દર્શનભેદની પ્રાપ્તિ થાય છે; અને પાંચમી દૃષ્ટિથી ઓઘદૃષ્ટિ નથી, તેથી સર્વ યોગીઓનો એક યોગમાર્ગ રહે છે. આથી દર્શનભેદની ત્યાં પ્રાપ્તિ નથી.

આઠ દૃષ્ટિઓનું નામથી સ્વરૂપ બતાવ્યા પછી આઠ દૃષ્ટિઓમાં થતા બોધની તરતમતા બતાવવા માટે દૃષ્ટાન્તથી આઠ દૃષ્ટિઓનું સ્વરૂપ શ્લોક-૧૫માં બતાવેલ છે.

**(૧) મિત્રાદૃષ્ટિ :-**

મિત્રાદૃષ્ટિમાં તૃણના અગ્નિકણ જેવો બોધ હોય છે. જેમ, અમાસની ગાઢ રાત્રિએ સર્વત્ર અંધકાર વ્યાપ્ત હોય છે ત્યારે તૃણનો અગ્નિકણ કંઈક પ્રકાશ પાથરે છે, તેમ સંસારી જીવોમાં પૂર્વે પારલૌકિક પ્રમેયના વિષયમાં ગાઢ અંધકાર વર્તતો હોય છે; અને કોઈક રીતે કર્મના વિગમનથી યોગમાર્ગને અનુકૂળ ચેતના જીવમાં પ્રગટે છે, ત્યારે મિત્રાદૃષ્ટિમાં પારલૌકિક પ્રમેયને જોવા માટે સમર્થ એવો તૃણના અગ્નિકણ જેવો બોધ પ્રગટે છે, જેથી જીવ આત્મહિતને અભિમુખ કંઈક યોગમાર્ગમાં યત્ન કરે છે.

**(૨) તારાદૃષ્ટિ :-**

તારાદૃષ્ટિમાં ગોમયના અગ્નિકણ જેવો બોધ હોય છે. તેથી ગાઢ અંધકારમાં પણ આ દૃષ્ટિમાં પ્રથમ દૃષ્ટિના બોધથી કંઈક અધિક તત્ત્વ દેખાય છે; છતાં આ બન્ને દૃષ્ટિના બોધો અતિ અલ્પ હોવાથી યોગમાર્ગની માર્ગાનુસારી પ્રવૃત્તિ કરવા માટે અત્યંત ઉપકારક નથી.

**(૩) બલાદૃષ્ટિ :-**

બલાદૃષ્ટિમાં કાષ્ઠના અગ્નિકણ જેવો પહેલી બે દૃષ્ટિ કરતાં કંઈક અધિક બળવાન બોધ હોય છે. તેથી ગાઢ અંધકારમાં યોગમાર્ગની કંઈક સમ્યક્ પ્રવૃત્તિ થઈ શકે તેવો યત્ન થાય છે.

**(૪) દીપ્રાદૃષ્ટિ :-**

દીપ્રાદૃષ્ટિમાં દીવાના પ્રકાશ જેવો પ્રથમની ત્રણ દૃષ્ટિ કરતાં વિશિષ્ટતર બોધ હોય છે. તેથી ગાઢ અમાસની રાત્રે પણ જેમ દીવાના પ્રકાશથી કંઈક સમ્યક્ પ્રવૃત્તિઓ થઈ શકે છે, તેમ પારલૌકિક પ્રમેયના વિષયમાં ગાઢ અંધકાર વર્તતો હોય ત્યારે, દીપ્રાદૃષ્ટિના બોધથી કંઈક યથાર્થ પ્રવૃત્તિ થાય છે. તેથી મોક્ષમાર્ગને અનુકૂળ ભાવથી વંદનાદિની પ્રવૃત્તિ થાય છે, તોપણ પૂર્ણ સમ્યક્ બોધ નહિ હોવાથી ચોથી દૃષ્ટિ સુધી જીવોની દ્રવ્યથી વંદનાદિની પ્રવૃત્તિ છે, એ પ્રકારનો શાસ્ત્રીય વ્યવહાર છે.

### (૫) સ્થિરાદૃષ્ટિ :-

ગ્રન્થિના ભેદથી સ્થિરાદૃષ્ટિ પ્રગટે છે અને સ્થિરાદૃષ્ટિમાં રત્નની પ્રભા જેવો સ્થિર બોધ હોય છે. વળી તે બોધ સામાન્ય રત્નપ્રભા જેવો નહિ, પરંતુ દીવાના પ્રકાશ કરતાં અધિક પ્રકાશ ફેલાવે તેવા રત્નવિશેષની પ્રભા જેવો હોય છે, જેથી યોગમાર્ગની દિશાનો યથાર્થ નિર્ણય થાય છે અને શક્તિ અનુસાર યોગમાર્ગમાં યત્ન થાય છે. તેથી સ્થિરાદૃષ્ટિમાં વર્તતા યોગી ભાવથી યોગમાર્ગમાં પ્રવૃત્ત છે.

### (૬) કાન્તાદૃષ્ટિ :-

કાન્તાદૃષ્ટિમાં તારાની આભા જેવો બોધ હોય છે. તેથી સ્થિરાદૃષ્ટિના બોધ કરતાં પણ અધિક બોધ હોય છે. આથી કાન્તાદૃષ્ટિમાં વિશિષ્ટ અપ્રમાદયુક્ત યોગમાર્ગની પ્રવૃત્તિ હોય છે.

### (૭) પ્રભાદૃષ્ટિ :-

પ્રભાદૃષ્ટિમાં સૂર્યની આભા જેવો બોધ હોય છે અને તે બોધ પ્રાયઃ વિકલ્પ વગર સદા ધ્યાનનો હેતુ છે.

### (૮) પરાદૃષ્ટિ :-

પરાદૃષ્ટિમાં ચંદ્રની ચંદ્રિકાના પ્રકાશ જેવો બોધ હોય છે, જેથી યોગીઓ યોગમાર્ગમાં સર્વથા વિકલ્પરહિત ધ્યાનમાં પ્રવૃત્ત હોય છે. આ દૃષ્ટિમાં રહેલા યોગીને જો શક્તિનો પ્રકર્ષ થાય તો ક્ષપકશ્રેણી પ્રગટે છે અને કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

શ્લોક-૧૬માં આઠ દૃષ્ટિઓમાં પ્રગટ થતાં આઠ યોગાંગો, યોગમાર્ગમાં વર્તતા ખેદાદિ આઠ દોષોનો પરિહાર, અને યોગમાર્ગને અનુકૂળ પ્રગટ થતા અદ્વેષ આદિ આઠ ગુણો બતાવેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે આઠે દૃષ્ટિઓમાં આઠ યોગાંગોમાંથી ક્રમસર એક એક યોગાંગ પ્રગટ છે, યોગમાર્ગની પ્રવૃત્તિમાં વિઘ્નભૂત એવા ખેદાદિ આઠ દોષોમાંથી ક્રમસર એક એક દોષનો પરિહાર થાય છે, અને અદ્વેષ આદિ આઠ ગુણોમાંથી ક્રમસર એક એક ગુણ પ્રગટ થાય છે. તેથી આઠ યોગાંગોના બળથી, ખેદાદિ આઠ દોષોના પરિહારથી, અને અદ્વેષ આદિ આઠ ગુણોની પ્રાપ્તિથી મિથ્યાત્વ ગુણસ્થાનકથી માંડીને અસંગઅનુષ્ઠાન સુધીનો સંપૂર્ણ યોગમાર્ગ આઠ વિભાગમાં વિભક્ત થાય છે.

સાચી શ્રદ્ધાથી યુક્ત એવો બોધ તે દૃષ્ટિ કહેવાય છે, અને આ બોધ અસદ્ પ્રવૃત્તિથી નિવૃત્તિ કરાવીને સત્પ્રવૃત્તિપદને પ્રાપ્ત કરાવનાર છે=શૈલેશીઅવસ્થારૂપ સત્પ્રવૃત્તિપદને પ્રાપ્ત કરાવનાર છે. દૃષ્ટિનું આ પ્રકારનું લક્ષણ શ્લોક-૧૭માં કરેલ છે.

વળી આ યોગની દૃષ્ટિઓ સ્થૂલથી આવરણના ભેદને કારણે આઠ પ્રકારની છે, અને સૂક્ષ્મથી વિચારીએ તો અવાન્તર ભેદોને આશ્રયીને અનંત ભેદવાળી છે. તે કથન શ્લોક-૧૮માં સ્પષ્ટ કરેલ છે.

આઠ દૃષ્ટિમાંથી પહેલી ચાર દૃષ્ટિ પાત પામે તેવી છે અને સાપાય છે, પાછળની ચાર દૃષ્ટિ પાત પામે તેવી નથી અને નિરપાય છે, તે શ્લોક-૧૯માં સ્પષ્ટ કરેલ છે.

પાછળની ચાર દૃષ્ટિમાં રહેલા યોગીઓ આ ભવમાં કેવળજ્ઞાન પ્રાપ્ત ન કરી શકે અને દેવભવમાં જાય તો દેવલોકમાં જે ચારિત્રનો ભંગ થાય છે, તે ભંગ રાત્રિના સૂવાની ક્રિયા તુલ્ય છે. વસ્તુતઃ દેવભવ તે યોગીઓ માટે યોગમાર્ગની શક્તિનો સંચય કરીને વિશેષથી યોગમાર્ગની પ્રવૃત્તિ કરવાનું કારણ છે, અને તેનું સ્પષ્ટીકરણ શ્લોક-૨૦માં કરેલ છે.

## (૧) મિત્રાદૃષ્ટિ :-

મિત્રાદૃષ્ટિમાં બોધ મંદ હોય છે, ઇચ્છારૂપ યમ હોય છે, ધર્મકૃત્યોમાં અખેદ હોય છે અને પરનાં ખામીવાળાં ધર્મકૃત્યોમાં અદ્વેષ હોય છે. આ પ્રકારનું મિત્રાદૃષ્ટિનું સંક્ષેપથી સ્વરૂપ શ્લોક-૨૧માં બતાવેલ છે.

મિત્રાદૃષ્ટિમાં રહેલા યોગીઓ જૈનશાસનને પામીને કેવા પ્રકારનાં યોગબીજો ગ્રહણ કરે છે, તેનું સ્પષ્ટીકરણ શ્લોક-૨૨-૨૩માં કરેલ છે.

આ યોગબીજોની પ્રાપ્તિ ચરમ પુદ્ગલપરાવર્તનમાં થાય છે, અને તે કઈ રીતે થાય છે, તેનું સ્પષ્ટીકરણ શ્લોક-૨૪માં કરેલ છે.

પહેલી દૃષ્ટિમાં રહેલા યોગીઓ જિનમાં કુશલચિત્ત કરે છે. તે કુશલચિત્તમાં જિનાદિ વિષયક અત્યંત ઉપાદેય બુદ્ધિ હોય છે, અને આલોક અને પરલોકના ફળની આશંસા હોતી નથી. તેથી તે કુશલચિત્ત સંશુદ્ધ બને છે; અને સંશુદ્ધ એવું કુશલચિત્ત યોગબીજરૂપ છે, અન્ય નહિ, તે શ્લોક-૨૫માં સ્પષ્ટ કરેલ છે.

વળી, જેમ જિનમાં સંશુદ્ધ એવું કુશલચિત્ત યોગબીજરૂપ છે, તેમ અન્ય પણ યોગબીજો શ્લોક-૨૬ થી ૨૯ સુધી બતાવેલ છે; અને સંશુદ્ધ યોગબીજોનું ગ્રહણ ભાવમલના વિગમનથી થાય છે. આથી ચરમાવર્ત પહેલાં તેવું સંશુદ્ધ કુશલચિત્ત થતું નથી, તેનું સ્પષ્ટીકરણ શ્લોક-૩૦-૩૧માં કરેલ છે.

ચરમાવર્તમાં આવેલા જીવો કેવા પ્રકારના લક્ષણવાળા હોય છે, તેનું સ્વરૂપ શ્લોક-૩૨માં બતાવેલ છે; અને ચરમાવર્તનું લક્ષણ જીવને અવચંકત્રયના ઉદયથી પ્રાપ્ત થાય છે, તેનું સ્પષ્ટીકરણ શ્લોક-૩૩માં કરેલ છે. યોગાવંચક આદિ ત્રણ અવંચકયોગનું સ્વરૂપ શ્લોક-૩૪-૩૫માં બતાવેલ છે. જીવમાં ભાવમલ ઘણો હોય ત્યારે આ અવંચકત્રય પ્રગટ થતા નથી, તે શ્લોક-૩૬-૩૭માં દૃષ્ટાન્તથી બતાવેલ છે. ચરમયથાપ્રવૃત્ત-કરણકાળમાં ગ્રન્થિભેદની નજીક રહેલા યોગીને અવંચકત્રયની પ્રાપ્તિ અને યોગબીજોની પ્રાપ્તિ થાય છે, તે શ્લોક-૩૮માં કહેલ છે. ચરમાવર્તમાં થતું ચરમયથાપ્રવૃત્તકરણ ચરમાવર્ત બહારના યથાપ્રવૃત્તકરણ કરતાં વિલક્ષણ છે, અને અપેક્ષાએ અપૂર્વકરણની જેમ અપૂર્વ છે, તે શ્લોક-૩૯માં બતાવેલ છે.

મિથ્યાદૃષ્ટિગુણસ્થાનકપદની પ્રવૃત્તિ મિત્રાદૃષ્ટિથી જ સંગત છે, તેનું સ્પષ્ટીકરણ શ્લોક-૪૦માં કરેલ છે.

## (૨) તારાદૃષ્ટિ :-

તારાદૃષ્ટિમાં મિત્રાદૃષ્ટિ કરતાં કંઈક સ્પષ્ટ બોધ હોય છે, નિયમ નામનું બીજું યોગાંગ પ્રગટે છે, હિતપ્રવૃત્તિના આરંભમાં અનુદ્વેગ હોય છે અને તત્ત્વ જાણવાની જિજ્ઞાસા પ્રગટે છે, તે શ્લોક-૪૧માં બતાવેલ છે.

વળી, તારાદૃષ્ટિમાં રહેલા યોગીઓને યોગમાર્ગની કથામાં અવિચ્છિન્ન પ્રીતિ હોય છે અને ભાવયોગીઓને વિષે બહુમાન હોય છે. વળી ગુણવાન એવા યોગીઓના વિષયમાં પોતાના યોગમાર્ગની વૃદ્ધિ કરે અને લાભાન્તરાયનો ક્ષયોપશમ કરે એવી શ્રદ્ધાયુક્ત આહારાદિ દાનથી ભક્તિ હોય છે.

વળી, આ બીજી દૃષ્ટિવાળા યોગીઓ વડે કરાયેલ દાનના બળથી પોતાનામાં વર્તતા વ્યાધિ આદિનો નાશ થાય છે, તે શ્લોક-૪૨ થી ૪૪ સુધી બતાવેલ છે.

વળી, બીજી દૃષ્ટિવાળા યોગીઓને તેવા પ્રકારની શુભ પ્રવૃત્તિ હોવાને કારણે સંસારની દુર્ગતિઓમાં જવાનો અત્યંત ભય હોતો નથી, તેઓ સદા ઉચિત કૃત્યો કરનારા હોય છે અને અનાભોગથી પણ અનુચિત પ્રવૃત્તિ કરતા નથી. પોતે જે કૃત્યો કરે છે તેનાથી ઉપરનાં કૃત્યોમાં તેમને જિજ્ઞાસા વર્તે છે અને પોતાની ખામીવાળી પ્રવૃત્તિ પ્રત્યે સન્ત્રાસ થાય છે. તે શ્લોક-૪૫-૪૬માં બતાવેલ છે.

વળી, તારાદૃષ્ટિવાળા યોગીઓ વિચારે છે કે સંપૂર્ણ ભવ દુઃખરૂપ છે, મુનિઓ તેના ઉચ્છેદ માટે પ્રવૃત્તિ કરે છે, તેનો બોધ કઈ રીતે થાય ? વળી વિચારે છે કે અમારી મહાન પ્રજ્ઞા નથી, શાસ્ત્રનો વિસ્તાર મહાન છે, માટે શિષ્ટ પુરુષોને પ્રમાણ કરીને ભવના ઉચ્છેદનો ઉપાય જાણવા યત્ન કરવો જોઈએ. તે વાત શ્લોક-૪૭-૪૮માં સ્પષ્ટ કરેલ છે.

### (૩) બલાદૃષ્ટિ :-

બલાદૃષ્ટિમાં સુખાસન નામનું ત્રીજું યોગાંગ પ્રગટે છે, બોધ કંઈક દૃઢ હોય છે, પરાકોટીની તત્ત્વશુશ્રૂષા હોય છે અને યોગની પ્રવૃત્તિ વિષયક ક્ષેપ દોષ હોતો નથી, તે શ્લોક-૪૯માં બતાવેલ છે.

બલાદૃષ્ટિમાં રહેલ શુશ્રૂષાનું સ્વરૂપ શ્લોક-૫૨-૫૩-૫૪માં બતાવેલ છે.

**વિ. સં. ૨૦૬૩ તિથિ-વૈશાખ સુદ ૩** — **પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**તા. ૨૦-૪-૨૦૦૭, શુક્રવાર**
**૩૦૨, વિમલ વિહાર,**
**સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ-૭.**

# યોગદૃષ્ટિસમુચ્ચય ભેદ-પ્રભેદ

**શ્લોક-૨ થી ૧૦ : પૃ. ૬૮ થી ૭૧ ઇચ્છાયોગ આદિ ત્રણ યોગ :-**

- ઇચ્છાયોગ
- શાસ્ત્રયોગ
- સામર્થ્યયોગ
  - ધર્મસંન્યાસ સામર્થ્યયોગ
    - અતાત્ત્વિક ધર્મસંન્યાસ સામર્થ્યયોગ
    - તાત્ત્વિક ધર્મસંન્યાસ સામર્થ્યયોગ
  - યોગસંન્યાસ સામર્થ્યયોગ

**શ્લોક-૧૦ : પૃ. ૭૨ : પ્રવ્રજ્યાયોગ્યતા-૧૬ :-**

૧. આર્યદેશોત્પન્ન
૨. વિશિષ્ટજાતિકુલાન્વિત
૩. ક્ષીણપ્રાય કર્મમલ
૪. ક્ષીણપ્રાય કર્મમલથી જ વિમલબુદ્ધિ
૫. અવગતસંસારનૈર્ગુણ્ય
૬. સંસારવિરક્ત
૭. પ્રતનુકષાય
૮. અલ્પહાસ્યઆદિ
૯. કૃતજ્ઞ
૧૦. વિનીત
૧૧. રાજા-અમાત્ય-પૌરજનબહુમત
૧૨. અદ્રોહકારી
૧૩. કલ્યાણાંગ
૧૪. શ્રાદ્ધ
૧૫. સ્થિર
૧૬. સમુપસંપન્ન

**શ્લોક-૧૪ : પૃ. ૭૪ : સ્થિરયોગી આદિ યોગીની પરાર્થપ્રવૃત્તિનું સ્વરૂપ-૫ :-**

- શુદ્ધબોધયુક્ત
- આગ્રહશૂન્યતા
- મૈત્ર્યાદિ પારતંત્ર્ય
- ચારિસંજીવની ન્યાયથી ગંભીર ઉદાર આશયયુક્ત

**શ્લોક-૧૫ : પૃ. ૭૪-૭૫ : મિત્રાદૃષ્ટિ આદિ આઠના બોધનું સ્વરૂપ :-**

- તૃણાગ્નિકણસદૃશ
- ગોમયાગ્નિકણસદૃશ
- કાષ્ઠાગ્નિકણસદૃશ
- દીપપ્રભાસદૃશ
- રત્નપ્રભાસદૃશ
- તારાઆભાસદૃશ
- સૂર્યઆભાસદૃશ
- ચંદ્રિકાઆભાસદૃશ

**શ્લોક-૧૫ : પૃ. ૭૪ : મિત્રાદૃષ્ટિના બોધનું સ્વરૂપ :-**

- તૃણાગ્નિકણસદૃશ
- તત્ત્વથી અભીષ્ટકાર્યઅક્ષમ
- સમ્યક્પ્રયોગકાલઅનવસ્થાયી
- અલ્પવીર્ય
- પટુસ્મૃતિબીજસંસ્કાર-આધાનઅક્ષમ
- વિકલપ્રયોગયુક્ત વંદનાદિ

**શ્લોક-૧૫ : પૃ. ૭૪-૭૫ : તારાદૃષ્ટિના બોધનું સ્વરૂપ :-**

- ગોમયઅગ્નિકણસદૃશ
- વિશિષ્ટ સ્થિતિવીર્યરહિત
- પ્રયોગકાલમાં સ્મૃતિની અપટુતા
- સ્મૃતિના અભાવે પ્રયોગનું વૈકલ્ય હોવાથી તથાપ્રકારના કાર્યનો અભાવ

**શ્લોક-૧૫ : પૃ. ૭૫ : બલાદૃષ્ટિના બોધનું સ્વરૂપ :-**

- કાષ્ઠાગ્નિકણસદૃશ
- મનાક્ સ્થિતિવીર્ય
- પટુપ્રાયસ્મૃતિ
- યત્નલેશસદ્ભાવ
- અર્થપ્રયોગમાત્ર પ્રીતિ

**શ્લોક-૧૫ : પૃ. ૭૫ : દીપ્રાદૃષ્ટિના બોધનું સ્વરૂપ :-**

- દીપપ્રભાસદૃશ
- ઉદગ્રસ્થિતિવીર્ય
- પટુસ્મૃતિયુક્ત
- ભાવયુક્ત હોવા છતાં દ્રવ્યવંદનાદિ
- પ્રથમ ગુણસ્થાનકપ્રકર્ષ

**શ્લોક-૧૫ : પૃ. ૭૫ : સ્થિરાદૃષ્ટિના બોધનું સ્વરૂપ :-**

- રત્નપ્રભાસદૃશ
- તદ્ભાવઅપ્રતિપાતિ
- પ્રવર્ધમાન
- નિરપાય
- ન અપરપરિતાપકૃત્
- પરિતોષહેતુ
- પ્રણિધાનયોનિ

**શ્લોક-૧૫ : પૃ. ૭૫ : કાંતાદૃષ્ટિના બોધનું સ્વરૂપ :-**

- તારાના પ્રકાશ સમાન
- સ્વભાવથી સ્થિત
- નિરતિચાર અનુષ્ઠાનયુક્ત
- શુદ્ધ ઉપયોગાનુસારી
- વિશિષ્ટ અપ્રમાદયુક્ત
- વિનિયોગપ્રધાન ગંભીર-ઉદાર આશયયુક્ત

**શ્લોક-૧૫ : પૃ. ૭૫ : પ્રભાદૃષ્ટિના બોધનું સ્વરૂપ :-**

- સૂર્યઆભા સમાન
- સર્વદા ધ્યાનહેતુ
- શ્રેષ્ઠ પ્રશમયુક્ત
- અન્ય શાસ્ત્રો અકિંચિત્કર
- સમાધિયુક્ત અનુષ્ઠાન
- પ્રાયઃ વિકલ્પશૂન્ય
- પરોપકારિતા
- શિષ્યપ્રતિ ઉચિત અનુશાસનકારી
- સાંનિધ્યમાં વૈરાદિનાશ
- અવંધ્ય સત્ક્રિયાયુક્ત

**શ્લોક-૧૫ : પૃ. ૭૫ : પરાદૃષ્ટિના બોધનું સ્વરૂપ :-**

- ચંદ્રચંદ્રિકાઆભા સમાન બોધ
- સદા સદ્ધ્યાનરૂપ
- નિર્વિકલ્પ મન
- ઉત્તમ સુખપ્રાપ્તિ
- નિરાચાર પદ
- ભવ્યત્વાનુસારે પરોપકારિતા
- અવંધ્ય સત્ક્રિયાયુક્ત

**શ્લોક-૧૫ : પૃ. ૭૫ : આઠ દૃષ્ટિઓમાં સંવેગમાધુર્યની માત્રા :-**

- ઇક્ષુ
- રસ
- ગુડ
- કક્કબ
- ખાંડ
- શર્કરા
- મત્સ્યન્ડી
- વર્ષોલક

**શ્લોક-૧૬ : પૃ. ૭૬ : યોગાંગ :-**

- યમ
- નિયમ
- આસન
- પ્રાણાયામ
- પ્રત્યાહાર
- ધારણા
- ધ્યાન
- સમાધિ

**શ્લોક-૧૬ : પૃ. ૭૬ : આઠ દૃષ્ટિઓમાં ચિત્તના આઠ દોષોનો વિચ્છેદ :-**

- ખેદ
- ઉદ્વેગ
- ક્ષેપ
- ઉત્થાન
- ભ્રાંતિ
- અન્યમુદ્
- રુગ્
- આસંગ

**શ્લોક-૨૧ : પૃ. ૭૮ : પાંચ યમ :-**

- અહિંસા
- સત્ય
- અસ્તેય
- બ્રહ્મચર્ય
- અપરિગ્રહ

**શ્લોક-૨૧-૨૨ : પૃ. ૭૮-૭૯ : મિત્રાદૃષ્ટિવાળા યોગીના ગુણો :-**

- ઇચ્છાદિ અવસ્થાવાળા અહિંસાદિ યમો
- દેવકાર્ય-ગુરુકાર્ય વગેરેમાં અખેદ
- અદેવકાર્યાદિમાં અદ્વેષ
- યોગબીજ ઉપાદાન

**શ્લોક-૨૩-૨૪ : પૃ. ૭૯ : મિત્રાદિ દૃષ્ટિઓ દેવ-ગુરુ આદિ વિષયક ચિત્ત :-**

- કુશલચિત્ત
  - સંશુદ્ધકુશલચિત્ત
  - અસંશુદ્ધકુશલચિત્ત
- અકુશલચિત્ત

**શ્લોક-૨૩ થી ૨૯ : પૃ. ૭૯ થી ૮૨ : મિત્રાદિ દૃષ્ટિઓમાં પડતાં યોગબીજ :-**

| | | |
|---|---|---|
| ૧. જિનેષુ કુશલચિત્ત | ૮. ભવઉદ્વેગ | ૧૫. ગ્રંથઉદ્ગ્રહ |
| ૨. જિનનમસ્કાર | ૯. ઔષધદાનાદિ અભિગ્રહપાલન | ૧૬. ગ્રંથપ્રકાશના |
| ૩. જિનપ્રણામ | ૧૦. ગ્રંથલેખના | ૧૭. સ્વાધ્યાય |
| ૪. આચાર્યાદિમાં કુશલચિત્ત | ૧૧. ગ્રંથપૂજના | ૧૮. ચિંતના |
| ૫. આચાર્યાદિને નમસ્કાર | ૧૨. ગ્રંથદાન | ૧૯. ભાવના |
| ૬. આચાર્યાદિને પ્રણામ | ૧૩. ગ્રંથશ્રવણ | ૨૦. બીજશ્રુતિમાં સંવેગ |
| ૭. આચાર્યાદિનું વૈયાવૃત્ત્ય | ૧૪. ગ્રંથવાચના | ૨૧. બીજશ્રુતિઉપાદેયભાવ |

**શ્લોક-૩૭ : પૃ. ૮૪ : ધર્મયોનિ :-**

- વૃત્તિ(ધૃતિ)
- શ્રદ્ધા
- સુખા
- વિવિદિષા
- વિજ્ઞપ્તિ

**શ્લોક-૬૩-૬૪ : પૃ. ૯૦-૯૧ : ગુરુભક્તિથી પ્રાપ્ત ફળ :-**

- સાનુબંધ ધર્મપ્રાપ્તિ
- સમાપત્તિ આદિ ભેદથી તીર્થંકરનું દર્શન
  - તીર્થંકરનામકર્મબંધ
  - ભાવતીર્થંકરપદપ્રાપ્તિ
  - તીર્થંકરનામકર્મ વિપાક

**શ્લોક-૭૧ : પૃ. ૯૩ : પદ :-**

- વેદ્યસંવેદ્યપદ
  - નૈશ્ચયિક વેદ્યસંવેદ્યપદ
  - વ્યવહારિક વેદ્યસંવેદ્યપદ
- અવેદ્યસંવેદ્યપદ

**શ્લોક-૭૬ : પૃ. ૯૪ : ભવાભિનંદીનાં આઠ લક્ષણો :-**

- ક્ષુદ્ર
- લોભરતિ
- દીન
- મત્સરી
- ભયવાન
- શઠ
- અજ્ઞ
- નિષ્ફલારંભી

**શ્લોક-૭૮ થી ૮૪ : પૃ. ૯૫ થી ૯૭ : અવેદ્યસંવેદ્યપદવાળા જીવોનું સ્વરૂપ :-**

- વિપર્યાસપ્રધાન
- વર્તમાનને જોનાર
- હિતાહિતવિવેકઅંધ
- ભવાભિનંદી
- દુઃખમાં સુખબુદ્ધિ
- કૃત્યાકૃત્યવિવેકહીન
- અસચ્ચેષ્ટાયુક્ત
- ધર્મબીજવપનપ્રયત્નશૂન્ય
- તુચ્છ સુખમાં આસક્ત

**શ્લોક-૮૫ : પૃ. ૯૭ : અવેદ્યસંવેદ્યપદ જીતવાના ઉપાય :-**

- આગમજ્ઞસત્સંગ
- આગમબોધ

**શ્લોક-૮૫-૮૬- : પૃ. ૯૭ : અવેદ્યસંવેદ્યપદનું સ્વરૂપ :-**

- અંધભાવરૂપ
- દુર્ગતિપાતકારી
- મહામિથ્યાત્વનિબંધન
- પશુત્વશબ્દવાચ્ય

**શ્લોક-૮૭ : પૃ. ૯૮ : કુતર્કનાં લક્ષણો :-**

- બોધરોગ
- શમાપાય
- શ્રદ્ધાભંગ
- અભિમાનકૃત્

**શ્લોક-૮૮-૮૯ : પૃ. ૯૮ : સદ્અભિનિવેશના વિષયો :-**

- શ્રુત
- શીલ(પરદ્રોહવિરતિ)
- સમાધિ
- પરાર્થકરણ

**શ્લોક-૯૦ : પૃ. ૯૮ : કુતર્કમાં થતા વિકલ્પ :-**

- શબ્દવિકલ્પ
- અર્થવિકલ્પ

**શ્લોક-૧૦૦ : પૃ. ૧૦૨ : અતીન્દ્રિય અર્થજ્ઞનાં લક્ષણો :-**

- આગમપ્રધાન
- સચ્છ્રદ્ધ(પ્રાજ્ઞ)
- શીલવાન (પરદ્રોહવિરતિમાન)
- યોગતત્પર

**શ્લોક-૧૦૧ : પૃ. ૧૦૨ : ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિના ઉપાયો :-**

- આગમ
- અનુમાન
- યોગાભ્યાસરસ

**શ્લોક-૧૧૦ : પૃ. ૧૦૪ : દેવતત્ત્વની ભક્તિ :-**

- ચિત્રાભક્તિ
- અચિત્રાભક્તિ

**શ્લોક-૧૨૦ : પૃ. ૧૦૬ : બોધ :-**

- બુદ્ધિપૂર્વક
- જ્ઞાનપૂર્વક
- અસંમોહપૂર્વક

**શ્લોક-૧૨૩ : પૃ. ૧૦૭ : સદનુષ્ઠાનનાં છ લક્ષણો :-**

- આદર
- કરણમાં પ્રીતિ
- અવિઘ્ન
- સંપદાગમ
- જિજ્ઞાસા
- તજ્જ્ઞસેવા

**શ્લોક-૧૪૨ : પૃ. ૧૧૧ : સજ્જનોની ભાષા :-**

- અસંદિગ્ધ
- સારયુક્ત
- પરાર્થકરણશીલ

**શ્લોક-૧૫૦ થી ૧૫૨ : પૃ. ૧૧૩ : સર્વમાન્ય ધર્મના ૮ પ્રકારો :-**

- પરપીડાપરિહાર
- સદા પરોપકારવૃત્તિ
- માતા-પિતાદિની પૂજા
- દેવપૂજા
- બ્રાહ્મણપૂજા
- યતિપૂજા
- તપોધનપૂજા
- પાપી પ્રત્યે કરુણા

**શ્લોક-૧૬૦ : પૃ. ૧૧૫ : ભોગ :-**

- પ્રમાદકારી ભોગ
- શુદ્ધધર્મથી આક્ષેપ્યભોગ

**શ્લોક-૧૬૧ : પૃ. ૧૧૬ : યોગપ્રવૃત્તિનું પ્રથમ ચિહ્ન :-**

- અલૌલ્ય
- આરોગ્ય
- અનિષ્ઠુરત્વ
- અલ્પમૂત્રપુરીષ
- શુભગંધ
- કાંતિ
- પ્રસાદ
- સ્વરસૌમ્યતા

**શ્લોક-૧૬૧ : પૃ. ૧૧૬ : નિષ્પન્નયોગીનાં ૧૩ ચિહ્નો :-**

૧. મૈત્રીઆદિયુક્ત ચિત્ત
૨. વિષયો પ્રતિ અચેત
૩. પ્રભાવવંત
૪. ધૈર્યવંત
૫. દ્વન્દ્વ વડે અધૃષ્યત્વ
૬. અભીષ્ટ લાભ
૭. જનપ્રિયત્વ
૮. દોષવ્યપાય
૯. પરમ તૃપ્તિ
૧૦. ઔચિત્ય યોગ
૧૧. ગુર્વી સમતા
૧૨. વૈરાદિનાશ
૧૩. ઋતંભરા બુદ્ધિ

**શ્લોક-૧૭૫ : પૃ. ૧૧૯ : અસંગઅનુષ્ઠાનનું સ્વરૂપ :-**

- સત્પ્રવૃત્તિપદ
- મહાપથપ્રયાણ
- અનાગમિપદાવહ (નિત્યપદપ્રાપક)

**શ્લોક-૧૭૬ : પૃ. ૧૯ : અસંગઅનુષ્ઠાનનાં અન્ય દર્શન પ્રસિદ્ધ નામો :-**

- પ્રશાંતવાહિતા (સાંખ્યો)
- વિસભાગપરિક્ષય (બૌદ્ધો)
- શિવવર્ત્મ (શૈવો)
- ધ્રુવાધ્વ (મહાવ્રતી)

**શ્લોક-૨૦૮ : પૃ. ૧૨૭ : યોગીના ૪ પ્રકારો :-**

- ગોત્રયોગી
- કુલયોગી
- પ્રવૃત્તચક્રયોગી
- નિષ્પન્નયોગી

**શ્લોક-૨૧૦ : પૃ. ૧૨૮ : કુલયોગી :-**

- દ્રવ્યકુલયોગી
- ભાવકુલયોગી

**શ્લોક-૨૧૨-૨૧૩ : પ્રવૃત્તચક્રયોગીનાં ૮ લક્ષણો :-**

- ઇચ્છાયમયુક્ત
- યોગાવંચક પામેલા
- પ્રવૃત્તિયમયુક્ત
- ક્રિયાવંચક પામનારા
- સ્થિરયમઅર્થી
- ફલાવંચક પામનારા
- સિદ્ધિયમઅર્થી

## અનુક્રમણિકા


| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | મંગલાચરણરૂપે વીર પરમાત્માને નમસ્કાર અને પરમાત્માની કર્મકાયઅવસ્થા તથા તત્ત્વકાયઅવસ્થાનું સ્વરૂપ અને પ્રયોજનાદિ ત્રણ. | ૧ થી ૧૫ |
| ૨. | પ્રાસંગિક રીતે ઇચ્છાદિ ત્રણ યોગોના કથનની પ્રતિજ્ઞા. | ૧૫ થી ૧૭ |
| ૩. | ઇચ્છાયોગનું સ્વરૂપ. | ૧૭ થી ૨૦ |
| ૪. | શાસ્ત્રયોગનું સ્વરૂપ. | ૨૦ થી ૨૪ |
| ૫. | સામર્થ્યયોગનું સ્વરૂપ. | ૨૪ થી ૨૬ |
| ૬ થી ૮. | શાસ્ત્રથી મોક્ષના સર્વ ઉપાયોની અપ્રાપ્તિ અને પ્રાતિભજ્ઞાનથી મોક્ષના ઉપાયભૂત સામર્થ્યયોગની પ્રાપ્તિને બતાવનારી યુક્તિ. | ૨૬ થી ૩૭ |
| ૯. | સામર્થ્યયોગના બે ભેદનું સ્વરૂપ. | ૩૭ થી ૩૯ |
| ૧૦. | દ્વિતીય અપૂર્વકરણમાં પ્રથમ સામર્થ્યયોગની પ્રાપ્તિ, અને આયોજ્યકરણથી ઊર્ધ્વમાં દ્વિતીય સામર્થ્યયોગની પ્રાપ્તિ. | ૩૯ થી ૫૧ |
| ૧૧. | સર્વ યોગોથી શ્રેષ્ઠ અયોગ નામનો યોગ. | ૫૧ થી ૫૩ |
| ૧૨. | ઇચ્છાદિ ત્રણ યોગોનો આઠ દૃષ્ટિઓ સાથે સંબંધ. | ૫૩ થી ૫૫ |
| ૧૩. | આઠ દૃષ્ટિઓનાં નામો. | ૫૫ થી ૫૭ |
| ૧૪. | ઓઘદૃષ્ટિનું સ્વરૂપ. | ૫૭ થી ૬૩ |
| ૧૫. | દૃષ્ટાન્તથી આઠ દૃષ્ટિઓમાં વર્તતા બોધનું સ્વરૂપ. પહેલી ચાર દૃષ્ટિઓ પાછળની ચાર દૃષ્ટિઓનો અવંધ્ય હેતુ છે, એમ બતાવવા દૃષ્ટાંત. | ૬૩ થી ૮૧ |
| ૧૬. | આઠ યોગાંગ, ખેદાદિ આઠ દોષોનો પરિહાર અને અદ્વેષ આદિ આઠ ગુણોના સંબંધથી આઠ દૃષ્ટિઓનો ભેદ. | ૮૨ થી ૮૫ |
| ૧૭. | દૃષ્ટિનું લક્ષણ. | ૮૫ થી ૮૯ |
| ૧૮. | સ્થૂલથી દૃષ્ટિના આઠ ભેદો અને વિશેષથી અનેક ભેદો. | ૮૯ થી ૯૦ |
| ૧૯. | પ્રથમની ચાર દૃષ્ટિઓ પ્રતિપાતયુક્ત અને સાપાય. પાછળની ચાર દૃષ્ટિઓ અપ્રતિપાતયુક્ત અને નિરપાય. | ૯૧ થી ૯૬ |
| ૨૦. | પાછળની ચાર દૃષ્ટિઓમાં દેવભવની પ્રાપ્તિથી યોગમાર્ગમાં પ્રયાણના ભંગનો અભાવ. | ૯૬ થી ૯૮ |
| | **-: શ્લોક-૨૧ થી ૪૦ સુધી મિત્રાદૃષ્ટિનું નિરૂપણ :-** | **૯૮ થી ૧૫૫** |
| ૨૧. | મિત્રાદૃષ્ટિનું સ્વરૂપ. | ૯૮ થી ૧૦૨ |
| ૨૨. | મિત્રાદૃષ્ટિમાં યોગબીજોનું ગ્રહણ. | ૧૦૨ થી ૧૦૪ |
| ૨૩. | મિત્રાદૃષ્ટિમાં ગ્રહણ થતા જિનકુશલચિત્તાદિ યોગબીજોનું સ્વરૂપ. | ૧૦૪ થી ૧૦૭ |

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૪. | ચરમપુદ્ગલપરાવર્તમાં તથાભવ્યત્વના પાકથી ચિત્તની સંશુદ્ધિ. | ૧૦૭ થી ૧૧૧ |
| ૨૫. | સંશુદ્ધ કુશલચિત્તનું સ્વરૂપ. | ૧૧૧ થી ૧૨૩ |
| ૨૬ થી ૨૯. | પહેલી દૃષ્ટિમાં પ્રાપ્ત થતાં અન્ય સંશુદ્ધ યોગબીજોનું સ્વરૂપ. | ૧૨૩ થી ૧૩૪ |
| | **-: યોગબીજોનું સ્વરૂપ :-** | |
| ૩૦. | ભાવમલના ક્ષયથી યોગબીજોનું ગ્રહણ. | ૧૩૪ થી ૧૩૬ |
| ૩૧. | ચરમપુદ્ગલપરાવર્તમાં ભાવમલનો ક્ષય. | ૧૩૭ થી ૧૩૯ |
| ૩૨. | ચરમપુદ્ગલપરાવર્તવર્તી જીવોનું સ્વરૂપ. | ૧૩૭ થી ૧૩૯ |
| ૩૩. | અવંચકના ઉદયથી શુભ નિમિત્તોનો સંયોગ. | ૧૩૯ થી ૧૪૧ |
| ૩૪. | અવંચકત્રયનું સ્વરૂપ. | ૧૪૧ થી ૧૪૩ |
| ૩૫. | અવંચકત્રયની પ્રાપ્તિનો હેતુ એવી ભાવમલની અલ્પતા. | ૧૪૪ થી ૧૪૫ |
| ૩૬. | ઘનભાવમલમાં અવંચકત્રયની અપ્રાપ્તિ. | ૧૪૬ થી ૧૪૮ |
| ૩૭. | દૃષ્ટાન્તથી ભાવમલની અલ્પતામાં યોગમાર્ગની પ્રાપ્તિની યુક્તિ. | ૧૪૮ થી ૧૫૦ |
| ૩૮. | ચરમયથાપ્રવૃત્તકરણમાં યોગબીજાદિની પ્રાપ્તિ. | ૧૫૦ થી ૧૫૨ |
| ૩૯. | ચરમયથાપ્રવૃત્તકરણનો અપૂર્વરૂપે સ્વીકાર. | ૧૫૨ થી ૧૫૪ |
| ૪૦. | યોગની દૃષ્ટિથી ગુણી એવું મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનક. | ૧૫૪ થી ૧૫૫ |
| | **-: શ્લોક-૪૧ થી ૪૮ સુધી તારાદૃષ્ટિનું નિરૂપણ :-** | **૧૫૬ થી ૧૭૬** |
| ૪૧. | તારાદૃષ્ટિનું સ્વરૂપ. | ૧૫૬ થી ૧૬૨ |
| ૪૨ થી ૪૫. | તારાદૃષ્ટિમાં પ્રગટ થતા અન્ય ગુણોનું સ્વરૂપ. | ૧૬૨ થી ૧૭૦ |
| ૪૬. | તારાદૃષ્ટિમાં પ્રગટ થતી જિજ્ઞાસાનું સ્વરૂપ અને સ્વક્રિયાની ક્ષતિમાં થતા સંત્રાસનું સ્વરૂપ. | ૧૭૦ થી ૧૭૨ |
| ૪૭-૪૮. | તારાદૃષ્ટિમાં પ્રગટ થતા તત્ત્વવિષયક ઊહાપોહનું સ્વરૂપ. | ૧૭૨ થી ૧૭૬ |
| | **-: શ્લોક-૪૯ થી ૫૬ સુધી બલાદૃષ્ટિનું નિરૂપણ :-** | **૧૭૬ થી ૧૯૨** |
| ૪૯. | બલાદૃષ્ટિનું સ્વરૂપ. | ૧૭૬ થી ૧૭૮ |
| ૫૦-૫૧. | બલાદૃષ્ટિમાં પ્રગટ થતા સુખાસનનું સ્વરૂપ. | ૧૭૮ થી ૧૮૨ |
| ૫૨-૫૩. | બલાદૃષ્ટિમાં પ્રગટ થતા શુશ્રૂષા ગુણનું સ્વરૂપ. | ૧૮૩ થી ૧૮૬ |
| ૫૪. | શ્રવણની ક્રિયાના અભાવમાં પણ શુશ્રૂષા ગુણથી કર્મક્ષયની પ્રાપ્તિ. | ૧૮૬ થી ૧૮૯ |
| ૫૫. | અક્ષેપગુણનું સ્વરૂપ. | ૧૮૯ થી ૧૯૧ |
| ૫૬. | બલાદૃષ્ટિમાં પ્રગટ થતા અન્ય ગુણોનું સ્વરૂપ. | ૧૯૧ થી ૧૯૨ |

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।

ॐ ऐँ नमः ।।

## સૂરિપુરન્દર શ્રીહરિભદ્રસૂરિસન્દબ્ધ સ્વોપજ્ઞવ્યાખ્યાસમેત

# શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય

**અવતરણિકા :-**

योगतन्त्रप्रत्यासन्नभूतस्य योगदृष्टिसमुच्चयस्य व्याख्या प्रारभ्यते इह चादावेवाचार्यः (१) शिष्टसमय-प्रतिपालनाय (२) विघ्नविनायकोपशान्तये (३) प्रयोजनादिप्रतिपादनार्थं (चेदं) श्लोकसूत्रमुपन्यस्तवान् -

**અવતરણિકાર્થ :-**

યોગને કહેનારાં સર્વ દર્શનોની અતિ નજીકભૂત એવી યોગદૃષ્ટિસમુચ્ચયની=સમુચ્ચય કરાયેલ એવી યોગની દૃષ્ટિઓની, વ્યાખ્યા પ્રારંભ કરાય છે.

અને અહીં આદિમાં જ=ગ્રંથના પ્રારંભમાં જ, આચાર્યએ શિષ્ટપુરુષના સિદ્ધાંતના પ્રતિપાલન માટે, વિઘ્નના સમૂહના ઉપશમન માટે અને પ્રયોજન આદિના પ્રતિપાદન માટે આ=આગળમાં જેનું કથન કરવાનું છે એ, શ્લોકરૂપ સૂત્રનો ઉપન્યાસ કર્યો છે.

**શ્લોક :-**

**नत्वेच्छायोगतोऽयोगं, योगिगम्यं जिनोत्तमम् ।**
**वीरं वक्ष्ये समासेन, योगं तद्दृष्टिभेदतः ।।१।। इति।।**

**અન્વયાર્થ :-**

जिनोत्तमं योगिगम्यं अयोगं वीरं=જિનોમાં ઉત્તમ, યોગીઓને ગમ્ય, અયોગવાળા એવા વીરને इच्छायोगतः नत्वा=ઇચ્છાયોગથી નમસ્કાર કરીને योगं=યોગને तद्दृष्टिभेदतः=તેની દૃષ્ટિઓના ભેદથી=યોગની દૃષ્ટિઓના ભેદથી समासेन=સંક્ષેપથી वक्ष्ये=કહીશ. ।।૧।।

**શ્લોકાર્થ :-**

**જિનોમાં ઉત્તમ, યોગીઓને ગમ્ય, અયોગવાળા એવા વીરને ઇચ્છાયોગથી નમસ્કાર કરીને, યોગને તેની દૃષ્ટિઓના ભેદથી સંક્ષેપથી કહીશ. ।।૧।।**

**ટીકા :-**

**(१) तत्र शिष्टानामयं समयो यदुत 'शिष्टाः क्वचिदिष्टे वस्तुनि प्रवर्तमानाः सन्त इष्टदेवतानमस्कार-पूर्वकं प्रवर्तन्ते' । अयमप्याचार्यो न हि न शिष्ट इत्यतस्तत्समयप्रतिपालनाय तथा चोक्तम्** 'शिष्टानामेष समयस्ते सर्वत्र शुभे किल प्रवर्तन्ते सदैवेष्टदेवतास्तवपूर्वकम्' ।।१।। इत्यादि ।।

**ટીકાર્થ :-**

**(१) तत्र ..... इत्यादि ।। 'तत्र' શબ્દ વાક્યના પ્રસ્તાવ અર્થમાં છે.**

**શિષ્ટ પુરુષોનો આ=આગળમાં કહેવાશે એ સિદ્ધાંત છે. તે સિદ્ધાંત 'यदुत' થી બતાવે છે -**

શિષ્ટપુરુષો ક્યારે પણ ઈષ્ટ વસ્તુમાં પ્રવર્તતા છતા ઈષ્ટદેવતાના નમસ્કારપૂર્વક પ્રવર્તે છે.

**આ પણ આચાર્ય શિષ્ટ નથી એવું નથી જ=શિષ્ટ છે, એથી તેના=શિષ્ટોના, સિદ્ધાંતના પ્રતિપાલન માટે પ્રસ્તુત શ્લોકમાં મંગલાચરણ કરે છે.**

**'तथा च' - તે પ્રકારે=શિષ્ટો ઈષ્ટદેવતાને નમસ્કારપૂર્વક પ્રવર્તે છે તે પ્રકારે, કહેવાયું છે.**

શિષ્ટોનો આ સિદ્ધાંત છે કે તેઓ નિશ્ચે બધાં શુભ કાર્યોમાં હંમેશાં જ ઈષ્ટદેવતાની સ્તવનાપૂર્વક પ્રવર્તે છે. 'इत्यादि' થી આના જેવા શિષ્ટોના સિદ્ધાંતને કહેનારા શ્લોકનો સમુચ્ચય કરવો.

**ભાવાર્થ :-**

શિષ્ટ પુરુષો હંમેશાં ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે. તેથી તેઓ ઇષ્ટ વસ્તુમાં પ્રવૃત્તિ કરે ત્યારે ઇષ્ટદેવતાના નમસ્કારપૂર્વક પ્રવર્તે છે, જેથી પોતાનો ઉચિત પ્રવૃત્તિ કરવાનો દૃઢ પરિણામ જીવંત રહે અને અનાભોગથી પણ અનુચિત પ્રવૃત્તિ ન થાય તેવો પરિણામ પ્રગટે. આ યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથને કરનારા આચાર્ય ભગવંત પણ શિષ્ટ છે, તેથી શિષ્ટોના સિદ્ધાંતના પાલન માટે ગ્રંથરચનામાં પ્રવૃત્તિ કરતાં પહેલાં, શ્લોકના પૂર્વાર્ધથી ઇષ્ટદેવતાને નમસ્કાર કરે છે.

**ઉત્થાન :-**

અવતરણિકામાં કહ્યું કે વિઘ્નોના સમૂહની ઉપશાંતિ માટે પ્રસ્તુત શ્લોક કહેલ છે. તે વાતને સ્પષ્ટ કરતાં કહે છે –

અથવા

વિચારકને અહીં પ્રશ્ન થાય કે વિઘ્નો ઉપસ્થિત થયાં હોય તો તેના ઉપશમન માટે મંગલાચરણ કરવું આવશ્યક છે, પરંતુ વિઘ્ન ઉપસ્થિત ન થયાં હોય અને ભવિષ્યમાં વિઘ્ન ઉપસ્થિત થશે એવો નિર્ણય પણ ન હોય, આમ છતાં વિઘ્નોના શમન માટે ગ્રંથની આદિમાં મંગલ કેમ કરેલ છે ? તેથી કહે છે –

**ટીકા :-**

**(२) तथा - 'श्रेयासि बहुविघ्नानि भवन्ति' इति, उक्तं च -** 'श्रेयांसि बहुविघ्नानि, भवन्ति

महतामपि ।। अश्रेयसि प्रवृत्तानां क्वापि यान्ति विनायकाः' ।।१।। इति ।। **इदं प्रकरणं तु सम्यग्ज्ञानहेतुत्वाच्छ्रेयोभूतम् । अतो 'मा भूद्विघ्न' इति विघ्नविनायकोपशान्तये ।**

**ટીકાર્થ :-**

**तथा=અને, શ્રેયકાર્યો ઘણા વિઘ્નવાળાં હોય છે.**

**'इति' શબ્દ કથનની સમાપ્તિ માટે છે.**

**उक्तं च થી તેમાં સાક્ષી આપતાં કહે છે –**

મહાપુરુષોને પણ શ્રેયકાર્યો બહુ વિઘ્નવાળાં થાય છે, અશ્રેયકાર્યમાં પ્રવર્તતાઓના વિઘ્નસમૂહો ક્યાંય ચાલ્યા જાય છે.

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

**વળી આ પ્રકરણ=આ યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથ, સમ્યગ્જ્ઞાનનો હેતુ હોવાથી શ્રેયોભૂત છે. આથી 'વિઘ્ન ન થાઓ', એ હેતુથી વિઘ્નના સમૂહની ઉપશાંતિ માટે પ્રસ્તુત શ્લોકમાં મંગલાચરણ કરેલ છે.**

**ભાવાર્થ :-**

શિષ્ટ પુરુષો સર્વત્ર ઇષ્ટ દેવતાના નમસ્કારપૂર્વક પ્રવૃત્તિ કરનારા હોય છે, માટે ગ્રંથની શરૂઆત કરતાં ગ્રંથકારે મંગલ કરેલ છે. વળી મંગલ કરવાનું બીજું કારણ પણ ગ્રંથકારે બતાવેલ છે કે શ્રેયકાર્યો ઘણા વિઘ્નવાળાં હોય છે; અને પ્રસ્તુત ગ્રંથ સમ્યગ્જ્ઞાનનું કારણ હોવાને કારણે શ્રેયરૂપ છે, માટે પ્રસ્તુત ગ્રંથમાં વિઘ્નના સમૂહના ઉપશમન માટે મંગલાચરણ કરેલ છે.

સામાન્ય રીતે વિચારતાં એમ લાગે કે વિઘ્ન ઉપસ્થિત હોય તો વિઘ્નનાશ માટે પ્રવૃત્તિ કરવી ઉચિત છે; પરંતુ જો વિઘ્ન ઉપસ્થિત થયાં નથી, તો ગ્રંથકારે વિઘ્નના નાશ માટે કેમ પ્રવૃત્તિ કરેલ છે ? તે સ્પષ્ટ કરવા માટે બતાવે છે કે 'શ્રેયકાર્યો બહુ વિઘ્નવાળાં હોય છે.'

વળી પ્રસ્તુત ગ્રંથરચનામાં તે વિઘ્નો બાહ્ય અને અંતરંગ બે રીતે સંભવે છે :

ગ્રંથરચના કરતાં બાહ્ય વિપરીત સંયોગો આવે તો ગ્રંથરચનાનું કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થાય નહિ. જેમ કે શારીરિક રોગ આદિ. આ બાહ્ય વિઘ્નો છે.

ગ્રંથરચના કરતી વખતે રચયિતાને તે પ્રકારના પદાર્થોની ઉપસ્થિતિ ન થાય, ગ્રંથરચનાની પ્રતિભા હોવા છતાં કોઈક નિમિત્તને પામીને તે પ્રતિભાની સ્ખલના થાય, ક્વચિત્ શાસ્ત્રીય પદાર્થોમાં અનાભોગને કારણે યથાર્થ જોડાણ ન થાય, અનાભોગને કારણે વિપર્યય પણ થાય : આ સર્વ આંતરિક વિઘ્નો છે.

ભગવાનને મંગળરૂપે ગ્રહણ કરીને પ્રણિધાનપૂર્વક નમસ્કાર કરવાથી થયેલા શુભ અધ્યવસાય દ્વારા વિઘ્નઆપાદક કર્મોનો નાશ થાય છે, જેથી ગ્રંથની રચના નિર્વિઘ્ને પૂર્ણ થઈ શકે છે. વળી જેમ શુભ અધ્યવસાયો ઉત્પન્ન કરવા માટે મંગલાચરણ આવશ્યક છે, તેમ 'આ ગ્રંથ મંગલ છે' એવી બુદ્ધિ ઉત્પન્ન કરવા માટે પણ મંગલાચરણ આવશ્યક છે; અને 'આ ગ્રંથ મંગલ છે' તેવી બુદ્ધિ થાય તો મંગલ કાર્યમાં લેશ

પણ સ્ખલના ન થાય તે રીતે સુદૃઢ ઉપયોગ પ્રવર્તે છે, જેથી ગ્રંથરચનાકાળમાં ઉપયોગની ખામીને કારણે યથાતથા પદાર્થનું જોડાણ ન થાય, પરંતુ પદાર્થનું સમ્યગ્ સ્ફુરણ થાય અને માર્ગાનુસારી તીવ્ર ઉપયોગ પ્રવર્તે. આથી ઉપયોગપૂર્વક મંગલાચરણ કરવામાં આવે તો ગ્રંથરચના નિર્વિઘ્ને પૂર્ણ થાય છે, તેથી પ્રસ્તુત મંગલાચરણ કરેલ છે.

**ઉત્થાન :-**

અવતરણિકામાં કહેલ કે પ્રયોજનાદિના પ્રતિપાદન માટે આ શ્લોકસૂત્રનો ઉપન્યાસ કરેલ છે. તે અંશને સ્પષ્ટ કરતાં કહે છે –

**ટીકા :-**

**(૩) तथा प्रेक्षावतां प्रवृत्त्यर्थं प्रयोजनादिप्रतिपादनार्थं च ।**

**ટીકાર્થ :-**

**(૩) तथा ..... प्रतिपादनार्थं च । અને પ્રેક્ષાવાનોની પ્રવૃત્તિ અર્થે પ્રયોજનાદિના પ્રતિપાદન માટે, આ શ્લોકસૂત્રનો ઉપન્યાસ કરેલ છે.**

**ટીકા :-**

**तथा चोक्तम् -** 'सर्वस्यैव हि शास्त्रस्य कर्मणो वापि कस्यचित् । यावत्प्रयोजनं नोक्तं, तावत्तत्केन गृह्यते ।।१।।

**ટીકાર્થ :-**

**तथा चोक्तम् ..... गृह्यते ।। અને તે રીતે=પ્રેક્ષાવાનની પ્રવૃત્તિ અર્થે અને પ્રયોજનાદિના પ્રતિપાદન માટે ગ્રંથની આદિમાં પ્રયોજનાદિનું કથન આવશ્યક છે તે રીતે, કહેવાયું છે –**

ખરેખર બધા જ શાસ્ત્રનું અથવા કોઈપણ કર્મનું=ક્રિયાનું પ્રયોજન જ્યાં સુધી કહેવાયું નથી, ત્યાં સુધી તે કોના વડે ગ્રહણ કરાય ?

**ઉત્થાન :-**

ગ્રંથમાં પ્રયોજન બતાવવું આવશ્યક છે, તેમાં સાક્ષી બતાવ્યા પછી ગ્રંથનો વિષય બતાવવો પણ આવશ્યક છે, એમ બતાવવા માટે સાક્ષી આપતાં કહે છે –

**ટીકા :-**

न चाप्यविषयस्येह, शक्यं वक्तुं प्रयोजनम् । काकदन्तपरीक्षादेस्तत्प्रयोगाप्रसिद्धितः ।।२।।

**ટીકાર્થ :-**

न चाप्यविषयस्येह ..... प्रसिद्धितः ।। અહીં=ગ્રંથરચનામાં, વળી અવિષયનું પ્રયોજન કહેવાનું શક્ય નથી, જેમ તેના પ્રયોગની અસિદ્ધિ હોવાથી કાગડાના દાંતની પરીક્ષા આદિનું પ્રયોજન કહેવું શક્ય નથી.

**ભાવાર્થ :-**

જે ક્રિયાનો વિષય ન હોય તે ક્રિયાનું પ્રયોજન કહેવું શક્ય નથી, અને તેનો પ્રયોગ પણ અસિદ્ધ છે. જેમ કોઈ કહે કે કાગડાના દાંતની પરીક્ષા કરો અથવા કાગડાના દાંતની સંખ્યા કેટલી છે તે કહો, તો તેને કહેવું પડે કે કાગડાને દાંત જ નથી, તેથી તેના દાંતની પરીક્ષા કે તેના દાંતની ગણનાનું પ્રયોજન આ છે, તેમ કહી શકાય નહિ. આથી જેમ કાગડાના દાંત નહિ હોવાને કારણે તેની પરીક્ષાનું પ્રયોજન જગતમાં પ્રસિદ્ધ નથી, તેમ જે ગ્રંથનો કોઈ વિષય ન હોય તે ગ્રંથનું પ્રયોજન બતાવી શકાય નહિ. તેથી જેમ ગ્રંથનું પ્રયોજન બતાવવું આવશ્યક છે, તેમ તેનો વિષય બતાવવો પણ આવશ્યક છે, જેથી વિચારક નક્કી કરી શકે કે આ પ્રયોજનથી આ ગ્રંથ રચાયો છે અને તે પ્રયોજન મને ઇષ્ટ છે; અને તે ગ્રંથનો વિષય આ છે, જે પ્રસ્તુત પ્રયોજનનો સાધક છે, તો મારે પણ તે પ્રયોજન સિદ્ધ કરવા પ્રસ્તુત ગ્રંથમાં પ્રવૃત્તિ કરવી જોઈએ.

જેમ પ્રસ્તુત ગ્રંથનો વિષય યોગની દૃષ્ટિ છે, અને યોગદૃષ્ટિનો બોધ કરાવીને યોગમાં પ્રવૃત્તિ કરાવવી અને તેના ફળરૂપે મોક્ષની પ્રાપ્તિ કરાવવી તેનું પ્રયોજન છે, તેથી વિચારક નક્કી કરી શકે કે મોક્ષપ્રાપ્તિ અર્થે મારે તેના ઉપાયભૂત યોગને જાણવા માટે પ્રસ્તુત ગ્રંથમાં પ્રવૃત્તિ કરવી જોઈએ.

**ઉત્થાન :-**

પ્રેક્ષાવાનની પ્રવૃત્તિ માટે પહેલાં ગ્રંથનું પ્રયોજન બતાવવું આવશ્યક છે, તેનું ઉદ્ધરણ બતાવ્યું. ત્યારપછી વિષય બતાવવો આવશ્યક છે, તેનું ઉદ્ધરણ બતાવ્યું. હવે પ્રેક્ષાવાનની પ્રવૃત્તિ માટે સંબંધનું જ્ઞાન પણ આવશ્યક છે, તે બતાવવા માટે કહે છે –

**ટીકા :-**

अस्येदं फलमित्येवं, योगः सम्बन्ध उच्यते । तदुक्त्यन्तर्गतत्वेन, न पृथक्कैश्चिदिष्यते ।।३।। **इत्यादि** ।।

**ટીકાર્થ :-**

**अस्येदं ..... इत्यादि** ।। 'આનું આ ફળ છે' એ પ્રકારનો યોગ, સંબંધ કહેવાય છે. તેનું=સંબંધનું, ઉક્તિમાં અંતર્ગતપણું હોવાને કારણે=વિષય અને પ્રયોજનના કથનમાં અંતર્ગતપણું હોવાને કારણે, કેટલાક પૃથક્ ઈચ્છતા નથી.

**'इत्यादि' શબ્દથી, પ્રયોજનાદિને કહેનારા આ ત્રણ શ્લોક બતાવ્યા, તેવા જ અન્ય શ્લોકોનો સમુચ્ચય કરવો.**

**ભાવાર્થ :-**

આ ગ્રંથમાં કરાયેલ કથન અને તેનાથી થતું બોધરૂપ ફળ તે બે વચ્ચેનો જે યોગ તે સંબંધ કહેવાય છે.

ગ્રંથમાં ગ્રંથનો વિષય અને ગ્રંથનું પ્રયોજન બતાવવામાં આવે ત્યારે, તદ્અંતર્ગત જ પ્રયોજન અને વિષયનો સંબંધ ગ્રહણ થાય છે, માટે સંબંધને પૃથક્ કહેવાની જરૂર નથી, એમ કેટલાક કહે છે.

આશય એ છે કે ગ્રંથકારે આ ગ્રંથનો વિષય યોગદૃષ્ટિ છે તેમ કહ્યું, અને તેનું પ્રયોજન યોગનો બોધ કરાવવો તેમ બતાવ્યું. તેથી તદ્અંતર્ગત એ પ્રાપ્ત થયું કે આ ગ્રંથરચનાના શબ્દોથી યોગની દૃષ્ટિઓનો બોધ થવાનો છે. તેથી ગ્રંથની શબ્દરાશિ અને યોગદૃષ્ટિ વચ્ચે વાચ્યવાચકભાવ સંબંધ છે, માટે સંબંધને પૃથક્ કહેવાની જરૂર નથી, એમ કેટલાક ઇચ્છે છે. તેથી ગ્રંથકારે પણ પ્રથમ શ્લોકમાં પ્રયોજન અને વિષય બતાવેલ છે, પરંતુ પૃથક્ સંબંધ બતાવેલ નથી, તોપણ વિચારકની પ્રવૃત્તિ માટે પ્રયોજનાદિ ત્રણે છે, તેમ સમજી લેવું.

અહીં વિશેષ એ છે કે કોઈપણ વિચારક જીવ આ ગ્રંથનું પ્રયોજન શું છે તે જાણીને તે પ્રયોજનનો પોતે અર્થી હોય તો તેમાં પ્રવૃત્તિ કરે. વળી જેમ પ્રયોજન બતાવવું આવશ્યક છે, તેમ તેનો વિષય પણ કહેવો આવશ્યક છે; કેમ કે તેથી 'આ ગ્રંથનો આ વિષય છે અને તે વિષય જાણવાનું પ્રયોજન આ છે', તેવો નિર્ણય કરીને, વિચારક જીવ તે પ્રયોજન પોતાને ઇષ્ટ હોય તો તે ગ્રંથમાં પ્રવૃત્તિ કરે. વળી ગ્રંથમાં પ્રવૃત્તિ કરવા માટે જેમ પ્રયોજન અને વિષય બતાવવો આવશ્યક છે, તેમ સંબંધ પણ બતાવવો આવશ્યક છે; કેમ કે તેથી નક્કી થાય કે જે પ્રયોજન માટે આ ગ્રંથ રચ્યો છે, તે પ્રયોજનની નિષ્પત્તિ માટે ઉપયોગી વિષયને બતાવનાર શબ્દરાશિ સાથે આ ગ્રંથ જોડાયેલો છે, અન્ય શબ્દરાશિ સાથે નહિ. અને તેમ નક્કી થાય તો વિચારક તે ગ્રંથમાં પ્રવૃત્તિ કરે, માટે સંબંધનું કથન પણ આવશ્યક છે. જેમ કોઈ રચયિતાએ પ્રતિજ્ઞા કરી હોય કે 'આ વિષયને હું કહીશ' અને પછી ગ્રંથમાં અન્ય અન્ય વિષયને કહેનાર શબ્દરાશિ આવતી હોય તો તે ગ્રંથ અસંબદ્ધ છે. તેથી વિચારક જીવ તેમાં પ્રવૃત્તિ કરે નહિ; અને આ ગ્રંથ, કહેવાયેલા વિષય સાથે વાચ્ય-વાચક સંબંધવાળો છે, તેવું જ્ઞાન થાય તો વિચારક પ્રવૃત્તિ કરે. માટે સંબંધનું જ્ઞાન વિચારકની પ્રવૃત્તિ માટે આવશ્યક છે.

**ઉત્થાન :-**

અવતરણિકામાં ગ્રંથકારે કહેલ કે શિષ્ટ સમયના પ્રતિપાલન માટે, વિઘ્નસમૂહના નાશ માટે અને પ્રયોજનાદિ પ્રતિપાદન માટે આ શ્લોકનો ઉપન્યાસ કર્યો છે. તેથી શ્લોકના કયા અંશથી શિષ્ટ સમયના પ્રતિપાલન માટે અને વિઘ્નસમૂહના નાશ માટે મંગલાચરણ કરેલ છે, અને કયા અંશથી પ્રયોજનાદિ પ્રતિપાદન કરેલ છે, તે બતાવતાં કહે છે –

**ટીકા :-**

**तत्र 'नत्वेच्छायोगतोऽयोगं योगिगम्यं जिनोत्तमम् वीरं' इत्यनेनेष्टदेवतास्तवमाह, 'वक्ष्ये समासेन योगं तद्दृष्टिभेदतः' इत्यनेन तु प्रयोजनादित्रयम्, इति श्लोकसूत्रसमुदायार्थः ।।**

**ટીકાર્થ :-**

**तत्र ..... समुदायार्थः ।। ત્યાં=શ્લોકમાં, 'જિનોત્તમ, અયોગવાળા, યોગિગમ્ય વીરને ઇચ્છાયોગથી નમસ્કાર કરીને' 'इत्यनेन' - આના દ્વારા ઇષ્ટદેવતાના સ્તવને કહે છે.**

**'તેની=યોગની, દૃષ્ટિઓના ભેદથી, યોગને સંક્ષેપથી કહીશ', આના દ્વારા પ્રયોજનાદિ ત્રણને કહે છે, એ પ્રમાણે શ્લોકસૂત્રનો સમુદાય અર્થ છે.**

**ભાવાર્થ :-**

શ્લોકમાં 'नत्वा' થી માંડીને 'वीरं' સુધીના કથન દ્વારા ઇષ્ટદેવતાના સ્તવનને ગ્રંથકાર કહે છે. તેના દ્વારા શિષ્ટસમયનું પ્રતિપાલન અને વિઘ્નસમૂહનો ઉપશમ થાય છે; અને 'वक्ष्ये' થી માંડીને 'तद्दृष्टिभेदतः' સુધીના કથનથી પ્રયોજનાદિ ત્રણ શ્લોકમાં કહેલ છે, એમ પૂર્વના 'आह' સાથે સંબંધ છે, અને આ પ્રમાણે પ્રથમ શ્લોકરૂપ સૂત્રનો સમુદાયાર્થ છે અર્થાત્ અવયવોનો અર્થ કરેલ નથી, પરંતુ શ્લોકનો પૂર્વાર્ધરૂપ સમુદાય અને શ્લોકનો ઉત્તરાર્ધરૂપ સમુદાય તેનો અર્થ છે, વળી અવયવાર્થ સ્વયં આગળ કરે છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં શ્લોકનો સમુદાયાર્થ બતાવ્યો. હવે અવયવાર્થ બતાવતાં કહે છે –

**ટીકા :-**

**अवयवार्थस्तु नत्वा-प्रणम्य, वीरं इति योगः, कथमित्याह इच्छायोगतः इति क्रियाविशेषणमाह 'इच्छायोगेन', शास्त्रयोगसामर्थ्ययोगव्यवच्छेदार्थमेतत्, इष्टव्यवच्छेदश्चायं तदनधिकारित्वेन प्रकरणारम्भे मृषावादपरिहारेण सर्वत्रौचित्यारम्भप्रवृत्तिप्रदर्शनार्थः, एतेषां च त्रयाणामपि योगानां स्वरूपमनन्तरमेव वक्ष्यति ।**

**ટીકાર્થ :-**

**अवयवार्थस्तु ..... वक्ष्यति । અવયવાર્થ વળી આ પ્રમાણે છે - શ્લોકમાં 'नत्वा' નો અર્થ 'प्रणम्य' છે અને તેનો સંબંધ 'वीरं' ની સાથે છે, તે બતાવવા માટે 'वीरं' એ પ્રમાણેનો યોગ છે, એમ ટીકામાં કહેલ છે. કેવી રીતે નમસ્કાર કરીને કહે છે ? એથી કરીને કહે છે – ઈચ્છાયોગથી (નમસ્કાર કરે છે.)**

**'ઈચ્છાયોગથી' એ શબ્દ ક્રિયાવિશેષણ છે અર્થાત્ નત્વા એ ક્રિયાનું, ઈચ્છાયોગથી એ ક્રિયાવિશેષણ છે; અને આ=ઈચ્છાયોગથી નમસ્કાર, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગના વ્યવચ્છેદ માટે છે; અને ઈષ્ટના વ્યવચ્છેદવાળો એવો આ=ઈચ્છાયોગનો નમસ્કાર, તેના અનધિકારીપણાને કારણે=શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગના અનધિકારીપણાને કારણે, પ્રકરણના આરંભમાં મૃષાવાદના પરિહારથી સર્વત્ર ઉચિત આરંભની પ્રવૃત્તિને દેખાડવા માટે છે; અને આ ત્રણે પણ યોગોનું સ્વરૂપ અનંતર જ ગ્રંથકાર કહેશે.**

**ભાવાર્થ :-**

મૂળ શ્લોકમાં 'नत्वा इच्छायोगतः' એમ છે. એટલા શબ્દનો ટીકામાં અર્થ કરેલ છે, ત્યાં इच्छायोगतः એ નમસ્કારની ક્રિયાનું વિશેષણ છે, એમ બતાવવાથી એ અર્થ પ્રાપ્ત થયો કે ગ્રંથકાર શાસ્ત્રયોગથી અને સામર્થ્યયોગથી વીરભગવાનને નમસ્કાર કરતા નથી, પરંતુ ઇચ્છાયોગથી કરે છે. આ પ્રકારના કથનથી કોઈ વિચારકને પ્રશ્ન થાય કે ગ્રંથકાર ઇચ્છાયોગ કરતાં શ્રેષ્ઠ એવા શાસ્ત્રયોગથી કે સામર્થ્યયોગથી કેમ નમસ્કાર કરતા નથી ? તેથી ટીકાકારે ખુલાસો કર્યો કે પરિપૂર્ણ શાસ્ત્રયોગ પ્રમાણે નમસ્કાર કરવો તે આગમને

અત્યંત પરતંત્ર રહેનારા યોગીઓ કરી શકે છે, અને સામર્થ્યયોગનો નમસ્કાર તો ક્ષપકશ્રેણીમાં પ્રગટ થાય છે. તેથી આ બન્ને પ્રકારના નમસ્કાર કરવાનું ગ્રંથકારમાં સામર્થ્ય નથી, તેથી પોતે તે બે નમસ્કાર કરવા માટે અનધિકારી છે. તે બેમાંથી કોઈ નમસ્કાર પોતે કરી શકે તેમ ન હોવા છતાં તેનો વ્યવચ્છેદ ન કરે તો મૃષાવાદ દોષ લાગે. તેથી પોતે જે પ્રકારનો નમસ્કાર કરવા સમર્થ છે, તે પ્રકારનો નમસ્કાર પ્રકરણના આરંભમાં કરે છે, અને જેનું સામર્થ્ય નથી તેનો નિષેધ બતાવીને પોતે મૃષાવાદ કરતા નથી તેમ બતાવે છે; અને તેમ બતાવીને ગ્રંથકારને એ બતાવવું છે કે આરાધક જીવે સર્વત્ર ઉચિત આરંભથી પ્રવૃત્તિ કરવી જોઈએ. જેમ ગ્રંથકારે પણ પોતાનું ઇચ્છાયોગનું સામર્થ્ય હતું તેથી ઇચ્છાયોગથી નમસ્કાર કર્યો, તેથી જેની પાસે જે પ્રકારનું સામર્થ્ય હોય તે પ્રકારની ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ; પરંતુ જે પ્રકારની પ્રવૃત્તિ પોતે ન કરી શકતા હોય તેવી પ્રવૃત્તિ 'હું કરું છું' તેમ બતાવીને મૃષાવાદ કરવો જોઈએ નહિ.

અહીં ગ્રંથકારે શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગના વ્યવચ્છેદ માટે 'ઇચ્છાયોગથી નમસ્કાર કરીને હું કહું છું' એમ કહ્યુ. ત્યાં જિજ્ઞાસા થાય કે ઇચ્છાયોગાદિ ત્રણ યોગોનું સ્વરૂપ શું છે ? તેથી ટીકાકાર સ્પષ્ટ કરે છે કે આ ત્રણે યોગોનું સ્વરૂપ હવે પછી કહીશું.

**ઉત્થાન :-**

પૂર્વમાં 'इच्छायोगतः वीरं नत्वा' સુધીનો અવયવાર્થ બતાવ્યો. હવે આગળનો અવયવાર્થ બતાવતાં કહે છે -

**ટીકા :-**

**किंविशिष्टं वीरमित्याह-जिनोत्तमं इति वस्तुविशेषणम्, इह रागादिजेतृत्वात्सर्व एव विशिष्टश्रुतधरादयो जिना उच्यन्ते, तद्यथा-श्रुतजिनाः, अवधिजिनाः, मनःपर्यायज्ञानजिनाः, केवलिजिनाश्च, तेषामुत्तमः केवलित्वात्तीर्थंकरत्वाच्च, अनेन भगवतस्तथाभव्यत्वाक्षिप्तवरबोधिलाभगर्भार्हद्वात्सल्योपात्तानुत्तरपुण्य-स्वरूपतीर्थकरनामकर्मविपाकफलरूपां परंपरार्थसम्पादनीं कर्मकायावस्थामाह ।**

**ટીકાર્થ :-**

**किंविशिष्टं ..... कर्मकायावस्थामाह । કેવા વિશિષ્ટ એવા વીરને નમસ્કાર કરીને કહે છે ? તો કહે છે - 'જિનોત્તમ.' આ 'જિનોત્તમ' શબ્દ વસ્તુનું વિશેષણ છે=વીરરૂપ વસ્તુનું વિશેષણ છે.**

હવે 'જિનોત્તમ' શબ્દનો અર્થ કરે છે –

**અહીં=સંસારમાં, રાગાદિને જીતનાર હોવાથી બધા જ વિશિષ્ટ શ્રુતધરાદિ જિનો કહેવાય છે. તે આ પ્રમાણે : શ્રુતજિન, અવધિજિન, મનઃપર્યાયજિન અને કેવલીજિન.**

આ રીતે જિન શબ્દનો અર્થ બતાવ્યો અને તે જિન કોણ છે, તેના ભેદો બતાવ્યા. હવે ભગવાન તે જિનોમાં ઉત્તમ કેમ છે ? તે બતાવવા કહે છે :

**તેઓમાં=પૂર્વમાં બતાવેલા ચાર પ્રકારના જિનોમાં, ઉત્તમ તે જિનોત્તમ છે; કેમ કે કેવલીપણું છે અને સાથે તીર્થંકરપણું છે. આના દ્વારા=વીર ભગવાનના 'જિનોત્તમ' વિશેષણ દ્વારા, ભગવાનના**

તથાભવ્યત્વથી આક્ષિપ્ત એવો વરબોધિલાભ છે ગર્ભમાં જેને એવા અર્હત્વાત્સલ્યથી ઉપાત્ત, અનુત્તર પુણ્યસ્વરૂપ તીર્થંકરનામકર્મના વિપાકોદયના ફલરૂપ, શ્રેષ્ઠ પરાર્થને સંપાદન કરનારી એવી કર્મકાયઅવસ્થાને કહે છે.

**ટીકા :-**

अयमेव विशिष्यते 'अयोगं' इति, 'कायवाङ्मनःकर्म योगः', अविद्यमानयोगोऽयोगः तम्, अनेन च भगवतः शैलेश्यवस्थोत्तरकालभाविनीं समस्तकर्मावगमरूपां तथाभव्यत्वपरिक्षयोद्भूतपरमज्ञान-सुखलक्षणां कृतकृत्यतया निष्ठितार्थां परमफलरूपां तत्त्वकायावस्थामिति ।

**ટીકાર્થ :-**

अयमेव ..... तत्त्वकायावस्थामिति । આ જ=વીર જ, વિશેષરૂપે બતાવાય છે. અયોગ=યોગ વગરના એવા, વીરને હું નમસ્કાર કરું છું, એમ સંબંધ છે.

અયોગને સ્પષ્ટ કરતાં કહે છે –

કાય, વાણી અને મનનું કર્મ=ક્રિયા, તે યોગ છે. અવિદ્યમાન યોગ છે જેને તે અયોગવાળા, અને તેને=અયોગવાળા એવા વીરને, હું નમસ્કાર કરું છું, એમ સંબંધ છે; અને આના દ્વારા=અયોગ એ પ્રકારના વિશેષણ દ્વારા, ભગવાનની શૈલેશીઅવસ્થાની ઉત્તરકાલભાવી, સંપૂર્ણ કર્મના અપગમરૂપ અને તથાભવ્યત્વના પરિક્ષયથી ઉદ્‌ભૂત પરમજ્ઞાન અને પરમસુખરૂપ લક્ષણવાળી, કૃતકૃત્યપણું હોવાને કારણે નિષ્ઠિતાર્થવાળી અને પરમ ફળરૂપ=સર્વ સાધનાના અંતિમ ફળરૂપ, તત્ત્વકાયઅવસ્થાને કહે છે.

'तत्त्वकायावस्थाम्' પછી 'इति' શબ્દ છે, તેનાથી એ કહેવું છે કે 'कर्मकायावस्थामाह' માં 'आह' શબ્દ છે, તે 'आह' ની અહીં અનુવૃત્તિ છે.

**ટીકા-:-**

अत एवाह 'योगिगम्यं' इति, योगिनां गम्यो योगिगम्यः, तम्, योगिनोऽत्र श्रुतजिनादयो गृह्यन्ते, अनेनापि भगवतोऽयोगिमिथ्यादृष्टिगम्यत्वव्यवच्छेदमाह, एतज्जिज्ञासाया अपि चरमयथाप्रवृत्तकरण-भावित्वादन्यदा तदनुपपत्तिरिति ।

**ટીકાર્થ :-**

अत एवाह..... तदनुपपत्तिरिति । આથી જ કહે છે=પૂર્વમાં જિનોત્તમથી ભગવાનની કર્મકાયઅવસ્થા બતાવી અને અયોગ વિશેષણથી ભગવાનની તત્ત્વકાયઅવસ્થા બતાવી આથી જ કહે છે, ભગવાન યોગિગમ્ય છે. યોગીઓને ગમ્ય તે યોગિગમ્ય. તેવા ભગવાનને નમસ્કાર કરીને, એ પ્રકારે સંબંધ છે. અહીં=યોગિગમ્ય કહ્યું એમાં, યોગીઓ શ્રુતજિનાદિ ગ્રહણ થાય છે. આના દ્વારા પણ=યોગિગમ્ય એ પ્રકારના ભગવાનના વિશેષણ દ્વારા પણ, ભગવાનના અયોગી એવા મિથ્યાદૃષ્ટિથી ગમ્યત્વના વ્યવચ્છેદને કહે છે.

અહીં પ્રશ્ન થાય કે ભગવાન, અયોગી એવા મિથ્યાદૃષ્ટિથી ગમ્ય કેમ નથી ? એથી કહે છે –

**આની=ભગવાનની કર્મકાયઅવસ્થાની કે તત્ત્વકાયઅવસ્થાની, જિજ્ઞાસાનું પણ ચરમયથાપ્રવૃત્તકરણ-ભાવિપણું હોવાથી અન્યદા=ચરમયથાપ્રવૃત્તકરણ સિવાયના કાળમાં, તેની અનુપપત્તિ છે=ભગવાનની તત્ત્વકાયઅવસ્થાની જાણવાની જિજ્ઞાસાની અનુપપત્તિ છે.**

**'इति' શબ્દ ભગવાનના વિશેષણોના કથનની સમાપ્તિ અર્થક છે.**

**ભાવાર્થ :-**

અવયવાર્થનું વર્ણન કરતાં પ્રથમ "ઇચ્છાયોગથી વીરને નમસ્કાર કરીને," એટલા અવયવનો અર્થ સ્પષ્ટ કર્યો. હવે તે વીરનાં ત્રણ વિશેષણો શ્લોકમાં છે : જિનોત્તમ, અયોગ અને યોગિગમ્ય. તે ત્રણેનો અર્થ સ્પષ્ટ કરતાં કહે છે – ત્યાં જિનોત્તમ શબ્દનો અર્થ બતાવતાં પહેલાં જિન શબ્દની વ્યુત્પત્તિ બતાવી કે રાગાદિ જીતવા માટે યત્ન કરતા હોય તેવા વિશિષ્ટ શ્રુતધરો, અવધિજ્ઞાની અને મનઃપર્યાયજ્ઞાની, અને રાગાદિ જીતી લીધા હોય તેવા કેવલજ્ઞાની હોય તે જિન કહેવાય છે, અને તે વિશિષ્ટ શ્રુતથી સાડા નવ પૂર્વથી અધિક શ્રુતધરને ગ્રહણ કરવાના છે; અને તે સિવાય અવધિજિન જે ગ્રહણ કરવાના છે, તેમાં બધા અવધિજ્ઞાની નહિ, પણ જેઓ રાગાદિને જીતવા માટે વિશિષ્ટ પ્રયત્ન કરી રહ્યા છે અને તેના કારણે અવધિજ્ઞાન પ્રગટેલું છે, તેવા અવધિજિનને ગ્રહણ કરવાના છે. આ શ્રુતજિન, અવધિજિન, મનઃપર્યાયજિન અને કેવલીજિન - આ ચારે જિનો છે, તે બધામાં ભગવાન ઉત્તમ જિન છે; કેમ કે કેવલી હોવાથી પ્રથમના ત્રણથી ઉત્તમ છે અને તીર્થંકર હોવાથી કેવલીથી પણ ઉત્તમ છે. માટે ભગવાનને જિનોત્તમ શબ્દથી બતાવેલ છે અને તે જિનોત્તમ શબ્દ દ્વારા ભગવાનની કર્મકાયઅવસ્થાને ગ્રંથકારે કહેલ છે. તે કર્મકાયઅવસ્થા તીર્થંકરનામકર્મના વિપાકરૂપે, તીર્થની સ્થાપના કરવારૂપ અવસ્થા ગ્રહણ કરવાની છે. તેથી 'જિનોત્તમ' શબ્દથી ગ્રંથકારે, ભગવાન કેવલજ્ઞાન પામ્યા પછી જગતને ઉપકારક એવા તીર્થની સ્થાપના કરી રહ્યા છે તેવા વીર ભગવાનને ઇચ્છાયોગથી નમસ્કાર કરેલ છે; અને આ કર્મકાયઅવસ્થા કેવી છે, તે બતાવતાં કહે છે - *ભગવાનનું તેવા પ્રકારનું* ભવ્યત્વ છે કે જેથી આક્ષિપ્ત થયેલું એવું વરબોધિ ભગવાનને પ્રાપ્ત થયું, તે વરબોધિનો લાભ હોવાથી ભગવાનને જગતના જીવોને તારવાનો અભિલાષ ઉત્પન્ન થયો અને તેનાથી અનુત્તર કોટીના પુણ્યસ્વરૂપ તીર્થંકરનામકર્મ બાંધ્યું, જેના વિપાકથી પ્રાપ્ત થયેલા ફળરૂપ, શ્રેષ્ઠ કોટિના પરાર્થને કરનારી આ ભગવાનની કર્મકાયઅવસ્થા છે.

આ રીતે ગ્રંથકારે જિનોત્તમ વિશેષણ દ્વારા ભગવાનને કર્મકાયઅવસ્થારૂપે ઉપસ્થિત કરીને ઇચ્છાયોગથી નમસ્કાર કરેલ છે. વળી ભગવાનની એકલી કર્મકાયઅવસ્થાના નમસ્કારથી સંતોષ નહિ થવાથી ભગવાનની તત્ત્વકાયઅવસ્થાને પણ ઉપસ્થિત કરવા માટે ગ્રંથકારે ભગવાનને અયોગ વિશેષણ આપ્યું, જેનાથી એ બતાવ્યું કે મન, વચન, કાયાની પ્રવૃત્તિ તે યોગ છે અને ભગવાન સર્વથા યોગ વગરના છે. આ વિશેષણ દ્વારા ગ્રંથકારે, શૈલેષીઅવસ્થાની ઉત્તરકાલભાવિ અને સર્વ કર્મથી રહિત, તથાભવ્યત્વના પરિક્ષયથી થયેલ પરમજ્ઞાન અને પરમસુખરૂપ, સર્વકાર્ય થઈ ગયેલાં હોવાથી નિષ્ઠિત અર્થવાળી, અને સર્વ સાધનાના પરમફળરૂપ, ભગવાનની તત્ત્વકાયઅવસ્થાને સ્મરણ કરેલ છે.

આ રીતે નમસ્કાર કરતાં ગ્રંથકારને ભગવાનની તીર્થસ્થાપનાની અવસ્થા અને સર્વકર્મરહિત અવસ્થા ઉપસ્થિત થાય છે, અને તેનાથી એ ઉપસ્થિત કરવું છે કે ભગવાને તીર્થની સ્થાપના કરીને જગત ઉપર પરમ ઉપકાર કર્યો છે, માટે તે અવસ્થાને હું નમસ્કાર કરું છું; અને ભગવાને જે કાંઈ સાધવા જેવું હતું તે સાધીને સિદ્ધઅવસ્થાને પામ્યા, તે અવસ્થાને હું નમસ્કાર કરું છું; અને આ ઉપસ્થિતિ દ્વારા પોતાનામાં તેવી અવસ્થા પ્રગટ કરવાનું સામર્થ્ય પ્રગટે તેવો ગ્રંથકારનો આશય છે.

પૂર્વમાં, જિનોત્તમ શબ્દથી ભગવાનની તીર્થસ્થાપના કરતી કર્મકાયઅવસ્થા બતાવી, અને પછી અયોગ વિશેષણથી ભગવાનની સર્વકર્મરહિત તત્ત્વકાયઅવસ્થા બતાવી. આ બે અવસ્થાઓ જગતમાં જીવની સર્વોત્તમ અવસ્થાઓ છે, એવું અયોગીઓ સમજી શકે નહિ. તેથી તે બતાવવા માટે કહે છે, આ બન્ને અવસ્થાઓ લોકોત્તમ છે, આથી જ યોગિગમ્ય છે.

આશય એ છે કે અયોગીઓ આત્માની વાસ્તવિક અવસ્થાનો વિચાર કરી શકતા નથી. તેઓ બાહ્ય સમૃદ્ધિવાળી જીવની અવસ્થા શ્રેષ્ઠ છે, તેમ જુએ છે. તેથી સાક્ષાત્ ભગવાનને જુએ તોપણ ભગવાનની બાહ્ય સમૃદ્ધિ જોઈને આ પુરુષ ઉત્તમ છે તેમ માની શકે, પરંતુ ભગવાનની વીતરાગતા, પરમ ઉપકારકતા આદિ ભાવોને સમજી શકે નહિ; અને અયોગીને સિદ્ધઅવસ્થા કેવી ઉત્તમ છે તેની ગંધમાત્ર પણ આવતી નથી, જ્યારે યોગીઓ આત્માની સુંદર અવસ્થાને સમજી શકે છે. તેથી ભગવાનના અંતરંગભાવો જોઈને ભગવાન પ્રત્યે આવર્જિત હોય છે, અને ભગવાનનો યોગમાર્ગ વીતરાગ થવાનું કારણ કઈ રીતે છે, તે જોઈને ભગવાનની લોકોત્તમ ઉપકારકતા જોઈ શકે છે. વળી ભગવાન સાધના કરીને સિદ્ધઅવસ્થાને પામ્યા, તે ભગવાનની અવસ્થાને પણ યોગીઓ સમજી શકે છે. જેમ ભમરા પુષ્પની ગંધથી આવર્જિત થઈને સુગંધી પુષ્પો પાસે ફરે છે, તેમ યોગીઓ વીર ભગવાનની આ બન્ને અવસ્થાઓ સમજીને સતત વીર ભગવાન પ્રત્યે આવર્જિત રહે છે.

અહીં યોગી શબ્દથી શ્રુતજિનાદિ ગ્રહણ કર્યા, ત્યાં આદિ પદથી અવધિજિનાદિ ગ્રહણ કરવાના છે, અને ઉપલક્ષણથી સમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિધર આદિને ગ્રહણ કરવાના છે. આથી ટીકાકારે કહ્યું કે યોગિગમ્ય વિશેષણથી અયોગી એવા મિથ્યાદૃષ્ટિ વડે ભગવાન ગમ્ય નથી. કેમ ગમ્ય નથી ? તેમાં યુક્તિ આપતાં કહ્યું કે ભગવાનના સ્વરૂપની જિજ્ઞાસા પણ ચરમયથાપ્રવૃત્તકરણભાવિ છે, અન્ય કાળમાં ભગવાનના સ્વરૂપની જિજ્ઞાસા પણ થતી નથી. આનાથી એ પ્રાપ્ત થાય કે યોગની પહેલી ચાર દૃષ્ટિઓ જે ચરમયથાપ્રવૃત્તકરણભાવિ છે, તે ચાર દૃષ્ટિમાં પરમાત્માના સ્વરૂપની જિજ્ઞાસા પ્રગટે છે, પરંતુ હજી પણ પરમાત્માનું સ્વરૂપ તેઓ સમજી શક્યા નથી, અને જીવ સમ્યક્ત્વ પામે છે ત્યારે પરમાત્માની કર્મકાયઅવસ્થા અને તત્ત્વકાયઅવસ્થા પારમાર્થિક રીતે સમજી શકે છે.

વસ્તુતઃ સામાન્ય બોધ થાય તો તેને વિશેષ જાણવાની જિજ્ઞાસા પ્રગટે છે. તેમ પહેલી ચાર યોગદૃષ્ટિમાં જીવને કંઈક બોધ થાય છે, જે બોધ પરમાત્માના વાસ્તવિક સ્વરૂપને જાણવાની જિજ્ઞાસા ઉત્પન્ન કરે છે. ત્યાર પછી જીવ સમ્યક્ત્વ પામે છે, ત્યારે વીતરાગને વીતરાગરૂપે સમજી શકે છે અને સિદ્ધઅવસ્થાને જીવની સારભૂત અવસ્થારૂપે સમજી શકે છે, જેથી સિદ્ધઅવસ્થાના ઉપાયભૂત સર્વજ્ઞના વચન પ્રત્યે તેને

સ્થિર રુચિ પ્રગટે છે. આથી સમ્યગ્દૃષ્ટિ જીવો ચારિત્રાચારની ક્રિયામાં પણ વીતરાગતાની નિષ્પત્તિને અનુકૂળ એવા સૂક્ષ્મભાવોને જોઈને ચારિત્રની રુચિવાળા થાય છે. વળી સ્થૂલ બોધવાળા એવા અપુનર્બંધકાદિ જીવોને વીતરાગતાનો કંઈક બોધ હોવા સાથે વિશેષ જાણવાની જિજ્ઞાસા ઉત્પન્ન કરે તેટલો બોધ છે, અને અન્ય સંસારી જીવોને વીતરાગતાનો લેશ પણ બોધ નથી. માટે ચરમયથાપ્રવૃત્તકરણ સિવાયના અયોગી એવા મિથ્યાદૃષ્ટિ જીવોથી ભગવાનની આ બન્ને અવસ્થા લેશ પણ સમજી શકાતી નથી.

**ટીકા :-**

**वीरं इति चान्वर्थसंज्ञेयं, महावीर्यराजनात्तपःकर्मविदारणेन कषायादिशत्रुजयात्केवलश्रीस्वयंग्रहणेन विक्रान्तो वीरः, तम् । इत्थमनेन यथाभूतान्याऽसाधारणगुणोत्कीर्तनरूपत्वाद् भावस्तवस्येष्टदेवतास्तव-माहेति, इष्टत्वं च गुणतो गुणप्रकर्षरूपत्वाद् भगवतः, देवतात्वं च परमगत्यवाप्त्येति ।**

**ટીકાર્થ :-**

वीरं इति ..... परमगत्यवाप्त्येति । **શ્લોકમાં વીરને નમસ્કાર કરેલ છે, તે 'વીર' શબ્દ વર્ધમાનસ્વામીનો વાચક હોવા છતાં આ અન્વર્થ સંજ્ઞા છે અર્થાત્ વ્યુત્પત્તિ અર્થથી પ્રાપ્ત એવા અર્થને બતાવનાર 'વીર' શબ્દ છે, અને તે વ્યુત્પત્તિ અર્થ બતાવે છે –**

**મહાવીર્યથી શોભતા હોવાને કારણે તપ દ્વારા કર્મના વિદારણથી કષાયાદિ શત્રુઓનો જય થવાને કારણે કેવલજ્ઞાનરૂપી લક્ષ્મીને સ્વયં ગ્રહણ કરવા વડે જે વિક્રાંત છે=વિક્રમવાળા છે, તે વીર છે. તેમને નમસ્કાર કરીને, એ પ્રકારે 'नत्वा' સાથે સંબંધ છે. આ રીતે=પૂર્વમાં जिनोत्तमं, अयोगं, योगिगम्यं અને वीरं એ ચાર વિશેષણોનો અર્થ કર્યો એ રીતે, આના દ્વારા='नत्वा' થી માંડીને वीरं સુધીના કથન દ્વારા, યથાભૂત અન્ય અસાધારણ ગુણનું કીર્તનરૂપપણું હોવાથી ભાવસ્તવને ઈષ્ટદેવતાસ્તવ કહે છે.**

**'इति' શબ્દ શ્લોકના પૂર્વાર્ધથી ઈષ્ટદેવતાસ્તવને કહે છે, તે કથનની સમાપ્તિ માટે છે.**

અહીં પ્રશ્ન થાય કે ભગવાનની આ સ્તુતિ ઇષ્ટદેવતાસ્તવરૂપ છે, તેમ કહ્યું. ત્યાં ભગવાનમાં ઇષ્ટત્વ શું છે ? અને દેવતાત્વ શું છે ? તેથી કહે છે –

**અને ઈષ્ટપણું ગુણથી છે; કેમ કે ભગવાનનું ગુણપ્રકર્ષરૂપપણું છે, અને દેવતાપણું પરમગતિની અવાપ્તિથી છે.**

**'इति' શબ્દ ઈષ્ટદેવતાના સ્વરૂપના તાત્પર્યની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :-**

વર્ધમાનસ્વામીને 'વીર' શબ્દથી સંબોધવાનું કારણ એ છે કે તેઓ મહાવીર્યથી શોભતા હતા અને અંતરંગ અને બાહ્ય તપ કરીને કર્મોનો વિનાશ કર્યો. તેથી કષાયરૂપી શત્રુઓ તેમના મહાવીર્યથી જિતાયા અને કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી સ્વયં પ્રાપ્ત કરી. જેમ કોઈ મોટો રાજવી મહાવીર્યવાળો હોય, તેથી શત્રુઓનો જય કરીને વિજયલક્ષ્મીને સ્વયં ગ્રહણ કરે તો તે પરાક્રમવાળો કહેવાય; તેમ ભગવાને પણ મહાપરાક્રમ

કરીને સ્વયં કેવલજ્ઞાનરૂપ લક્ષ્મી પ્રાપ્ત કરી, માટે મહાપરાક્રમવાળા છે, તે 'વીર' શબ્દથી બતાવેલ છે; અને આ રીતે શ્લોકના પૂર્વાર્ધમાં અયોગ, યોગિગમ્ય, જિનોત્તમ અને વીર એ વિશેષણો દ્વારા ભગવાનના યથાભૂત ગુણોનું કીર્તન થાય છે, તેથી તે ભાવસ્તવ છે; કેમ કે વિદ્યમાન ભાવોથી સ્તુતિ કરવી તે ભાવસ્તવ કહેવાય; અને પ્રસ્તુતમાં ગ્રંથકારે ભગવાનમાં વર્તતા ગુણોનું કીર્તન કર્યું છે, તેથી તે ભાવસ્તવ છે. વળી આ ભાવસ્તવ પણ કોઈ મુનિ આદિનું નથી, પરંતુ ઇષ્ટદેવતાનું છે; કેમ કે ભગવાન ગુણના પ્રકર્ષરૂપ છે, માટે ઉપાસ્યરૂપે પોતાને ઇષ્ટ છે, અને ભગવાન પરમગતિને પામેલા છે માટે દેવતા છે. તેથી પોતાને ઇષ્ટ એવા દેવતા ભગવાન છે અને તેમનું આ સ્તવ છે, તેવો અર્થ શ્લોકમાં 'नत्वा' થી 'वीरं' સુધીના કથનથી પ્રાપ્ત થાય છે.

અહીં વિશેષ એ છે કે જીવને પરમગતિરૂપ મોક્ષ ઇષ્ટ છે, અને ભગવાન પરમગતિરૂપ મોક્ષને પામેલા છે. તેથી તેમની સ્તુતિ કરવાથી પોતાને પરમગતિની પ્રાપ્તિમાં વિઘ્નભૂત એવાં કર્મોના નાશમાં પરમ ઉપાયભૂત એવા યોગદૃષ્ટિસમુચ્ચય નામના ગ્રંથમાં આવતાં વિઘ્નો નાશ પામે, જેથી પોતે પ્રસ્તુત ગ્રંથની રચના સમ્યક્ કરી શકે અને તેના દ્વારા પરંપરાએ પોતે પણ મોક્ષને પ્રાપ્ત કરે. માટે ગ્રંથકાર ઇષ્ટદેવતાનું સ્તવ કરે છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં શ્લોકસૂત્રનો સમુદાયાર્થ બતાવતી વખતે કહેલ કે 'नत्वा' થી 'वीरं' સુધીના કથન દ્વારા ઇષ્ટદેવતાસ્તવ શ્લોકમાં કહેલ છે, તેનો અવયવાર્થ પૂરો કર્યો. ત્યાર પછી કહેલ કે 'वक्ष्ये' થી 'तद्दृष्टिभेदतः' કથન દ્વારા પ્રયોજનાદિ ત્રણને શ્લોકમાં બતાવેલ છે, તેના અવયવાર્થને હવે કહે છે –

**ટીકા :-**

**'वक्ष्ये समासेन योगं तद्दृष्टिभेदतः' इत्यनेन तु प्रयोजनादित्रयमाह, कथमित्युच्यते 'वक्ष्ये'=अभिधास्ये, 'योगं'=मित्रादिलक्षणं, 'समासेन'=संक्षेपेण, विस्तरेण तु पूर्वाचार्यैरेवायमुक्तोऽप्युत्तराध्ययनयोग-निर्णयादिषु, 'तद्दृष्टिभेदतः' इति योगदृष्टिभेदेन, तदत्र समासतो योगाभिधानं कर्तुरनन्तरं प्रयोजनम्, परंपराप्रयोजनं तु निर्वाणमेव, शुद्धाशयतस्तथासत्त्वहितप्रवृतेः, अस्याश्चावन्ध्यनिर्वाणबीजत्वादिति । अभिधेयं योग एव । साध्यसाधनलक्षणः सम्बन्ध इति क्षुण्णोऽयं मार्गः । श्रोतॄणां त्वनन्तरप्रयोजनं प्रकरणार्थपरिज्ञानं परंपराप्रयोजनं त्वमीषामपि निर्वाणमेव, प्रकरणार्थपरिज्ञानादौचित्येनाऽत्रैव प्रवृत्तेरस्याश्चाप्यवन्ध्यनिर्वाणबीजत्वादिति ।।१।।**

**ટીકાર્થ :-**

**वक्ष्ये समासेन ..... बीजत्वादिति । શ્લોકમાં 'वक्ष्ये समासेन योगं तद्दृष्टिभेदतः' એ કથન દ્વારા પ્રયોજનાદિ ત્રણ ગ્રંથકારે કહ્યાં છે. કેવી રીતે કહ્યાં છે ? એથી કહે છે – 'वक्ष्ये'=હું કહીશ. યોગને= મિત્રાદિ સ્વરૂપ યોગને, સંક્ષેપથી કહીશ. વળી, વિસ્તારથી પૂર્વાચાર્યો વડે જ આ=યોગ, ઉત્તરાધ્યયન, યોગનિર્ણય આદિ ગ્રંથોમાં કહેવાયેલો પણ છે.**

સંક્ષેપથી યોગને કઈ રીતે કહીશ ? તેથી કહે છે –

**યોગદૃષ્ટિના ભેદથી કહીશ. તે કારણથી='હું મિત્રાદિલક્ષણ યોગને કહીશ.' તે પ્રકારની પ્રતિજ્ઞા કરી તે કારણથી, અહીં=ગ્રંથમાં, સંક્ષેપથી યોગનું કથન કરવું, એ કર્તાનું અનંતર પ્રયોજન છે. વળી પરંપર પ્રયોજન નિર્વાણ જ છે; કેમ કે શુદ્ધ આશયપૂર્વક તેવા પ્રકારના જીવોની હિતની પ્રવૃત્તિ છે= પ્રસ્તુત ગ્રંથરચના યોગ્ય જીવોના હિતની પ્રવૃત્તિરૂપ છે.**

અહીં પ્રશ્ન થાય કે શુદ્ધ આશયપૂર્વક તેવા પ્રકારના જીવોના હિતની પ્રવૃત્તિ હોય તેટલા માત્રથી કર્તાનું પરંપર પ્રયોજન નિર્વાણ કઈ રીતે સિદ્ધ થાય ? તેથી બીજો હેતુ કહે છે –

**અને આનું=શુદ્ધ આશયપૂર્વક તેવા પ્રકારના યોગ્ય જીવોના હિતની પ્રવૃત્તિનું, અવંધ્ય એવું નિર્વાણનું બીજપણું છે.**

**'इति' શબ્દ કર્તાના પ્રયોજનની સમાપ્તિ અર્થે છે.**

**અભિધેય યોગ જ છે. આના દ્વારા ગ્રંથનો વિષય બતાવાયો.**

**સાધ્ય-સાધનલક્ષણ સંબંધ છે અર્થાત્ આ ગ્રંથ યોગના બોધનું સાધન છે અને યોગનો બોધ આ ગ્રંથથી સાધ્ય છે તે રૂપ સંબંધ છે, અને આ પ્રકારના સંબંધને કહેનારો માર્ગ ક્ષુણ્ણ છે=ઘણા ગ્રંથોમાં વર્ણન કરાયેલો છે. તેથી ગ્રંથકાર તેને સ્પષ્ટ કરવા માટે યત્ન કરતા નથી.**

**વળી શ્રોતાનું અનંતર પ્રયોજન પ્રકરણાર્થનું પરિજ્ઞાન છે=યોગદૃષ્ટિ નામના પ્રકરણના અર્થનું પરિજ્ઞાન છે. વળી આમનું પણ=શ્રોતાઓનું પણ પરંપર પ્રયોજન નિર્વાણ જ છે; કેમ કે યોગદૃષ્ટિરૂપ પ્રકરણના અર્થના પરિજ્ઞાનથી ઔચિત્યપૂર્વક અહીં જ=યોગમાર્ગમાં જ, પ્રવૃત્તિ થાય છે, અને આનું= યોગમાર્ગની પ્રવૃત્તિનું, અવંધ્ય એવું નિર્વાણનું બીજપણું છે.**

**'इति' શબ્દ પ્રયોજનાદિ ત્રણના કથનની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :-**

ગ્રંથકારે પ્રતિજ્ઞા કરી કે સંક્ષેપથી મિત્રાદિલક્ષણ યોગને હું કહીશ. સંક્ષેપથી કહેવાનું પ્રયોજન એ છે કે વિસ્તારથી તો પૂર્વાચાર્યોએ ઉત્તરાધ્યયન, યોગનિર્ણય આદિ ગ્રંથોમાં યોગમાર્ગ બતાવેલ છે, પરંતુ એ વિસ્તારથી કરાયેલા વર્ણનમાંથી મંદબુદ્ધિ જીવોને બોધ કરવો દુષ્કર પડે. તેથી તેવા યોગ્ય જીવોને સંક્ષેપથી બોધ કરાવવા માટે ગ્રંથકારે પ્રસ્તુત ગ્રંથની રચના કરી છે.

અહીં કેટલાકને પ્રશ્ન થાય કે ઉત્તરાધ્યયનમાં મિત્રાદિ દૃષ્ટિનું વર્ણન નથી, તો વિસ્તારથી ત્યાં વર્ણન છે, એમ ગ્રંથકારે કેમ કહ્યું ? તેનું સમાધાન એ છે કે ઉત્તરાધ્યયન આદિ ગ્રંથોમાં વિસ્તારથી યોગમાર્ગ વર્ણન કરાયેલો છે, અને તે યોગમાર્ગ સંક્ષેપથી પ્રસ્તુત ગ્રંથમાં મિત્રાદિ દૃષ્ટિરૂપે વિભાજન કરીને ગ્રંથકારે બતાવેલ છે. તેથી ઉત્તરાધ્યયનમાં મિત્રાદિ દૃષ્ટિનાં નામો ન હોય તોપણ ત્યાં વિસ્તારથી બતાવેલો યોગમાર્ગ અહીં અપેક્ષાએ મિત્રાદિ આઠ દૃષ્ટિઓમાં વિભક્ત થાય છે. માટે ગ્રંથકારના કથનમાં દોષ નથી.

વળી, કર્તા શુદ્ધ આશયપૂર્વક યોગ્ય જીવોને યોગમાર્ગનો બોધ કરાવવાના આશયથી પ્રસ્તુત ગ્રંથરચના કરે છે, તેથી યોગનું કથન કર્તાનું અનંતર પ્રયોજન છે; અને પરંપર પ્રયોજન મોક્ષ છે; કેમ કે યોગ્ય જીવોને બોધ કરાવવાના આશયથી, યોગ્ય જીવોને બોધ થાય તે રીતે કરાયેલી હિતની પ્રવૃત્તિ નક્કી મોક્ષનું કારણ છે. માટે ગ્રંથકારનું પ્રસ્તુત ગ્રંથરચનાનું પરંપર પ્રયોજન મોક્ષ છે; અને યોગ્ય શ્રોતા પણ પ્રસ્તુત ગ્રંથ સમ્યક્ વિધિપૂર્વક ગ્રહણ કરે તો અવશ્ય યોગમાર્ગનો યથાર્થ બોધ કરી શકે. માટે યોગમાર્ગનો યથાર્થ બોધ કરવો એ શ્રોતાનું અનંતર પ્રયોજન છે; અને યોગમાર્ગનો બોધ કરીને ઔચિત્યપૂર્વક યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવી અને તેના દ્વારા મોક્ષ મેળવવો એ શ્રોતાનું પણ પરંપર પ્રયોજન છે. તેથી જે શ્રોતા પ્રસ્તુત ગ્રંથને વિધિપૂર્વક ભણે અને ગ્રંથના યથાર્થ તાત્પર્યને જાણે તો અવશ્ય તેને યોગમાર્ગનો બોધ થાય, અને પોતાની ભૂમિકાનો વિચાર કરીને ઔચિત્યપૂર્વક યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે તો ઉત્તર-ઉત્તરના યોગની નિષ્પત્તિ દ્વારા અવશ્ય મોક્ષફળને પામે, એ પ્રકારનો ભાવ શ્રોતાના પરંપર પ્રયોજનને બતાવવાથી સ્પષ્ટ થાય છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**एवं सम्पादितेष्टदेवतास्तवः प्रयोजनाद्यभिधाय प्रकरणोपकारकं प्रासङ्गिकमभिधातुमाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=પૂર્વગાથામાં બતાવ્યું એ રીતે, સંપાદિત ઈષ્ટદેવતાના સ્તવવાળા ગ્રંથકાર, પ્રયોજનાદિ કહીને યોગદૃષ્ટિના કથનરૂપ જે પ્રકરણ તેના ઉપકારક એવા પ્રાસંગિક કથનને કહેવા માટે કહે છે -**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં ગ્રંથકારે ઇષ્ટદેવતાની સ્તુતિનું સંપાદન કર્યું. ત્યાર પછી પ્રયોજનાદિનું કથન કર્યું. તે કર્યા પછી પ્રતિજ્ઞા પ્રમાણે યોગદૃષ્ટિનું કથન કરવું જોઈએ; પરંતુ ગ્રંથકારને સ્મરણ થયું કે યોગદૃષ્ટિ સાથે સંબંધિત એવા ઇચ્છાદિ યોગોનું કથન પ્રકરણને ઉપકારક છે, તેથી તેનું કથન કરવું આવશ્યક છે. માટે યોગદૃષ્ટિનું કથન કરતાં પૂર્વે યોગદૃષ્ટિના પ્રસંગથી સ્મરણ થયેલ એવા પ્રાસંગિક ઇચ્છાદિ યોગોને કહેવા માટે કહે છે –

**શ્લોક :-**

**इहैवेच्छादियोगानां, स्वरूपमभिधीयते ।**
**योगिनामुपकाराय, व्यक्तं योगप्रसङ्गतः ।।२।।**

**અન્વયાર્થ :-**

**इहैव=અહીં જ=ગ્રંથના પ્રક્રમમાં જ=મિત્રાદિદૃષ્ટિઓના ભેદથી યોગનિરૂપણના પ્રક્રમમાં જ इच्छादियोगानां=ઈચ્છાદિયોગોનું स्वरूपम्=સ્વરૂપ योगिनाम्=યોગીઓના उपकाराय=ઉપકાર માટે योगप्रसङ्गतः= યોગના પ્રસંગથી व्यक्तं=સ્પષ્ટ अभिधीयते=કહેવાય છે. ।।૨।।**

**શ્લોકાર્થ :-**

**મિત્રાદિદૃષ્ટિઓના ભેદથી યોગનિરૂપણના પ્રક્રમમાં જ ઈચ્છાદિયોગોનું સ્વરૂપ, યોગીઓના ઉપકાર માટે, યોગના પ્રસંગથી સ્પષ્ટ કહેવાય છે. ।।૨।।**

**ટીકા :-**

**'इहैव' इति प्रक्रमे, किमित्याह 'इच्छादियोगानां' इति इच्छायोगशास्त्रयोगसामर्थ्ययोगानाम् किमत आह, 'स्वरूपमभिधीयते' इति स्वलक्षणमुच्यते, किमर्थमेतदित्याह 'योगिनामुपकाराय' इति, योगिनोऽत्र कुलयोगिनः प्रवृत्तचक्रा गृह्यन्ते वक्ष्यमाणलक्षणाः, न निष्पन्नयोगा एव, तेषामत उपकाराभावात्, तदितरेषामेवोपकारार्थम्, उपकारश्चातो योगहृदयावबोधः, कथमभिधीयत इत्याह 'व्यक्तं'=स्पष्टं, न चाप्रस्तुतमप्येतदित्याह 'योगप्रसङ्गत' इति, मित्रादियोगप्रसङ्गेन प्रसङ्गाख्यतन्त्रयुक्त्याक्षिप्तमित्यर्थः ।।२।।**

**ટીકાર્થ :-**

**'इहैव' इति ..... प्रसङ्गाख्यतन्त्रयुक्त्याक्षिप्तमित्यर्थः ।। અહીં જ=પ્રક્રમમાં=મિત્રાદિદૃષ્ટિઓના ભેદથી યોગનિરૂપણના પ્રક્રમમાં, ઈચ્છાદિયોગોનું= ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગનું સ્વરૂપ કહેવાય છે=સ્વલક્ષણ કહેવાય છે. શા માટે આ=ઈચ્છાદિયોગોનું સ્વરૂપ, કહેવાય છે ? એથી કહે છે - યોગીઓના ઉપકાર માટે. અહીં=યોગીઓના ઉપકાર માટે કહ્યું એમાં, યોગીઓ=આગળ કહેવાશે એવા લક્ષણવાળા કુલયોગીઓ અને પ્રવૃત્તચક્રયોગીઓ ગ્રહણ કરાય છે, નિષ્પન્નયોગવાળા જ ગ્રહણ કરાતા નથી; કેમ કે તેઓને=નિષ્પન્નયોગવાળાને, આનાથી=પ્રસ્તુત ગ્રંથથી, ઉપકારનો અભાવ છે. તે કારણથી=નિષ્પન્નયોગવાળાને ઉપકાર નથી થતો તે કારણથી, ઈતરના જ=નિષ્પન્નયોગથી ઈતર એવા કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીઓના જ, ઉપકાર માટે પ્રસ્તુત ગ્રંથ કરાય છે; અને આનાથી=પ્રસ્તુત ગ્રંથથી, યોગના તાત્પર્યનો અવબોધ એ ઉપકાર છે.**

**કેવી રીતે ઈચ્છાયોગાદિનું સ્વરૂપ કહેવાય છે ? એથી કહે છે - વ્યક્ત અર્થાત્ સ્પષ્ટ ઈચ્છાદિયોગોનું સ્વરૂપ કહેવાય છે, એમ સંબંધ છે.**

અહીં પ્રશ્ન થાય કે પૂર્વગાથામાં યોગદૃષ્ટિના કથનની પ્રતિજ્ઞા કરેલ, તેથી ઇચ્છાદિયોગોના સ્વરૂપનું કથન અપ્રસ્તુત છે. એથી કહે છે –

**અને આ અપ્રસ્તુત પણ નથી. એથી શ્લોકમાં કહે છે – યોગના પ્રસંગથી=મિત્રાદિયોગના પ્રસંગથી, ઈચ્છાદિયોગોનું સ્વરૂપ કહેવાય છે.**

તેમાં પ્રસંગથીનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

**પ્રસંગ નામની તંત્રયુક્તિથી આક્ષિપ્ત એવા ઈચ્છાદિયોગોનું સ્વરૂપ કહેવાય છે, એમ અન્વય છે. ।।૨।।**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં ગ્રંથકારે યોગદૃષ્ટિઓ કહેવાની પ્રતિજ્ઞા કરી અને તે પ્રતિજ્ઞા પ્રમાણે હવે પછી યોગદૃષ્ટિઓનું વર્ણન શરૂ કરવું જોઈએ; પરંતુ 'स्मृतस्योपेक्षानर्हत्वं प्रसङ्गत्वं'=સ્મરણ થયેલાની ઉપેક્ષાનું અયોગ્યપણું એ પ્રસંગપણું છે, એ પ્રકારની પ્રસંગશાસ્ત્રની યુક્તિ છે. તેથી કોઈપણ કથન કરતાં વચમાં કોઈ પદાર્થનું સ્મરણ થાય, અને સ્મૃત એવો તે પદાર્થ ઉપેક્ષા યોગ્ય ન હોય તો તેનું કથન કરવું જોઈએ. તેથી ગ્રંથકાર યોગદૃષ્ટિનું વર્ણન કરવા ગયા, ત્યાં તેની સાથે ઇચ્છાદિયોગોનો સંબંધ હોવાથી ગ્રંથકારને ઇચ્છાદિયોગોનું સ્મરણ થયું, અને ઇચ્છાદિયોગોનું વર્ણન પણ મિત્રાદિદૃષ્ટિઓના બોધમાં ઉપકારક છે તેમ જણાવાથી તે ઉપેક્ષણીય નથી, તેમ જણાયું. તેથી મિત્રાદિદૃષ્ટિઓનો વિશેષ બોધ કરાવવા માટે ઉપકારી એવા ઇચ્છાદિયોગોનું સ્વરૂપ પ્રસંગ સંગતિથી અહીં ગ્રંથકાર કહે છે, અને તે પણ સ્વરૂપ સ્પષ્ટ બતાવે છે, જેથી ઇચ્છાદિયોગોનો યથાર્થ બોધ થાય, અને તે ત્રણે યોગો મિત્રાદિદૃષ્ટિઓ સાથે કઈ રીતે સંલગ્ન છે, તેનો બોધ થાય, અને તેથી મિત્રાદિદૃષ્ટિઓના વિશેષ બોધમાં ઇચ્છાદિયોગોના સ્વરૂપનો બોધ ઉપકારક બને.

અહીં ગ્રંથકારે યોગીઓના ઉપકાર માટે ઇચ્છાદિયોગોના સ્વરૂપના કથનની પ્રતિજ્ઞા કરી, અને સામાન્યથી વિચારતાં યોગી શબ્દથી જેનામાં યોગ નિષ્પન્ન થયો હોય તેનું ગ્રહણ થાય. તેથી ટીકામાં ખુલાસો કર્યો કે યોગથી નિષ્પન્ન થઈ ચૂકેલા એવા નિષ્પન્નયોગવાળાઓના ઉપકાર માટે ગ્રંથરચના કરાયેલ નથી, કારણ કે નિષ્પન્નયોગવાળાઓને આ ગ્રંથથી બોધ કરાવવાનું કોઈ પ્રયોજન નથી; પરંતુ જે યોગીઓ હજુ નિષ્પન્નયોગવાળા નથી થયા અને યોગ નિષ્પન્ન કરવા માટે પ્રવૃત્ત થયા છે, તેવા પ્રવૃત્તચક્રયોગીઓ; અને યોગમાં પ્રવૃત્ત નથી થયા, પરંતુ યોગમાં પ્રવૃત્ત થઈ શકે તેવી લાયકાતવાળા છે, તેવા કુલયોગીઓ; તેઓના ઉપકાર માટે આ ગ્રંથરચના કરાયેલ છે. તાત્પર્ય એ છે કે જેઓ યોગ નિષ્પન્ન કરવાના અર્થી છે, તેઓ પણ યોગી શબ્દથી વાચ્ય છે, અને તેઓના ઉપકાર માટે આ ગ્રંથની રચના છે; જેથી તેઓને પ્રસ્તુત ગ્રંથથી યોગના તાત્પર્યનો બોધ થાય, અને સમ્યગ્ બોધ થવાના કારણે તેઓ યોગમાર્ગમાં સમ્યગ્ પ્રવૃત્તિ કરી શકે. વળી જે લોકો યોગ નિષ્પન્ન કરવાના અર્થી છે, એટલું જ નહિ, પરંતુ યોગમાર્ગમાં પ્રવૃત્ત પણ છે, તેઓ પણ પ્રસ્તુત ગ્રંથથી યોગમાર્ગનો બોધ કરીને વિશેષ રીતે યોગમાં પ્રવૃત્ત થઈ શકે; તેમના પણ ઉપકાર માટે આ ગ્રંથની રચના કરેલ છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**इच्छायोगस्वरूपप्रतिपादनायाह –**

**અવતરણિકાર્થ :-**

**ઈચ્છાયોગનું સ્વરૂપ સમજાવવાને માટે કહે છે –**

**શ્લોક :-**

**कर्तुमिच्छोः श्रुतार्थस्य, ज्ञानिनोऽपि प्रमादतः ।**
**विकलो धर्मयोगो यः, स इच्छायोग उच्यते ।।३।।**

**અન્વયાર્થ :-**

શ્રુતાર્થસ્ય કર્તુમિચ્છોઃ જ્ઞાનિનોઽપિ=સાંભળ્યું છે આગમ જેણે એવા, (યોગને) કરવાની ઇચ્છાવાળા જ્ઞાનીનો પણ પ્રમાદતઃ=પ્રમાદથી વિકલો યો ધર્મયોગઃ=અસંપૂર્ણ એવો જે ધર્મવ્યાપાર સઃ=તે इच्छायोगः= ઇચ્છાયોગ उच्यते=કહેવાય છે. ।।૩।।

**શ્લોકાર્થ :-**

**સાંભળ્યું છે આગમ જેણે એવા, અને (યોગને) કરવાની ઇચ્છાવાળા જ્ઞાનીનો પણ પ્રમાદથી અસંપૂર્ણ એવો જે ધર્મવ્યાપાર, તે ઇચ્છાયોગ કહેવાય છે. ।।૩।।**

**ટીકા :-**

**'कर्तुमिच्छोः-' कस्यचिन्निर्व्याजमेव तथाविधक्षयोपशमभावेन, अयमेव विशिष्यते-किंविशिष्टस्यास्य चिकीर्षोः? 'श्रुतार्थस्य'=श्रुतागमस्य, अर्थशब्दस्यागमवचनत्वात्, अर्थ्यतेऽनेन तत्त्वं इति कृत्वा, अयमपि कदाचिदज्ञान्येव भवति, क्षयोपशमवैचित्र्यात् अत आह 'ज्ञानिनोऽपि'=अवगतानुष्ठेय-तत्त्वार्थस्यापीति, एवंभूतस्यापि सतः किमित्याह 'प्रमादतः'=प्रमादेन विकथादिना, 'विकलः'=असंपूर्णः कालादिवैकल्यमाश्रित्य, 'धर्मयोगो'=धर्मव्यापारः, 'यः' इति योऽर्थः (यः कश्चित्) वन्दनादिविषयः 'स इच्छायोग उच्यते', इच्छाप्रधानत्वं चास्य तथाकालादावकरणादिति ।।३।।**

❖ योऽर्थः શબ્દને ઠેકાણે यः कश्चित् એ પ્રમાણે પાઠ ભાસે છે અને એ પ્રમાણે અર્થ કરેલ છે.

**ટીકાર્થ :-**

**'कर्तुमिच्छोः-' ..... तथाकालादावकरणादिति ।। તેવા પ્રકારનો ક્ષયોપશમ હોવાને કારણે નિર્વ્યાજ જ=શાસ્ત્રમાં જે રીતે યોગ કરવાનો કહ્યો છે તે રીતે જ, કરવાની ઇચ્છાવાળા કોઈકનો,**

**આ જ=કરવાની ઇચ્છાવાળો જ, વિશેષણથી વિશેષિત કરાય છે. કેવા વિશેષણથી વિશિષ્ટ એવા આ કરવાની ઇચ્છાવાળાનો વિકલ ધર્મયોગ ઇચ્છાયોગ છે ? તો કહે છે –**

**'श्रुतार्थस्य' - શ્રુતઆગમવાળા એવા કરવાની ઇચ્છાવાળાનો.**

અહીં 'અર્થ' શબ્દનો અર્થ 'આગમ' કેમ કર્યો ? તેથી કહે છે –

**આના દ્વારા=આગમ દ્વારા, તત્ત્વ પ્રાપ્ત થાય છે, એથી કરીને અર્થ શબ્દ આગમને બતાવે છે. આ પણ=શ્રુતઆગમવાળો એવો કરવાની ઇચ્છાવાળો પણ, કદાચિત્ અજ્ઞાની જ હોય; કેમ કે ક્ષયોપશમનું વૈચિત્ર્ય છે અર્થાત્ આગમ સાંભળેલ હોવા છતાં તેવો ક્ષયોપશમ નહિ હોવાને કારણે અજ્ઞાની હોય. આથી કહે છે – જ્ઞાનીનો પણ અર્થાત્ જાણ્યો છે અનુષ્ઠેય તત્ત્વનો અર્થ જેણે એવા જ્ઞાનીનો પણ, પ્રમાદથી=વિકથાદિથી, કાલાદિવૈકલ્યને આશ્રયીને વિકલ=અસંપૂર્ણ, એવો જે કોઈ વંદનાદિ વિષયવાળો ધર્મયોગ=ધર્મવ્યાપાર, તે ઇચ્છાયોગ કહેવાય છે.**

અહીં ઇચ્છાયોગનો અર્થ એ થાય કે ઇચ્છાપ્રધાનયોગ તે ઇચ્છાયોગ. તેથી પ્રશ્ન થાય કે ઇચ્છાયોગમાં ઇચ્છાપ્રધાનત્વ શું છે ? તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

**આનું=ઇચ્છાયોગનું, ઇચ્છાપ્રધાનપણું તે પ્રકારના કાલાદિમાં અકરણપણાથી છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

કોઈ જીવને કોઈ યોગીપુરુષ પાસેથી સંસારનું સ્વરૂપ જાણવા મળ્યું હોય અને સંસારના ઉચ્છેદનું કારણ યોગમાર્ગ છે તેમ સાંભળવા મળ્યું હોય, તેથી યોગી પાસેથી યોગમાર્ગને કહેનારાં આગમો જેણે સાંભળ્યાં હોય, તેવા જીવો શ્રુતઆગમવાળા છે. વળી આવા જીવોને નિર્વ્યાજ જ યોગમાર્ગને સેવવાની ઇચ્છા થાય અર્થાત્ કુલાચારથી નહિ કે વડીલોના કે મિત્રોના આગ્રહથી નહિ, પરંતુ 'મારે આત્મહિત સાધવું છે,' એ પ્રકારના સહજ પરિણામથી વિધિપૂર્વક યોગમાર્ગને સેવવાની ઇચ્છા થાય; અર્થાત્ 'આ યોગમાર્ગ મારું હિત છે,' તેવા પ્રકારનો દર્શનમોહનીયકર્મનો ક્ષયોપશમભાવ પ્રગટેલો હોય અને તેવા પ્રકારના ક્ષયોપશમથી યોગને કરવાની જેમને ઇચ્છા થાય, આવા જીવો શ્રુતઆગમવાળા છે અને યોગમાર્ગના સેવનને કરવાની ઇચ્છાવાળા છે.

વળી શ્રુતઆગમવાળા અને યોગમાર્ગને સેવવાની ઇચ્છાવાળા જીવોમાં પણ કેટલાક જીવો અજ્ઞાની છે= યોગમાર્ગને કહેનારાં આગમોને સાંભળેલ હોવા છતાં તેવા પ્રકારનો ક્ષયોપશમ જેઓને નથી અર્થાત્ જેઓને યોગમાર્ગમાં કેવી રીતે યત્ન કરવો જોઈએ કે જેથી મોક્ષને અનુકૂળ એવો યોગ આત્મામાં પ્રગટે, તેવો સ્પષ્ટ બોધ નથી, તેઓ અજ્ઞાની છે અને કેટલાક જ્ઞાની છે=શાસ્ત્રો સાંભળીને જે અનુષ્ઠાન પોતે કરવા ઇચ્છે છે, તે અનુષ્ઠાનના યથાર્થ અર્થને જેમણે જાણ્યો છે, તેથી પોતાના બોધ પ્રમાણે યત્ન કરે તો સમ્યગ્ અનુષ્ઠાન કરી શકે, તેવા જ્ઞાની છે; આવા જ્ઞાની પણ વિકથાદિ પાંચ પ્રમાદમાંથી કોઈપણ પ્રમાદને વશ થાય તો અનુષ્ઠાનનાં કાલાદિ સર્વ અંગોથી પરિપૂર્ણ ધર્મવ્યાપાર કરતા નથી, તેવા જીવોનો વંદનાદિવિષયક ધર્મવ્યાપાર એ ઇચ્છાયોગ છે.

અહીં વિશેષ એ છે કે જે જીવોને સંસારની નિર્ગુણતા જણાઈ છે અને તેથી તેના ઉપાયભૂત એવા યોગમાર્ગને યોગી પાસેથી સાંભળ્યો છે અને સાંભળવાને કારણે મારે યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવી છે તેવી સહજ રુચિ પ્રગટ થઈ છે, તેવા જીવો યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવાના અધિકારી છે. આવા અધિકારીમાં પણ કેટલાક પટુપ્રજ્ઞાવાળા હોય તો જે યોગમાર્ગની પ્રવૃત્તિ કરવા તેઓ ઇચ્છે છે, તેનાં સર્વ અંગોનો યથાર્થ બોધ શાસ્ત્રથી તેઓ કરી લે છે, તેઓ જ્ઞાની છે; અને કેટલાકનો તેવો ક્ષયોપશમ નહિ હોવાથી શાસ્ત્ર ભણે તોપણ તેવો ક્ષયોપશમ થતો નથી, તેથી તેઓ અજ્ઞાની છે. આ જ્ઞાની અને અજ્ઞાનીમાંથી ગમે તે જીવો પ્રમાદને કારણે ત્રુટિથી યોગ કરતા હોય તો તે યોગ ઇચ્છાયોગ છે. તેમાં જેઓ જ્ઞાની નથી, તેઓ તો પોતાના બોધ પ્રમાણે અપ્રમાદથી યત્ન કરતા હોય તોપણ બોધની ખામીને કારણે તેમનો યોગ વિકલ થાય

છે, તેથી અજ્ઞાનીનો વિકલ યોગ ઇચ્છાયોગ છે; અને જ્ઞાનીનો પ્રમાદને કારણે થયેલો વિકલ યોગ ઇચ્છાયોગ છે.

અહીં કાલાદિમાં આદિ પદથી વિધિનાં અન્ય અંગોનો સંગ્રહ કરવાનો છે. તેથી જે અનુષ્ઠાન જે કાળમાં જે વિધિથી અને જે પ્રકારના ઉપયોગથી અર્થાત્ તદ્ચિત્ત, તદ્લેશ્યા, તદ્મનથી કરવાનું શાસ્ત્રમાં કહ્યું છે, તેવી રીતે કરે તેઓનું અનુષ્ઠાન શાસ્ત્રયોગ બને, અને શાસ્ત્રમાં કહેલા અંગોમાંથી કોઈપણ અંગથી વિકલ અનુષ્ઠાન કરે તેઓનું અનુષ્ઠાન ઇચ્છાયોગ બને.

ઇચ્છાયોગનો સમાસ એ છે કે ઇચ્છાપ્રધાનયોગ તે ઇચ્છાયોગ. તેથી કોઈને જિજ્ઞાસા થાય કે ઇચ્છાપ્રધાનયોગમાં ઇચ્છાપ્રધાનપણું શું છે ? તેથી કહ્યું કે ઇચ્છા છતાં તે પ્રકારના કાલાદિમાં પ્રવૃત્તિ નથી, એ બતાવે છે કે તેમના યોગમાં ઇચ્છાનું પ્રધાનપણું છે.

આશય એ છે કે જે જીવે યોગી પાસેથી સાંભળેલું છે કે આ યોગમાર્ગ, આ રીતે સમ્યક્ સેવવામાં આવે તો અવશ્ય સંસારનો અંત આવે. તે સાંભળીને સંસારના અંતના અર્થી એવા જીવો યોગમાર્ગને સેવવાની અભિલાષાવાળા થાય, અને જે રીતે તે યોગ સેવવાની વિધિ છે, તે રીતે સેવવાની તેમને ઇચ્છા થાય; આમ છતાં શાસ્ત્રને પ્રધાન કરીને શાસ્ત્રથી નિયંત્રિત અનુષ્ઠાનમાં તેઓ યત્ન કરી શકે તેટલું સંચિત વીર્ય નથી. તેથી અનુષ્ઠાનમાં પ્રમાદથી ત્રુટિઓ થાય છે, તોપણ તેઓ અનુષ્ઠાન કરે છે, તેનું કારણ તેમને અનુષ્ઠાન સેવવાની બળવાન ઇચ્છા છે. તેથી આવા યોગીઓની પ્રવૃત્તિમાં ઇચ્છા પ્રધાન છે.

સંવેગની તરતમતાથી, કર્તવ્ય એવા અનુષ્ઠાનની તરતમતાથી, બોધ અને યત્નની તરતમતાથી આ ઇચ્છાયોગની અનેક ભૂમિકાઓ છે. જ્યાં સુધી તીવ્ર સંવેગ, યથાર્થ બોધ અને અપ્રમાદભાવથી યત્ન ન પ્રગટે ત્યાં સુધીનું સર્વ અનુષ્ઠાન ઇચ્છાયોગરૂપ છે. આમ છતાં યોગમાર્ગની રુચિવાળા પ્રારંભિક ભૂમિકાના જીવોનું તે અનુષ્ઠાન પ્રારંભિક ભૂમિકાનું હોય છે, અને શાસ્ત્રયોગને પામવાની કંઈક નજીકની ભૂમિકાવાળા યોગીઓ પ્રમાદને કારણે ક્યાંક સ્ખલના પામતા હોય તેઓનો ઇચ્છાયોગ શાસ્ત્રયોગની અતિ નજીકની ભૂમિકાનો છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**शास्त्रयोगस्वरूपाभिधित्सयाह -**

**અવતરણિકાર્થ :-**

**શાસ્ત્રયોગનું સ્વરૂપ કહેવાની ઇચ્છાથી કહે છે –**

**શ્લોક :-**

**शास्त्रयोगस्त्विह ज्ञेयो, यथाशक्त्यप्रमादिनः ।**
**श्राद्धस्य तीव्रबोधेन, वचसाऽविकलस्तथा ।।४।।**

**અન્વયાર્થ :-**

तु=વળી इह=અહીં=યોગતંત્રમાં यथाशक्त्यप्रमादिनः श्राद्धस्य=યથાશક્તિ અપ્રમાદિ એવા શ્રાદ્ધનો, तीव्रबोधेन=તીવ્રબોધને કારણે तथा=તેવા પ્રકારનો वचसाऽविकलः=વચનથી અવિકલ शास्त्रयोगः=શાસ્ત્રયોગ ज्ञेयः=જાણવો. ॥૪॥

**શ્લોકાર્થ :-**

**વળી, યોગતંત્રમાં યથાશક્તિ અપ્રમાદી એવા શ્રાદ્ધનો તીવ્રબોધને કારણે તેવા પ્રકારનો વચનથી અવિકલ શાસ્ત્રયોગ જાણવો. ॥૪॥**

**ટીકા :-**

**'शास्त्रयोगस्तु' इति शास्त्रप्रधानो योगः शास्त्रयोगः प्रक्रमाद्धर्मव्यापार एव स तु-पुनः, 'इह'=योगतन्त्रे, 'ज्ञेयो'=विज्ञेयः, कस्य कीदृगित्याह-यथाशक्ति=शक्त्यनुरूपं, अप्रमादिनः=विकथादिप्रमादरहितस्य, अयमेव विशिष्यते - श्राद्धस्य=तथाविधमोहापगमात्संप्रत्ययात्मिकादिश्रद्धावतः, तीव्रबोधेन=पटुबोधेन हेतुभूतेन, वचसा=आगमेन, अविकलः=अखण्डः, तथा=कालादिवैकल्याऽबाधया,** 'न ह्यपटवोऽतिचारदोषज्ञा' **इति ॥४॥**

**ટીકાર્થ :-**

'शास्त्रयोगस्तु' इति ..... 'न ह्यपटवोऽतिचारदोषज्ञा' इति ॥ **શાસ્ત્રપ્રધાન યોગ તે શાસ્ત્રયોગ, પ્રક્રમથી ધર્મવ્યાપાર જ શાસ્ત્રયોગ છે. તે વળી યોગશાસ્ત્રમાં યથાશક્તિ=શક્તિને અનુરૂપ, અપ્રમાદીને= વિકથાદિ પ્રમાદરહિતને, જાણવો. આ જ=યથાશક્તિ અપ્રમાદી જ, વિશેષણથી વિશેષિત કરાય છે. શ્રાદ્ધનો=તેવા પ્રકારના મોહના અપગમથી સંપ્રત્યયાત્મિકાદિ શ્રદ્ધાવાળાનો, શાસ્ત્રયોગ જાણવો. (એ પ્રકારે અન્વય છે.)**

વળી તે શાસ્ત્રયોગ કેવો છે તે સ્પષ્ટ કરે છે –

**તીવ્રબોધને કારણે=હેતુભૂત એવા પટુબોધને કારણે, તે પ્રકારે=કાલાદિ વૈકલ્યની અબાધા પ્રકારે, આગમથી અવિકલ=અખંડ, શાસ્ત્રયોગ જાણવો.**

અહીંયાં આગમથી અવિકલ કરવામાં પટુબોધને હેતુરૂપે કહ્યો, તેમાં યુક્તિ બતાવે છે –

અપટુબુદ્ધિવાળા અતિચારના દોષને જાણતા નથી.

**તેથી પટુબોધને કારણે શાસ્ત્રયોગ અવિકલ બને છે.**

**'इति' શબ્દ કથનની સમાપ્તિ માટે છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

અહીં શાસ્ત્રયોગ શબ્દનો સમાસ ખોલતાં કહે છે, શાસ્ત્રપ્રધાન યોગ તે શાસ્ત્રયોગ અર્થાત્ શાસ્ત્રને મુખ્ય કરીને કરાતો વ્યાપાર તે શાસ્ત્રયોગ. તેથી કોઈ શિલ્પશાસ્ત્રનો જાણકાર જીવ શિલ્પશાસ્ત્રને અનુરૂપ ક્રિયામાં વ્યાપારવાળો હોય તો તેની ક્રિયા પણ શાસ્ત્રયોગ બને; પરંતુ તેને અહીં શાસ્ત્રયોગથી ગ્રહણ કરવી નથી. તે બતાવવા માટે કહે છે કે પ્રક્રમથી શાસ્ત્રને મુખ્ય કરીને કરાતો ધર્મવ્યાપાર જ શાસ્ત્રયોગરૂપે ગ્રહણ કરવાનો છે, અન્ય નહિ; અને અહીં પ્રક્રમ એ છે કે જે યોગની દૃષ્ટિઓ કહેવાનો પ્રારંભ કર્યો છે, તે યોગની દૃષ્ટિઓ ધર્મવ્યાપારરૂપ છે પરંતુ શિલ્પાદિવ્યાપાર ધર્મવ્યાપારરૂપ નથી. માટે જે ધર્મવ્યાપાર શાસ્ત્રપ્રધાન હોય તે શાસ્ત્રયોગ છે.

વળી આ શાસ્ત્રયોગ યથાશક્તિ અપ્રમાદીને હોય તેમ કહ્યું. તેથી એ પ્રાપ્ત થાય કે જે જીવો શક્તિના પ્રકર્ષથી શાસ્ત્રવિધિ અનુસાર યત્ન કરતા હોય, પરંતુ શક્તિને ગોપવીને, અથવા શક્તિનું ઉલ્લંઘન કરીને વિચાર્યા વગર ઉપરના ધર્મવ્યાપારમાં પ્રયત્ન ન કરતા હોય, તેમનો તેવો ધર્મવ્યાપાર શાસ્ત્રયોગ છે. આમ કહેવાથી પ્રમાદને કારણે વિકલ ધર્મવ્યાપારવાળા ઇચ્છાયોગનો વ્યવચ્છેદ થાય છે. વળી કોઈ જીવો વિકથાદિ પ્રમાદવાળા ન હોય અને ધર્મઅનુષ્ઠાનમાં પ્રવૃત્ત હોય, આમ છતાં પોતાની પૂર્ણ શક્તિ ધર્મઅનુષ્ઠાનમાં ફોરવતા ન હોય, અથવા પોતાની શક્તિ કરતાં ઉપરની ભૂમિકાનું અનુષ્ઠાન કરવા યત્ન કરતા હોય, જેથી તે અનુષ્ઠાનથી સાધ્ય એવા ઉત્તમ ભાવને પ્રાપ્ત ન કરી શકતા હોય, તેવા જીવોનો ધર્મવ્યાપાર શાસ્ત્રયોગ બને નહિ, તેમના ધર્મઅનુષ્ઠાનના નિષેધ માટે યથાશક્તિ શબ્દ કહેલ છે. તેથી પૂર્ણ શક્તિથી અનુષ્ઠાન કરતા હોય અને અપ્રમાદી હોય તેમનું અનુષ્ઠાન શાસ્ત્રયોગ બને છે.

વળી આ શાસ્ત્રયોગ કરનાર સાધક શ્રદ્ધાવાળા હોય તેમ કહ્યું. તેનો અર્થ કર્યો કે તેવા પ્રકારના મોહના અપગમથી સંપ્રત્યયાત્મિકાદિ શ્રદ્ધાવાળા હોય. તેનાથી એ કહેવું છે કે શાસ્ત્રયોગવાળાને તીવ્ર શ્રદ્ધા હોય છે અને તે શ્રદ્ધા ઇચ્છાયોગવાળા કરતાં અનંતગુણી વિશુદ્ધ હોય છે. તેનું કારણ તેવા પ્રકારના મોહનીયકર્મનો અપગમ થયેલો છે, તેથી તેમને સંપ્રત્યય છે=સમ્યક્ પ્રતીતિ છે, કે ભગવાને આ ક્રિયા આ રીતે કરવાની કહી છે અને એ રીતે કરવાથી અવશ્ય રત્નત્રયીની પરિણતિની વૃદ્ધિ થશે અને તે રત્નત્રયીની પરિણતિથી સંસારનો ઉચ્છેદ થશે. આવી સંપ્રત્યયાત્મિકા શ્રદ્ધા શાસ્ત્રાનુસારી ક્રિયા નહિ કરનારા એવા સમ્યગ્દૃષ્ટિને હોતી નથી.

તે આ રીતે –

ઓઘથી શ્રદ્ધાવાળા સમ્યગ્દૃષ્ટિને ઓઘથી ભગવાનના વચનમાં સ્થિર રુચિ હોય છે, અને તેમને બોધ હોય છે કે આ સંસારમાં જીવની સારી અવસ્થા મોક્ષમાં છે અને તેનો ઉપાય ભગવાને કહેલો યોગમાર્ગ છે. આથી ભગવાનનું વચન તેમને એકાંતે હિતકારી જણાય છે; આમ છતાં ધર્મઅનુષ્ઠાનો કઈ વિધિપૂર્વક સેવીને કેવા ભાવથી કરવાં જોઈએ કે જેથી રાગાદિના પ્રતિપક્ષભાવો ઉલ્લસિત થાય, તેનો સૂક્ષ્મબોધ જે

સમ્યગ્દૃષ્ટિને નથી, તેમને સંપ્રત્યયાત્મિકા શ્રદ્ધા હોતી નથી, પરંતુ ઓઘથી ભગવાનના વચનમાં શ્રદ્ધા હોય છે; જ્યારે શાસ્ત્રયોગ સેવનારને દરેક ક્રિયાની ઉચિત વિધિનો સૂક્ષ્મબોધ હોય છે અને તેના કારણે તેમની રુચિ પણ તેવા બોધ વગરના સમ્યગ્દૃષ્ટિ કરતાં અનંતગુણી વિશુદ્ધ હોય છે; અને તેથી તેમની રુચિ, આ અનુષ્ઠાન આ રીતે સેવીને આ ભાવો હું કરું કે જેથી શાસ્ત્રાનુસારી યોગ બને, તે પ્રકારનો સંપ્રત્યય કરાવે= સમ્યક્ પ્રતીતિ કરાવે, તેવી હોય છે.

સંપ્રત્યયાત્મિકાદિ શ્રદ્ધામાં આદિ પદથી કુર્વદ્રૂપત્વવાળી રુચિ ગ્રહણ કરવાની છે. તેથી જેવો તેમનો સંપ્રત્યય છે, તે પ્રકારે વીર્યને સમ્યક્ પ્રવર્તનમાં પ્રેરણા કરે તેવી તેમની તીવ્ર રુચિ છે. તેથી શાસ્ત્રયોગીની રુચિ શાસ્ત્રના નિયંત્રણ નીચે પ્રવૃત્તિ કરાવવામાં સમર્થ બને છે, જ્યારે ઇચ્છાયોગીમાં તેવી તીવ્ર રુચિ નથી.

વળી શાસ્ત્રયોગી તીવ્ર બોધને કારણે તે પ્રકારે આગમથી અવિકલ અનુષ્ઠાન કરે છે તેમ કહ્યું. તેનાથી એ કહેવું છે કે તેમનો બોધ એટલો પટુ છે કે ક્રિયાકાળમાં ક્રિયાને શાસ્ત્રઅનુસાર પ્રવર્તાવવામાં સમર્થ બને છે. આથી જેમને તેવો તીવ્ર બોધ નથી એવા ઇચ્છાયોગી અપ્રમાદપૂર્વક યત્ન કરતા હોય તોપણ તેમની ક્રિયા શાસ્ત્રાનુસારી બનતી નથી; અને કદાચ કોઈ ઇચ્છાયોગી જ્ઞાની હોય, તોપણ તેમનું જ્ઞાન તેવું પટુ નથી કે જે પ્રમાદને દૂર કરાવીને શાસ્ત્રાનુસારી ક્રિયા કરાવવામાં સમર્થ બને. જ્યારે શાસ્ત્રયોગીનો બોધ તેવો પટુ છે કે જેના કારણે વચનથી પરિપૂર્ણ નિયંત્રિત થઈ ક્રિયામાં તેઓ યત્ન કરી શકે છે.

અહીં 'પટુબોધને કારણે આગમથી અવિકલ' એટલું જ ન કહેતાં 'આગમથી તે પ્રકારે અવિકલ' કહીને એમ બતાવ્યું કે જે અનુષ્ઠાનનાં કાલાદિ સર્વ અંગો જે પ્રમાણે શાસ્ત્રમાં બતાવાયાં છે, તે પ્રમાણે તે યોગી કરતા હોય તો તે શાસ્ત્રયોગ છે. આમ કહેવાથી એ ફલિત થયું કે સામર્થ્યયોગવાળા યોગી પણ કાલાદિના વૈકલ્ય વગર કરતા હોય છે, તોપણ તેમનો ઉપરની ભૂમિકાનો યોગ છે; જ્યારે શાસ્ત્રના નિયંત્રણ નીચે કાલાદિની વિકલતા જેમના યોગમાં ન હોય તેમનું અનુષ્ઠાન શાસ્ત્રયોગ બને છે.

વળી પૂર્ણ મોહના ઉચ્છેદ માટે સમર્થ હોય તેવું સામર્થ્યયોગનું અનુષ્ઠાન પણ પૂર્ણ શાસ્ત્રાનુસારી હોય છે, અને વિશેષ પ્રકારે મોહને ઉચ્છેદ કરવામાં સમર્થ હોય છે, તેથી તેને કોઈ શાસ્ત્રયોગ સ્વીકારી લે; અને તેના પૂર્વના શાસ્ત્રાનુસારી યત્નવાળા અનુષ્ઠાનને આ શાસ્ત્રયોગ નથી તેવો કોઈને ભ્રમ થાય, તેના નિવારણ માટે કહ્યું કે જ્યાં કાલાદિનું વૈકલ્ય ન હોય તેવું અનુષ્ઠાન શાસ્ત્રયોગ છે. તેથી સામર્થ્યયોગની જેમ પૂર્ણ મોહના ઉચ્છેદમાં પ્રવૃત્ત નહિ હોવા છતાં કાલાદિવૈકલ્યરહિત શાસ્ત્રાનુસારી પૂર્ણ યત્ન જે અનુષ્ઠાનમાં છે, તે અનુષ્ઠાન શાસ્ત્રયોગ છે. તે બતાવવા '*તથા*' શબ્દ વાપર્યો છે.

પૂર્વમાં કહ્યું કે હેતુભૂત એવા તીવ્ર બોધ વડે તે પ્રકારે વચનથી અવિકલ શાસ્ત્રયોગ છે. ત્યાં પ્રશ્ન થાય કે કોઈને તેવો તીવ્ર બોધ ન હોય તોપણ શાસ્ત્રના વચનનું સ્મરણ કરીને યત્ન કરતા હોય અથવા ગીતાર્થને પૂછીને ગીતાર્થના વચનાનુસાર પ્રવૃત્તિ કરતા હોય અને કાલાદિવિકલતા પણ ન હોય, તો તેઓનો પણ પ્રયત્ન શાસ્ત્રયોગ થઈ શકે; તેથી શાસ્ત્રયોગમાં હેતુભૂત એવો પટુબોધ આવશ્યક છે, એમ કહેવાની જરૂર નથી. તેથી કહે છે – અપટુબુદ્ધિવાળા અતિચાર દોષને જાણતા નથી.

આશય એ છે કે કોઈ જીવને ભગવાનના વચનાનુસાર ક્રિયા કરવાની તીવ્ર રુચિ છે, તેથી ક્રિયાનાં કાલાદિ અંગોને જાણવા યત્ન કરે અને સર્વત્ર ગીતાર્થને પૂછીને યત્ન કરે, તોપણ શાસ્ત્રયોગમાં કારણ બને તેવો પટુબોધ ન હોય તો ક્રિયાકાળમાં સૂક્ષ્મ અતિચારો થતા હોય તેને તેઓ જાણી શકે નહિ. તેથી તેવા આરાધક પણ શાસ્ત્રયોગમાં યત્ન કરી શકે નહિ; પરંતુ જે સાધકને અનુષ્ઠાનના દરેક અંગનો યથાર્થ બોધ છે, તેમ તે અનુષ્ઠાનના આચરણાકાળમાં સંભવિત સૂક્ષ્મ અતિચારો પણ જાણે તેવો પટુબોધ છે, તે સાધક અપ્રમાદભાવથી વિધિમાં યત્ન કરે તો તેમનું અનુષ્ઠાન શાસ્ત્રયોગ બને, તે બતાવવા માટે હેતુભૂત એવો તીવ્રબોધ ગ્રહણ કરેલ છે. **॥૪॥**

**અવતરણિકા :-**

**सामर्थ्ययोगलक्षणमाह –**

**અવતરણિકાર્થ :-**

**સામર્થ્યયોગના લક્ષણને કહે છે –**

**શ્લોક :-**

**शास्त्रसन्दर्शितोपायस्तदतिक्रान्तगोचरः ।**
**शक्त्युद्रेकाद्विशेषेण, सामर्थ्याख्योऽयमुत्तमः ।।५।।**

**અન્વયાર્થ :-**

शास्त्रसन्दर्शितोपायः=**શાસ્ત્રમાં કહેલા ઉપાયવાળો** शक्त्युद्रेकात्=**શક્તિના પ્રાબલ્યને કારણે** विशेषेण=**વિશેષથી** तदतिक्रान्तगोचरः=**તેનાથી અતિક્રાંત વિષયવાળો=શાસ્ત્રથી અતિક્રાંત વિષયવાળો** सामर्थ्याख्यः=**સામર્થ્ય નામનો** उत्तमः=**સર્વમાં પ્રધાન** अयम्=**આ=યોગ છે. ।।૫।।**

**શ્લોકાર્થ :-**

**શાસ્ત્રમાં કહેલા ઉપાયવાળો, શક્તિના પ્રાબલ્યને કારણે વિશેષથી શાસ્ત્રઅતિક્રાંત વિષયવાળો સામર્થ્ય નામનો આ ઉત્તમ યોગ છે. ।।૫।।**

**ટીકા :-**

'शास्त्रसन्दर्शितोपायः' इति सामान्येन शास्त्राभिहितोपायः, सामान्येन शास्त्रे तदभिधानात्, 'तदतिक्रान्तगोचर' - इति शास्त्रातिक्रान्तविषयः, कुत इत्याह 'शक्त्युद्रेकात्' इति शक्तिप्राबल्यात्, 'विशेषेण' इति न सामान्येन शास्त्रातिक्रान्तगोचरः, सामान्येन फलपर्यवसानत्वाच्छास्त्रस्य, 'सामर्थ्याख्योऽयं' इति सामर्थ्ययोगाभिधानोऽयं योगः 'उत्तमः'=सर्वप्रधानः तद्भावभावित्वात्, अक्षेपेण प्रधानफलकारणत्वादिति ।।५।।

**ટીકાર્થ :-**

**'शास्त्रसन्दर्शितोपायः' इति ..... प्रधानफलकारणत्वादिति ।। સામર્થ્યયોગ શાસ્ત્રસન્દર્શિત ઉપાયવાળો છે.**

ત્યાં કોઈને પ્રશ્ન થાય કે સામર્થ્યયોગ પણ શું શાસ્ત્રયોગ સમાન જ છે ? તેથી કહે છે –

**સામાન્યથી સામર્થ્યયોગ શાસ્ત્રઅભિહિત ઉપાયવાળો છે; કેમ કે શાસ્ત્રમાં સામાન્યથી તેનું અભિધાન છે=સામાન્યથી મોહના ઉચ્છેદનું અભિધાન છે. વળી તે સામર્થ્યયોગ તદ્અતિક્રાંતગોચર છે=શાસ્ત્રઅતિક્રાંત વિષયવાળો છે. કેમ શાસ્ત્રઅતિક્રાંત વિષયવાળો છે ? એથી કહે છે – શક્તિના ઉદ્રેકથી=શક્તિના પ્રાબલ્યથી થતો હોવાને કારણે, વિશેષથી શાસ્ત્રઅતિક્રાંત વિષયવાળો છે, પરંતુ સામાન્યથી શાસ્ત્રઅતિક્રાંતગોચર નથી; કેમ કે શાસ્ત્રનું સામાન્યથી ફલપર્યવસાનપણું છે. સામર્થ્ય નામનો આ યોગ, ઉત્તમ છે=સર્વપ્રધાન છે; કેમ કે તદ્ભાવભાવિ છે=ઉત્તમભાવભાવિ છે.**

અહીં પ્રશ્ન થાય કે ત્રણે યોગો ઉત્તમભાવભાવિ છે, તો સામર્થ્યયોગને જ ઉત્તમભાવભાવિ કેમ કહ્યો ? તેથી કહે છે –

**અક્ષેપથી પ્રધાનફળનું કારણ હોવાથી ઉત્તમભાવભાવિ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૫।।**

**ભાવાર્થ :-**

સામર્થ્યયોગમાં સામાન્યથી કેવો યત્ન કરવો જોઈએ તેનો ઉપાય શાસ્ત્રમાં બતાવેલો છે; પરંતુ સામર્થ્યયોગમાં કેવા પ્રકારનો વિશેષ પ્રયત્ન કરવો જોઈએ, તે શાસ્ત્ર બતાવી શકતું નથી. તેમ છતાં શાસ્ત્રાનુસારી ક્રિયા કરતાં કરતાં શક્તિનું પ્રાબલ્ય પ્રગટ થાય છે ત્યારે સામર્થ્યયોગ આવે છે. તેથી વિશેષથી સામર્થ્યયોગ શાસ્ત્ર-અતિક્રાંત-વિષયવાળો છે.

અહીં પ્રશ્ન થાય કે સામાન્યથી શાસ્ત્ર-અતિક્રાંત-વિષયવાળો સામર્થ્યયોગ કેમ નથી ? તેથી કહે છે - શાસ્ત્રનું સામાન્યથી વીતરાગરૂપ ફળમાં પર્યવસાનપણું છે. આશય એ છે કે શાસ્ત્ર સર્વજ્ઞકથિત છે, અને સર્વજ્ઞ, શબ્દોથી જે કંઈ બતાવી શકાય તે સર્વ ગણધરોને બતાવે છે. તેથી ગણધરોને ઉત્કૃષ્ટ ચૌદપૂર્વનું જ્ઞાન હોય છે અને તે જ્ઞાન અનુસાર ગણધરો યોગમાર્ગમાં સર્વ શક્તિને ફોરવે તોપણ તેમની પ્રવૃત્તિ શાસ્ત્રયોગરૂપ બને છે, સામર્થ્યયોગરૂપ બનતી નથી. તેથી સામર્થ્યયોગમાં કેવી શક્તિ ફોરવવી જોઈએ તે શાસ્ત્ર બતાવી શકતું નથી; આમ છતાં શાસ્ત્રાનુસારી ક્રિયા કરતાં કરતાં શક્તિનું પ્રાબલ્ય પ્રગટ થાય તો સામર્થ્યયોગ આવે છે. તેથી એ નક્કી થાય કે સાધકને મોહના ઉચ્છેદ માટેની દિશાનું વિશેષથી જ્ઞાન શક્તિના પ્રાબલ્યથી થાય છે અને તે સાધક સામર્થ્યયોગમાં યત્ન કરી શકે છે. આમ સામર્થ્યયોગમાં જવા માટેની સાક્ષાત્ દિશા શાસ્ત્ર બતાવી શકતું નથી, માટે સામર્થ્યયોગ વિશેષથી શાસ્ત્રઅતિક્રાંતગોચર છે. આમ છતાં તે દિશામાં જવાનો ઉપાય સામાન્યથી તો શાસ્ત્રે બતાવ્યો છે; કેમ કે શાસ્ત્રોએ જુદી જુદી ભૂમિકા પ્રમાણે મોહના ઉચ્છેદ માટે કેવો કેવો પ્રયત્ન કરવો જોઈએ, તે બતાવેલ છે. તેથી અપુનર્બંધક, સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ, સર્વવિરતિ, નિરતિચારચારિત્ર અને અસંગઅનુષ્ઠાન સુધીની અનેક ભૂમિકાઓ બતાવી છે, જેથી શાસ્ત્ર પ્રમાણે યત્ન

કરીને સાધક યાવત્ અસંગઅનુષ્ઠાન સુધી પણ આવી શકે; પરંતુ આગળ મોહના ઉચ્છેદ માટે કેવો પ્રયત્ન કરવો જોઈએ, તે દરેક ભૂમિકાનો પ્રાતિસ્વિક બોધ શાસ્ત્ર કરાવી શકતું નથી. છતાં અસંગઅનુષ્ઠાનમાં યત્ન કરવાથી સાધકને શુક્લધ્યાનનો પ્રથમ પાદ આવે છે, ત્યારે સાધક વિશેષ પ્રકારના મોહનો ઉચ્છેદ કરી શકે છે અને વીતરાગતાને પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે વીતરાગતારૂપ ફળમાં શાસ્ત્રવચન પર્યવસાન પામે છે, તોપણ અસંગથી ઉપરની ભૂમિકામાં કેવો પ્રયત્ન કરવો જોઈએ, તે વિશેષથી શાસ્ત્ર બતાવી શકતું નથી; પરંતુ સાધક સ્વશક્તિથી પ્રાતિભજ્ઞાન પ્રગટ કરીને તે દિશાને પ્રાપ્ત કરે છે, ત્યારે સામર્થ્યયોગ આવે છે. માટે કહ્યું કે શાસ્ત્ર વિશેષથી દિશા બતાવી શકતું નથી, તોપણ સામાન્યથી સામર્થ્યયોગની દિશા શાસ્ત્રે બતાવી છે.

વળી આ સામર્થ્યયોગ ઇચ્છાદિ ત્રણ યોગમાં ઉત્તમ છે; કેમ કે શીઘ્ર મોહનો નાશ કરી શકે તેવા ઉત્તમ ભાવમાં થનારો છે. જોકે ત્રણે યોગો જીવના ઉત્તમ ભાવમાં થાય છે, તોપણ તે ત્રણે યોગોમાં સર્વથી ઉત્તમ ભાવ સામર્થ્યયોગકાળમાં છે; કેમ કે સામર્થ્યયોગ અક્ષેપથી વીતરાગતારૂપ પ્રધાનફળનું કારણ છે. આશય એ છે કે સામર્થ્યયોગ પ્રગટ્યા પછી વિલંબ વગર વીતરાગતારૂપ પ્રધાન ફળ પ્રગટે છે, જ્યારે ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગ વીતરાગતા અર્થે કરાય છે, તોપણ તરત વીતરાગતારૂપ ફળ પ્રગટ થતું નથી. માટે ઇચ્છાદિ ત્રણે યોગોમાં ઉત્તમ ભાવ હોવા છતાં ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગમાં તેવો ઉત્તમ ભાવ નથી, જેવો ઉત્તમ ભાવ સામર્થ્યયોગમાં છે. તે ઉત્તમ ભાવને કારણે સામર્થ્યયોગ વિલંબ વગર વીતરાગતાનું કારણ બને છે, માટે સામર્થ્યયોગને ઉત્તમભાવભાવિ કહેલ છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**एतत्समर्थनायैवाह –**

**અવતરણિકાર્થ :-**

**આના સમર્થન માટે જ કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વ શ્લોકમાં કહ્યું કે સામર્થ્યયોગ, વિશેષથી શાસ્ત્રઅતિક્રાંતગોચર છે. એના સમર્થન માટે કહે છે –

**શ્લોક :-**

**सिद्ध्याख्यपदसम्प्राप्तिहेतुभेदा न तत्त्वतः ।**
**शास्त्रादेवावगम्यन्ते, सर्वथैवेह योगिभिः ।।६।।**

**અન્વયાર્થ :-**

**इह=અહીં=લોકમાં सिद्ध्याख्यपदसम्प्राप्तिहेतुभेदाः=મોક્ષ નામના પદની પ્રાપ્તિમાં કારણવિશેષો तत्त्वतः= પરમાર્થથી शास्त्रादेव=શાસ્ત્રથી જ योगिभिः=યોગીઓ વડે सर्वथैव=સર્વથા જ ન अवगम्यन्ते= જણાતા નથી. ।।૬।।**

**શ્લોકાર્થ :-**

**લોકમાં મોક્ષ નામના પદની પ્રાપ્તિમાં કારણવિશેષો પરમાર્થથી શાસ્ત્રથી જ સાધુઓ વડે સર્વથા જ જણાતા નથી. ।।૬।।**

**ટીકા :-**

**'सिद्धयाख्यपदसम्प्राप्तिहेतुभेदाः'=मोक्षाभिधानपदसम्प्राप्तिकारणविशेषाः सम्यग्दर्शनादयः, किमित्याह 'न तत्त्वतः'=न तत्त्वभावेन परमार्थतः, 'शास्त्रादेवावगम्यन्ते', न चैवमपि शास्त्रवैयर्थ्यमित्याह, 'सर्वथैवेह योगिभिः' इति सर्वैरेव प्रकारैरिह लोके साधुभिः, अनन्तभेदत्वात्तेषामिति ।**

**ટીકાર્થ :-**

सिद्धयाख्यपद ..... अनन्तभेदत्वात्तेषामिति । **સિદ્ધિ નામના પદની સંપ્રાપ્તિના હેતુભેદો=મોક્ષ નામના પદની પ્રાપ્તિના કારણવિશેષોરૂપ સમ્યગ્દર્શનાદિ, તત્ત્વથી=પરમાર્થથી, શાસ્ત્રથી જ જણાતા નથી; અને આ રીતે પણ=મોક્ષના ઉપાયવિશેષો શાસ્ત્રથી જણાતા નથી એ રીતે પણ, શાસ્ત્રનું વૈયર્થ્ય નથી. એથી કહે છે – સર્વથા જ અહીં યોગીઓ વડે જણાતા નથી, એમ અન્વય છે;**

અને સર્વથાનો જ અર્થ કરે છે –

**સર્વથા જ=સર્વ પ્રકારે જ, અહીં=લોકમાં, યોગીઓ વડે શાસ્ત્રથી જ હેતુભેદો જણાતા નથી.**

તેમાં હેતુ કહે છે –

**તેઓના અનંત ભેદો છે=મોક્ષના ઉપાયોના અનંત ભેદો છે, તેથી સર્વથા શાસ્ત્રથી જણાતા નથી. ।।૬।।**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં સ્થાપન કર્યું કે સામર્થ્યયોગ વિશેષથી શાસ્ત્રઅતિક્રાંતગોચર છે, તે વાત પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે –

મોક્ષપ્રાપ્તિના ઉપાયભૂત સમ્યગ્દર્શનાદિ છે અને તે સમ્યગ્દર્શનઆદિના અનંત ભેદો છે. શાસ્ત્ર તે સર્વ ભેદોને બતાવી શકતું નથી, આમ છતાં મોક્ષના કારણીભૂત એવા સમ્યગ્દર્શનાદિનું પ્રાથમિક ભૂમિકાનું સ્વરૂપ તો શાસ્ત્ર બતાવે છે. તેથી શાસ્ત્ર દ્વારા સમ્યગ્દર્શનાદિનો બોધ કરીને જીવ તે સમ્યગ્દર્શનાદિને પ્રાપ્ત કરે છે, તોપણ ઉપરના સમ્યગ્દર્શનાદિનો બોધ શાસ્ત્ર કરાવી શકતું નથી, પરંતુ તેવા સમ્યગ્દર્શનાદિનો બોધ જીવ સ્વશક્તિથી જ કરી શકે છે. માટે સામર્થ્યયોગ શાસ્ત્રઅતિક્રાંતગોચર છે.

અહીં ટીકામાં કહ્યું કે સમ્યગ્દર્શનાદિના અનંત ભેદો છે. તેનાથી એ કહેવું છે કે સિદ્ધ અવસ્થામાં રત્નત્રયીની પૂર્ણતા છે, પરંતુ તેની પૂર્વે તેના કારણભૂત જે રત્નત્રયી છે, તે રત્નત્રયીનું સ્વરૂપ શાસ્ત્ર બતાવે છે; અને તે રત્નત્રયી હેતુરૂપે અપુનર્બંધક દશામાં છે અને દેશવિરતિધર કે સર્વવિરતિધરમાં રત્નત્રયી સ્વસ્વરૂપે છે. આ રત્નત્રયીનો બોધ જીવ શાસ્ત્રથી કરે છે, તોપણ ક્ષપકશ્રેણીકાલભાવિ જે રત્નત્રયી છે, તેનો

બોધ શાસ્ત્ર કરાવી શકતું નથી. તે રત્નત્રયીના સ્વરૂપનો બોધ જીવને પ્રાતિભજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે થાય છે. તેથી રત્નત્રયીના અમુક ભેદોનું વર્ણન શાસ્ત્ર કરી શકતું નથી, તે બતાવવા માટે કહ્યું કે મોક્ષના કારણીભૂત રત્નત્રયીના અનંત ભેદો છે, જેમાંથી કેટલાક ભેદો શાસ્ત્ર બતાવે છે, પરંતુ સર્વ ભેદો શાસ્ત્ર બતાવી શકતું નથી.

જોકે યોગમાર્ગનાં અધ્યવસાયસ્થાનો અસંખ્યાતાં છે, તેથી યોગની તરતમતાની ભૂમિકા ગ્રહણ કરીએ તો રત્નત્રયીના ભેદો પણ અસંખ્યાતા પ્રાપ્ત થાય; પરંતુ ક્ષપકશ્રેણીની પૂર્વની જે રત્નત્રયીનો બોધ શાસ્ત્રવચનથી થાય છે, તે રત્નત્રયીની દરેક ભૂમિકામાં અવાંતર ભેદો અનંતા છે. આથી રત્નત્રયી અંતર્ગત જે શ્રુતજ્ઞાન છે અને શ્રુતજ્ઞાનવાળા જે ચૌદપૂર્વીઓ છે, તેમાં પણ ષટ્સ્થાનપતિત પ્રાપ્ત થાય છે. તેથી એક ચૌદપૂર્વી કરતાં અન્ય ચૌદપૂર્વીનું અનંતગણું અધિક શ્રુતજ્ઞાન પ્રાપ્ત થાય. તેથી જેમ શ્રુતજ્ઞાનની પણ અવાંતર ભૂમિકાઓ અનંત છે, તેમ ચારિત્રની પણ અવાંતર ભૂમિકાઓ અનંત છે. તેથી જેમ ચૌદપૂર્વમાં એક ચૌદપૂર્વીનું જ્ઞાન છે તેના કરતાં અનંતગણા અધિક પર્યાયને જોનારું અન્ય ચૌદપૂર્વીનું જ્ઞાન છે, તેમ એક ચારિત્રી મહાત્માના ચારિત્રની વિશુદ્ધિ છે, તેના કરતાં અન્ય મહાત્માના ચારિત્રની વિશુદ્ધિ અનંતગુણી પ્રાપ્ત થાય. ફક્ત ક્રમસર યોગનાં અધ્યવસાયસ્થાનો અસંખ્યાતાં છે; તેથી ચારિત્રના ક્રમસર વધતા અધ્યવસાયસ્થાનોની ગણના કરવાથી તે સર્વની સંખ્યા અસંખ્યાત જ પ્રાપ્ત થાય છે, અને આ રત્નત્રયીની અવાંતર અનંત ભૂમિકાઓનો બોધ શાસ્ત્રથી થતો નથી, એટલું જ નહિ પણ યોગનાં અધ્યવસાયસ્થાનોમાંથી અસંગઅનુષ્ઠાન પછીનાં યોગનાં અધ્યવસાયસ્થાનો પણ શાસ્ત્રથી જણાતાં નથી. વળી, પ્રાથમિક ભૂમિકાની જે રત્નત્રયીને શાસ્ત્ર બતાવે છે, તેના પણ અવાંતર અનંત ભેદો છે, તે સર્વ પણ શાસ્ત્ર બતાવી શકતું નથી.

આથી ઇચ્છાયોગકાળમાં ઇચ્છાની પ્રધાનતા છે, અને તે વખતે કેટલોક પ્રયત્ન શાસ્ત્રાનુસારી પણ થાય છે અને કેટલોક પ્રયત્ન સ્વશક્તિના ઉદ્રેકથી પણ થાય છે. તેથી ઇચ્છાયોગીને પણ રત્નત્રયીના સેવનકાળમાં વર્તતી નિર્લેપદશાનું વેદન શક્તિના પ્રાબલ્યથી થયેલું છે, જે સામર્થ્યયોગરૂપ છે, તોપણ ત્યાં સામર્થ્યયોગ ગૌણ છે; અને શાસ્ત્રના બોધથી નિયંત્રિત જે યત્ન થયો છે, તે શાસ્ત્રયોગ છે; અને વિધિનાં સર્વ અંગો શાસ્ત્રથી નિયંત્રિત નથી, તેથી શાસ્ત્રયોગ પણ ગૌણ છે; આમ છતાં યોગને સેવવાની પ્રબળ ઇચ્છા છે, તેથી તે અનુષ્ઠાનમાં ઇચ્છાયોગ પ્રધાન છે.

તે રીતે શાસ્ત્રયોગ સેવનારનું અનુષ્ઠાન પણ યોગના સેવનની ઇચ્છાથી આક્રાંત છે, તોપણ પ્રધાનરૂપે શાસ્ત્રના બોધથી નિયંત્રિત સર્વ પ્રવૃત્તિ હોવાથી ઇચ્છાયોગ ગૌણ છે અને શાસ્ત્રયોગ પ્રધાન છે; અને શાસ્ત્રના બોધથી નિયંત્રિત પ્રવૃત્તિકાલમાં પણ જીવની શક્તિના અતિશયથી જે જ્ઞાનયોગરૂપ નિર્લેપ પરિણતિ સ્ફુરાયમાન થાય છે તે સામર્થ્યયોગરૂપ છે, તોપણ શક્તિનો ઉદ્રેક અલ્પમાત્રામાં હોવાથી તે ગૌણ છે અને શાસ્ત્રયોગની પ્રધાનતા છે.

તે રીતે સામર્થ્યયોગકાળમાં પણ જીવને તત્ત્વ જોવાની દિદૃક્ષા છે, જે ઇચ્છા સ્વરૂપ છે; કેમ કે "શુદ્ધ આત્માને જોવાની ઇચ્છા તે દિદૃક્ષા", એ પ્રકારની વ્યુત્પત્તિ છે. તેથી સામર્થ્યયોગમાં પણ શુદ્ધ આત્માને જોવાની બળવાન ઇચ્છા પ્રવર્તે છે, તોપણ શક્તિના ઉદ્રેકથી શુદ્ધ આત્માને જોવા માટેનું જે સામર્થ્ય પ્રવર્તે

છે, તે અહીં મુખ્યરૂપે છે, માટે તે યોગને સામર્થ્યયોગ કહેવાય છે; અને તેથી અવિલંબનથી શુદ્ધ આત્માને જોવા માટે તે યોગી સમર્થ બને છે. વળી સામર્થ્યયોગી જે કોઈ અનુષ્ઠાન સેવે છે તે શાસ્ત્રના બોધથી પણ નિયંત્રિત છે, તોપણ ઇચ્છા અને શાસ્ત્ર ગૌણ છે, પરંતુ શક્તિનો પ્રકર્ષ મુખ્ય છે; આથી સામર્થ્યયોગને શાસ્ત્રઅતિક્રાંતગોચર કહેલ છે, અને આથી ઉત્કૃષ્ટ ચૌદપૂર્વી પણ શ્રુતના બળથી સામર્થ્યયોગ પ્રગટ કરી શકતા નથી. પરંતુ જીવમાં શુદ્ધ આત્મતત્ત્વ જોવા માટેની શક્તિનો ઉદ્રેક થાય છે, ત્યારે સામર્થ્યયોગ પ્રગટે છે. **॥૬॥**

**અવતરણિકા :-**

**सर्वथा तत्परिच्छेदे शास्त्रादेवाभ्युपगम्यमाने दोषमाह –**

**અવતરણિકાર્થ :-**

**શાસ્ત્રથી જ સર્વથા=સર્વ પ્રકારે, તેનો પરિચ્છેદ સ્વીકારાયે છતે=રત્નત્રયીનો બોધ સ્વીકારાયે છતે, દોષને કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારે સ્થાપન કર્યું કે મોક્ષપ્રાપ્તિના ઉપાયભૂત રત્નત્રયીના અનંત ભેદો છે, તેથી શાસ્ત્રથી તે સર્વનો બોધ થતો નથી. ત્યાં કોઈ કહે કે ભલે રત્નત્રયીના અનંત ભેદો છે, તોપણ તે સર્વનો બોધ શાસ્ત્રથી થઈ શકે છે, તેમ માનીએ તો શું વાંધો ? તેથી શાસ્ત્રથી રત્નત્રયીના સર્વ ભેદોનો બોધ થાય છે, તેમ સ્વીકારવામાં આવે તો જે દોષો પ્રાપ્ત થાય, તે પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે –

**શ્લોક :-**

**सर्वथा तत्परिच्छेदात् साक्षात्कारित्वयोगतः ।**
**तत्सर्वज्ञत्वसंसिद्धेस्तदा सिद्धिपदाप्तितः ।।७।।**

**અન્વયાર્થ :-**

**सर्वथा=સર્વ પ્રકારે तत्परिच्छेदात्=તેના પરિચ્છેદથી=મોક્ષપદની પ્રાપ્તિના હેતુભેદના જ્ઞાનથી साक्षात्कारित्वयोगतः=સાક્ષાત્કારિત્વનો યોગ થવાને કારણે तत्सर्वज्ञत्वसंसिद्धेः=તેના સર્વજ્ઞત્વની સંસિદ્ધિ હોવાથી=શ્રોતૃયોગીના સર્વજ્ઞત્વની સંસિદ્ધિ હોવાથી (અને) तदा=ત્યારે=શ્રવણકાળમાં सिद्धिपदाप्तितः= સિદ્ધિપદની પ્રાપ્તિ હોવાથી (મોક્ષપદની પ્રાપ્તિના હેતુભેદો યોગી દ્વારા શાસ્ત્રથી જ સર્વથા જણાતા નથી, એ પ્રકારે પૂર્વ શ્લોક સાથે સંબંધ છે.) ॥૭॥**

**શ્લોકાર્થ :-**

**સર્વ પ્રકારે મોક્ષપદની પ્રાપ્તિના હેતુભેદના પરિચ્છેદથી સાક્ષાત્કારિત્વનો યોગ થવાને કારણે શ્રોતૃયોગીના સર્વજ્ઞત્વની સંસિદ્ધિ હોવાથી, અને શ્રવણકાળમાં સિદ્ધિપદની પ્રાપ્તિ હોવાથી,**

**મોક્ષપદની પ્રાપ્તિના હેતુભેદો યોગી દ્વારા શાસ્ત્રથી જ સર્વથા જણાતા નથી, એ પ્રકારે પૂર્વશ્લોક સાથે સંબંધ છે. ॥૭॥**

**ટીકા :-**

**'सर्वथा'=सर्वैः प्रकारैरक्षेपफलसाधकत्वादिभिः, 'तत्परिच्छेदात्'=शास्त्रादेव सिद्ध्याख्यपदसम्प्राप्तिहेतुभेदपरिच्छेदात् किमित्याह 'साक्षात्कारित्वयोगतः' - केवलेनेव साक्षात्कारित्वेन योगात्कारणात्, 'तत्सर्वज्ञत्वसंसिद्धेः' - श्रोतृयोगिसर्वज्ञत्वसंसिद्धेः, अधिकृतहेतुभेदानामनेन सर्वथा परिच्छेदयोगात्, ततश्च 'तदा'=श्रवण-काल एव, 'सिद्धिपदाप्तितः'=मुक्तिपदाप्तेः, अयोगिकेवलित्वस्यापि शास्त्रादेव सद्भावावगतिप्रसङ्गादिति ।।७।।**

**ટીકાર્થ :-**

**सर्वथा ..... प्रसङ्गादिति ।। શાસ્ત્રથી જ મોક્ષપ્રાપ્તિના ઉપાયોનો સર્વથા બોધ થાય છે, તેમ સ્વીકારવામાં આવે તો, અક્ષેપફલસાધકત્વાદિ સર્વ પ્રકાર વડે શાસ્ત્રથી જ સિદ્ધિપદની પ્રાપ્તિના હેતુભેદોનો પરિચ્છેદ થવાથી, શ્રોતાને કેવલીની જેમ સંપૂર્ણ યોગમાર્ગનો સાક્ષાત્કારિત્વરૂપે યોગ થવાથી, શ્રોતાયોગીને સર્વજ્ઞત્વની સંસિદ્ધિ થશે; કેમ કે અધિકૃત એવા મોક્ષના હેતુભેદોનો આ શ્રોતા વડે સર્વથા પરિચ્છેદ કરાયો છે; અને તેથી શ્રવણકાળમાં જ=યોગમાર્ગને શ્રવણ કરનાર શ્રોતાના શ્રવણકાળમાં જ, તે શ્રોતાને મુક્તિપદની પ્રાપ્તિ થશે; કેમ કે શાસ્ત્રથી જ અયોગીકેવલીપણાના પણ સદ્ભાવની અવગતિનો પ્રસંગ છે=બોધનો પ્રસંગ છે. ॥૭॥**

**ભાવાર્થ :-**

શાસ્ત્રથી મોક્ષપદની પ્રાપ્તિના સર્વ હેતુઓનો સર્વ પ્રકારે બોધ થાય છે, તેમ માનો તો, જે રત્નત્રયી મોક્ષના અક્ષેપફલની સાધક છે, તેનો પણ બોધ શાસ્ત્રથી થઈ જાય તેમ માનવું પડે. તેથી કેવલીને કેવલજ્ઞાન દ્વારા જેમ આખો યોગમાર્ગ સાક્ષાત્કારરૂપે દેખાય છે, તેમ જે શ્રોતા શાસ્ત્રને યથાર્થ ભણે છે, તે શ્રોતાને પણ શાસ્ત્રથી જ કેવલીની જેમ આખા યોગમાર્ગનો સાક્ષાત્કાર થાય છે, તેમ માનવું પડે. તેથી સાંભળનાર યોગી સાંભળવાના કાળમાં જ કેવલી થઈ જવો જોઈએ; કેમ કે તેણે યોગમાર્ગના હેતુભેદોનો સર્વ પ્રકારે બોધ કર્યો છે.

વળી બીજો દોષ પણ આપે છે કે જો શાસ્ત્રથી આખો યોગમાર્ગ સર્વ પ્રકારે જણાતો હોય તો યોગમાર્ગ અંતર્ગત અયોગીકેવલીઅવસ્થા હોવાથી અયોગીકેવલીઅવસ્થા વખતે જેવો અનુભવ છે, તેવો અનુભવ શાસ્ત્ર સાંભળનાર યોગીને શાસ્ત્રશ્રવણકાળમાં થવો જોઈએ, અને તેથી શાસ્ત્રશ્રવણકાળમાં અયોગીઅવસ્થાના અનુભવના કારણે મોક્ષપદની પ્રાપ્તિ થવી જોઈએ.

આ પ્રકારે શાસ્ત્રશ્રવણથી સંપૂર્ણ મોક્ષમાર્ગનો બોધ થાય છે તેમ સ્વીકારીએ તો બે દોષો પ્રાપ્ત થતા હોવાથી, શાસ્ત્રથી સર્વ પ્રકારે મોક્ષપદની પ્રાપ્તિના હેતુભેદો જણાતા નથી, એમ પૂર્વશ્લોક સાથે આ શ્લોકનો સંબંધ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે શાસ્ત્રથી જો સંપૂર્ણ યોગમાર્ગનો બોધ થતો હોય તો આખા યોગમાર્ગનો સાક્ષાત્કાર જીવને શાસ્ત્રશ્રવણકાળમાં થવો જોઈએ. તેથી જેમ કેવલીને આખા યોગમાર્ગનો સાક્ષાત્કાર છે, તેમ શાસ્ત્ર ભણનાર જીવને પણ સંપૂર્ણ યોગમાર્ગનો શાસ્ત્રથી સાક્ષાત્કાર થઈ જાય તો તે જીવ ત્યારે જ સર્વજ્ઞ બની જાય; પરંતુ શાસ્ત્ર ભણનારા શાસ્ત્રશ્રવણકાળમાં કેવલજ્ઞાન પ્રાપ્ત કરતા નથી, તે બતાવે છે કે શાસ્ત્રથી સંપૂર્ણ યોગમાર્ગનો બોધ થતો નથી.

વળી જો શાસ્ત્રથી સંપૂર્ણ યોગમાર્ગનો બોધ થતો હોય તો યોગનિરોધકાળમાં જેવી રત્નત્રયીનું સંવેદન છે, તેવી રત્નત્રયીનું સંવેદન શાસ્ત્ર ભણનાર યોગીને શાસ્ત્રશ્રવણકાળમાં થવું જોઈએ; અને તેમ સ્વીકારીએ તો શાસ્ત્રશ્રવણકાળમાં યોગનિરોધની પ્રાપ્તિ થાય, અને તેમ સ્વીકારવાથી શાસ્ત્ર સાંભળતાં મોક્ષની પ્રાપ્તિ થવી જોઈએ; પરંતુ શાસ્ત્ર સાંભળતાં તત્કાળ યોગનિરોધ કોઈને થતો નથી. માટે શાસ્ત્રથી મોક્ષપદના હેતુઓનો બોધ સર્વ પ્રકારે થતો નથી, તેમ માનવું જોઈએ.

અહીં વિચારકને પ્રશ્ન થાય કે કેવલીને તો કેવલજ્ઞાનથી આખા યોગમાર્ગનો સાક્ષાત્કાર છે, છતાં કેવલજ્ઞાન થયા પછી તરત અયોગીકેવલીઅવસ્થાની પ્રાપ્તિ થતી નથી. તેથી જેમ કેવલીને બોધ હોવા છતાં યોગનિરોધ થતો નથી, તેમ શાસ્ત્રથી યોગનિરોધનો બોધ થાય તોપણ યોગનિરોધની પ્રાપ્તિ ન થાય, તેમ કહી શકાય; તો પછી પ્રસ્તુત શ્લોકમાં ગ્રંથકારે બીજો દોષ કેમ આપ્યો કે શાસ્ત્રથી આખા યોગમાર્ગનો બોધ થાય છે તેમ માનો, તો શાસ્ત્રશ્રવણકાળમાં શ્રોતાને અયોગીકેવલીના ભાવોનો બોધ પણ થઈ જવો જોઈએ અને મોક્ષની પ્રાપ્તિ થઈ જવી જોઈએ ? તેનું સમાધાન એ છે કે કેવલી કેવલજ્ઞાન પામે છે ત્યારે મોહ વગરના છે, અને તેથી કેવલજ્ઞાનથી આખા યોગમાર્ગને સાક્ષાત્ જુએ છે, છતાં યોગનિરોધનો પ્રયત્ન ઉચિતકાળે કરે છે; જ્યારે શાસ્ત્ર જાણનાર એવા યોગી તો વીતરાગ નથી, તેથી મોક્ષની બળવાન ઇચ્છાવાળા છે. આથી શાસ્ત્ર ભણવા માટે યત્ન કરે છે, અને શાસ્ત્ર ભણતાં ભણતાં જ જો તેને યોગનિરોધકાળભાવિ રત્નત્રયીની પરિણતિનો બોધ પણ શાસ્ત્રથી થઈ જાય, તો મોક્ષના અર્થી એવા તે યોગી તેમાં પણ પ્રયત્ન કરે. તેથી શાસ્ત્રશ્રવણકાળમાં તેમને મોક્ષની પ્રાપ્તિ થવી જોઈએ. એ દૃષ્ટિને સામે રાખીને શ્રોતાયોગીને શાસ્ત્રશ્રવણકાળમાં મોક્ષની પ્રાપ્તિ થવી જોઈએ, એ પ્રકારનો દોષ ગ્રંથકારે આપેલ છે. **॥૭॥**

**અવતરણિકા :-**

**स्यादेतत्-अस्त्वेवमपि का नो बाधा, इत्यत्राह –**

**અવતરણિકાર્થ :-**

**આ થાય=આગળમાં કહે છે એ પૂર્વપક્ષના મતે થાય. એ પૂર્વપક્ષનો મત બતાવે છે - આમ પણ હો, અર્થાત્ શ્રોતાયોગીને શાસ્ત્રશ્રવણકાળમાં સર્વજ્ઞપણાની પ્રાપ્તિ થાય છે અને શાસ્ત્રશ્રવણકાળમાં જ મોક્ષની પ્રાપ્તિ થાય છે એમ પણ હો, અમને શું બાધા છે ? અર્થાત્ કોઈ બાધા નથી. એ પ્રકારના પૂર્વપક્ષના મતમાં ગ્રંથકાર કહે છે –**

**શ્લોક :-**

**न चैतदेवं यत्तस्मात् प्रातिभज्ञानसङ्गतः ।**
**सामर्थ्ययोगोऽवाच्योऽस्ति, सर्वज्ञत्वादिसाधनम् ।।८।।**

**અન્વયાર્થ :-**

**च=અને यत्=જે કારણથી एतद्=આ=મુક્તિપદની પ્રાપ્તિ એ एवं न=આ પ્રમાણે નથી= શાસ્ત્રશ્રવણથી થાય છે એ પ્રમાણે નથી, तस्मात्=તે કારણથી सर्वज्ञत्वादिसाधनम् प्रातिभज्ञानसङ्गतः अवाच्यः सामर्थ्ययोगः=સર્વજ્ઞત્વાદિનું સાધન પ્રાતિભજ્ઞાનથી યુક્ત અવાચ્ય એવો સામર્થ્યયોગ अस्ति=છે. ।।૮।।**

❖ 'सर्वज्ञत्वादिसाधनम्' માં આદિ પદથી સિદ્ધિપદ ગ્રહણ કરવું. 'सर्वज्ञत्वादिसाधनम्' એ સામર્થ્યયોગનું વિશેષણ હોવા છતાં અજહદ્ લિંગ છે, તેથી નપુંસકલિંગમાં છે.

**શ્લોકાર્થ :-**

**અને જે કારણથી મુક્તિપદની પ્રાપ્તિ શાસ્ત્રશ્રવણથી થાય છે એ પ્રમાણે નથી, તે કારણથી સર્વજ્ઞત્વાદિનું સાધન પ્રાતિભજ્ઞાનથી યુક્ત, અવાચ્ય એવો સામર્થ્યયોગ છે. ।।૮।।**

**ટીકા :-**

**'न चैतदेवं' - अनन्तरोदितं, शास्त्रादयोगिकेवलित्वावगमेऽपि सिद्ध्यसिद्धेः, 'यद्'=यस्मात्, एवं 'तस्मात्' प्रातिभज्ञानसंगतो=मार्गानुसारिप्रकृष्टोहाख्यज्ञानयुक्तः, किमित्याह 'सामर्थ्ययोगः'= सामर्थ्यप्रधानो योगः सामर्थ्ययोगः प्रक्रमाद्धर्मव्यापार एव क्षपकश्रेणिगतो गृह्यते, अयं 'अवाच्योऽस्ति' तद्योगिनः स्वसंवेदनसिद्धेः, 'सर्वज्ञत्वादिसाधनं' अक्षेपेणातः सर्वज्ञत्वसिद्धेः ।**

**ટીકાર્થ :-**

**'न चैतदेवं' ..... सर्वज्ञत्वसिद्धेः । અને આ=અનંતરમાં કહેવાયું એ, એમ નથી=શ્રવણકાળમાં શ્રોતૃયોગીને મોક્ષપદની પ્રાપ્તિ થાય છે એમ નથી; કેમ કે શાસ્ત્રથી અયોગીકેવલીત્વનો બોધ થવા છતાં પણ સિદ્ધિની અસિદ્ધિ છે. જે કારણથી આમ છે=શાસ્ત્રથી અયોગીકેવલીત્વનો બોધ થવા છતાં સિદ્ધિની અસિદ્ધિ છે એમ છે, તે કારણથી, પ્રાતિભજ્ઞાનથી સંગત=માર્ગાનુસારી પ્રકૃષ્ટ ઊહ નામના જ્ઞાનથી યુક્ત, સામર્થ્યયોગ= સામર્થ્યપ્રધાનયોગ, એ રૂપ સામર્થ્યયોગ અવાચ્ય છે અર્થાત્ શાસ્ત્રથી વાચ્ય ન થઈ શકે તેવો છે; કેમ કે તે યોગીને=પ્રાતિભજ્ઞાનવાળા એવા યોગીને, સ્વસંવેદનથી સિદ્ધ છે, અને આ અવાચ્ય એવો સામર્થ્યયોગ સર્વજ્ઞત્વાદિનું સાધન છે; કેમ કે ક્ષેપ વગર આનાથી= સામર્થ્યયોગથી, સર્વજ્ઞત્વની સિદ્ધિ છે. અહીં પ્રક્રમથી સામર્થ્યયોગ શબ્દ દ્વારા ક્ષપકશ્રેણીગત ધર્મવ્યાપાર જ ગ્રહણ કરાય છે.**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં ગ્રંથકારે બે દોષ આપ્યા કે શાસ્ત્રથી સર્વથા યોગમાર્ગનો બોધ થાય છે તેમ સ્વીકારીએ, તો શાસ્ત્રશ્રવણકાળમાં શ્રોતાયોગી સર્વજ્ઞ થઈ જવા જોઈએ, એ એક દોષ આપ્યો; અને બીજો દોષ એ આપ્યો કે શાસ્ત્રશ્રવણકાળમાં મોક્ષની પ્રાપ્તિ થવી જોઈએ. ત્યાં કોઈ કહે કે શાસ્ત્રશ્રવણકાળમાં શ્રોતાને સર્વજ્ઞપણાની પ્રાપ્તિ અને મોક્ષ થાય છે તેમ સ્વીકારી લઈએ તો અમને કોઈ વાંધો નથી. તેને વસ્તુતઃ તેમ સ્વીકારી શકાય નહિ, તે બતાવવા ગ્રંથકાર કહે છે –

શાસ્ત્રથી સર્વજ્ઞપણાની પ્રાપ્તિના ઉપાયો અને અયોગીકેવલીત્વના સ્વરૂપનો બોધ શ્રોતાને થાય છે, તોપણ મોક્ષ થતો નથી, માટે શાસ્ત્રશ્રવણકાળમાં મોક્ષની પ્રાપ્તિ છે, તેમ સ્વીકારી શકાય નહિ. તેથી એમ માનવું જોઈએ કે પ્રાતિભજ્ઞાનથી યુક્ત, સર્વજ્ઞત્વાદિનું સાધન, શાસ્ત્રથી અવાચ્ય એવો સામર્થ્યયોગ છે.

આશય એ છે કે સાધક શાસ્ત્રના વચન અનુસાર અપ્રમાદભાવથી રત્નત્રયીમાં યત્ન કરતા હોય તેના બળથી વચનાનુષ્ઠાન પ્રગટે છે, અને તે વચનાનુષ્ઠાનને પુનઃ પુનઃ સેવીને અસંગઅનુષ્ઠાનમાં જાય છે ત્યારે, સાધક સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં અપ્રતિબદ્ધ માનસવાળા હોય છે; અને આ અવસ્થા પુનઃ પુનઃ સેવીને તેમનામાં માર્ગાનુસારી પ્રકૃષ્ટ ઊહ પ્રગટ થાય છે; કેમ કે અસંગભાવ એ મોક્ષમાર્ગને અનુકૂળ એવી જીવની પરિણતિ છે, તેથી તે માર્ગરૂપ છે; અને તેને પુનઃ પુનઃ સેવવાથી તે માર્ગને અનુસરનાર એવો પ્રકૃષ્ટ મતિજ્ઞાનનો ઊહ પ્રગટે છે, જેથી પૂર્વ પૂર્વના યોગમાર્ગ કરતાં વિશેષ પ્રકારના યોગમાર્ગમાં જવાને માટે દિશા બતાવે તેવું ઊહરૂપ સૂક્ષ્મજ્ઞાન પ્રગટે છે, જે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને જ્યારે પ્રકૃષ્ટ રૂપવાળું બને ત્યારે તે માર્ગાનુસારી પ્રકૃષ્ટ ઊહ નામનું પ્રાતિભજ્ઞાન પ્રગટે છે, જે જ્ઞાનના બળથી સાધકમાં સામર્થ્યયોગ પ્રગટે છે.

તાત્પર્ય એ છે કે મોહના સંપૂર્ણ સ્પર્શ વગરના આત્મભાવમાં નિવિષ્ટ વીતરાગ છે, અને અસંગભાવવાળા મુનિ મોહના સ્પર્શ વગરના આત્મભાવમાં નિવિષ્ટ નથી, પરંતુ નિવિશમાન છે, અને પૂર્ણ આત્મભાવમાં નિવિષ્ટ થવા માટે કેવો ધર્મવ્યાપાર કરવો જોઈએ, તેનો સૂક્ષ્મ બોધ પણ અસંગભાવવાળા મુનિને પ્રગટ્યો નથી; પરંતુ સુદૃઢ યત્નપૂર્વક અસંગભાવમાં યત્ન કરતાં કરતાં પ્રાતિભજ્ઞાન પ્રગટે છે ત્યારે તેવો સૂક્ષ્મબોધ પ્રગટે છે, જેના બળથી શુદ્ધ આત્મામાં નિવિષ્ટ થવા માટે જે યત્નની આવશ્યકતા છે તે યત્ન કેમ કરવો તેનો બોધ તે અસંગભાવવાળા મુનિને થાય છે. તેના બળથી શુદ્ધ આત્મામાં નિવેશ કરવાનો જે યત્ન પ્રગટે છે, તે ધર્મવ્યાપાર ક્ષપકશ્રેણીમાં હોય છે. આ ધર્મવ્યાપાર તે સામર્થ્યયોગ છે.

આ ધર્મવ્યાપારનું સ્વરૂપ શાસ્ત્રથી વાચ્ય બનતું નથી; કેમ કે સામર્થ્યયોગવાળા યોગીને સ્વસંવેદનથી તેની પ્રાપ્તિ છે, અને આ ધર્મવ્યાપાર વિલંબ વગર સર્વજ્ઞત્વની પ્રાપ્તિનું કારણ છે અર્થાત્ ક્ષપકશ્રેણીમાં પ્રગટ થયેલો આ ધર્મવ્યાપાર યોગીને મોહનો સંપૂર્ણ ત્યાગ કરાવીને શુદ્ધ આત્મભાવમાં નિવેશ કરાવે છે, અને શુદ્ધ આત્મભાવમાં નિવિષ્ટ એવા તે યોગી તરત સર્વજ્ઞ બને છે. માટે સર્વજ્ઞત્વનું કારણ એવો સામર્થ્યયોગ પ્રાતિભજ્ઞાનથી પ્રગટે છે, જ્યારે ઉત્કૃષ્ટ ચૌદપૂર્વીને પણ આ પ્રકારનો બોધ થઈ શકતો નથી. આથી ઉત્કૃષ્ટ ચૌદપૂર્વી એવા ગણધરો કેવલજ્ઞાનના અર્થી હોવા છતાં તરત કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકતા

નથી; પરંતુ તેઓને પણ પ્રાતિભજ્ઞાન પ્રગટે છે, ત્યારપછી સામર્થ્યયોગના બળથી કેવલજ્ઞાન થાય છે. આથી પ્રાતિભજ્ઞાનથી સામર્થ્યયોગના ભાવો યોગી જોઈ શકે છે, શાસ્ત્રવચનથી તે ભાવો દેખાતા નથી.

અહીં સામર્થ્યયોગનો અર્થ કરતાં કહ્યું કે પ્રક્રમથી ક્ષપકશ્રેણીગત ધર્મવ્યાપાર તે સામર્થ્યયોગ. તેનાથી એ કહેવું છે કે કોઈ જીવને હઠયોગ આદિને કહેનારા શાસ્ત્રવચનનો બોધ હોય, પરંતુ તે વચનના બળથી તે પ્રકારના હઠયોગમાં યત્ન કરી શકતો ન હોય, આમ છતાં પુનઃ પુનઃ તે હઠયોગના સેવનના અભ્યાસના બળથી તે પ્રકારની મતિવિશેષ પ્રગટ થાય, તો તે હઠયોગ આચરણારૂપે પણ સેવી શકે તેવો માર્ગાનુસારી ક્ષયોપશમ કોઈને થાય, તો તે ક્ષયોપશમ પણ સામર્થ્યયોગરૂપ બને; પરંતુ તેને અહીં ગ્રહણ કરવો નથી; કેમ કે પ્રક્રમ ધર્મવ્યાપારનો ચાલે છે. તેથી કહે છે કે સામર્થ્યયોગ શબ્દથી અહીં પ્રક્રમથી ધર્મવ્યાપાર ગ્રહણ કરવો છે, અન્ય વ્યાપાર નહિ.

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે શાસ્ત્રથી અયોગીકેવલીત્વનો બોધ થવા છતાં પણ મોક્ષની પ્રાપ્તિ નથી. માટે સર્વજ્ઞત્વનું કારણ પ્રાતિભજ્ઞાનથી યુક્ત સામર્થ્યયોગ છે. ત્યાં પૂર્વપક્ષી 'आह' થી કહે છે –

**ટીકા :-**

**आह - "इदमपि प्रातिभं श्रुतज्ञानमेव, अन्यथा षष्ठज्ञानप्रसङ्गः, न चैतत् केवलं, सामर्थ्ययोगकार्यत्वादस्य, एवं च सिद्ध्याख्यपदसंप्राप्तिहेतुभेदास्तत्त्वतः शास्त्रादेवावगम्यन्त इति" । अत्रोच्यते, - नैतच्छ्रुतं न केवलं, न च ज्ञानान्तरमिति, रात्रिंदिवारुणोदयवत्, अरुणोदयो हि न रात्रिंदिवातिरिक्तो न च तयोरेकोऽपि वक्तुं पार्यते, एवं प्रातिभमप्येतन्न तदतिरिक्तं न च तयोरेकमपि वक्तुं शक्यते, तत्काल एव तथोत्कृष्टक्षयोपशमवतो भावात् श्रुतत्वेन तत्त्वतोऽसंव्यवहार्यत्वान्न श्रुतं, क्षायोपशमिकत्वादशेषद्रव्यपर्यायाऽविषयत्वान्न केवलमिति । इष्टं चैतत्तारकनिरीक्षणादिज्ञानशब्दवाच्यमपरैरपीत्यदोषः ।।८।।**

**ટીકાર્થ :-**

**आह - "इदमपि ..... पीत्यदोषः ।। આ પણ પ્રાતિભજ્ઞાન શ્રુતજ્ઞાન જ છે. અન્યથા અર્થાત્ પ્રાતિભજ્ઞાનને શ્રુતજ્ઞાન ન માનો અને શ્રુતજ્ઞાનથી જુદું માનો તો, પ્રાતિભ નામના છઠ્ઠા જ્ઞાનને માનવાનો પ્રસંગ આવશે; અને આ=પ્રાતિભજ્ઞાન, કેવલજ્ઞાન નથી; કેમ કે આનું=પ્રાતિભજ્ઞાનનું સામર્થ્યયોગકાર્યપણું છે; અને આ રીતે=છ જ્ઞાન નથી પરંતુ પાંચ જ જ્ઞાન છે, અને પ્રાતિભજ્ઞાન કેવલજ્ઞાનમાં અંતર્ભાવ પામતું નથી એથી પ્રાતિભજ્ઞાન શ્રુતજ્ઞાન જ છે એમ પૂર્વમાં સ્થાપન કર્યું એ રીતે, મોક્ષ નામના પદની સંપ્રાપ્તિના હેતુભેદો પરમાર્થથી શાસ્ત્રથી જ જણાય છે.**

**'इति' શબ્દ 'आह' થી પૂર્વપક્ષીએ કરેલી યુક્તિની સમાપ્તિ માટે છે.**

**અહીં=મોક્ષના ઉપાયો શાસ્ત્રથી જણાય છે એ પ્રકારની પૂર્વપક્ષીની યુક્તિમાં, કહેવાય છે - રાત્રિ અને દિવસની વચમાં રહેલા અરુણોદયની જેમ આ=પ્રાતિભ, શ્રુત નથી, કેવલ નથી અને જ્ઞાનાન્તર**

**નથી=શ્રુત અને કેવલની વચમાં હોવાથી જ્ઞાનાન્તર નથી; જે કારણથી અરુણોદય રાત્રિ અને દિવસથી અતિરિક્ત નથી અને તે બેમાંથી એક પણ કહી શકાતો નથી, એ રીતે આ પ્રાતિભ પણ તે બેથી=શ્રુત અને કેવલ એ બેથી, અતિરિક્ત નથી અને તે બેમાંથી એક પણ કહેવું શક્ય નથી.**

જો પ્રાતિભ શ્રુત અને કેવલથી અતિરિક્ત ન હોય તો તે બેમાંથી કોઈ એક પણ કેમ કહી શકાતું નથી ? તેમાં યુક્તિ આપે છે –

**તે કાલમાં જ=સામર્થ્યયોગની પ્રાપ્તિના કાલમાં જ, તે પ્રકારના ઉત્કૃષ્ટ ક્ષયોપશમવાળાને થતું હોવાથી પ્રાતિભજ્ઞાનનું શ્રુતપણારૂપે તત્ત્વથી અસંવ્યવહાર્યપણું હોવાથી શ્રુત નથી, અને ક્ષાયોપશમિકપણું હોવાથી અને અશેષ દ્રવ્ય-પર્યાયનું અવિષયપણું હોવાથી કેવલ નથી.**

**'इति' શબ્દ પ્રાતિભજ્ઞાન એ શ્રુતજ્ઞાન નથી કે કેવલ પણ નથી, તે યુક્તિની સમાપ્તિ માટે છે.**

**આ પ્રાતિભજ્ઞાન શ્રુત નથી, તેમ સ્વીકારવામાં બીજી યુક્તિ આપે છે –**

**અને આ=પ્રાતિભજ્ઞાન, તારકનિરીક્ષણાદિજ્ઞાન શબ્દથી વાચ્ય બીજાઓ વડે પણ ઈષ્ટ છે, એથી પણ અદોષ છે=શ્રુત નથી, તેમ માનવામાં અદોષ છે. ॥૮॥**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત શ્લોકમાં ગ્રંથકારે સ્થાપન કર્યું કે શાસ્ત્રનો યથાર્થ બોધ થવા માત્રથી મોક્ષપદની પ્રાપ્તિ થતી નથી, માટે સર્વજ્ઞત્વાદિની પ્રાપ્તિનું કારણ પ્રાતિભજ્ઞાનથી યુક્ત સામર્થ્યયોગ છે. આનાથી એ પ્રાપ્ત થયું કે શ્રુતજ્ઞાનથી સામર્થ્યયોગ આવતો નથી અને તેથી જીવ સર્વજ્ઞ બની શકતો નથી; પરંતુ જ્યારે પ્રાતિભજ્ઞાન પ્રગટે છે, ત્યારે તેનાથી સામર્થ્યયોગ આવે છે અને તેનાથી જીવ સર્વજ્ઞ બની શકે છે. ત્યાં પૂર્વપક્ષી 'आह' થી કહે છે –

શાસ્ત્રમાં પાંચ જ્ઞાન મનાયાં છે, તેથી આ પ્રાતિભજ્ઞાનને પણ શ્રુતજ્ઞાન માનવું પડશે, અને પ્રાતિભજ્ઞાનને શ્રુતજ્ઞાન ન માનો તો છ જ્ઞાન માનવાની આપત્તિ આવશે; અને કદાચ કોઈ કહે કે આ પ્રાતિભજ્ઞાન કેવલજ્ઞાનમાં અંતર્ભાવ પામે છે, માટે છ જ્ઞાન માનવાનો પ્રસંગ આવશે નહિ. તેનું નિરાકરણ કરતાં પૂર્વપક્ષી કહે છે કે આ પ્રાતિભજ્ઞાન કેવળજ્ઞાન નથી; કેમ કે પ્રાતિભજ્ઞાનનું કાર્ય સામર્થ્યયોગ છે. તેથી પ્રાતિભજ્ઞાન કેવલજ્ઞાન નથી, પરંતુ શ્રુતજ્ઞાન છે.

પૂર્વપક્ષીનો આશય એ છે કે કેવલજ્ઞાન સામર્થ્યયોગથી પ્રગટે છે અને સામર્થ્યયોગ પ્રાતિભજ્ઞાનનું કાર્ય છે, તેથી પ્રાતિભજ્ઞાનને કેવલજ્ઞાન કહી શકાય નહિ, તેથી પ્રાતિભજ્ઞાનને શ્રુતજ્ઞાન માનવું પડશે. આમ જો પૂર્વપક્ષીના કથન પ્રમાણે પ્રાતિભજ્ઞાનને શ્રુતજ્ઞાનરૂપે સ્વીકારીએ તો એ પ્રાપ્ત થાય કે શાસ્ત્રથી મોક્ષપ્રાપ્તિના સર્વ હેતુભેદોનો બોધ થાય છે; કેમ કે પ્રાતિભજ્ઞાન વખતે સામર્થ્યયોગવિષયક યત્ન કેમ કરવો તેનો બોધ થાય છે અને પ્રાતિભજ્ઞાન તે શ્રુતજ્ઞાનરૂપ છે, માટે શાસ્ત્રથી મોક્ષપ્રાપ્તિના સર્વ ઉપાયોનો બોધ થઈ જાય છે તેમ માનવું પડે. તેના નિરાકરણરૂપે ગ્રંથકાર કહે છે –

આ પ્રાતિભજ્ઞાન શ્રુતજ્ઞાન પણ નથી, કેવલજ્ઞાન પણ નથી અને જ્ઞાનાન્તર પણ નથી; પરંતુ રાત્રિ અને દિવસની વચમાં જેમ અરુણોદય છે, તેમ શ્રુત અને કેવલની વચમાં પ્રાતિભજ્ઞાન છે. આશય એ છે કે સૂર્યોદયના પૂર્વભાગ સુધી રાત્રિ કહીએ અને સૂર્યોદય પછી દિવસ કહીએ તો રાત્રિ અને દિવસ એમ બે વિભાગ થાય તોપણ સૂર્યોદયની પૂર્વમાં અરુણોદય થાય છે; તેને રાત્રિથી અને દિવસથી કથંચિત્ પૃથક્ ગ્રહણ કરવામાં આવે તો રાત્રિ, દિવસ અને અરુણોદય તેમ કહી શકાય. તેમ શ્રુત અને કેવલ એ બે જ્ઞાન ગ્રહણ કરીને કેવલજ્ઞાનની પ્રાપ્તિની પૂર્વમાં થતા પ્રાતિભને શ્રુત કરતાં પૃથક્ ગ્રહણ કરીને પ્રાતિભજ્ઞાનની વિવક્ષા કરીએ તો પ્રાતિભજ્ઞાનને શ્રુત કે કેવલમાં અંતર્ભાવ કરવાની જરૂર રહે નહિ અને છઠ્ઠું જ્ઞાન માનવાનો પ્રસંગ આવે નહિ; કેમ કે ભગવાન શબ્દોથી વાચ્ય સર્વ ભાવો પ્રકૃષ્ટ મતિવાળા ગણધરોને કહે છે, ત્યારે ગણધરોને પ્રકૃષ્ટ શ્રુતજ્ઞાન થાય છે, તે વખતે પણ પ્રાતિભજ્ઞાનમાં દેખાતા પદાર્થો ગણધરોને દેખાતા નથી; પણ જીવ ક્ષપકશ્રેણી પામે છે તે કાળમાં મતિજ્ઞાનનો તેવો ઉત્કૃષ્ટ ક્ષયોપશમ થાય છે કે જેને કારણે સામર્થ્યયોગમાં યત્ન કરવાની દિશા મળે છે. તેથી તે જ્ઞાનનો શ્રુત તરીકેનો વ્યવહાર કરાતો નથી.

વળી આ પ્રાતિભજ્ઞાન પણ ક્ષાયોપશમિક હોવાથી તથા સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાયને વિષય કરનાર નહિ હોવાથી કેવલજ્ઞાન પણ નથી; કેમ કે કેવલજ્ઞાન ક્ષાયિકભાવમાં હોય છે તથા સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાયને વિષય કરનારું છે.

આનાથી એ ફલિત થાય કે જેમ રાત્રિનો જ ભાગ અરુણોદય વખતે રાત્રિ કરતાં જુદો હોય છે અને દિવસની નજીકની અવસ્થાવાળો હોય છે, અને અરુણોદય પૂર્વની રાત્રિ ગાઢ અંધકારવાળી હોય છે, તેમ મતિવિશેષરૂપ શ્રુતજ્ઞાન ઉત્કૃષ્ટ ચૌદપૂર્વકાળમાં પણ રાત્રિ જેવું હોય છે, પરંતુ અરુણોદય જેવું હોતું નથી, તેથી તે શ્રુત યોગમાર્ગની આગળની દિશા બતાવી શકતું નથી. આમ છતાં તે શ્રુતના બળથી યોગમાર્ગમાં યત્ન કરતાં કરતાં જ્યારે જીવને તે પ્રકારનો ઉત્કૃષ્ટ મતિવિશેષનો ક્ષયોપશમ થાય છે, જે કેવલજ્ઞાનની નજીકની ભૂમિકાવાળો શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ છે, તે અરુણોદય જેવી રાત્રિની અવસ્થા જેવો છે. આમ છતાં જેમ અરુણોદય વખતે રાત્રિનો વ્યવહાર થતો નથી, તેમ આ શ્રુતજ્ઞાનને શ્રુતજ્ઞાન કહેવાતું નથી, પરંતુ પ્રાતિભજ્ઞાન કહેવાય છે. તેથી શ્રુત તરીકે તેનો વ્યવહાર થતો નથી.

વળી જેમ અરુણોદય સૂર્યોદયની પૂર્વની અવસ્થા હોવાથી રાત્રિરૂપ છે તોપણ પરમાર્થથી રાત્રિ કહેવાતી નથી, તેમ પ્રાતિભજ્ઞાન પણ કેવલજ્ઞાનની પૂર્વમાં પ્રગટ થાય છે અને સામર્થ્યયોગનું કારણ બને છે, તોપણ શ્રુત તરીકે તેનો વ્યવહાર થતો નથી. માટે પાંચ જ્ઞાનથી અતિરિક્ત છઠ્ઠું જ્ઞાન માનવાની આપત્તિ નથી અને પ્રાતિભજ્ઞાન શ્રુતજ્ઞાન નથી તેમ કહેવામાં પણ દોષ નથી. માટે શ્રુતજ્ઞાનરૂપ શાસ્ત્રથી મોક્ષના સર્વ ઉપાયોની પ્રાપ્તિ નથી, એમ સ્વીકારવામાં કોઈ દોષ નથી.

આ રીતે શાસ્ત્રમાં પાંચ જ્ઞાન પ્રસિદ્ધ હોવા છતાં ગ્રંથકારે પ્રાતિભજ્ઞાનને શ્રુતરૂપે નહિ સ્વીકારવામાં દોષ નથી, તેમ સ્થાપન કર્યું. તેની પુષ્ટિ કરવા માટે કહે છે કે અન્ય દર્શનકારોને પણ આ પ્રાતિભજ્ઞાન 'તારકનિરીક્ષણાદિ જ્ઞાન' શબ્દ વડે અભિમત છે.

આશય એ છે કે જીવને મોહના નાશ દ્વારા સંસારથી તારનાર સામર્થ્યયોગ છે અને તે તારક એવા સામર્થ્યયોગને પ્રાપ્ત કરાવનાર પ્રાતિભજ્ઞાન છે; તેથી પ્રાતિભજ્ઞાન પણ તારક છે, એમ અન્ય દર્શનકારો કહે છે. માટે પણ પ્રાતિભજ્ઞાન શ્રુતજ્ઞાન નથી તેમ સ્વીકારવામાં દોષ નથી. **॥૮॥**

**અવતરણિકા :-**

**सामर्थ्ययोगभेदाभिधानायाह -**

**અવતરણિકાર્થ :-**

**સામર્થ્યયોગના ભેદને કહેવા માટે કહે છે –**

**શ્લોક :-**

**द्विधायं धर्मसंन्यास-योगसंन्याससंज्ञितः ।**
**क्षायोपशमिका धर्मा योगाः कायादिकर्म तु ।।९।।**

**અન્વયાર્થ :-**

**अयं=આ=સામર્થ્યયોગ धर्मसंन्यास-योगसंन्याससंज्ञितः=ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ સંજ્ઞાવાળો= ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ નામવાળો द्विधा=બે પ્રકારનો છે. धर्मा=ધર્મો क्षायोपशमिका=ક્ષાયોપશમિક છે, तु=વળી योगाः=યોગો कायादिकर्म=કાયાદિકર્મ છે. ।।૯।।**

**શ્લોકાર્થ :-**

**સામર્થ્યયોગ ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ નામવાળો બે પ્રકારનો છે. ધર્મો ક્ષાયોપશમિક છે, વળી યોગો કાયાદિકર્મ છે. ।।૯।।**

**ટીકા :-**

**'द्विधा'=द्विप्रकारः, 'अयं'=सामर्थ्ययोगः, कथमित्याह 'धर्मसंन्यासयोगसंन्याससंज्ञितः' इति, धर्मसंन्याससंज्ञा संजाताऽस्येति धर्मसंन्याससंज्ञितः, 'तारकादिभ्य इतच्' । एवं योगसंन्याससंज्ञा संजाताऽस्येति योगसंन्याससंज्ञितः, संज्ञा चेह "तया संज्ञायत" इति कृत्वा, सा तत्स्वरूपमेव गृह्यते । क एते धर्माः के वा योगा? इत्याह 'क्षायोपशमिका धर्माः'=क्षयोपशमनिवृत्ताः क्षान्त्यादयः, 'योगाः कायादिकर्म तु'=योगाः पुनः कायादिव्यापाराः कायोत्सर्गकरणादयः, एवमेष द्विधा सामर्थ्ययोग इति ।।९।।**

**ટીકાર્થ :-**

'द्विधा' - द्विप्रकारः ..... सामर्थ्ययोग इति ।। આ=સામર્થ્યયોગ, દ્વિધા=બે પ્રકારનો છે. કેવી રીતે બે પ્રકારનો છે ? એથી કહે છે - ધર્મસંન્યાસ અને યોગસંન્યાસસંજ્ઞાવાળો છે.

**'इति' શબ્દ સામર્થ્યયોગના ભેદની સમાપ્તિ માટે છે.**

**'धर्मसंन्यासयोगसंन्याससंज्ञितः' શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે - ધર્મસંન્યાસ સંજ્ઞા થઈ છે આની, એ ધર્મસંન્યાસસંજ્ઞાવાળો સામર્થ્યયોગ છે. અહીં 'तारकादिभ्य इतच्' એ સૂત્રથી સંજ્ઞા શબ્દને 'इतच्' પ્રત્યય ષષ્ઠી અર્થમાં લાગ્યો છે. એ રીતે યોગસંન્યાસ સંજ્ઞા થઈ છે આની, એ યોગસંન્યાસસંજ્ઞિત= યોગસંન્યાસસંજ્ઞાવાળો, બીજો સામર્થ્યયોગ છે.**

**અને અહીં=ધર્મસંન્યાસસંજ્ઞા અને યોગસંન્યાસસંજ્ઞા એ પ્રકારના શબ્દમાં, તેણી વડે જણાય છે, એથી કરીને સંજ્ઞા છે. सा=સંજ્ઞા, તત્સ્વરૂપ જ=ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ સ્વરૂપ જ, ગ્રહણ કરાય છે.**

શ્લોકના પૂર્વાર્ધમાં બે પ્રકારનો સામર્થ્યયોગ બતાવ્યો, જેમાંથી પ્રથમમાં ધર્મનો સંન્યાસ થાય છે અને બીજામાં યોગનો સંન્યાસ થાય છે. તેથી જિજ્ઞાસા થાય કે આ ધર્મો કયા છે ? અને યોગ કયા છે ? એથી શ્લોકના ઉત્તરાર્ધમાં કહે છે –

**ક્ષયોપશમથી નિવૃત્ત=નિષ્પન્ન થયેલા, ક્ષાંતિ આદિ ક્ષાયોપશમિક ધર્મો છે, વળી કાયાદિકર્મો યોગો છે=કાયોત્સર્ગકરણાદિરૂપ કાયાદિવ્યાપાર યોગો છે. આ રીતે=પૂર્વમાં બતાવ્યું કે ધર્મસંન્યાસ- યોગસંન્યાસ સંજ્ઞિત સામર્થ્યયોગ છે એ રીતે, આ સામર્થ્યયોગ બે પ્રકારનો છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૯॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૫માં સામર્થ્યયોગનું લક્ષણ બતાવ્યું. ત્યાર પછી શાસ્ત્રયોગ કરતાં સામર્થ્યયોગ જુદો છે, તેની યુક્તિ બતાવી. હવે તે સામર્થ્યયોગ બે પ્રકારનો છે, તે પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે. તેમાં પ્રથમ સામર્થ્યયોગમાં ધર્મનો સંન્યાસ થાય છે અર્થાત્ ક્ષયોપશમવાળા ક્ષાંતિ આદિ ધર્મોનો ત્યાગ થાય છે, તેથી ધર્મસંન્યાસસંજ્ઞાવાળો પ્રથમ સામર્થ્યયોગ છે; અને બીજો સામર્થ્યયોગ મન, વચન અને કાયાના વ્યાપારોના ત્યાગસ્વરૂપ છે, તેથી તેને યોગસંન્યાસસંજ્ઞાવાળો કહેલ છે. અહીં ધર્મસંન્યાસસંજ્ઞાવાળો એમ કહેવાનું કારણ એ છે કે જે નામ વડે તે ઓળખાય તે સંજ્ઞા કહેવાય, એ વ્યુત્પત્તિથી સંજ્ઞાવાળો કહેલ છે. વળી ધર્મસંન્યાસ સંજ્ઞામાં ધર્મસંન્યાસ એ તેનું સ્વરૂપ છે, અને યોગસંન્યાસ સંજ્ઞામાં યોગસંન્યાસ તેનું સ્વરૂપ છે. તેથી એ પ્રાપ્ત થાય કે ધર્મસંન્યાસ સ્વરૂપવાળો એવો જે સામર્થ્યયોગ એ ધર્મસંન્યાસ એ નામથી ઓળખાય છે, અને યોગસંન્યાસ સ્વરૂપવાળો સામર્થ્યયોગ યોગસંન્યાસ નામથી ઓળખાય છે.

ધર્મસંન્યાસમાં ક્ષમાદિ ભાવોનો ત્યાગ કરવાની પ્રક્રિયા આ પ્રમાણે છે - સાધના પૂર્વે જીવમાં જે ક્રોધમોહનીય આદિ ચાર કષાયો વર્તે છે, તેને જીવ સાધના દ્વારા ક્ષયોપશમભાવરૂપે પરિણમન પમાડે છે ત્યારે ક્ષયોપશમભાવના ક્ષમા, માર્દવતા, આર્જવતા અને નિરીહતારૂપ ધર્મો સંયમકાળમાં પ્રગટે છે. હવે ધર્મસંન્યાસ નામના સામર્થ્યયોગમાં, ક્ષયોપશમભાવના આ ધર્મોનો ત્યાગ કરીને મોહનીયકર્મના ક્ષયથી થતું શુદ્ધ આત્માનું સ્વરૂપ પ્રગટ કરવા માટે જીવ સામર્થ્ય ફોરવે છે. આ પ્રકારનું સામર્થ્ય ફોરવીને ક્ષયોપશમભાવના ક્ષમા આદિ ભાવોનો ત્યાગ કરીને મોહના તરંગથી રહિત નિસ્તરંગ મહોદધિ જેવા આત્માના ભાવોને પ્રગટ કરે છે.

અહીં વિશેષ એ છે કે સંયમ ગ્રહણ કર્યા પૂર્વે સાધુ ક્રોધ-માન-માયા-લોભની પરિણતિવાળા હોય છે. તેથી જેમ નિમિત્ત પામીને સંયમ ગ્રહણ કર્યા પૂર્વે કષાયોના વિકલ્પો કરતા હતા, તેમ હવે સંયમ ગ્રહણ કર્યા પછી, ભગવાનનાં વચનોને અવલંબીને ક્ષમાદિના વિકલ્પો કરે છે. તેથી એ પ્રાપ્ત થાય કે પૂર્વમાં તેમનો મતિજ્ઞાનનો ઉપયોગ તે તે નિમિત્તોને પામીને ક્રોધાદિ વિકલ્પોરૂપે પ્રવર્તતો હતો, તે મતિજ્ઞાનનો ઉપયોગ હવે શાસ્ત્રવચનોને અવલંબીને ક્ષમાદિ વિકલ્પોવાળો બને છે. તેથી મુનિભાવમાં પ્રાયઃ કરીને વિકલ્પરૂપ ક્ષમાદિભાવો ક્ષયોપશમ અવસ્થામાં હોય છે, અને પાછળથી નિર્વિકલ્પદશા પ્રાપ્ત થાય ત્યારે વિકલ્પ વગરના ક્ષમાદિભાવો હોય છે. ત્યાર પછી ક્ષાયિકભાવના ક્ષમાદિભાવોને પ્રગટ કરવા માટે ધર્મસંન્યાસરૂપ સામર્થ્યયોગ પ્રવર્તે છે, ત્યારે અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનકમાં ક્ષયોપશમભાવે વર્તતા ક્ષમા આદિ ભાવોનો ત્યાગ કરવાનો પ્રારંભ થાય છે, અને બારમા ગુણસ્થાનકે સંપૂર્ણ તરંગ વગરનો આત્મા બને છે ત્યારે સંપૂર્ણ ક્ષયોપશમભાવના ક્ષમાદિનો ત્યાગ થાય છે. આ પ્રકારના ધર્મસંન્યાસનું કારણ પ્રથમ સામર્થ્યયોગ છે.

મન-વચન-કાયાના જે કાયોત્સર્ગકરણાદિરૂપ વ્યાપારો છે, તે સર્વ વ્યાપારનો ત્યાગ યોગસંન્યાસ નામના બીજા સામર્થ્યયોગથી થાય છે. ॥૯॥

**અવતરણિકા :-**

**यो यदा भवति तं तदाभिधातुमाह –**

**અવતરણિકાર્થ :-**

**પૂર્વમાં વર્ણન કરાયેલા બે પ્રકારના સામર્થ્યયોગમાંથી જે સામર્થ્યયોગ જ્યારે થાય છે 'तदा'= ત્યારે અર્થાત્ તે કાળમાં તેને બતાવવા માટે કહે છે –**

**શ્લોક :-**

**द्वितीयापूर्वकरणे, प्रथमस्तात्त्विको भवेत्**
**आयोज्यकरणादूर्ध्वं, द्वितीय इति तद्विदः ।।१०।।**

**અન્વયાર્થ :-**

**द्वितीयापूर्वकरणे=બીજા અપૂર્વકરણમાં प्रथमः=પ્રથમ=પ્રથમ સામર્થ્યયોગ तात्त्विकः=તાત્ત્વિક भवेत्= થાય છે, आयोज्यकरणादूर्ध्वं=આયોજ્યકરણથી ઊર્ધ્વ द्वितीय=બીજો=બીજો સામર્થ્યયોગ થાય છે, इति=એ પ્રમાણે तद्विदः=તેના જાણનારાઓ કહે છે. ।।૧૦।।**

**શ્લોકાર્થ :-**

**બીજા અપૂર્વકરણમાં પ્રથમ સામર્થ્યયોગ તાત્ત્વિક થાય છે, આયોજ્યકરણથી ઊર્ધ્વ બીજો સામર્થ્યયોગ થાય છે, એ પ્રમાણે તેના જાણનારાઓ કહે છે. ।।૧૦।।**

**ટીકા :-**

**'द्वितीयापूर्वकरण' इति, ग्रन्थिभेदनिबन्धनप्रथमापूर्वकरणव्यवच्छेदार्थं द्वितीयग्रहणं, प्रथमेऽधिकृतसामर्थ्ययोगाऽसिद्धेः , अपूर्वकरणं त्वपूर्वपरिणामः शुभोऽनादावपि भवे तेषु-तेषु धर्मस्थानेषु वर्तमानस्य तथाऽसंजातपूर्वो ग्रन्थिभेदादिफल उच्यते, तत्र प्रथमेऽस्मिन् ग्रन्थिभेदः फलं, अयं च सम्यग्दर्शनफलः, सम्यग्दर्शनं च प्रशमादिलिङ्ग आत्मपरिणामः, यथोक्तं -** "प्रशमसंवेगनिर्वेदानुकम्पास्तिक्याभिव्यक्तिलक्षणं तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं" **(त.भाष्य-१-२) इति, यथाप्राधान्यमयमुपन्यासः लाभश्च पश्चानुपूर्व्येति समयविदः । द्वितीये त्वस्मिंस्तथाविधकर्मस्थितेस्तथाविधसंख्येयसागरोपमातिक्रमभाविनि 'प्रथमस्तात्त्विको भवेत्' इति, प्रथमो - पारमार्थिको भवेत्, क्षपकश्रेणियोगिनः क्षायोपशमिकक्षान्त्यादिधर्मनिवृत्तेः, अतोऽयमित्थमुपन्यास इति । अतात्त्विकस्तु प्रव्रज्याकालेऽपि भवति, प्रवृत्तिलक्षणधर्मसंन्यासायाः प्रव्रज्यायाः ज्ञानयोगप्रतिपत्तिरूपत्वात् ।**

**ટીકાર્થ :-**

**'द्वितीयापूर्वकरण' ..... ज्ञानयोगप्रतिपत्तिरूपत्वात् । 'द्वितीयापूर्वकरण' इति, ..... प्रथमेऽधिकृतसामर्थ्ययोगाऽसिद्धेः । 'द्वितीयापूर्वकरणे' - આ શબ્દ મૂળ શ્લોકનો ગ્રહણ કરીને તેનો અર્થ કરતાં અપૂર્વકરણનું વિશેષણ દ્વિતીય કેમ ગ્રહણ કર્યું છે, તે પ્રથમ બતાવે છે. ગ્રંથિભેદનું કારણ એવા પ્રથમ અપૂર્વકરણના વ્યવચ્છેદ માટે દ્વિતીયનું ગ્રહણ કર્યું છે; કેમ કે પ્રથમમાં=પ્રથમ અપૂર્વકરણમાં, અધિકૃત સામર્થ્યયોગની અસિદ્ધિ છે=સામર્થ્યપ્રધાન એવા સામર્થ્યયોગરૂપ અધિકૃત સામર્થ્યયોગની અસિદ્ધિ છે.**

**ઉત્થાન :-**

દ્વિતીય અપૂર્વકરણ શબ્દમાં વિશેષણરૂપ બતાવેલ દ્વિતીય શબ્દનું પ્રયોજન બતાવ્યા પછી અપૂર્વકરણ શું છે, તે બતાવે છે –

**ટીકાર્થ :-**

**अपूर्वकरणं ..... समयविदः । વળી અનાદિ પણ ભવમાં તે તે ધર્મસ્થાનોમાં વર્તતા એવા જીવને, તે પ્રકારે પૂર્વમાં નહિ થયેલો અને ગ્રંથિભેદાદિ ફળવાળો શુભ એવો અપૂર્વ પરિણામ, અપૂર્વકરણ કહેવાય છે. ત્યાં=પ્રથમ આમાં=પ્રથમ અપૂર્વકરણમાં, ગ્રંથિભેદ ફળ છે, અને આ=ગ્રંથિભેદ, સમ્યગ્દર્શન-ફળવાળો છે અને સમ્યગ્દર્શન પ્રશમાદિલિંગવાળો આત્માનો પરિણામ છે.**

સમ્યગ્દર્શન પ્રશમાદિલિંગવાળો આત્માનો પરિણામ છે, તેમાં 'यथोक्तं' થી સાક્ષી આપે છે –

પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યની અભિવ્યક્તિ સ્વરૂપ તત્ત્વાર્થનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે.

**'इति' શબ્દ તત્ત્વાર્થભાષ્યના ઉદ્ધરણની સમાપ્તિ માટે છે, અને તત્ત્વાર્થભાષ્યમાં પ્રશમ, સંવેગાદિ જે ક્રમ બતાવ્યો છે, તેનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –**

**પ્રાધાન્ય પ્રમાણે આ=પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યરૂપ આ, ઉપન્યાસ છે, અને પશ્ચાનુપૂર્વીથી પ્રાપ્તિ છે, એ પ્રમાણે સમયના જાણનારાઓ કહે છે.**

**ઉત્થાન :-**

આ રીતે અપૂર્વકરણનું સ્વરૂપ બતાવીને પ્રથમ અપૂર્વકરણ કેવું છે તે બતાવ્યું. હવે પ્રથમ અપૂર્વકરણના વ્યવચ્છેદ માટે અપૂર્વકરણ શબ્દના વિશેષણરૂપે 'દ્વિતીય' શબ્દ વિશેષણ આપ્યું, તે દ્વિતીય અપૂર્વકરણ કેવું છે, તે બતાવીને તેમાં અધિકૃત સામર્થ્યયોગ તાત્ત્વિક થાય છે તે બતાવવા માટે કહે છે –

**ટીકાર્થ :-**

**द्वितीये ..... ज्ञानयोगप्रतिपत्तिरूपत्वात् । વળી તે પ્રકારની કર્મની સ્થિતિના તેવા પ્રકારના સંખ્યેય સાગરોપમ અતિક્રમભાવી બીજા એવા આમાં=બીજા એવા અપૂર્વકરણમાં, પ્રથમ=ધર્મસંન્યાસરૂપ પ્રથમ સામર્થ્યયોગ, તાત્ત્વિક થાય છે=પ્રથમ પારમાર્થિક થાય છે; કેમ કે ક્ષપકશ્રેણીવાળા યોગીને ક્ષાયોપશમિક એવા ક્ષાંત્યાદિ ધર્મોની નિવૃત્તિ છે. આથી આ રીતે આ ઉપન્યાસ છે=દ્વિતીય અપૂર્વકરણમાં પ્રથમ સામર્થ્યયોગ તાત્ત્વિક થાય છે, એ રીતે આ ઉપન્યાસ છે.**

**વળી અતાત્ત્વિક=અતાત્ત્વિક સામર્થ્યયોગ, પ્રવ્રજ્યાકાળમાં પણ થાય છે; કેમ કે પ્રવૃત્તિલક્ષણ-ધર્મસંન્યાસરૂપ પ્રવ્રજ્યાનું જ્ઞાનયોગપ્રતિપત્તિરૂપપણું છે.**

**ભાવાર્થ :-**

પૂર્વના શ્લોકમાં બે પ્રકારનો સામર્થ્યયોગ બતાવ્યો. તેમાં પ્રથમ પ્રકારનો સામર્થ્યયોગ દ્વિતીય અપૂર્વકરણમાં તાત્ત્વિક થાય છે, એમ બતાવ્યું. તેનાથી અર્થથી એ પ્રાપ્ત થયું કે અતાત્ત્વિક સામર્થ્યયોગ પ્રવ્રજ્યાકાળમાં થાય છે અને તાત્ત્વિક સામર્થ્યયોગ બીજા અપૂર્વકરણમાં થાય છે. બીજું અપૂર્વકરણ એમ કહેવાથી પ્રથમ અપૂર્વકરણમાં અધિકૃત સામર્થ્યયોગ થતો નથી એ અર્થ પ્રાપ્ત થાય. તેથી એ પ્રાપ્ત થાય કે અધિકૃત સામર્થ્યયોગ સિવાયનો સામર્થ્યયોગ ગ્રંથિભેદકાળમાં પણ થાય છે. આથી જીવ સમ્યક્ત્વ પામે છે તે વખતે ત્રણ કરણો કરે છે, તેમાં અપૂર્વકરણથી ગ્રંથીનો ભેદ કરે છે, અને તે ગ્રંથિભેદની ક્રિયા જીવ સામર્થ્યયોગથી કરે છે, તોપણ તે સામર્થ્યયોગ ઇચ્છાયોગ કે શાસ્ત્રયોગ સહવર્તી ગૌણરૂપે વર્તે છે. તે સામર્થ્યયોગ અહીં ગ્રહણ કરવો નથી; પરંતુ અધિકૃત સામર્થ્યયોગથી "જેમાં સામર્થ્યની પ્રધાનતા છે અને ઇચ્છા અને શાસ્ત્રની ગૌણતા છે" તે સામર્થ્યયોગ અહીં ગ્રહણ કરવો છે. આ સામર્થ્યયોગ બીજા અપૂર્વકરણ પૂર્વે આવતો નથી, અને ક્ષપકશ્રેણીવાળા બીજા અપૂર્વકરણમાં આ અધિકૃત સામર્થ્યયોગ પ્રગટ થાય છે ત્યારે, ક્ષયોપશમભાવના ધર્મોના ત્યાગનો પ્રારંભ થાય છે, અને બીજા અપૂર્વકરણ પછી અનિવૃત્તિકરણના અંતે ૧૨મા ગુણસ્થાનકમાં ક્ષાયિકભાવના ગુણો પ્રગટે છે. તેથી આત્માના તાત્ત્વિક સ્વરૂપને પ્રગટ કરાવનારો આ સામર્થ્યયોગ છે, માટે તેને તાત્ત્વિક સામર્થ્યયોગ કહેલ છે.

આશય એ છે કે આત્માનું સ્વરૂપ મોહના વિકલ્પથી સંપૂર્ણ રહિત નિસ્તરંગ મહોદધિ જેવું છે, અને તે સ્વરૂપને પ્રગટ કરવામાં કારણ બને તેવો આ સામર્થ્યયોગ છે. તેથી આ સામર્થ્યયોગને તાત્ત્વિક સામર્થ્યયોગ કહેલ છે.

વળી પ્રવ્રજ્યાગ્રહણકાળમાં અતાત્ત્વિક સામર્થ્યયોગ થાય છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે - સાધક પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે ત્યારે, પ્રવ્રજ્યાગ્રહણની ક્રિયામાં ઉપયોગપૂર્વક યત્ન કરે તો તેનો ઉપયોગ અર્થ અને આલંબનના ઉપયોગથી સામાયિકના પરિણામરૂપ જ્ઞાનયોગને પ્રગટ કરે છે, જે પ્રતિજ્ઞાને અનુરૂપ સર્વ સાવદ્યના ત્યાગપૂર્વક નિરવદ્ય એવા આત્માના પરિણામરૂપ સમભાવમાં યત્નસ્વરૂપ છે. આ પ્રકારનો યત્ન જીવ પ્રવ્રજ્યાકાળમાં કરે છે, તોપણ તે પ્રવ્રજ્યા શાસ્ત્રાનુસારી ક્રિયામાં પ્રવૃત્તિસ્વરૂપ છે, અને તેનાથી વિપરીત એવી સાવદ્ય પ્રવૃત્તિના સંન્યાસરૂપ છે. તેથી આ પ્રકારનો પ્રવ્રજ્યાનો પરિણામ જીવને સામર્થ્યયોગથી પ્રગટે છે, તોપણ તે અવસ્થામાં સંયમને અનુકૂળ વિકલ્પો વર્તતા હોય છે, પરંતુ સર્વ વિકલ્પોના તરંગથી રહિત આત્મભાવને અનુકૂળ એવો યત્ન પ્રવ્રજ્યાકાળમાં નથી. તેથી પ્રવ્રજ્યાકાળનો સામર્થ્યયોગ અતાત્ત્વિક છે અર્થાત્ પરંપરાએ શુદ્ધ આત્માના ભાવમાં જવાના યત્નસ્વરૂપ હોવા છતાં સાક્ષાત્ શુદ્ધ આત્માના ભાવમાં જવાના યત્નસ્વરૂપ નહિ હોવાથી અતાત્ત્વિક છે.

વળી બીજું અપૂર્વકરણ ઉપશમશ્રેણીમાં પણ થાય છે, પરંતુ તેનું અહીં ગ્રહણ નથી; કેમ કે ઉપશમશ્રેણીમાં ક્ષાયોપશમિક ક્ષમાદિ ભાવોનો ઉપશમ થાય છે, પરંતુ ક્ષાયોપશમિક એવા ક્ષમાદિભાવોનો ત્યાગ થતો નથી. તેથી ટીકામાં સ્પષ્ટ કર્યું કે ક્ષપકશ્રેણીવાળા યોગીને વર્તતા બીજા અપૂર્વકરણમાં પ્રથમ સામર્થ્યયોગ તાત્ત્વિક થાય છે. વળી આ બીજું અપૂર્વકરણ, જીવ પ્રાયઃ કરીને સર્વવિરતિનું પાલન કરીને તે પ્રકારની કર્મસ્થિતિને પામે કે જ્યારે સંયમકાળમાં કર્મની સ્થિતિ છે તેના કરતાં જેટલા પ્રકારના ક્ષપકશ્રેણીના પ્રારંભ માટે અપેક્ષિત છે તેટલા પ્રકારના સંખ્યાત સાગરોપમ કર્મની સ્થિતિ ઘટે, ત્યારે બીજું અપૂર્વકરણ આવે છે.

આશય એ છે કે ભાવથી સંયમ પાળનારા સાધુને પણ સત્તામાં જે કર્મોની સ્થિતિ છે, તે કર્મોની સ્થિતિમાંથી ક્ષપકશ્રેણી માટે જેટલા પ્રમાણમાં સંખ્યાત સાગરોપમ કર્મોની સ્થિતિ ઘટાડવી આવશ્યક છે, તેટલા સંખ્યાત સાગરોપમની સ્થિતિ જીવ સંયમપાલનના બળથી ઘટાડે ત્યારે જીવમાં તે પ્રકારની વિશુદ્ધિ પ્રગટે છે કે જેથી ક્ષપકશ્રેણીકાળભાવિ એવું બીજું અપૂર્વકરણ પ્રગટ થાય છે; અને આ અપૂર્વકરણમાં અધિકૃત સામર્થ્યયોગ પ્રગટે છે, જે ક્ષયોપશમભાવના ધર્મોનો ત્યાગ કરાવીને સંપૂર્ણ મોહના કલ્લોલથી રહિત આત્માની અવસ્થાને પ્રગટ કરે છે. વળી સાધક પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે ત્યારે શાસ્ત્રવચનનું સ્મરણ કરીને પ્રવૃત્તિ કરવાનો દૃઢ સંકલ્પ કરે, અને તે સંકલ્પ પ્રમાણે પ્રવ્રજ્યાગ્રહણની ક્રિયા કરે, તો જ્ઞાનયોગની પ્રાપ્તિ થાય છે; અને પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી પણ શાસ્ત્રાનુસારી ક્રિયાઓ કરે તે વખતે, વ્રતના વિકલ્પો, શાસ્ત્રાનુસારી ક્રિયા કરવાના વિકલ્પો, ક્ષમાદિભાવોને પ્રગટ કરવાના વિકલ્પો, સંયમમાં અતિચાર ન લાગે તેવા વિકલ્પો અને સંયમમાં અતિચાર લાગ્યો હોય તેની શુદ્ધિના વિકલ્પો પ્રવર્તે છે. આ સર્વ યત્નથી જીવમાં જ્ઞાનયોગ પ્રગટે છે, જે અતાત્ત્વિક સામર્થ્યયોગનું કાર્ય છે; અને આ અતાત્ત્વિક સામર્થ્યયોગ શુદ્ધ આત્માને પ્રગટ કરવામાં પરંપરાએ પ્રબલ કારણ હોવા છતાં, જીવમાં કર્મોની સ્થિતિ તેટલી ઘટી નહિ હોવાથી સાક્ષાત્ ક્ષયોપશમભાવના ત્યાગ માટે યત્ન કરાવી શકતો નથી, પરંતુ વિકલ્પો દ્વારા સુદૃઢ યત્ન કરીને ક્ષયોપશમભાવની વૃદ્ધિનું કારણ બને છે. જ્યારે તેના બળથી તેટલા પ્રમાણમાં સંખ્યાત સાગરોપમની કર્મોની સ્થિતિ ઘટે છે, ત્યારે વિકલ્પોનો સર્વથા ત્યાગ કરીને વિકલ્પથી અતીત અવસ્થામાં જવા માટે પૂર્ણ

યત્ન થાય તેવા પ્રકારનો સામર્થ્યયોગ ક્ષપકશ્રેણીકાળમાં આવે છે. તેની પૂર્વનો સંયમમાં કરાતો યત્ન જ્ઞાનયોગની પ્રતિપત્તિરૂપ હોવાથી સામર્થ્યયોગરૂપ છે, તોપણ વિકલ્પોથી અતીત તાત્ત્વિક આત્મભાવમાં જવાના સાક્ષાત્ યત્નરૂપ નહીં હોવાથી અતાત્ત્વિક સામર્થ્યયોગ છે.

**પ્રવ્રજ્યાકાળમાં વર્તતા અતાત્ત્વિક સામર્થ્યયોગનું સ્વરૂપ :-**

(૧) સંયમ ગ્રહણ કરવાની ક્રિયા ચોક્કસ વિધિપૂર્વક કરવામાં આવે છે, અને તે વિધિ વખતે પ્રવ્રજ્યા ગ્રહણ કરનાર જીવ સંયમગ્રહણને અનુકૂળ ઉચિત મુદ્રામાં યત્ન કરે તો તેના બળથી સંયમને અનુકૂળ ભાવ થાય, જે સ્થાનયોગરૂપ છે; અને (૨) સંયમગ્રહણને અનુકૂળ ઉચિત મુદ્રામાં ઊભો રહીને જિનપ્રતિમાદિ સન્મુખ પ્રવ્રજ્યા ગ્રહણ કરતો હોય, અને જિનપ્રતિમાનું વીતરાગભાવરૂપે દૃઢ આલંબન લઈને ક્રિયાનાં બોલાતાં સૂત્રોમાં તે રીતે ઉપયુક્ત રહે તો તે સૂત્રમાં વર્તતો સાધકનો ઉપયોગ સંયમના ભાવને અનુકૂળ એવા ઊર્ણયોગરૂપ છે; અને (૩) સૂત્ર દ્વારા સૂત્રના તાત્પર્યાર્થને સ્પર્શે તેવી બુદ્ધિ અર્થના ઉપયોગકાળમાં થાય, તો તે સૂત્રથી અપેક્ષિત ભાવો આત્મામાં અવશ્ય પ્રગટે, જે અર્થયોગરૂપ છે; અને (૪) મુનિ જિનપ્રતિમાદિના આલંબનમાં પણ યત્ન કરે તો તેનું ચિત્ત વીતરાગને વીતરાગભાવે જોઈને વીતરાગના પારતંત્ર્યના પરિણામવાળું બને છે, તે ઉપયોગ આલંબનયોગ છે. તેથી પ્રવ્રજ્યાગ્રહણકાળમાં અર્થયોગમાં અને આલંબનયોગમાં ઉપયોગ વર્તતો હોય અને (૫) ક્વચિત્ વીર્યનો પ્રકર્ષ થાય તો નિરાલંબનયોગ આવે. આ ત્રણે યોગો જ્ઞાનયોગની પ્રતિપત્તિરૂપ છે; જ્યારે સ્થાન અને ઊર્ણમાં જે યત્ન થાય છે, તે વખતનો ઉપયોગ ક્રિયાયોગરૂપ છે, જે જ્ઞાનયોગનું કારણ છે.

વળી, પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી પ્રાયઃ કરીને સુસંયત સાધક, ભગવાનના વચનનું સ્મરણ કરીને સર્વ પ્રવૃત્તિઓમાં સુદૃઢ યત્ન કરતા હોય છે, જેથી નિર્લેપદશારૂપ જ્ઞાનયોગ યાવત્ સંયમકાળમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતો હોય છે. ક્વચિત્ પ્રમાદને કારણે કોઈ સ્ખલનાઓ થઈ હોય તોપણ અતિચારના આલોચનાદિકાળમાં તે પ્રકારનો સુદૃઢ યત્ન કરીને મુનિ ફરી જ્ઞાનયોગને જીવંત કરે છે.

આ રીતે સંયમમાં કરાતો યત્ન અતાત્ત્વિક સામર્થ્યયોગ હોવા છતાં તાત્ત્વિક સામર્થ્યયોગનું કારણ છે, અને આથી અતાત્ત્વિક એવો પણ તે સામર્થ્યયોગ, કર્મોની સ્થિતિ ઘટાડીને ક્ષપકશ્રેણી પ્રગટ થાય તેટલા સંખ્યાત સાગરોપમની સ્થિતિ ઘટાડે ત્યારે પ્રગટ થયેલા પ્રાતિભજ્ઞાનના બળથી તાત્ત્વિક સામર્થ્યયોગને પ્રાપ્ત કરે છે.

**ટીકા :-**

**अत एवास्या भवविरक्त एवाधिकार्युक्तः, यथोक्तं - "अथ प्रव्रज्यार्हः (१) आर्यदेशोत्पन्नः, (२) विशिष्टजातिकुलान्वितः, (३) क्षीणप्रायकर्ममलः, (४) तत एव विमलबुद्धिः, (५) 'दुर्लभं मानुष्यं, जन्म मरणनिमित्तं, संपदश्चपलाः, विषया दुःखहेतवः संयोगे वियोगः, प्रतिक्षणं मरणं, दारुणो विपाकः' इत्यवगतसंसारनैर्गुण्यः, (६) तत एव तद्विरक्तः, (७) प्रतनुकषायः, (८) अल्पहास्यादिः, (९) कृतज्ञः, (१०) विनीतः (११) प्रागपि राजामात्यपौरजनबहुमतः, (१२) अद्रोहकारी, (१३)**

कल्याणाङ्गः, (१४) श्राद्धः, (१५) स्थिरः, (१६) समुपसंपन्नश्च इति" । न ह्यनीदृशो ज्ञानयोगमाराधयति, न चेदृशो नाराधयतीति भावनीयम् । सर्वज्ञवचनमागमः, तन्नायमनिरूपितार्थ इति ।

**ટીકાર્થ :-**

अत एवास्या ..... निरूपितार्थ इति । આથી જ=પ્રવ્રજ્યા જ્ઞાનયોગની પ્રતિપત્તિરૂપ છે આથી જ, આનો=પ્રવ્રજ્યાનો, ભવવિરક્ત જીવ જ અધિકારી કહેવાયો છે. જે પ્રમાણે કહેવાયું છે – પ્રવ્રજ્યાયોગ્ય જીવ આર્યદેશમાં ઉત્પન્ન થયેલો, વિશિષ્ટ જાતિ-કુલથી યુક્ત, ક્ષીણપ્રાય કર્મમલવાળો છે. તેથી જ= પ્રવ્રજ્યાયોગ્ય જીવ ક્ષીણપ્રાય કર્મમલવાળો છે તેથી જ, વિમલબુદ્ધિવાળો છે, અને વિમલબુદ્ધિવાળો હોવાથી સંસારનું સ્વરૂપ કેવું છે, તે જાણે છે. તે સંસારનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે : મનુષ્યભવ દુર્લભ છે, જન્મ એ મરણનું નિમિત્ત છે, સંપત્તિઓ ચંચલ છે, વિષયો દુઃખના હેતુ છે, સંયોગમાં વિયોગ છે= ઈષ્ટનો સંયોગ જીવને પ્રિય લાગે છે તે વિયોગમાં પર્યવસાન પામવાવાળો છે, પ્રતિક્ષણ મરણ છે= પ્રતિક્ષણ આયુષ્ય ક્ષય થતું હોવાથી પ્રતિક્ષણ મરણ છે, વિપાક દારુણ છે=કર્મનો વિપાક દારુણ છે : આ પ્રમાણે જાણ્યું છે સંસારનું નિર્ગુણપણું જેણે એવો પ્રવ્રજ્યાયોગ્ય જીવ છે. તેથી જ=સંસારની નિર્ગુણતાનો બોધ છે તેથી જ, તેનાથી=સંસારથી, વિરક્ત છે, પ્રતનુકષાયવાળો છે=અલ્પકષાયવાળો છે, અલ્પ હાસ્યાદિવાળો છે, કૃતજ્ઞ છે=કરાયેલા ઉપકારને સ્મૃતિમાં રાખનાર છે, વિનીત છે=ગુરુ આદિ પ્રત્યે વિનયવાળો છે, પૂર્વમાં પણ=દીક્ષાગ્રહણ પૂર્વે પણ, રાજા, અમાત્ય, નગરજનને બહુમત છે, અદ્રોહકારી છે=કોઈનો દ્રોહ ન કરે તેવા સ્વભાવવાળો છે, કલ્યાણ અંગવાળો છે=મોક્ષસાધનાને અનુકૂળ એવાં શરીરનાં સર્વ અંગો પૂર્ણ છે, શ્રદ્ધાવાળો છે=ભગવાનના વચનમાં સ્થિર રુચિવાળો છે, સ્થિર છે=આત્મકલ્યાણના માર્ગમાં સ્થિર પરિણામવાળો છે અને સમુપસંપન્ન છે=દીક્ષા ગ્રહણ માટે ઉપસ્થિત થયેલો છે.

'इति' શબ્દ દીક્ષાના અધિકારીના ગુણોની સમાપ્તિ માટે છે; અને જે આવો=ઉપરમાં બતાવ્યું તેવા ગુણોવાળો, નથી, તે દીક્ષા ગ્રહણ કરે તોપણ જ્ઞાનયોગનું આરાધન કરતો નથી; અને આવો=ઉપર બતાવેલા ગુણવાળો, જ્ઞાનયોગને નથી આરાધતો એમ નહિ અર્થાત્ અવશ્ય આરાધે છે, એમ ભાવન કરવું.

પ્રવ્રજ્યા જ્ઞાનયોગની પ્રતિપત્તિરૂપ છે અને તે અતાત્ત્વિક સામર્થ્યયોગ છે, એમ પૂર્વમાં બતાવ્યું; અને પ્રવ્રજ્યા જ્ઞાનયોગની પ્રતિપત્તિરૂપ છે, માટે ભવવિરક્ત અધિકારી છે, તેમ બતાવીને તે ભવવિરક્ત જીવ જ્ઞાનયોગની આરાધના કરે છે તેમ બતાવ્યું. માટે અધિકારી જીવ પ્રવ્રજ્યા ગ્રહણ કરે તો તેને અતાત્ત્વિક સામર્થ્યયોગ આવે છે, એમ ફલિત થયું. ત્યાં પ્રશ્ન થાય કે સામર્થ્યયોગ તો શાસ્ત્રઅતિક્રાંતગોચર છે, તેથી શાસ્ત્રના બળથી તે આવી શકે નહિ, તો અતાત્ત્વિક સામર્થ્યયોગ પણ કેમ આવી શકે ? તેનું નિરાકરણ કરવા માટે કહે છે –

**સર્વજ્ઞવચન આગમ છે, તે કારણથી આ=જ્ઞાનયોગની પ્રતિપત્તિરૂપ સામર્થ્યયોગ, અનિરૂપિતાર્થ નથી=સર્વજ્ઞના વચનરૂપ આગમમાં સામાન્યથી જ્ઞાનયોગની પ્રતિપત્તિનું નિરૂપણ કરેલ છે.**

**'इति' શબ્દ કથનની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે પ્રવ્રજ્યાકાળમાં અતાત્ત્વિક સામર્થ્યયોગ આવે છે; કેમ કે પ્રવ્રજ્યા જ્ઞાનયોગની પ્રતિપત્તિરૂપ છે. પ્રવ્રજ્યા જ્ઞાનયોગની પ્રતિપત્તિરૂપ કેમ છે ? તેને દૃઢ કરવા માટે કહે છે : પ્રવ્રજ્યા માટે ભવવિરક્ત અધિકારી છે, અન્ય નહિ. તેથી એ પ્રાપ્ત થાય કે જેનું ચિત્ત સંસારના સ્વરૂપનું વાસ્તવિક અવલોકન કરીને ભવથી વિરક્ત થયેલું છે, તેવો જીવ શાસ્ત્રાનુસારી વિધિપૂર્વક સંયમને ગ્રહણ કરે ત્યારે સૂત્ર-અર્થમાં ઉપયોગપૂર્વક યત્ન કરે, જેથી અવશ્ય જ્ઞાનયોગ પ્રગટે; અને પ્રવ્રજ્યા જ્ઞાનયોગની પ્રતિપત્તિરૂપ છે, આથી ભવવિરક્તને પ્રવ્રજ્યાનો અધિકારી કહ્યો છે, અન્યને નહિ. આવો જીવ સંયમ ગ્રહણ કર્યા પછી પણ શાસ્ત્રાનુસારી સર્વ ક્રિયાઓ કરે તે જ્ઞાનયોગની પ્રતિપત્તિરૂપ છે. આ જ્ઞાનયોગ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને અસંગઅનુષ્ઠાન અને ક્ષપકશ્રેણીનું કારણ બને છે.

પ્રવ્રજ્યાનો અધિકારી એવો ભવવિરક્ત જીવ કેવો છે ? તેમાં સાક્ષીપાઠ આપ્યો, તેનો ભાવ આ પ્રમાણે છે – આર્યદેશમાં ઉત્પન્ન થયેલો અને વિશિષ્ટ જાતિ-કુલવાળો એવો જીવ, જે પ્રતિજ્ઞા ગ્રહણ કરે તેને નિષ્ઠા સુધી અવશ્ય વહન કરે તેવો હોય છે. ક્ષીણપ્રાય કર્મમલવાળો કહેવાથી એ પ્રાપ્ત થાય કે તત્ત્વને જોવાને અનુકૂળ એવી વિમલબુદ્ધિનાં પ્રતિબંધક કર્મો જેનાં ક્ષીણ થયાં છે એવો છે. આથી તેની બુદ્ધિ નિર્મળ છે અને નિર્મળ બુદ્ધિ હોવાથી તે સંસારનું વાસ્તવિક સ્વરૂપ જોઈ શકે છે. તે સંસારનું સ્વરૂપ કેવું જુએ છે તે બતાવતાં કહે છે –

આવો જીવ વિચારે છે કે મનુષ્યભવ અતિ દુર્લભ છે. માટે સહેજ પણ પ્રમાદમાં તેનો વ્યય કરવા જેવો નથી, પરંતુ આત્મહિત સાધીને તેને સફળ કરવા જેવો છે. વળી જન્મ એ મરણનું નિમિત્ત છે. માટે પ્રાપ્ત થયેલો જન્મ સદા રહેવાનો નથી, તેથી આત્મહિતમાં જ પ્રયત્ન કરવો ઉચિત છે. વળી આ સંપત્તિઓ ચપળ છે. માટે આ સંપત્તિઓ ઉપર આસ્થા રાખીને સંસારમાં સાધનાને ભૂલવા જેવી નથી. વળી આ વિષયો દુઃખના હેતુ છે; કેમ કે વિષયોમાં પ્રવૃત્તિ કરવાથી બંધાતું કર્મ દુર્ગતિઓની પરંપરાનું કારણ છે. સંયોગમાં વિયોગ છે અર્થાત્ સંસારમાં જે ઇષ્ટનો સંયોગ થયો છે, તે વિયોગમાં પર્યવસાન પામનાર છે, તેથી સંયોગમાં આસ્થા રાખવા જેવી નથી; કેમ કે જો સંયોગમાં આસ્થા રાખવામાં આવે તો રાગ થાય અને સંયોગમાં રાગ રાખવાથી વિયોગપ્રાપ્તિકાળમાં ખેદની ઉત્પત્તિ કરે. તેથી અત્યારથી સંયોગ પ્રત્યેની આસ્થા છોડી દેવામાં આવે તો વિયોગકાળમાં પણ દુઃખ ઉત્પન્ન થાય નહિ. વળી આયુષ્ય પ્રતિક્ષણ ક્ષીણ થતું જાય છે, માટે પ્રતિક્ષણ મરણ છે. તેથી પ્રાપ્ત થયેલી મનુષ્યક્ષણને આત્મહિતમાં યોજવી જોઈએ; અને કર્મનો વિપાક અતિ દારુણ છે, માટે કર્મનાશ માટે યત્ન કરવો જોઈએ.

આ પ્રકારે દેખાતા સંસારનું વાસ્તવિક સ્વરૂપ જોઈને જે જીવ તેનાથી વિરક્ત થયો છે તે જીવ પ્રવ્રજ્યા ગ્રહણ કરવા માટે યોગ્ય છે. વળી આ પ્રવ્રજ્યાયોગ્ય જીવના કષાયો ઘણા અલ્પ હોવાથી સાધનામાં બાધક

થાય તેવા નથી. વળી હાસ્યાદિ નોકષાયો પણ તેના અલ્પ છે, તેથી સાધનામાં બાધક થતા નથી. વળી દીક્ષાને યોગ્ય જીવ કોઈના પણ કરાયેલા ઉપકારને ભૂલે નહિ તેવો કૃતજ્ઞ હોય છે, ગુણવાન એવા ગુર્વાદિનો વિનય કરનાર હોય છે, પ્રકૃતિથી ઉત્તમ સ્વભાવ હોવાને કારણે રાજા વગેરેને બહુમાનપાત્ર હોય છે, સ્વભાવથી કોઈનો દ્રોહ ન કરે તેવો હોય છે અને પૂર્વના પુણ્યના ઉદયથી કલ્યાણ સાધવામાં સહાયક એવા દેહનાં સર્વ અંગો તેને પ્રાપ્ત થયેલાં હોય છે. વળી ભગવાનના વચનના પરમાર્થને જાણનાર હોવાથી ભગવાનના વચનમાં શ્રદ્ધાવાળો હોય છે અને પ્રકૃતિથી સ્થિર પરિણામવાળો હોય છે.

આવો જીવ જ્યારે દીક્ષા માટે ગુરુ આગળ ઉપસ્થિત થાય અને ગુરુ દીક્ષા આપે તો ભવવિરક્ત હોવાને કારણે અવશ્ય ઉપયોગપૂર્વક પ્રવ્રજ્યા ગ્રહણ કરે, જેથી અવશ્ય તેને જ્ઞાનયોગની પ્રાપ્તિ થાય. આનાથી એ પ્રાપ્ત થાય કે ભવવિરક્ત જીવ પ્રવ્રજ્યા ગ્રહણ કરે તો તેને પ્રવ્રજ્યાકાળમાં જ્ઞાનયોગની પ્રાપ્તિ થાય છે, જે સામર્થ્યયોગનું કાર્ય છે.

આ રીતે પ્રવ્રજ્યાકાળમાં અતાત્ત્વિક સામર્થ્યયોગ છે, તેમ બતાવ્યું. ત્યાં પ્રશ્ન થાય કે તો પછી તે સામર્થ્યયોગ શાસ્ત્રઅતિક્રાંતગોચર હોવાથી જ્ઞાનયોગની પ્રતિપત્તિરૂપ પ્રવ્રજ્યા પણ શાસ્ત્રથી બતાવી શકાય તેમ નથી, તેમ માનવું પડે. તેથી શાસ્ત્રબળથી તે કેમ આવી શકે ? તેથી કહે છે –

આગમ સર્વજ્ઞના વચનરૂપ છે. તેથી જ્ઞાનયોગની પ્રતિપત્તિરૂપ પ્રવ્રજ્યાનું તાત્પર્ય શાસ્ત્રમાં અનિરૂપિતાર્થવાળું નથી.

આશય એ છે કે સર્વજ્ઞના વચનરૂપ આગમ છે, અને સર્વજ્ઞને કેવલજ્ઞાનમાં સંપૂર્ણ યોગમાર્ગ દેખાય છે, અને તે યોગમાર્ગ શબ્દો દ્વારા જેટલો કહી શકાય તેટલો સર્વ તેમણે કહ્યો છે. તેથી જ્ઞાનયોગની પ્રતિપત્તિરૂપ પ્રવ્રજ્યાનું સ્વરૂપ પણ આગમમાં નિરૂપણ કરાયેલું છે; આમ છતાં તે વચનના શ્રવણમાત્રથી શ્રોતાયોગીને જ્ઞાનયોગની પ્રાપ્તિ થતી નથી, પરંતુ શાસ્ત્રમાં તેનું જે સામાન્યથી નિરૂપણ છે તે પ્રમાણે અવલંબન લઈને સમ્યગ્ યત્ન કરે તો સ્વસામર્થ્યથી જ્ઞાનયોગની પ્રાપ્તિ થાય છે. માટે પ્રવ્રજ્યાનું સ્વરૂપ સામાન્યથી શાસ્ત્રમાં નિરૂપિત અર્થવાળું છે, વિશેષથી સ્વપુરુષકાર દ્વારા અનુભવનો વિષય છે.

**ઉત્થાન :-**

શ્લોકના પૂર્વાર્ધમાં પ્રથમ સામર્થ્યયોગ ક્યારે થાય છે તે બતાવ્યું, અને તેનું સ્પષ્ટીકરણ કરતાં ટીકામાં કહ્યું કે પ્રવ્રજ્યાકાળમાં અતાત્ત્વિક સામર્થ્યયોગ થાય છે; અને પ્રવ્રજ્યાકાળમાં અતાત્ત્વિક સામર્થ્યયોગ કેમ થાય છે તેનું સ્પષ્ટીકરણ ટીકામાં કર્યું. હવે શ્લોકના ઉત્તરાર્ધમાં બતાવેલ બીજો સામર્થ્યયોગ ક્યારે થાય છે, તે સ્પષ્ટ કરતાં કહે છે –

**ટીકા :-**

**'आयोज्यकरणादूर्ध्वं' इति केवलाभोगेनाऽचिन्त्यवीर्यतयाऽऽ 'योज्य' - तथा-तथा तत्कालक्षपणीयत्वेन भवोपग्राहिकर्मणस्तथावस्थानभावे (भावेन) 'करणं' कृतिरायोज्यकरणं शैलेश्यवस्थाफलमेतत् ।**

**अत एवाह 'द्वितीय इति तद्विदः-' योगसंन्याससंज्ञितः सामर्थ्ययोग इति तद्विदोऽभिदधति शैलेश्यवस्थायामस्य भावात् ।**

**નોંધ :-** અહીં 'अचिंत्यवीर्यतया' પછી 'योज्य' શબ્દ છે, તેને ઠેકાણે 'લલિતવિસ્તરા'માં 'आयोज्य' શબ્દ છે, અને તેનો અર્થ 'ज्ञात्वा' કર્યો છે. તેથી અહીં પણ તે પ્રમાણે અર્થ કરેલ છે.

'भवोपग्राहीकर्मणः' પછી 'तथावस्थानभावे' છે, તેના સ્થાને લલિતવિસ્તરામાં 'तथावस्थानभावेन' પાઠ છે, તે સંગત જણાય છે, માટે તે પ્રમાણે અર્થ કરેલ છે.

**ટીકાર્થ :-**

**'आयोज्यकरणादूर्ध्वं' इति ..... भावात् । આયોજ્યકરણથી ઊર્ધ્વ દ્વિતીય સામર્થ્યયોગ પ્રગટે છે, એ કથનમાં આયોજ્યકરણથી ઊર્ધ્વનો અર્થ કરે છે - કેવલઆભોગથી=કેવલજ્ઞાનના ઉપયોગથી, આયોજન કરીને=જાણીને, અચિંત્યવીર્યપણું હોવાને કારણે તે તે પ્રકારે તત્કાલમાં=યોગનિરોધકાલમાં, ક્ષપણીયપણા વડે ભવોપગ્રાહી કર્મનું તથાઅવસ્થાનભાવથી=શૈલેશીઅવસ્થામાં બધાં કર્મો નાશ પામે તે રીતે અવસ્થાનભાવથી, કરવું તે આયોજ્યકરણ છે, અને શૈલેશીઅવસ્થા છે ફળ જેને એવું આ આયોજ્યકરણ છે.**

**આથી જ=શૈલેશીઅવસ્થાફળવાળું આયોજ્યકરણ છે આથી જ, શ્લોકમાં કહે છે - બીજો છે= બીજો સામર્થ્યયોગ છે, એ પ્રમાણે તેના જાણનારા કહે છે;**

અર્થ સ્પષ્ટ કરે છે –

**યોગસંન્યાસસંજ્ઞિત સામર્થ્યયોગ છે, એ પ્રમાણે તેના જાણનારા કહે છે=સામર્થ્યયોગના જાણનારા સર્વજ્ઞ કહે છે; કેમ કે શૈલેશીઅવસ્થામાં આનો=બીજા સામર્થ્યયોગનો, ભાવ છે=સદ્ભાવ છે.**

**ભાવાર્થ :-**

કેવલી કેવળજ્ઞાનના ઉપયોગથી જાણીને પોતાનું અચિંત્ય વીર્ય હોવાને કારણે આયોજ્યકરણના ક્રિયાકાળમાં ભવોપગ્રાહીકર્મને તે પ્રકારે અવસ્થાનભાવરૂપે કરે છે, જેથી શૈલેશીઅવસ્થા દરમ્યાન સર્વ કર્મો નાશ પામે; અને તે અવસ્થાનભાવ કઈ રીતે કરે છે, તે બતાવવા માટે કહ્યું કે તે તે પ્રકારે તત્કાલ ક્ષપણીયપણા વડે અવસ્થાનભાવ કરે છે=કર્મના નાશ માટે જે રીતે આત્મામાં કર્મને સ્થાપન કરવાં જરૂર જણાય તે પ્રમાણે સ્થાપન કરે છે.

તે તે પ્રકારે કહેવાથી એ કહેવું છે કે ઉદયાવલિકામાં પૂર્વ પૂર્વના સમય કરતાં ઉત્તર ઉત્તરના સમયમાં અસંખ્યાતગુણ અસંખ્યાતગુણ અધિક દલિકો ગોઠવે છે.

આ રીતે આયોજ્યકરણ કર્યા પછી જે કેવલીના આયુષ્યકર્મ કરતાં બાકીનાં ત્રણ ભવોપગ્રાહીકર્મ વિષમ હોય, તે કેવલી ત્રણ ભવોપગ્રાહીકર્મને આયુષ્યકર્મની સમાન સ્થિતિવાળાં કરવા માટે કેવલીસમુદ્ઘાત કરે છે, અને સમુદ્ઘાત કર્યા પછી સ્વાભાવિક શરીરસ્થ અવસ્થામાં રહે છે, અને પોતાની જે ઉચિત પ્રવૃત્તિ બાકી હોય તે કરે છે – જેમ ગૃહસ્થ પાસેથી કોઈ વસ્તુ લાવ્યા હોય તો તે પાછી આપી આવે; અને તે સર્વ કરીને

તરત યોગનિરોધની ક્રિયા કરે છે, જેના ફળરૂપે શૈલેશીઅવસ્થા પ્રાપ્ત થાય છે. આ રીતે આયોજ્યકરણ કર્યા પછી જેઓને સમુદ્ઘાત કરવાનો હોય તેઓ સમુદ્ઘાત કરીને યોગનિરોધનો પ્રારંભ કરે છે; અને જેઓને સમુદ્ઘાત કરવાનો નથી તેઓ પણ આયોજ્યકરણ કર્યા પછી તરત યોગનિરોધનો પ્રારંભ કરે છે. તેથી યોગનિરોધની ક્રિયાનું ફળ શૈલેશીઅવસ્થા હોવા છતાં આયોજ્યકરણને પણ શૈલેશીઅવસ્થાફળવાળું કહેલ છે.

વળી, જે કેવલીને આયુષ્યકર્મની સાથે ત્રણ ભવોપગ્રાહીકર્મની વિષમ સ્થિતિ નથી, તેઓ સમુદ્ઘાત કરતા નથી.

પૂર્વમાં કહ્યું કે આયોજ્યકરણ શૈલેશીઅવસ્થાફળવાળું છે. તેથી શ્લોકમાં કહે છે – આયોજ્યકરણથી ઊર્ધ્વમાં યોગસંન્યાસસંજ્ઞિત એવો સામર્થ્યયોગ છે, એમ સામર્થ્યયોગના જાણનારા કેવલી કહે છે. આમ કહેવાનું કારણ એ છે કે શૈલેશીઅવસ્થામાં યોગસંન્યાસ નામનો સામર્થ્યયોગ પ્રગટે છે.

અહીં વિશેષ એ છે કે શૈલેશીઅવસ્થાની પૂર્વે યોગનિરોધનો પ્રારંભ કર્યો તે બીજો સામર્થ્યયોગ નથી, પરંતુ જ્યારે યોગનિરોધ થઈ જાય છે ત્યારે આત્મામાં જે અચિંત્ય સામર્થ્ય પ્રવર્તે છે, તેના બળથી દેહનો સંબંધ હોવા છતાં યોગનો સંન્યાસ વર્તે છે, તે યોગસંન્યાસને બીજા પ્રકારનો સામર્થ્યયોગ કહેલ છે, જે સાક્ષાત્ મોક્ષનું કારણ છે.

**ટીકા :-**

**सर्वमिदमागमिकं वस्तु, तथा चैतत्संवाद्यार्षम् –**

"करणं अहापवत्तं, अपुव्वमणियट्टिमेव भव्वाणं ।
इयरेसिं पढमं चिय, भण्णइ करणं ति परिणामो ।।
जा गण्ठी ता पढमं, गण्ठिं समइच्छओ भवे बीयं ।
अणियट्टीकरणं पुण, सम्मत्तपुरक्खडे जीवे ।।
गण्ठि त्ति सुदुब्भेओ, कक्खडघणरूढगूढगण्ठि व्व ।
जीवस्स कम्मजणिओ, घणरागद्दोसपरिणामो ।।
एत्तो विवज्जओ खलु, भिन्ने एयम्मि सम्मणाणं तु ।
थोवं पि सुपरिसुद्धं सव्वाऽसम्मोहहेउ त्ति ।।
सम्मत्तंमि उ लद्धे, पलियपुहत्तेण सावओ होइ ।
चरणोवसमखयाणं, सागरसंखन्तरा होन्ति" ।।

**- (विशेषावश्यकगता इमा गाथाः १२०२, १२०३, ११९५-१२२२)**

**इत्यादि, लेशतः परिभावितार्थमेतत् ।।१०।।**

**ટીકાર્થ :-**

**सर्वमिदमागमिकं ..... परिभावितार्थमेतत् ।। આ સર્વ=પૂર્વમાં કહ્યું કે પ્રથમ અપૂર્વકરણ ગ્રંથિભેદફળવાળું છે; અને તથાવિધ કર્મસ્થિતિના તેવા પ્રકારના સંખ્યાત સાગરોપમ અતિક્રમ થાય ત્યારે બીજું અપૂર્વકરણ થાય છે, ત્યારે પ્રથમ સામર્થ્યયોગ તાત્ત્વિક થાય છે, એ સર્વ, આગમિક વસ્તુ છે; અને તે પ્રકારે=જે પ્રકારે પૂર્વમાં વર્ણન કર્યું તે પ્રકારે, આનું સંવાદી=પૂર્વમાં વર્ણન કર્યું એનું સંવાદી, આર્ષ છે=આર્ષવચન છે.**

તે વચનનો અર્થ આ પ્રમાણે છે –

યથાપ્રવૃત્ત, અપૂર્વ અને અનિવૃત્તિ જ કરણ ભવ્યોને છે. ઈતરને=અભવ્યોને, પ્રથમ જ છે. કરણ એ પરિણામ કહેવાય છે. ।।૧।।

જ્યાં સુધી ગ્રંથિ છે ત્યાં સુધી પ્રથમ છે=યથાપ્રવૃત્તકરણ છે. ગ્રંથિને ઉચ્છેદ કરતાં બીજું થાય છે=અપૂર્વકરણ થાય છે. સમ્યક્ત્વ પુરસ્કૃત જીવમાં=સમ્યક્ત્વને અભિમુખ થયેલા જીવમાં, વળી અનિવૃત્તિકરણ છે. ।।૨।।

ગ્રંથિ શું છે તે બતાવે છે –

ગ્રંથિ એ કર્કશ, ઘન, રૂઢ, ગૂઢ ગ્રંથિના જેવો જીવનો સુદુર્ભેદ, કર્મજનિત, ઘન રાગ-દ્વેષનો પરિણામ છે. ।।૩।।

આના વિવર્જનથી=ઘન રાગ-દ્વેષના પરિણામના વિવર્જનથી, આ ભેદાયે છતે=ગ્રંથિ ભેદાયે છતે, સર્વ અસંમોહનો હેતુ એવું થોડું પણ સુપરિશુદ્ધ સમ્યગ્જ્ઞાન થાય છે. ।।૪।।

વળી, સમ્યક્ત્વ પ્રાપ્ત થયે છતે, પલ્યોપમ પૃથક્ત્વથી=પલ્યોપમ પૃથક્ત્વ કર્મની સ્થિતિ ઘટવાથી, શ્રાવક થાય છે; ચારિત્રના, ઉપશમના=ઉપશમશ્રેણીના, ક્ષયના=ક્ષપકશ્રેણીના સંખ્યાતા સાગરોપમ થાય છે અર્થાત્ શ્રાવકપણાની કર્મસ્થિતિથી સંખ્યાત સાગરોપમ સ્થિતિ ઘટે તો ચારિત્ર પ્રાપ્ત થાય છે; તેનાથી પણ સંખ્યાત સાગરોપમ સ્થિતિ ઘટે તો ઉપશમશ્રેણી પ્રાપ્ત થાય છે; તેનાથી પણ સંખ્યાત સાગરોપમ સ્થિતિ ઘટે તો ક્ષપકશ્રેણી પ્રાપ્ત થાય છે. ।।૫।।

**અહીં 'इत्यादि' શબ્દથી આવા જ અર્થને કહેનારાં અન્ય શાસ્ત્રવચનોનો સમુચ્ચય કરવાનો છે.**

**આ=અમે જે આ ગાથામાં કહ્યું છે એ, લેશથી પરિભાવિત અર્થવાળું છે=આર્ષના જ અર્થને કહેનારું અમારું કથન છે. ।।૧૦।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારે સ્થાપન કર્યું કે બીજા અપૂર્વકરણમાં પ્રથમ સામર્થ્યયોગ તાત્ત્વિક થાય છે, અને તે બીજું અપૂર્વકરણ બતાવવા માટે પ્રથમ અપૂર્વકરણ ગ્રંથિભેદફળવાળું છે તે બતાવ્યું, અને કર્મની સંખ્યાત સાગરોપમ સ્થિતિ ઘટે ત્યારે ક્ષપકશ્રેણીવાળાને પ્રથમ સામર્થ્યયોગ તાત્ત્વિક થાય છે, તેમ કહ્યું; તે સર્વ ગ્રંથકારે પોતાની મતિથી કહ્યું નથી, પરંતુ આગમિક વસ્તુ છે. આમ છતાં ગ્રંથકારે જે રીતે પૂર્વમાં વર્ણન કર્યું તેવાં જ આગમવચનો સાક્ષાત્ નથી, પરંતુ એ અર્થનાં સંવાદી એવાં આગમવચનો છે, તે અહીં બતાવે છે -

તેમાં પ્રથમ ગાથામાં બતાવ્યું કે ભવ્યોને યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એ ત્રણ કરણો હોય છે, અને અભવ્યોને માત્ર યથાપ્રવૃત્તકરણ હોય છે. કરણ એ જીવના પરિણામરૂપ છે.

બીજી ગાથામાં બતાવ્યું કે ગ્રંથિ સુધી પ્રથમ કરણ હોય છે અર્થાત્ ગ્રંથિદેશ સુધી જીવને યથાપ્રવૃત્તકરણનો પરિણામ હોય છે. ગ્રંથિનો ભેદ કરતી વખતે અપૂર્વકરણ નામનું બીજું કરણ હોય છે, અને સમ્યક્ત્વની પ્રાપ્તિને સન્મુખ થયેલા જીવને અનિવૃત્તિકરણ નામનો ત્રીજો પરિણામ હોય છે. આ ગાથાથી એ પ્રાપ્ત થયું કે પ્રથમ અપૂર્વકરણથી ગ્રંથિનો ભેદ થાય છે, અને ગ્રંથિભેદથી અનિવૃત્તિકરણ દ્વારા જીવને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. આ આગમવચનો ગ્રંથકારના પૂર્વના કથનને બતાવનારાં છે.

વળી, ગ્રંથિ શું છે ? તે ત્રીજી ગાથામાં બતાવે છે. જેમ કોઈ દોરીને ગાંઠ મારવામાં આવે અને તે ગાંઠ અતિ કર્કશ હોય અને એવી ઘન બંધાયેલી હોય, વળી ઘણા વખત સુધી તે રીતે બંધાયેલી રહેવાથી રૂઢ થઈ ગઈ હોય, તે ગાંઠને ઉકેલવાનું સ્થાન અત્યંત ગૂઢ હોય, તે ગાંઠના જેવો જીવનો ઘન રાગ-દ્વેષનો પરિણામ છે, તે ગ્રંથિ છે. આ ઘન રાગ-દ્વેષનો પરિણામ કર્મજનિત છે, અને જેમ તે ગાંઠ ઉકેલવી દુષ્કર છે, તેમ આ ઘન રાગ-દ્વેષનો પરિણામ ભેદવો અતિ દુષ્કર છે. આથી ભવ્ય પણ જીવો અનંત પુદ્ગલ પરાવર્તન પસાર થયા છતાં ગ્રંથિનો ભેદ કરી શકતા નથી. કોઈક મહાસાત્ત્વિક જીવ અપૂર્વકરણના પરિણામથી દુઃખે કરીને ભેદી શકાય તેવા તે ઘન રાગ-દ્વેષના પરિણામનો ભેદ કરે છે.

આથી જીવ જ્યાં સુધી સમ્યક્ત્વ પામતો નથી, ત્યાં સુધી તેનો અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિ ઉત્પન્ન કરાવે તેવો ઘન રાગ-દ્વેષનો પરિણામ નિવર્તન પામતો નથી; પરંતુ જ્યારે જીવ ગ્રંથિનો ભેદ કરે છે, ત્યારે પોતાની જે કંઈ અલ્પમતિ છે, તેને તત્ત્વ-અતત્ત્વના નિર્ણયમાં સમ્યગ્ યોજન કરે છે, અને સહેજ પણ આત્મવંચના કર્યા વગર અને પોતાની અલ્પમતિમાં અધિકતાનો ભ્રમ રાખ્યા વગર આપ્તપુરુષનાં વચનોને યથાર્થ જાણવા યત્ન કરે છે. આવી નિર્મળ પ્રજ્ઞા ગ્રંથિભેદ કર્યા પછી જીવમાં પ્રગટે છે.

સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી જીવનું સમ્યગ્જ્ઞાન કેવું હોય છે, તે સ્પષ્ટ કરે છે –

ઘન રાગ-દ્વેષના પરિણામના વિવર્જનથી જ્યારે જીવ ગ્રંથિભેદ કરે છે ત્યારે પોતાને જે કંઈ થોડું જ્ઞાન છે, તે સર્વ અસંમોહનો હેતુ બને છે, અને તે જ્ઞાન વિપર્યાસથી રહિત હોવાને કારણે સુપરિશુદ્ધ હોય છે.

આશય એ છે કે ગ્રંથિભેદ થયા પછી કેટલાક જીવોને ઘણું શાસ્ત્રજ્ઞાન હોય અને કેટલાક જીવોને થોડું શાસ્ત્રજ્ઞાન હોય, તે થોડું-ઘણું સર્વ પણ જ્ઞાન સુપરિશુદ્ધ હોય છે અર્થાત્ તત્ત્વને દેખાડવામાં વિપર્યાસ ઉત્પન્ન ન કરે તેવું હોય છે, તેથી સર્વ પ્રકારે અસંમોહનો હેતુ છે. આથી સમ્યગ્દૃષ્ટિને સંસારની સર્વ પ્રવૃત્તિઓ અસાર જણાય છે અને મોક્ષ અને મોક્ષના ઉપાયભૂત સર્વ પરિણતિઓ સારભૂત જણાય છે. આમ, સમ્યગ્દૃષ્ટિનું થોડું પણ જ્ઞાન સર્વ પ્રકારે તત્ત્વમાં સંમોહ ન થાય તેવું હોય છે. આથી જ્યાં પોતે તત્ત્વનો નિર્ણય ન કરી શકે ત્યાં પણ સર્વજ્ઞના વચન પ્રત્યે તેની સ્થિર રુચિ હોય છે. વળી સમ્યગ્દૃષ્ટિ જીવ સામગ્રી મળતાં શક્તિ અનુસાર તત્ત્વનો યથાર્થ બોધ પણ કરે છે. ક્વચિત્ વિશેષ બોધ ન થયો હોય તોપણ તેનું સમ્યગ્જ્ઞાન સર્વજ્ઞના વચનને અનુસરનાર હોય છે, માટે સંપૂર્ણ અસંમોહનો હેતુ છે.

સમ્યક્ત્વ પામ્યા પછી જીવ પરિણામની વિશુદ્ધિ દ્વારા કર્મની સ્થિતિ પલ્યોપમપૃથક્ત્વ ઘટાડે ત્યારે દેશવિરતિ પામે છે, અને દેશવિરતિ પામ્યા પછી અધ્યવસાયની શુદ્ધિથી કર્મની સ્થિતિ સંખ્યાતા સાગરોપમ

ઘટે ત્યારે સર્વવિરતિ ચારિત્ર પ્રાપ્ત થાય છે, અને તેમાં પણ બીજી સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ઘટે ત્યારે ઉપશમશ્રેણી પ્રગટે છે, અને ઉપશમશ્રેણીકાલભાવિ કર્મની સ્થિતિ કરતાં પણ સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ઘટે ત્યારે ક્ષપકશ્રેણી પ્રગટે છે. તેથી કોઈક જીવ ઉપશમશ્રેણી જેટલી સ્થિતિ ઘટાડે તો ઉપશમશ્રેણી માંડે, અને કોઈક જીવ ક્ષપકશ્રેણી જેટલી સ્થિતિ ઘટાડે તો ક્ષપકશ્રેણી માંડે. આ શ્લોકને સામે રાખીને ગ્રંથકારે કહ્યું કે તેવા પ્રકારની કર્મની સ્થિતિના સંખ્યાતા સાગરોપમ અતિક્રમ થાય અને જીવ ક્ષપકશ્રેણી માંડે ત્યારે યોગીને બીજુ અપૂર્વકરણ આવે છે, ત્યારે પ્રથમ સામર્થ્યયોગ તાત્ત્વિક થાય છે.

આ આર્ષની ગાથાઓમાં જે કથન કરેલું છે, એ કથન ગ્રંથકાર દ્વારા ૧૦મી ગાથાની ટીકામાં લેશથી પરિભાવિત અર્થવાળું છે=લેશથી કથન કરાયેલા અર્થવાળું છે. **॥૧૦॥**

**અવતરણિકા :-**

**यत आयोज्यकरणादूर्ध्वं द्वितीयः –**

**અવતરણિકાર્થ :-**

**જે કારણથી આયોજ્યકરણથી ઊર્ધ્વ બીજો સામર્થ્યયોગ છે, આથી બધા યોગોમાં અયોગરૂપ યોગ શ્રેષ્ઠ છે, એમ શ્લોક સાથે અવતરણિકાનો સંબંધ છે.**

**શ્લોક :-**

**अतस्त्वयोगो योगानां, योगः पर उदाहृतः ।**
**मोक्षयोजनभावेन, सर्वसंन्यासलक्षणः ।।११।।**

**અન્વયાર્થ :-**

अतस्तु=**આથી જ** मोक्षयोजनभावेन=**મોક્ષની સાથે યોજનભાવ હોવાને કારણે** योगानां सर्वसंन्यासलक्षणः अयोगः=**યોગોમાં સર્વસંન્યાસલક્ષણ અયોગ** परः योगः=**શ્રેષ્ઠ યોગ** उदाहृतः=**કહેવાયો છે. ।।૧૧।।**

**શ્લોકાર્થ :-**

**આથી જ મોક્ષની સાથે યોજનભાવ હોવાને કારણે યોગોમાં સર્વસંન્યાસલક્ષણ અયોગ, શ્રેષ્ઠ યોગ કહેવાયો છે. ।।૧૧।।**

**ટીકા :-**

**अत एव शैलेश्यवस्थायां योगसंन्यासात्कारणात् 'अयोगो'=योगाभावः, 'योगानां' - मित्रादीनाम्, 'मध्य' इति गम्यते, किमित्याह 'योगः' 'परः'=प्रधानः, 'उदाहृतः' इति, कथमित्याह 'मोक्षयोजनभावेन' - हेतुना योजनाद्योग इति कृत्वा, स्वरूपमस्याह 'सर्वसंन्यासलक्षणः' - अधर्मधर्मसंन्यासयोरप्यत्र परिशुद्धिभावादिति ।।११।।**

**ટીકાર્થ :-**

**अत एव ..... परिशुद्धिभावादिति ।। આ કારણથી જ=શૈલેશીઅવસ્થામાં યોગસંન્યાસ થતો હોવાના કારણથી જ, અયોગ=મન-વચન-કાયાના યોગોનો અભાવ, યોગોના મધ્યમાં=મિત્રાદિ દૃષ્ટિરૂપ યોગોના મધ્યમાં, પર=પ્રધાનયોગ, કહેવાયો છે.**

**કેમ પ્રધાનયોગ કહેવાયો છે ? આથી કહે છે - યોજન કરનાર હોવાથી યોગ છે, એથી કરીને, મોક્ષયોજનભાવરૂપ હેતુ વડે યોગનો અભાવ, પ્રધાનયોગ કહેવાયો છે, એમ અન્વય છે. આના=અયોગરૂપ પ્રધાનયોગના સ્વરૂપને કહે છે - સર્વસંન્યાસલક્ષણ છે, કેમ કે અધર્મસંન્યાસની અને ધર્મસંન્યાસની પણ અહીં=અયોગ નામના યોગવાળી અવસ્થામાં, પરિશુદ્ધિનો ભાવ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૧।।**

**ભાવાર્થ :-**

શૈલેશીઅવસ્થા પછી જીવ તરત સર્વકર્મથી રહિત થાય છે, અને આ બીજો સામર્થ્યયોગ આયોજ્યકરણથી ઊર્ધ્વમાં થાય છે, તેથી આ બીજો સામર્થ્યયોગ શૈલેશીઅવસ્થામાં આવે છે. માટે મિત્રાદિ જે યોગો છે તે સર્વ યોગોમાં આ પ્રધાનયોગ કહેવાયો છે; કેમ કે 'યોગ' શબ્દની વ્યુત્પત્તિ છે કે જે મોક્ષની સાથે આત્માને જોડે તે યોગ કહેવાય; તેમાં મિત્રાદિ દૃષ્ટિ આત્માને મોક્ષની સાથે જોડનાર હોવા છતાં સાક્ષાત્ જોડનાર નથી, જ્યારે અયોગ નામનો આ યોગ શૈલેશીઅવસ્થામાં આવે છે અને તરત આત્માને મોક્ષની સાથે જોડે છે. તેથી 'મોક્ષની સાથે જોડે તે યોગ' એ વ્યુત્પત્તિથી બધા યોગોમાં મન, વચન અને કાયાના યોગોનો અભાવ થાય તેવો યોગ સર્વશ્રેષ્ઠ છે. હવે આ યોગનું સ્વરૂપ શું છે, એ સ્પષ્ટ કરે છે –

આ અયોગ નામના યોગમાં સર્વનો=મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગરૂપ કર્મબંધનાં સર્વ કારણોનો, સંન્યાસ થાય છે. તે આ રીતે - (૧) મિથ્યાત્વ, (૨) અવિરતિ, (૩) કષાય અને (૪) યોગથી કર્મબંધ પ્રાપ્ત થાય છે; અને (૧) જીવ જ્યારે સમ્યક્ત્વ પામે છે ત્યારે મિથ્યાત્વરૂપ અધર્મનો સંન્યાસ કરે છે. તે અધર્મનો સંન્યાસ ધર્મસંન્યાસરૂપ અધિકૃત સામર્થ્યયોગ નહિ હોવા છતાં ઇચ્છાયોગ-સહભાવિ-સામર્થ્યયોગથી મિથ્યાત્વરૂપ અધર્મનો સંન્યાસ થાય છે; અને (૨) જીવ પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે ત્યારે સર્વ-સાવદ્ય-પ્રવૃત્તિરૂપ અધર્મનો ત્યાગ કરે છે. આ પ્રવ્રજ્યા જ્ઞાનયોગની પ્રતિપત્તિરૂપ છે. તેથી ઇચ્છાયોગ કે શાસ્ત્રયોગ સહભાવિ સામર્થ્યયોગથી સર્વ સાવદ્યપ્રવૃત્તિરૂપ અધર્મનો ત્યાગ થાય છે, અને આ પ્રવ્રજ્યા ગ્રહણ કરતી વખતે વળી અવિરતિરૂપ અધર્મનો ત્યાગ થાય છે; તોપણ કર્મબંધના કારણીભૂત કષાય અને યોગ ત્યાં પ્રવર્તે છે. (૩) ત્યાર પછી ક્ષપકશ્રેણીમાં સામર્થ્યયોગ આવે છે ત્યારે જીવ ક્ષયોપશમભાવના ધર્મોનો ત્યાગ કરે છે. તે વખતે ક્રોધાદિ કષાયોના ક્ષયોપશમભાવરૂપ ક્ષાંત્યાદિ ધર્મોનો સંન્યાસ થાય છે, ત્યારે કર્મબંધના કારણીભૂત મિથ્યાત્વ, અવિરતિ અને કષાય એ ત્રણનો સંન્યાસ વર્તે છે, તોપણ સંસારના કારણીભૂત મન-વચન-કાયાના વ્યાપારો વર્તે છે, તેથી ત્યાં સર્વસંન્યાસ નથી; (૪) પરંતુ જ્યારે આયોજ્યકરણ પછી જીવ

શૈલેશીઅવસ્થાને પ્રાપ્ત કરે છે, ત્યારે મન-વચન-કાયાના યોગોનો પણ નિરોધ થાય છે. તેથી હવે કર્મબંધનાં સર્વ કારણોનો સંન્યાસ થયો. તેથી શૈલેશીઅવસ્થાની પૂર્વના અધર્મનો=મિથ્યાત્વાદિ અધર્મનો, અને ધર્મનો=ક્ષમાદિ ધર્મનો, સંન્યાસ કર્યો, તેની યોગનિરોધથી પરિશુદ્ધિ પ્રાપ્ત થઈ; કેમ કે ધર્મ, અધર્મનો સંન્યાસ કર્યા પછી કર્મબંધનું કારણ એવા જે યોગો હતા, તેનો પણ ત્યાગ થયો.

વસ્તુતઃ અધર્મ અને ક્ષયોપશમભાવના ધર્મ બન્ને કર્મબંધના કારણ હતા, માટે જીવના સ્વાભાવિક ભાવો ન હતા. આથી જીવે તે બંનેનો ત્યાગ કર્યો; આમ છતાં મન-વચન-કાયાના યોગોની પ્રવૃત્તિ પણ જીવનો સ્વાભાવિક ભાવ નથી. તેનો ત્યાગ શૈલેશીઅવસ્થામાં થાય છે, ત્યારે કર્મબંધનાં મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગરૂપ સર્વ કારણોનો ત્યાગ થાય છે. તેથી જીવ સર્વસંવરભાવને પામે છે. માટે શૈલેશીઅવસ્થા પૂર્વે અધર્મ-ધર્મનો સંન્યાસ કર્યો હતો તે પરિશુદ્ધ ન હતો, તે શૈલેશીઅવસ્થામાં પરિશુદ્ધ બને છે; કેમ કે શૈલેશીઅવસ્થાની પૂર્વની અવસ્થામાં અધર્મ-ધર્મનો સંન્યાસ કર્યો, છતાં કર્મબંધના કારણીભૂત યોગો વિદ્યમાન હતા. તેથી તે અધર્મ-ધર્મનો સંન્યાસ પરિશુદ્ધ નથી, અને અયોગી અવસ્થામાં કર્મબંધનાં સર્વ કારણોનો અભાવ થાય છે, તેથી અધર્મ અને ધર્મનો સંન્યાસ અહીં પરિશુદ્ધ થાય છે. **॥૧૧॥**

**અવતરણિકા :-**

**एवमेतत्स्वरूपमभिधाय प्रकृतोपयोगमाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=શ્લોક-૨ થી માંડીને શ્લોક-૧૧ સુધી વર્ણન કર્યું એ રીતે, આના સ્વરૂપને=ઈચ્છાયોગાદિ ત્રણેના સ્વરૂપને, કહીને પ્રકૃતમાં ઉપયોગને=પ્રકૃત જે મિત્રાદિ દૃષ્ટિ તેમાં ઈચ્છાયોગાદિના ઉપયોગને, કહે છે –**

**શ્લોક :-**

**एतत्त्रयमनाश्रित्य, विशेषेणैतदुद्भवाः ।**
**योगदृष्टय उच्यन्त अष्टौ सामान्यतस्तु ताः ।।१२।।**

**અન્વયાર્થ :-**

**एतत्त्रयम्=આ ત્રણને अनाश्रित्य=અનાશ્રય કરીને विशेषेण=વિશેષથી एतदुद्भवाः योगदृष्टयः=આનાથી ઉદ્ભવ થયેલી યોગદૃષ્ટિઓ=ઈચ્છાદિયોગોથી ઉદ્ભવ થયેલી યોગદૃષ્ટિઓ उच्यन्ते=કહેવાય છે. तु= વળી सामान्यतः=સામાન્યથી ताः अष्टौ=તે આઠ છે. ।।૧૨।।**

**શ્લોકાર્થ :-**

**આ ત્રણને=આ ત્રણ યોગને, અનાશ્રય કરીને વિશેષથી ઈચ્છાયોગાદિથી ઉદ્ભવ થયેલી યોગદૃષ્ટિઓ કહેવાય છે. વળી સામાન્યથી તે આઠ છે. ।।૧૨।।**

**ટીકા :-**

**'एतत्त्रयं'-इच्छायोगादिलक्षणं, 'अनाश्रित्य'=अनङ्गीकृत्य, विशेषेणाऽस्मादियमित्येवंलक्षणेन, किमित्याह 'एतदुद्भवाः योगदृष्टय उच्यन्ते' मित्राद्याः, 'अष्टौ सामान्यतस्तु ताः' दृष्टय इति ।।१२।।**

**ટીકાર્થ :-**

**एतत्त्रयं ..... दृष्टय इति ।। ઇચ્છાયોગાદિ લક્ષણ આ ત્રણ યોગનો અનાશ્રય કરીને=અનંગીકાર કરીને, આનાથી=ઇચ્છાયોગાદિથી, આ છે=મિત્રાદિયોગદૃષ્ટિ છે, એ પ્રકારના લક્ષણરૂપ વિશેષથી, આનાથી ઉદ્ભવ થતી=ઇચ્છાયોગાદિથી ઉદ્ભવ થતી, મિત્રાદિ યોગદૃષ્ટિઓ કહેવાય છે. વળી સામાન્યથી તે દૃષ્ટિઓ=મિત્રાદિ દૃષ્ટિઓ આઠ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૨।।**

**ભાવાર્થ :-**

પૂર્વના શ્લોકોમાં ઇચ્છાયોગાદિ ત્રણ યોગોનું લક્ષણ બતાવ્યું. હવે તેને આશ્રયીને યોગનું વર્ણન કરે તો ઇચ્છાયોગમાં શું શું થાય છે ? શાસ્ત્રયોગમાં શું શું થાય છે ? ઇત્યાદિ વર્ણન કરવું પડે; પરંતુ તે ઇચ્છાયોગાદિ ત્રણને આશ્રયીને હવે ગ્રંથકાર કહેતા નથી; પરંતુ તે ઇચ્છાયોગાદિ ત્રણથી આ મિત્રાદિ દૃષ્ટિઓ થાય છે, તે રૂપ વિશેષથી ઇચ્છાયોગાદિથી ઉદ્ભવ થયેલી મિત્રાદિ દૃષ્ટિઓ હવે પછી ગ્રંથકાર કહેવાના છે. તે દૃષ્ટિઓ વિશેષથી ઘણા ભેદવાળી છે, તોપણ સામાન્યથી આઠ ભેદવાળી છે.

અહીં વિશેષ એ છે કે અવતરણિકામાં કહેલ કે ઇચ્છાયોગાદિ ત્રણના સ્વરૂપને કહીને પ્રકૃતમાં ઇચ્છાયોગાદિ ત્રણનો ઉપયોગ શું છે, તે બતાવીશું. તેથી હવે શ્લોકમાં યોગની આઠ દૃષ્ટિઓમાં ઇચ્છાયોગાદિનો ઉપયોગ શું છે, તે બતાવે છે. તે આ રીતે –

પ્રસ્તુત ગ્રંથમાં જે મિત્રાદિ આઠ દૃષ્ટિઓ બતાવવાના છે, તે આઠે દૃષ્ટિઓનો ઉદ્ભવ ઇચ્છાયોગાદિ ત્રણથી થાય છે. તેથી એ પ્રાપ્ત થયું કે ઇચ્છાયોગાદિ ત્રણથી ઉદ્ભવ થનારી આ આઠ દૃષ્ટિઓ છે. તેથી આઠ દૃષ્ટિઓનું વર્ણન કરવાની ગ્રંથકારે પ્રતિજ્ઞા કરેલ હોવા છતાં તેના પ્રારંભ પૂર્વે ઇચ્છાયોગાદિનું સ્વરૂપ બતાવ્યું, જેથી યોગના અર્થીને જ્ઞાન થાય કે ઇચ્છાયોગાદિ ત્રણ મોક્ષનાં કારણો છે, અને તે ત્રણ યોગોથી યોગની આઠ દૃષ્ટિઓ પ્રગટ થાય છે. આ રીતે ઇચ્છાયોગાદિ ત્રણ અને આઠ દૃષ્ટિઓ વચ્ચે કાર્યકારણભાવરૂપ સંબંધ છે, તે બતાવીને, હવે પછી મિત્રાદિ આઠ દૃષ્ટિઓ ગ્રંથકાર કહેવાના છે તેની પ્રતિજ્ઞા કરી, અને ખુલાસો કર્યો કે મિત્રાદિ દૃષ્ટિઓ સામાન્યથી આઠ છે. તેથી અર્થથી એ પ્રાપ્ત થયું કે ઇચ્છાયોગાદિથી પ્રગટ થનાર યોગદૃષ્ટિઓ વિશેષથી ઘણી છે, તોપણ સામાન્યથી વિચારીએ તો તેના આઠ ભેદો છે.

ઇચ્છાયોગાદિ ત્રણ યોગો શાસ્ત્રે બતાવેલ યોગમાર્ગની પ્રવૃત્તિરૂપ છે. તેમાં ઇચ્છાયોગકાળમાં શાસ્ત્રે બતાવેલ અનુષ્ઠાનમાં યત્ન હોવા છતાં શાસ્ત્રાનુસારી સમ્યગ્ યત્ન ત્રુટિત થાય છે, શાસ્ત્રયોગમાં અનુષ્ઠાન શાસ્ત્રાનુસારી સમ્યક્ થાય છે, અને સામર્થ્યયોગમાં તે અનુષ્ઠાન શાસ્ત્રાનુસારી હોવા સાથે શક્તિના ઉદ્રેકથી

થાય છે. આ મિત્રાદિ દૃષ્ટિઓ ઇચ્છાયોગાદિ ત્રણ યોગની પ્રવૃત્તિથી પ્રગટ થાય છે, અને તે દૃષ્ટિઓ વિશેષ પ્રકારના બોધ સ્વરૂપ છે. આથી આગળમાં ગ્રંથકાર દૃષ્ટિનું લક્ષણ કરતાં કહે છે, 'सत्श्रद्धा संगतो बोधो दृष्टिरित्यभिधीयते'। એ વચન અનુસાર આઠ દૃષ્ટિઓમાં યત્ન હોવા છતાં બોધની પ્રધાનતા છે, અને ઇચ્છાયોગાદિ ત્રણમાં બોધ હોવા છતાં શાસ્ત્રે બતાવેલી ક્રિયાના યત્નની પ્રધાનતા છે. આ રીતે, આઠ દૃષ્ટિઓ અને ઇચ્છાદિ ત્રણ યોગો પરસ્પર સંમિલિત છે. **॥૧૨॥**

**અવતરણિકા :-**

**ताश्चैताः –**

**અવતરણિકાર્થ :-**

**અને તે=પૂર્વ શ્લોકમાં કહેલ કે વિશેષરૂપે આનાથી ઉદ્ભવ થતી યોગદૃષ્ટિઓ કહેવાય છે તે યોગદૃષ્ટિઓ, આ છે=શ્લોકમાં કહેવાય છે એ છે.**

**શ્લોક :-**

**मित्रा तारा बला दीप्रा, स्थिरा कान्ता प्रभा परा ।**
**नामानि योगदृष्टीनां, लक्षणं च निबोधत ।।१३।।**

**અન્વયાર્થ :-**

मित्रा तारा बला दीप्रा स्थिरा कान्ता प्रभा परा=મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાંતા, પ્રભા, પરા योगदृष्टिनां नामानि=યોગદૃષ્ટિઓનાં નામો છે च=અને लक्षणं=લક્ષણને=યોગદૃષ્ટિઓના લક્ષણને निबोधत=સાંભળો. ।।૧૩।।

**શ્લોકાર્થ :-**

**મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાંતા, પ્રભા, પરા એ યોગદૃષ્ટિઓનાં નામો છે અને યોગદૃષ્ટિઓના લક્ષણને સાંભળો. ।।૧૩।।**

**ટીકા :-**

**तत्र मित्रेव मित्रा, तारेव तारेत्यादि यथार्थान्येव नामानि योगदृष्टीनाम्, 'लक्षणं' चासां वक्ष्यमाणलक्षणं, 'निबोधत' - शृणुतेत्यर्थः ।।१३।।**

**ટીકાર્થ :-**

तत्र मित्रेव ..... शृणुतेत्यर्थः ।। ત્યાં=યોગની આઠ દૃષ્ટિઓમાં, મિત્રા જેવી=સખીના જેવી મિત્રા છે, તારા જેવી તારા છે, ઇત્યાદિ યોગદૃષ્ટિનાં યથાર્થ જ નામો છે, અને આનું=દૃષ્ટિઓનું, વક્ષ્યમાણ લક્ષણ સાંભળો. ।।૧૩।।

**ભાવાર્થ :-**

પ્રસ્તુત શ્લોકમાં યોગની આઠ દૃષ્ટિઓનાં નામો બતાવેલાં છે અને તે નામો તે દૃષ્ટિના સ્વરૂપને બતાવે તેવાં યથાર્થ છે; અને આ આઠે દૃષ્ટિઓના લક્ષણને તમે સાંભળો, એમ કહીને શ્રોતાને લક્ષણ સાંભળવાને અભિમુખ કરે છે.

અહીં દૃષ્ટિઓનાં નામો યથાર્થ આ રીતે છે – પહેલી દૃષ્ટિ મિત્રાના જેવી=સખીના જેવી, મિત્રા છે અર્થાત્ જેમ જીવને માટે મિત્ર હિતકારી હોય છે, તેમ સંસારમાં યોગની પહેલી દૃષ્ટિ જીવને પ્રાપ્ત થાય છે, તે બોધ જીવ માટે મિત્ર જેવો બને છે. તેને સામે રાખીને મિત્રા જેવી મિત્રાદૃષ્ટિ છે, એમ કહેલ છે. જોકે બધી દૃષ્ટિઓ મિત્રા જેવી છે, છતાં અહીંથી યોગમાર્ગરૂપ મિત્રની પ્રાપ્તિ છે. તેથી આ દૃષ્ટિનું નામ મિત્રા છે. આવો અર્થ જણાય છે, તે સિવાય અન્ય કોઈ અર્થ હોય તો યોગીઓ વિચારે.

તારા જેવી તારા નામની બીજી દૃષ્ટિ છે. જેમ ચક્ષુની તારા=કીકી, હોય તો ચક્ષુ છે તેમ કહેવાય, અને કીકીવાળી ચક્ષુથી પદાર્થનો કંઈક બોધ થાય છે, અને જ્યારે કીકી નષ્ટ થઈ જાય ત્યારે ચક્ષુ નષ્ટ થઈ તેમ કહેવાય છે, અને નષ્ટ થયેલી કીકીવાળી ચક્ષુથી બોધ થતો નથી. તેથી જેમ બાહ્ય પદાર્થનો બોધ કરવા માટે ચક્ષુની તારા ઉપયોગી છે, તેમ આ દૃષ્ટિમાં જીવને તત્ત્વ જોવા માટે ઉપયોગી, તારા જેવી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે, આથી આ દૃષ્ટિને તારા કહી છે. આથી પહેલી દૃષ્ટિનું 'અભયદયાણં'થી ગ્રહણ કર્યા પછી 'ચક્ખુદયાણં'માં બીજી દૃષ્ટિનું ગ્રહણ છે; અને સામાન્ય બોધપૂર્વક જ વિશેષની જિજ્ઞાસા થાય છે, આવો નિયમ છે; તેથી આ દૃષ્ટિમાં ચક્ષુ મળવાથી કંઈક સામાન્ય બોધ થયો અને તેનાથી વિશેષની જિજ્ઞાસા થઈ. તેથી વિશેષ જિજ્ઞાસાની કારણભૂત એવી તત્ત્વને જોવાની ચક્ષુની કીકીની પ્રાપ્તિ આ દૃષ્ટિમાં છે. તે બતાવવા માટે તારા જેવી તારા છે, એમ કહેલ છે, એવું જણાય છે. વિશેષ બહુશ્રુત વિચારે.

**(૧) મિત્રાદૃષ્ટિ :-** પહેલી દૃષ્ટિમાં અસ્પષ્ટ બોધ હોય છે, તોપણ તે યોગમાર્ગનો બોધ હોવાથી જીવ માટે મિત્ર જેવો છે, માટે પહેલી દૃષ્ટિને મિત્રાદૃષ્ટિ કહી છે.

**(૨) તારાદૃષ્ટિ :-** બીજી દૃષ્ટિમાં પહેલી દૃષ્ટિ કરતાં કંઈક સ્પષ્ટ બોધ હોય છે, તેથી જીવના આંતરચક્ષુ જેવો તે બોધ છે. આથી કંઈક બોધ થવાને કારણે આ દૃષ્ટિમાં વિશેષની જિજ્ઞાસા પણ થાય છે, તેથી બીજી દૃષ્ટિને તારાદૃષ્ટિ કહી છે.

**(૩) બલાદૃષ્ટિ :-** ત્રીજી દૃષ્ટિમાં પહેલી દૃષ્ટિ અને બીજી દૃષ્ટિ કરતાં કંઈક બલિષ્ઠ બોધ થાય છે, જે બોધના બળથી જીવ યોગમાર્ગ ઉપર અવક્રપણે ચાલી શકે છે. આથી ત્રીજી દૃષ્ટિમાં અર્થપ્રયોગમાત્રની પ્રીતિ પ્રગટ થાય છે અને યોગમાર્ગમાં યત્નલેશ પણ શરૂ થાય છે. તેથી ત્રીજી દૃષ્ટિને બલાદૃષ્ટિ કહી છે.

**(૪) દીપ્રાદૃષ્ટિ :-** ચોથી દૃષ્ટિ દીવા જેવી છે. અંધકારમાં દીવાથી થતો બોધ તૃણ અગ્નિકણ, છાણ અગ્નિકણ કે કાષ્ટ અગ્નિકણ કરતાં ઘણો અધિક છે. તે બતાવવા માટે ચોથી દૃષ્ટિને દીવા જેવી દીપ્રાદૃષ્ટિ નામ આપેલ છે.

(૫) **સ્થિરાદૃષ્ટિ :-** દીપ્રાદૃષ્ટિમાં દીવા જેવો પ્રકાશ છે, પરંતુ દીવાનો પ્રકાશ સ્થિર હોતો નથી, પવનના ઝપાટાથી મંદ-તીવ્ર થાય છે, તેવો બોધ ચોથી દૃષ્ટિમાં છે; જ્યારે પાંચમી દૃષ્ટિમાં થયેલો બોધ સ્થિર હોય છે; કેમ કે સર્વજ્ઞ અને વીતરાગે જે સ્યાદ્વાદમય તત્ત્વ કહ્યું છે, તે જ તત્ત્વ છે, અન્ય નહિ; તેવો સ્થિરબોધ પાંચમી દૃષ્ટિમાં થાય છે. તે બતાવવા માટે પાંચમી દૃષ્ટિને સ્થિરાદૃષ્ટિ કહેલ છે.

(૬) **કાન્તાદૃષ્ટિ :-** છઠ્ઠી દૃષ્ટિમાં બોધ કાન્ત હોય છે. આથી છઠ્ઠી દૃષ્ટિવાળા જીવો પ્રકૃતિથી કાન્ત હોય છે અર્થાત્ શુદ્ધ ઉપયોગને અનુસરનારા હોય છે. તેથી તેની કાન્ત પ્રકૃતિને સામે રાખીને છઠ્ઠી દૃષ્ટિને 'કાન્તા' નામ આપેલ છે.

(૭) **પ્રભાદૃષ્ટિ :-** પ્રભાદૃષ્ટિમાં પ્રાયઃ નિર્વિકલ્પ દશા વર્તતી હોય છે. તેમાં શુદ્ધ આત્માની પ્રભા દેખાય તેવી ઉત્તમ જીવની પ્રકૃતિ બને છે અને તેના સાંનિધ્યમાં અન્ય જીવોનાં વૈરાદિ નાશ થાય છે. અહીં ખરી આત્માની પ્રભા પ્રગટ થયેલી હોય તેવી આ દૃષ્ટિ છે. તે બતાવવા માટે 'પ્રભા' નામ આપ્યું છે.

(૮) **પરાદૃષ્ટિ :-** આત્માની યોગની ભૂમિકાનો પરાકોટીનો વિકાસ અહીં છે. ત્યાર પછી જીવ શીઘ્ર કેવલજ્ઞાન પામે છે. તે બતાવવા માટે છેલ્લી દૃષ્ટિને પરાદૃષ્ટિ કહેલ છે. **॥૧૩॥**

**અવતરણિકા :-**

**इहौघदृष्टिव्यवच्छेदार्थं योगदृष्टिग्रहणमिति तामभिधातुमाह –**

**અવતરણિકાર્થ :-**

**અહીં=શ્લોક-૧૨માં યોગદૃષ્ટિ કહેવાય છે, એમ કહ્યું. એમાં, ઓઘદૃષ્ટિના વ્યવચ્છેદ માટે યોગદૃષ્ટિનું ગ્રહણ છે. એથી તેને=ઓઘદૃષ્ટિને, બતાવવા માટે કહે છે –**

**શ્લોક :-**

**समेघाऽमेघरात्र्यादौ, सग्रहाद्यर्भकादिवत् ।**
**ओघदृष्टिरिह ज्ञेया, मिथ्यादृष्टीतराश्रया ।।१४।।**

**અન્વયાર્થ :-**

**इह=અહીં=પારલૌકિક પ્રમેયમાં समेघाऽमेघरात्र्यादौ=સમેઘરાત્રિ, અમેઘરાત્રિ આદિમાં सग्रहाद्यर्भकादिवत्= સગ્રહાદિ અર્ભકાદિની જેમ मिथ्यादृष्टीतराश्रया - ओघदृष्टिः=મિથ્યાદૃષ્ટિ અને ઈતર આશ્રયવાળી ઓઘદૃષ્ટિ ज्ञेया=જાણવી. ॥૧૪॥**

**શ્લોકાર્થ :-**

**પારલૌકિક પ્રમેયમાં સમેઘા રાત્રિ, અમેઘા રાત્રિ આદિમાં સગ્રહાદિ, અર્ભકાદિની જેમ મિથ્યાદૃષ્ટિ અને ઈતર આશ્રયવાળી ઓઘદૃષ્ટિ જાણવી. ॥૧૪॥**

**નોંધ :-** પ્રસ્તુત ગાથામાં મિથ્યાદૃષ્ટિતરાશ્રયા એ ઓઘદૃષ્ટિનું વિશેષણ છે, અને સમેઘ-અમેઘ રાત્રિ આદિમાં સગ્રહાદિ, અર્ભકાદિને જેમ દૃષ્ટ પદાર્થમાં બોધનો ભેદ પડે છે, તેમ પારલૌકિક પ્રમેયમાં બોધના ભેદવાળી ઓઘદૃષ્ટિ છે, તેમ બતાવેલ છે. જ્યારે ૨૦મી બત્રીસી અને શ્લોક નં. ૨૪માં –

'સમેઘ-અમેઘ રાત્રિ આદિમાં સગ્રહાદિની જેમ' - તેમ દૃષ્ટાંત બતાવીને આદિ પદથી મિથ્યાદૃષ્ટિ અને ઇતરનું ગ્રહણ કરેલ છે. તેથી મિથ્યાદૃષ્ટિ અને ઇતર પણ દૃષ્ટાંતમાં ગ્રહણ થાય છે, પરંતુ ઓઘદૃષ્ટિના વિશેષણરૂપે ગ્રહણ થતા નથી અથવા પ્રસ્તુત ગાથામાં 'सग्रहाद्यर्भकादिवत्' એ ઓઘદૃષ્ટિ સાથે સમાસરૂપે પણ હોય એમ સંભાવના છે.

વળી પ્રસ્તુત ટીકામાં પણ ભાવાર્થ બતાવ્યો છે, ત્યાં મિથ્યાદૃષ્ટિ અને ઇતરને દૃષ્ટાંતમાં ગ્રહણ કરેલ છે. પરંતુ શ્લોકમાં મિથ્યાદૃષ્ટિતરાશ્રયા ઓઘદૃષ્ટિનું વિશેષણ કરેલ છે. તેથી શ્લોક સાથે ટીકાનું જોડાણ ખ્યાલ આવતું નથી, પરંતુ ટીકાના લખાણ પ્રમાણે જ બત્રીશીનું લખાણ દેખાય છે, તેથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

**ટીકા :-**

**इहौघदृष्टिर्ज्ञानावरणीयादिकर्मक्षयोपशमवैचित्र्याच्चित्रा, समेघामेघं च तद्रात्र्यादि च आदिशब्दाद् दिवसपरिग्रहः तस्मिन्, सग्रहादिश्चासौ अर्भकादिश्चेति विग्रहः, प्रथमादिशब्दादग्रहपरिग्रहः, द्वितीयादिशब्दादनर्भकपरिग्रहः, 'ओघदृष्टिः'=सामान्यदर्शनं भवाभिनन्दिसत्त्वविषया, मिथ्यादृष्टिश्चेतरश्च मिथ्यादृष्टीतरौ तदाश्रया, काचाद्युपहतो मिथ्यादृष्टिः, तदनुपहतस्त्वितर इत्यक्षरगमनिका ।**

❖ ज्ञानावरणीयादिकर्मक्षयोपशमवैचित्र्यात्' માં 'आदि' શબ્દથી દર્શનાવરણીય કર્મ લેવું.

**ટીકાર્થ :-**

**इहौघ ..... इत्यक्षरगमनिका । અહીં=પારલૌકિક પ્રમેયના વિષયમાં=પરલોકની વિચારણામાં ઉપયોગી પદાર્થના વિષયમાં, જ્ઞાનાવરણીયાદિ કર્મોના ક્ષયોપશમના વૈચિત્ર્યથી ચિત્ર પ્રકારની ઓઘદૃષ્ટિ છે. તે કેવી છે.તે બતાવે છે - સમેઘ અને અમેઘ એવી રાત્રિ, અને આદિ શબ્દથી દિવસ ગ્રહણ કરવો. તેમાં= સમેઘ, અમેઘ રાત્રિ આદિમાં. હવે 'सग्रहाद्यर्भकादिवत्' નો સમાસ બતાવે છે. સગ્રહાદિ એવો અર્ભક આદિ, એ પ્રમાણે સમાસનો વિગ્રહ કરવો. સગ્રહ આદિ અર્ભક આદિમાં પ્રથમ આદિ શબ્દથી અગ્રહનું ગ્રહણ કરવું અને બીજા આદિ શબ્દથી અનર્ભકનું ગ્રહણ કરવું.**

**ઓઘદૃષ્ટિ=સામાન્ય દર્શન, ભવાભિનંદી જીવના વિષયવાળી છે. મિથ્યાદૃષ્ટિ અને ઈતર તે મિથ્યાદૃષ્ટિઈતર, તે બેના આશ્રયવાળી ઓઘદૃષ્ટિ છે. અહીં મિથ્યાદૃષ્ટિ શબ્દથી શાસ્ત્રપ્રસિદ્ધ મિથ્યાદૃષ્ટિ ગ્રહણ કરવાની નથી, પરંતુ જેની ચક્ષુ કાચ આદિથી ઉપહત હોય તે મિથ્યાદૃષ્ટિ, અને જેની ચક્ષુ કાચ આદિથી અનુપહત હોય=ચક્ષુમાં મોતિયો, ઝામર આદિ કંઈ ન હોય, તે ઈતર=સમ્યગ્દૃષ્ટિ, આ પ્રમાણે શ્લોકનો અક્ષરાર્થ છે.**

ટીકા :-

भावार्थस्तु-एका समेघायां रात्रौ दृष्टिः किंचिन्मात्रग्राहिणी, अपरा त्वमेघायां मनागधिकतरग्राहिणीति, आदिशब्दाद्दिवसग्रह इति, तदेका समेघे दिवसे तथाऽपराऽमेघ इति, अस्ति चानयोर्विशेषः, इयमपि सग्रहस्य द्रष्टुः, आदिशब्दादग्रहस्य च, भवत्यनयोरपि विशेषः, चित्र(त्त)विभ्रमादिभेदात्, इयमप्यर्भकस्य द्रष्टुः, आदिशब्दादनर्भकस्य च, अस्त्यनयोरपि भेदो विवेकवैकल्यादिभेदात्, इयमपि मिथ्यादृष्टेः काचाद्युपहतलोचनस्य, इतरस्य तदनुपहतलोचनस्येति । यथैष दृष्टिभेद एकस्मिन्नपि दृश्ये चित्रोपाधिभेदात्, तथा पारलौकिकेऽपि प्रमेये क्षयोपशमवैचित्र्यतश्चित्रः प्रतिपत्तिभेद इति । एतन्निबन्धनोऽयं दर्शनभेद इति योगाचार्याः । न खल्वयं स्थिरादिदृष्टिमतां भिन्नग्रन्थीनां योगिनां, यथाविषयं नयभेदावबोधभावादिति प्रवृत्तिरप्यमीषां परार्थं शुद्धबोधभावेन विनिवृत्ताऽऽग्रहतया मैत्र्यादिपारतन्त्र्येण गम्भीरोदाराशयत्वात् चारिचरिकसंजीवन्यचरकचारणनीत्येति, अलं प्रसङ्गेन ।।१४।।

ટીકાર્થ :-

શ્લોકનો ભાવાર્થ વળી આ પ્રમાણે છે –

સમેઘ રાત્રિમાં એક દૃષ્ટિ=ચક્ષુ, કંઈક માત્ર ગ્રહણ કરનારી છે. બીજી દૃષ્ટિ વળી અમેઘમાં થોડું અધિકતર ગ્રહણ કરનારી છે. સમેઘ-અમેઘ રાત્રિમાં આદિ શબ્દથી દિવસનું ગ્રહણ કરવું. ત્યાં એક સમેઘ દિવસમાં અને બીજી અમેઘ દિવસમાં જોનારી દૃષ્ટિ છે. એથી આ બેમાં=સમેઘ-અમેઘ દિવસે જોનારી દૃષ્ટિમાં, વિશેષ છે=ભેદ છે. આ પણ=સમેઘ-અમેઘ રાત્રિ અને દિવસમાં ગ્રહણ કરનારી દૃષ્ટિ પણ, સગ્રહ દૃષ્ટાની અને આદિ શબ્દથી અગ્રહ દૃષ્ટાની છે. આ બેમાં પણ=સગ્રહ અને અગ્રહ દૃષ્ટાની દૃષ્ટિમાં પણ, વિશેષ=ભેદ છે; કેમ કે ચિત્તનો વિભ્રમ આદિ ભેદ છે. અહીં ચિત્તવિભ્રમઆદિમાં આદિ પદથી ચિત્તનો અવિભ્રમ ગ્રહણ કરવાનો છે. આ પણ=સગ્રહ અને અગ્રહ દૃષ્ટાની દૃષ્ટિ પણ અર્ભકદૃષ્ટાની અને આદિ શબ્દથી અનર્ભકદૃષ્ટાની છે. આ બેનો પણ=અર્ભક-અનર્ભકદૃષ્ટાની દૃષ્ટિનો પણ, ભેદ છે; કેમ કે વિવેકવૈકલ્યાદિનો ભેદ છે. વિવેકવૈકલ્યાદિમાં આદિ પદથી વિવેકઅવૈકલ્યનું ગ્રહણ છે. આ પણ=અર્ભક-અનર્ભકદૃષ્ટાની દૃષ્ટિ પણ, મિથ્યાદૃષ્ટિની=કાચ આદિ ઉપહત લોચનવાળાની અને ઈતરની=અનુપહત લોચનવાળાની છે.

'इति' શબ્દ દૃષ્ટિની તરતમતાના નિયામક દૃષ્ટાંતના કથનની સમાપ્તિ માટે છે.

ઉપરના કથનમાં બોધની તરતમતાના ૩૨ વિકલ્પો નીચે પ્રમાણે છે.

| | I | II | III | IV | V |
|---|---|---|---|---|---|
| ૧. | સમેઘ | રાત્રિ | મિથ્યાદૃષ્ટિ | અર્ભક | સગ્રહ |
| ૨. | અમેઘ | રાત્રિ | મિથ્યાદૃષ્ટિ | અર્ભક | સગ્રહ |
| ૩. | સમેઘ | દિવસ | મિથ્યાદૃષ્ટિ | અર્ભક | સગ્રહ |
| ૪. | અમેઘ | દિવસ | મિથ્યાદૃષ્ટિ | અર્ભક | સગ્રહ |
| ૫. | સમેઘ | રાત્રિ | સમ્યગ્દૃષ્ટિ | અર્ભક | સગ્રહ |
| ૬. | અમેઘ | રાત્રિ | સમ્યગ્દૃષ્ટિ | અર્ભક | સગ્રહ |
| ૭. | સમેઘ | દિવસ | સમ્યગ્દૃષ્ટિ | અર્ભક | સગ્રહ |
| ૮. | અમેઘ | દિવસ | સમ્યગ્દૃષ્ટિ | અર્ભક | સગ્રહ |
| ૯. | સમેઘ | રાત્રિ | મિથ્યાદૃષ્ટિ | અનર્ભક | સગ્રહ |
| ૧૦. | અમેઘ | રાત્રિ | મિથ્યાદૃષ્ટિ | અનર્ભક | સગ્રહ |
| ૧૧. | સમેઘ | દિવસ | મિથ્યાદૃષ્ટિ | અનર્ભક | સગ્રહ |
| ૧૨. | અમેઘ | દિવસ | મિથ્યાદૃષ્ટિ | અનર્ભક | સગ્રહ |
| ૧૩. | સમેઘ | રાત્રિ | સમ્યગ્દૃષ્ટિ | અનર્ભક | સગ્રહ |
| ૧૪. | અમેઘ | રાત્રિ | સમ્યગ્દૃષ્ટિ | અનર્ભક | સગ્રહ |
| ૧૫. | સમેઘ | દિવસ | સમ્યગ્દૃષ્ટિ | અનર્ભક | સગ્રહ |
| ૧૬. | અમેઘ | દિવસ | સમ્યગ્દૃષ્ટિ | અનર્ભક | સગ્રહ |
| ૧૭. | સમેઘ | રાત્રિ | મિથ્યાદૃષ્ટિ | અર્ભક | અગ્રહ |
| ૧૮. | અમેઘ | રાત્રિ | મિથ્યાદૃષ્ટિ | અર્ભક | અગ્રહ |
| ૧૯. | સમેઘ | દિવસ | મિથ્યાદૃષ્ટિ | અર્ભક | અગ્રહ |
| ૨૦. | અમેઘ | દિવસ | મિથ્યાદૃષ્ટિ | અર્ભક | અગ્રહ |
| ૨૧. | સમેઘ | રાત્રિ | સમ્યગ્દૃષ્ટિ | અર્ભક | અગ્રહ |
| ૨૨. | અમેઘ | રાત્રિ | સમ્યગ્દૃષ્ટિ | અર્ભક | અગ્રહ |
| ૨૩. | સમેઘ | દિવસ | સમ્યગ્દૃષ્ટિ | અર્ભક | અગ્રહ |
| ૨૪. | અમેઘ | દિવસ | સમ્યગ્દૃષ્ટિ | અર્ભક | અગ્રહ |
| ૨૫. | સમેઘ | રાત્રિ | મિથ્યાદૃષ્ટિ | અનર્ભક | અગ્રહ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૬. | અમેઘ | રાત્રિ | મિથ્યાદૃષ્ટિ | અનર્ભક | અગ્રહ |
| ૨૭. | સમેઘ | દિવસ | મિથ્યાદૃષ્ટિ | અનર્ભક | અગ્રહ |
| ૨૮. | અમેઘ | દિવસ | મિથ્યાદૃષ્ટિ | અનર્ભક | અગ્રહ |
| ૨૯. | સમેઘ | રાત્રિ | સમ્યગ્દૃષ્ટિ | અનર્ભક | અગ્રહ |
| ૩૦. | અમેઘ | રાત્રિ | સમ્યગ્દૃષ્ટિ | અનર્ભક | અગ્રહ |
| ૩૧. | સમેઘ | દિવસ | સમ્યગ્દૃષ્ટિ | અનર્ભક | અગ્રહ |
| ૩૨. | અમેઘ | દિવસ | સમ્યગ્દૃષ્ટિ | અનર્ભક | અગ્રહ |

**હવે દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિક ભાવ બતાવે છે –**

**જે પ્રમાણે એક પણ દૃશ્યમાં ચિત્ર ઉપાધિના ભેદથી આ દૃષ્ટિભેદ છે, તે પ્રકારે પારલૌકિક પ્રમેયમાં પણ ક્ષયોપશમના વૈચિત્ર્યથી ચિત્ર પ્રતિપત્તિભેદ છે=જુદા જુદા પ્રકારના સ્વીકારનો ભેદ છે. 'इति' શબ્દ દાર્ષ્ટાંતિક યોજનની સમાપ્તિ માટે છે. આના નિબંધનવાળો=પારલૌકિક પ્રમેયમાં જુદા જુદા પ્રકારના પ્રતિપત્તિભેદરૂપ ઓઘદૃષ્ટિના કારણવાળો, આ દર્શનભેદ છે=પારલૌકિક પ્રમેયમાં જુદા જુદા મતો છે, એ પ્રમાણે યોગને જાણનારા આચાર્યો કહે છે.**

**ખરેખર, ભિન્નગ્રંથિ એવા સ્થિરાદિ દૃષ્ટિવાળા યોગીઓને આ=દર્શનભેદ, નથી; કેમ કે યથાવિષય નયભેદના અવબોધનો સદ્ભાવ છે. એથી કરીને આ લોકોની=સ્થિરાદિ દૃષ્ટિવાળાઓની, પ્રવૃત્તિ પણ પરાર્થ છે; કેમ કે શુદ્ધબોધનો સદ્ભાવ હોવાને કારણે વિનિવૃત્ત આગ્રહવાળા હોવાથી ચારિચરિક સંજીવની અચરક ચારણનીતિ વડે મૈત્ર્યાદિપરતંત્રપણાથી ગંભીર ઉદાર આશયવાળા છે.**

**'इति' શબ્દ કથનની સમાપ્તિ માટે છે.**

**શ્લોકની અવતરણિકામાં કહેલ કે ઓઘદૃષ્ટિના વ્યવચ્છેદ માટે યોગદૃષ્ટિનું ગ્રહણ છે, તેથી પ્રાસંગિક રીતે ઓઘદૃષ્ટિને બતાવી. હવે તે પ્રાસંગિક કથન પૂરું થાય છે, તેથી કહે છે પ્રસંગથી સર્યું. ॥૧૪॥**

**ભાવાર્થ :-**

ચક્ષુથી દેખાતા પદાર્થમાં પણ પદાર્થ સમેઘ રાત્રિમાં અસ્પષ્ટ દેખાય છે. તેના કરતાં અમેઘ રાત્રિમાં તે બાહ્ય પદાર્થ કંઈક અધિક ગ્રહણ થાય છે. તે રીતે સમેઘ દિવસમાં તેનાથી કંઈક અધિક દેખાય છે અને અમેઘ દિવસમાં વધારે સ્પષ્ટ દેખાય છે. આ રીતે પદાર્થને જોવામાં મેઘ, અમેઘ અને રાત્રિ, દિવસના ભેદથી બોધનો ભેદ થાય છે. વળી કોઈ સગ્રહવાળો દૃષ્ટા હોય, કોઈ અગ્રહવાળો દૃષ્ટા હોય, તો ચિત્તના વિભ્રમ અને અવિભ્રમને કારણે પણ બોધમાં ભેદ થાય છે. તેને માટે સોનીનું દૃષ્ટાંત આ પ્રમાણે છે :

કોઈ સોનીનો મિત્ર તેની પાસેથી સોનું ખરીદવા તૈયાર થયો. ત્યારે સોનીએ કહ્યું, તું અન્ય પાસેથી લે; કેમ કે હું સાચું આપીશ તો પણ લોકો તેને ખોટું કહેશે અને તને મારા માટે શંકા થશે; છતાં તેના અતિ આગ્રહથી ખાત્રી કરાવવા માટે એક સોનાનું કડું આપ્યું અને કહ્યું કે મારું નામ દીધા વગર તું અન્ય સર્વને

બતાવી આવ. જ્યારે તે અન્ય સર્વ સોનીને બતાવવા ગયો ત્યારે બધા તેને આ સોનું સાચું છે, તેમ કહે છે. ફરી સોનીએ બીજું કડું આપીને કહ્યું કે હવે મારું નામ આપીને સર્વ સોનીને બતાવી આવ. તે સર્વ સોનીને બતાવવા ગયો ત્યારે બધા તેને ખોટું કહે છે.

આ રીતે મિત્રને વિશ્વાસમાં લઈને સોનીએ કહ્યું કે મારી પાસેથી સોનું લઈ મારું નામ દેવાથી સોનું સાચું હશે તોપણ બધા ખોટું કહેશે. તેથી ભવિષ્યમાં તને શંકા થાય, માટે બીજા પાસેથી તું સોનું ખરીદ કર. આમ કહ્યા છતાં તેના પ્રત્યેની પ્રીતિથી તેણે તેની પાસેથી સોનું લીધું. સોનીએ તેને ખોટું સોનું આપેલ. બધા સોનીઓએ પણ તે સોનાને ખોટું કહ્યું, તોપણ મિત્ર સગ્રહવાળો હોવાને કારણે તે ખોટું સોનું પણ તેને સાચું દેખાય છે. અગ્રહવાળો હોય તો કષાદિ પરીક્ષાથી તે સોનું નથી તેમ નિર્ણય કરે તો સત્ય વાત જાણી શકે; પરંતુ સગ્રહવાળો તે મિત્ર સોનું ન હતું છતાં સોનારૂપે જુએ છે, જ્યારે અગ્રહવાળો હોય તો ચક્ષુથી જેટલું દેખાય છે તેટલું સાચું માને છે, અને સોનાની પરીક્ષાની અપેક્ષા રાખે છે. તેથી સગ્રહવાળાને પદાર્થ જેવો દેખાય છે, તેનાથી અગ્રહવાળાને વધારે સ્પષ્ટ દેખાય છે અર્થાત્ સગ્રહવાળો જેને સોનારૂપે જુએ છે, તે સોનાની પરીક્ષા કરવી જોઈએ, તે પ્રકારનો વિશેષ બોધ અગ્રહવાળાને થાય છે. તેમાં સગ્રહવાળાનો ચિત્તનો વિભ્રમ કારણ છે અને અગ્રહવાળાના ચિત્તનો અવિભ્રમ કારણ છે. તેમ અન્ય પણ કોઈ રીતે ચિત્તનો વિભ્રમ થયેલો હોય તેવા સગ્રહવાળા દૃષ્ટા કરતાં અગ્રહવાળા દૃષ્ટાને વિશેષ બોધ થાય.

વળી, આ દૃષ્ટ પદાર્થ બાળક જોતો હોય અને પુખ્ત ઉંમરનો જોતો હોય તોપણ બોધમાં ફેર પડે છે.

વળી, કોઈની ચક્ષુમાં કાચ આદિ દોષો હોય તો તેના કારણે પણ બાહ્ય પદાર્થ અસ્પષ્ટ દેખાય છે, અને કોઈની દૃષ્ટિ ચોખ્ખી હોય તો પદાર્થ સ્પષ્ટ જોઈ શકે છે.

આ રીતે બાહ્ય પદાર્થોના દર્શનમાં બોધની તરતમતાથી કુલ બત્રીશ વિકલ્પો પડે છે. તે રીતે પરલોક માટે ઉપયોગી એવા આત્માદિ પદાર્થોના વિષયમાં ક્ષયોપશમની તરતમતાથી બોધનો ભેદ પ્રાપ્ત થાય છે. આ જે બોધનો ભેદ છે, તે ઓઘદૃષ્ટિ છે, અને આ ઓઘદૃષ્ટિને કારણે દર્શનનો ભેદ પ્રાપ્ત થાય છે અર્થાત્ જુદાં જુદાં દર્શનો જુદી જુદી માન્યતા ધરાવે છે.

જ્યારે કોઈ સાધકે ગ્રંથિને ભેદી છે અને આના કારણે સ્થિરાદૃષ્ટિવાળા યોગી બન્યા છે, તેમને પારલૌકિક પદાર્થમાં યથાસ્થાને નયબોધ હોવાને કારણે જેવું એક યોગીને દેખાય છે, તેવું અન્ય સ્થિરાદૃષ્ટિવાળા યોગીને પણ દેખાય છે. તેથી બધા સ્થિરાદૃષ્ટિવાળા યોગીઓને એકસરખું દેખાય છે. ક્વચિત્ કોઈ સમ્યગ્દૃષ્ટિને તે બોધ સંગ્રહાત્મક હોય તો કોઈકને વિસ્તારાત્મક હોય, પરંતુ પરસ્પર મતભેદરૂપ દર્શનભેદની પ્રાપ્તિ થતી નથી.

આશય એ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવો અતીન્દ્રિય પદાર્થોમાં સર્વજ્ઞના વચન પ્રમાણે સ્થિર રુચિવાળા હોય છે. તેથી શાસ્ત્ર ભણીને જેઓ ગીતાર્થ થયા છે, તેવા યોગીઓને નયસાપેક્ષ બોધ હોય છે, અને જેઓને તેવો વિશદ બોધ નથી, તેવા સમ્યગ્દૃષ્ટિનો પણ બોધ સર્વજ્ઞના વચન પ્રમાણે હોય છે, અને આથી સર્વજ્ઞના વચનને યથાર્થ કહેનારા એવા ગુણવાન ગુરુને પરતંત્ર થઈને વિશેષ વિશેષ જાણવા યત્ન કરે છે. તેમને જ્યાં સુધી વિશેષ બોધ નથી ત્યાં સુધી સંગ્રહાત્મક યથાર્થ બોધ છે અને વિશેષ બોધ થયા પછી વિસ્તારાત્મક યથાર્થ બોધ થાય છે.

માટે સ્થિરાદિદૃષ્ટિવાળા કોઈપણ સમ્યગ્દૃષ્ટિનો બોધ ઓઘદૃષ્ટિવાળો નથી, જ્યારે પારલૌકિક પ્રમેયમાં સ્થિરાદિદૃષ્ટિની પૂર્વના યોગીઓમાં મિત્રાદિદૃષ્ટિને કારણે જેમ યોગદૃષ્ટિ છે, તેમ મિથ્યાત્વને કારણે ઓઘદૃષ્ટિ પણ હોવાને કારણે મતભેદો પણ છે; અને સ્થિરાદિ દૃષ્ટિવાળા જીવોમાં સંપૂર્ણ રુચિ સર્વજ્ઞના વચનાનુસાર હોવાથી પારલૌકિક પ્રમેયમાં મતભેદ હોતો નથી. મિત્રાદિ ચાર દૃષ્ટિવાળા જીવો આ ઓઘદૃષ્ટિના કારણે કંઈક વિપર્યાસવાળા હોય છે, તોપણ સામગ્રી મળતાં તેમનો વિપર્યાસ નિવર્તન પામે તેવો હોય છે, માટે તેઓમાં રહેલી ઓઘદૃષ્ટિ અતિદૃઢ નથી; જ્યારે મિત્રાદિદૃષ્ટિ વગરના સ્વસ્વદર્શનના આગ્રહી એવા ઓઘદૃષ્ટિવાળા જીવોનો વિપર્યાસ અનિવર્તનીય હોય છે, તેથી તેઓમાં વર્તતું ભવાભિનંદીપણું દૃઢ હોય છે.

વળી, જે સમ્યગ્દૃષ્ટિ જીવો વિશદ બોધવાળા છે, તેઓની પ્રવૃત્તિ પરના ઉપકાર માટે હોય છે; વળી શુદ્ધ બોધ હોવાને કારણે=નયસાપેક્ષ બોધ હોવાને કારણે, આગ્રહ વગરના છે, મૈત્રી આદિ ભાવોવાળા છે અને ભગવાનના વચનથી ભાવિત મતિવાળા હોવાને કારણે ગંભીર, ઉદાર આશયવાળા છે, તેથી યોગ્ય જીવોને સન્માર્ગની પ્રાપ્તિ થાય તેવો યત્ન કરે છે.

જેમ કોઈ સ્ત્રીનો પતિ તેની સખી દ્વારા અપાયેલ જડીબુટ્ટીથી બળદ બની ગયો. તેની પત્ની તેને ચારો ચરાવતી હતી. તે વખતે આકાશમાંથી જતા વિદ્યાધરના વચનથી આ વૃક્ષની નીચે સંજીવની છે તેમ જાણીને, સંજીવનીની ઓળખ ન હોવાથી તેની પત્ની સંજીવની ઔષધિ પણ સાથે આવી જાય તે રીતે સર્વ ચારો ચરાવે છે, તેથી તે બળદ મટી માણસ થાય છે. તેમ જે લોકો યોગમાર્ગમાં આવેલા છે, પણ સંજીવનીરૂપ ભગવાનના શાસનને પામ્યા નથી, તેવા જીવોને 'सर्वान् देवान् नमस्यंति' એ વચનને અવલંબીને સર્વ દેવોને નમસ્કાર કરતા કરીને ભગવાનના શાસનની પ્રાપ્તિ થાય તેવો યત્ન આ વિશદ બોધવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો કરે છે. જેમ પત્નીએ પતિબળદને ચારા સાથે સંજીવની પ્રાપ્ત થાય તેમ ચારો ચરાવ્યો, તેથી તેનો પતિ બળદભાવને છોડીને પુરુષભાવને પામ્યો, તેમ આવા જીવોને બધા દેવોને નમસ્કાર કરતા કરવાથી તેઓ સર્વ દર્શનોમાં જતા થઈને તે તે દર્શનોના તત્ત્વોને જાણવા માટે યત્ન કરતા થાય છે. તેથી આવા જીવો યોગ્ય હોવાથી અને ગુણના પક્ષપાતવાળા હોવાથી અન્ય દર્શન કરતાં ભગવાનનું દર્શન વિશેષ છે તેવું જાણીને, અન્ય દર્શનને છોડીને જ્યારે સ્વયં ભગવાનના શાસનને સ્વીકારે છે, ત્યારે અન્ય દર્શનના પક્ષપાતરૂપ બળદભાવને છોડીને ભગવાનના દર્શનના પક્ષપાતરૂપ પુરુષભાવને પ્રાપ્ત કરે છે. **॥૧૪॥**

**અવતરણિકા :-**

**प्रकृतं प्रस्तुमः प्रकृता च मित्रादिभेदभिन्ना योगदृष्टिः, इयं चेत्थमष्टधेति निदर्शनमात्रमधिकृत्याह -**

**અવતરણિકાર્થ :-**

**પ્રકૃતને પ્રસ્તુત કરીએ છીએ=શરૂ કરીએ છીએ, અને પ્રકૃત મિત્રાદિ ભેદથી ભિન્ન=મિત્રાદિ ભેદવાળી યોગદૃષ્ટિ છે, અને આ=યોગદૃષ્ટિ, આ રીતે=મિત્રાદિ ભેદવાળી છે એ રીતે, આઠ પ્રકારની છે, એ પ્રકારે નિદર્શનમાત્રને આશ્રયીને=દૃષ્ટાંતમાત્રને આશ્રયીને, ગ્રંથકાર કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૩માં કહ્યું કે મિત્રાદિ યોગદૃષ્ટિના લક્ષણને=સ્વરૂપને, તમે સાંભળો. તેથી મિત્રાદિદૃષ્ટિનું લક્ષણ પ્રકૃત છે. ત્યાં ગ્રંથકારને પ્રાસંગિક સ્મરણ થયું કે યોગદૃષ્ટિ કહેવાની પ્રતિજ્ઞા કરી, તેથી ઓઘદૃષ્ટિનો વ્યવચ્છેદ થાય છે. માટે પ્રાસંગિક રીતે શ્લોક-૧૪માં ઓઘદૃષ્ટિ બતાવી અને શ્લોક-૧૪ના અંતે કહ્યું કે પ્રસંગથી સર્યું. તેથી હવે ૧૫મા શ્લોકનું ઉત્થાન કરતાં કહે છે કે પ્રકૃતને અમે કહીએ છીએ, અને પ્રકૃત એ મિત્રાદિ આઠ યોગની દૃષ્ટિઓ છે. તે આઠ દૃષ્ટિઓને દૃષ્ટાંતમાત્રને આશ્રયીને બતાવે છે અર્થાત્ આઠે દૃષ્ટિઓમાં વર્તતા બોધનો ભેદ દૃષ્ટાંતમાત્રને આશ્રયીને પ્રસ્તુત શ્લોકમાં કહે છે, જે મિત્રાદિદૃષ્ટિઓનું સ્વરૂપ છે.

**શ્લોક :-**

**तृणगोमयकाष्ठाग्निकणदीपप्रभोपमा ।**
**रत्नतारार्कचन्द्राभा, सद्दृष्टेर्दृष्टिरष्टधा ।।१५।।**

**અન્વયાર્થ :-**

**सद्दृष्टेर्दृष्टिः=સદ્દૃષ્ટિવાળાની દૃષ્ટિ=યોગીનો બોધ तृणगोमयकाष्ठाग्निकणदीपप्रभोपमा=તૃણઅગ્નિકણની ઉપમાવાળો, ગોમયઅગ્નિકણની ઉપમાવાળો, કાષ્ઠઅગ્નિકણની ઉપમાવાળો, દીપપ્રભાની ઉપમાવાળો, रत्नतारार्कचन्द्राभा=રત્નાભા=રત્નની કાંતિ સમાન, તારાભા=તારાની કાંતિ સમાન, અર્કાભા=સૂર્યની કાંતિ સમાન, ચંદ્રાભા=ચંદ્રની કાંતિ સમાન अष्टधा=આઠ પ્રકારે છે. ।।૧૫।।**

**શ્લોકાર્થ :-**

**યોગીનો બોધ તૃણઅગ્નિકણની ઉપમાવાળો, ગોમયઅગ્નિકણની ઉપમાવાળો, કાષ્ઠઅગ્નિકણની ઉપમાવાળો, દીપપ્રભાની ઉપમાવાળો, રત્નની કાંતિ સમાન, તારાની કાંતિ સમાન, સૂર્યની કાંતિ સમાન અને ચંદ્રની કાંતિ સમાન એમ આઠ પ્રકારે છે. ।।૧૫।।**

**ટીકા :-**

**इहाधिकृतदृष्टिबोधः खल्वर्थोक्त एव तृणाग्निकणाद्युदाहरणसाधर्म्यतो निरूप्यते । सामान्येन 'सद्दृष्टे'-र्योगिनो 'दृष्टि' - बोधलक्षणाष्टधा भवति । तृणाग्निकणोपमा मित्रायां, गोमयाग्निकणोपमा तारायां, काष्ठाग्निकणोपमा बलायां, दीपप्रभोपमा दीप्रायां, तथाविधप्रकाशमात्रादिनेह साधर्म्यम् ।**

**ટીકાર્થ :-**

**इहाधिकृत ..... साधर्म्यम् । ખરેખર, અર્થથી કહેવાયેલો જ=દૃષ્ટિ આઠ પ્રકારની છે એમ પૂર્વમાં કહ્યું એનાથી અર્થથી કહેવાયેલો જ, અધિકૃત એવી દૃષ્ટિનો બોધ=અધિકૃત એવી યોગદૃષ્ટિનો બોધ,**

**તૃણઅગ્નિકણાદિના ઉદાહરણના સાધર્મ્યથી, અહીં=પ્રસ્તુત શ્લોકની ટીકામાં, નિરૂપણ કરાય છે : સામાન્યથી સદ્દૃષ્ટિવાળા યોગીની બોધલક્ષણ દૃષ્ટિ આઠ પ્રકારની છે. મિત્રામાં તૃણઅગ્નિકણની ઉપમાવાળી દૃષ્ટિ, તારામાં ગોમયઅગ્નિકણની ઉપમાવાળી દૃષ્ટિ, બલામાં કાષ્ઠઅગ્નિકણની ઉપમાવાળી દૃષ્ટિ, દીપ્રામાં દીપપ્રભાની ઉપમાવાળી દૃષ્ટિ છે. અહીં=ચાર દૃષ્ટિઓમાં, તેવા પ્રકારના પ્રકાશની માત્રાદિથી સાધર્મ્ય છે.**

**'तथाविधप्रकाशमात्रादि' માં આદિ પદથી પ્રકાશની દીર્ઘકાળ રહેવાની શક્તિનું ગ્રહણ કરવાનું છે.**

**ભાવાર્થ :-**

યોગમાર્ગના બોધના આઠ વિભાગ કરીને યોગદૃષ્ટિ આઠ કહી, અને આઠ દૃષ્ટિનાં મિત્રાદિ નામો આપ્યાં તે અર્થવાળાં છે. તેથી તે નામોથી આઠ યોગની દૃષ્ટિઓનો સામાન્યથી બોધ થાય છે. હવે તે બોધને તૃણઅગ્નિકણાદિના ઉદાહરણના સાધર્મ્યથી બતાવે છે - ત્યાં પ્રથમ કહે છે કે યોગની બોધલક્ષણ દૃષ્ટિ સામાન્યથી આઠ ભેદવાળી છે. તેનાથી અર્થથી પ્રાપ્ત થયું કે વિશેષથી અનેક ભેદો છે, તે ભેદોને સામાન્યથી આઠમાં વિભાગ કરેલ છે.

(૧) પ્રથમ મિત્રાદૃષ્ટિમાં તૃણના અગ્નિકણની ઉપમાવાળો બોધ છે. તેથી જેવા પ્રકારની તૃણના અગ્નિકણમાં પ્રકાશની માત્રા છે, અને જેવા પ્રકારનું તે તૃણઅગ્નિકણમાં ટકી રહેવાનું સામર્થ્ય છે, તેટલી માત્રા અને તેટલું સામર્થ્ય મિત્રાદૃષ્ટિના બોધમાં છે. (૨) તે રીતે તારાદૃષ્ટિમાં છાણના અગ્નિકણના પ્રકાશનું સાધર્મ્ય છે. અહીં તૃણનો અગ્નિકણ અને છાણનો અગ્નિકણ ભડકારૂપે લેવાનો નથી, પરંતુ જ્વાળારહિત સળગતા તૃણઅગ્નિકણ અને છાણઅગ્નિકણ ગ્રહણ કરવાના છે. તૃણઅગ્નિકણ અતિ અલ્પપ્રકાશવાળો અને અતિ અલ્પકાળ ટકે તેવો હોય છે, છાણનો અગ્નિકણ તેના કરતાં કંઈક અધિક પ્રકાશ કરનારો અને અધિક કાળ ટકે તેવો હોય છે. (૩) બલાદૃષ્ટિમાં કાષ્ઠના અગ્નિકણની ઉપમાવાળું બોધનું સાધર્મ્ય હોય છે. કાષ્ઠનો અગ્નિકણ પણ ગોમયઅગ્નિકણ કરતાં પ્રકાશમાં વધારે સમર્થ હોય છે અને કંઈક વધુ કાળ સુધી ટકે તેવો હોય છે. આ કાષ્ઠઅગ્નિકણ પણ ભડકારૂપે લેવાનો નથી; અને ગોમયઅગ્નિકણમાં જેમ શીઘ્ર છારી આવે છે, તેમ કાષ્ઠઅગ્નિકણમાં શીઘ્ર છારી આવતી નથી, તેથી છાણના અગ્નિ કરતાં અધિક પ્રકાશ હોય છે અને અધિક કાળ ટકે છે. (૪) દીપ્રાદૃષ્ટિમાં બોધ બલાદૃષ્ટિ કરતાં ઘણો અધિક છે અને દીપની પ્રભાની ઉપમાવાળો છે. દીવો જેમ કાષ્ઠઅગ્નિકણ કરતાં અધિક કાળ ટકી શકે છે, તેમ દીપ્રાદૃષ્ટિનો બોધ અધિક કાળ ટકી શકે તેવા સામર્થ્યવાળો હોય છે.

**ટીકા :-**

**यदाह-मित्रायां बोधस्तृणाग्निकणसदृशो भवति, न तत्त्वतोऽभीष्टकार्यक्षमः, सम्यक्प्रयोगकालं यावदनवस्थानादल्पवीर्यतया (ततः) पटुस्मृतिबीजसंस्काराधानानुपपत्तेः, ततश्च विकलप्रयोगभावाद् भावतो वन्दनादिकार्यायोगादिति ।**

**ટીકાર્થ :-**

**यदाह-मित्रायां ..... वन्दनादिकार्यायोगादिति । જેને=પૂર્વમાં કહ્યું કે પહેલી ચાર દૃષ્ટિમાં તેવા પ્રકારના પ્રકાશની માત્રાદિથી સાધર્મ્ય છે, તે સાધર્મ્યને, કહે છે –**

**મિત્રામાં તૃણઅગ્નિકણ જેવો બોધ છે, (તે બોધ) તત્ત્વથી અભીષ્ટ કાર્ય કરવા સમર્થ નથી; કેમ કે પ્રયોગકાળ સુધી સમ્યગ્ અનવસ્થાન છે=જે રીતે બોધ થયો છે તે રીતે અવસ્થાન નથી, પરંતુ નષ્ટપ્રાય રૂપે અવસ્થાન છે.**

અહીં પ્રશ્ન થાય કે પ્રયોગકાળ સુધી સમ્યગ્ અનવસ્થાન કેમ છે ? તેથી કહે છે –

**અલ્પવીર્યપણું હોવાને કારણે તેનાથી=મિત્રાદૃષ્ટિમાં થયેલા બોધથી, પટુસ્મૃતિના કારણરૂપ સંસ્કારના આધાનની અનુપપત્તિ છે, અને તેના કારણે=પટુસ્મૃતિના કારણરૂપ સંસ્કારનું આધાન નહિ હોવાના કારણે, વિકલ પ્રયોગ થવાથી ભાવથી વંદનાદિ કાર્યનો અયોગ છે. એથી મિત્રાદૃષ્ટિનો બોધ તત્ત્વથી અભીષ્ટ કાર્યક્ષમ નથી, એમ અન્વય છે.**

**'इति' શબ્દ મિત્રાદૃષ્ટિના સાધર્મ્યની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :-**

**(૧) મિત્રાદૃષ્ટિ :-** જેમ ગાઢ અંધકારમાં કોઈ વસ્તુ દેખાતી નથી, તેમ અનાદિકાળથી જીવમાં યોગમાર્ગને જોવાના વિષયમાં ગાઢ અંધકાર વ્યાપ્ત હોવાથી એકાંતે પોતાના હિતના કારણભૂત એવો યોગમાર્ગ દેખાતો નથી, અને જીવ યોગમાર્ગની ઉપેક્ષા કરીને સર્વ અનર્થના કારણભૂત સંસારમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે; અને જેમ ગાઢ અંધકાર હોવા છતાં તૃણનો અગ્નિકણ પડ્યો હોય તો કોઈ વસ્તુ નહિ દેખાતી હોવા છતાં કંઈક દેખાય છે, તેમ જીવમાં યોગમાર્ગને જોવાના વિષયમાં ગાઢ અંધકાર હોવા છતાં કર્મની કંઈક અલ્પતા થવાથી કોઈક ઉપદેશાદિ સામગ્રી પામીને જીવને તૃણઅગ્નિકણ સદૃશ મિત્રાદૃષ્ટિ પ્રાપ્ત થાય છે, જેથી તે જીવને પ્રારંભિક બોધરૂપે યોગમાર્ગ કંઈક દેખાય છે; પરંતુ મિત્રાદૃષ્ટિનો બોધ તૃણઅગ્નિકણ સદૃશ અલ્પમાત્રાવાળો હોવાથી તે બોધથી જીવ વંદનાદિ ક્રિયા કરવા પ્રવૃત્ત થાય છે ત્યારે તે બોધ તે વંદનાદિ ક્રિયાની સમ્યગ્ નિષ્પત્તિનું કારણ બનતો નથી.

આશય એ છે કે યોગમાર્ગનો યત્કિંચિત્ બોધ થવાથી યોગની પ્રવૃત્તિ કરવા મિત્રાદૃષ્ટિમાં પ્રેરણા મળે છે, અને તે બોધથી પ્રેરાઈને જીવ વંદનાદિ ક્રિયા કરે છે, તોપણ તે બોધની માત્રા અતિ અલ્પ હોવાથી તે જીવ ભાવથી વંદનાદિ ક્રિયા કરી શકતો નથી. તેથી તેનો બોધ પરમાર્થથી અભીષ્ટ કાર્ય કરવા સમર્થ નથી; કેમ કે તે બોધથી પ્રેરાઈને જીવ વંદનાદિ ક્રિયામાં પ્રવૃત્તિ કરે છે, તોપણ તેનો બોધ પ્રવૃત્તિકાળ સુધી ટકતો નથી. જેમ તૃણઅગ્નિકણ સળગ્યા પછી અલ્પકાળમાં ઓલવાઈ જાય છે, તેમ મિત્રાદૃષ્ટિમાં ઉપદેશાદિ સામગ્રીને પામીને જે બોધ થયેલો તે બોધ ક્રિયાકાળમાં ટકતો નથી; કેમ કે તે બોધકાળમાં જે ઉપયોગ હતો તેમાં અલ્પ વીર્ય હોવાને કારણે તે બોધથી શીઘ્ર સ્મૃતિ થાય તેના કારણીભૂત સંસ્કારો પડતા નથી. માટે મિત્રાદૃષ્ટિમાં થયેલા બોધના પરિણામથી વિકલ ચૈત્યવંદનાદિની ક્રિયાઓ હોય છે. તેથી તે ક્રિયાઓ ભાવથી થતી નથી.

અહીં વિશેષ એ છે કે ઉપદેશાદિ સામગ્રીથી મિત્રાદૃષ્ટિવાળા જીવને જે બોધ થયેલો તે સંવેગરસના માધુર્યવાળો હતો, અને તે બોધથી પ્રેરાઈને જીવ ધર્માનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરે છે, પરંતુ શ્રવણકાળ પછી તે બોધ ટકતો નથી; કેમ કે બોધમાં સંવેગનો પરિણામ અલ્પ માત્રામાં હોવાથી તેના સંસ્કારો અતિ મંદ હોય છે, જેથી ક્રિયાકાળમાં તે સંવેગના સંસ્કારો બોધની સ્મૃતિને જાગૃત કરી શકતા નથી. પરિણામે ચૈત્યવંદનાદિ ક્રિયા સંવેગના સંસ્કારોથી વાસિત પરિણામવાળી થતી નથી; તોપણ મિત્રાદૃષ્ટિમાં થયેલો બોધ તે ક્રિયાનો પ્રવર્તક છે, તેથી તે વંદનાદિ ક્રિયા પ્રધાનદ્રવ્યક્રિયા છે.

**ટીકા :-**

**तारायां तु बोधो गोमयाग्निकणसदृशः, अयमप्येवंकल्प एव, तत्त्वतो विशिष्टस्थितिवीर्यविकलत्वात् अतोऽपि प्रयोगकाले स्मृतिपाटवासिद्धेः, तदभावे प्रयोगवैकल्यात्, ततस्तथातत्कार्याभावादिति ।**

**ટીકાર્થ :-**

तारायां ..... तत्कार्याभावादिति । **તારામાં વળી બોધ ગોમયઅગ્નિકણ સદૃશ છે. આ પણ=તારાદૃષ્ટિનો બોધ પણ,** एवंकल्पः**=આવા પ્રકારનો જ છે=મિત્રાદૃષ્ટિ જેવો જ છે=મિત્રાદૃષ્ટિની જેમ અભીષ્ટ કાર્યક્ષમ નથી; કેમ કે તત્ત્વથી વિશિષ્ટ સ્થિતિવિકલપણું અને વિશિષ્ટ વીર્યવિકલપણું છે અર્થાત્ બોધની સ્થિતિ પ્રયોગકાલ સુધી ટકે તેવી વિશિષ્ટ નથી, અને બોધકાળમાં તેવું વિશિષ્ટ વીર્ય નથી. તેથી મિત્રાદૃષ્ટિ જેવો જ તારાદૃષ્ટિનો બોધ છે એમ અન્વય છે. આથી પણ=વિશિષ્ટ સ્થિતિવિકલપણું અને વિશિષ્ટ વીર્યવિકલપણું હોવાથી પણ, પ્રયોગકાળમાં=તારાદૃષ્ટિના બોધથી પ્રેરાઈને કરાતી ક્રિયાના કાળમાં, સ્મૃતિપાટવની અસિદ્ધિ હોવાથી તારાદૃષ્ટિનો બોધ પણ મિત્રાદૃષ્ટિની જેમ અભીષ્ટ કાર્યક્ષમ નથી, એમ અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે, તારાદૃષ્ટિથી પ્રેરાઈને વંદનાદિ ક્રિયાઓ કરાય છે ત્યારે, સ્મૃતિ નહિ હોવા માત્રથી તે ક્રિયા અભીષ્ટ કાર્યક્ષમ કેમ નથી ? તેથી કહે છે –

**તેના અભાવમાં અર્થાત્ તારાદૃષ્ટિમાં થયેલી બોધની સ્મૃતિના અભાવમાં પ્રયોગનું વૈકલ્ય હોવાથી=તારાદૃષ્ટિવાળાની વંદનાદિક્રિયારૂપ પ્રયોગમાં બોધનું વિકલપણું હોવાથી, મિત્રાદૃષ્ટિની જેમ તારાદૃષ્ટિનો બોધ અભીષ્ટ કાર્યક્ષમ નથી. તેનાથી=બોધની વિકલતાવાળા તે પ્રયોગથી તે પ્રકારના તેના કાર્યનો અભાવ હોવાથી=વંદનાદિ ક્રિયાથી જે પ્રકારનું સંવેગવૃદ્ધિ દ્વારા નિર્જરારૂપ કાર્ય થવું જોઈએ, તે પ્રકારના તેના કાર્યનો અભાવ હોવાથી, તારાદૃષ્ટિનો બોધ અભીષ્ટ કાર્યક્ષમ નથી, એમ અન્વય છે.**

**'इति' શબ્દ તારાદૃષ્ટિના સાધર્મ્યની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :-**

(૨) **તારાદૃષ્ટિ :-** મિત્રાદૃષ્ટિ કરતાં તારાદૃષ્ટિનો બોધ કંઈક અધિક છે, તોપણ જેમ મિત્રાદૃષ્ટિનો બોધ અભીષ્ટ કાર્યક્ષમ નથી, તેમ તારાદૃષ્ટિનો બોધ અભીષ્ટ કાર્યક્ષમ નથી; કેમ કે તારાદૃષ્ટિમાં થતો બોધ

તત્ત્વથી વિશિષ્ટ સ્થિતિવાળો નથી અર્થાત્ દીર્ઘકાળ ટકે તેવો નથી; અને બોધકાળમાં અર્થાત્ શ્રવણ વખતે થતા બોધમાં વીર્ય અલ્પ હોવાથી બોધની સ્મૃતિ પેદા કરાવી શકે તેવા સંસ્કારો આત્મામાં પડતા નથી, તેથી તારાદૃષ્ટિના બોધથી પ્રેરાઈને કરાતી વંદનાદિ ક્રિયાના કાળમાં બોધના સંસ્કારો જાગૃત થતા નથી. તેના કારણે વંદનાદિ ક્રિયાકાળમાં તારાદૃષ્ટિનો બોધ વિદ્યમાન નહિ હોવાથી તેઓની વંદનાદિ ક્રિયા બોધવિકલ છે=બોધની ખામીવાળી છે. તેથી તે ક્રિયાથી જે પ્રકારે સંવેગવૃદ્ધિ દ્વારા નિર્જરારૂપ કાર્ય થવું જોઈએ, તેવું કાર્ય થતું નથી. તેને આશ્રયીને કહેલ છે કે તારાદૃષ્ટિનો બોધ અભીષ્ટ કાર્યક્ષમ નથી.

અહીં તારાદૃષ્ટિનો બોધ તત્ત્વથી વિશિષ્ટ સ્થિતિવિકલ અને વિશિષ્ટ વીર્યવિકલ છે, તેમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે તારાદૃષ્ટિવાળા કોઈ જીવને ધારણાશક્તિ ઘણી હોય તો યોગી આદિ પાસેથી જે શ્રવણ કરે છે તે શબ્દો અને અર્થો દીર્ઘકાળ સુધી સ્મૃતિરૂપે રાખી શકે, છતાં યોગદૃષ્ટિમાં થયેલા યોગમાર્ગના બોધને ધારી શકતો નથી. તે આ રીતે –

યોગદૃષ્ટિમાં થતો બોધ શબ્દવિષયક અને અર્થવિષયક નથી, પરંતુ શબ્દ અને અર્થને અવલંબીને થતા સંવેગના માધુર્યવાળો છે, અને તે બોધ વંદનાદિ ઉચિત પ્રવૃત્તિ કરાવીને વિશેષ પ્રકારના સંવેગની નિષ્પત્તિનું કારણ છે. અહીં તારાદૃષ્ટિમાં વર્તતો સંવેગના પરિણામરૂપ યોગમાર્ગનો બોધ અતિઅલ્પમાત્રામાં હોય છે. તેથી સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોને જેવો યોગમાર્ગનો બોધ હોય છે તેવો તારાદૃષ્ટિમાં નથી. ક્વચિત્ તારાદૃષ્ટિવાળાની ધારણાશક્તિ ઘણી હોય અને સમ્યગ્દૃષ્ટિની ધારણાશક્તિ ઓછી હોય તો સમ્યગ્દૃષ્ટિ જીવ યોગી પાસેથી સાંભળેલા શબ્દો અને તેના અર્થને ધારી ન શકે, છતાં યોગમાર્ગનો સંવેગના માધુર્યવાળો બોધ સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોને જેવો અતિશય હોય છે, તેવો અતિશય બોધ, શબ્દ અને અર્થને ધારવામાં પટુપ્રજ્ઞાવાળા પણ તારાદૃષ્ટિવાળાને હોતો નથી. જેમ, માષતુષ મુનિ 'મા રુષ' અને 'મા તુષ' એ પ્રકારનાં બે વાક્યોને પણ ધારવામાં અસમર્થ હોવા છતાં સંયમના કંડકોમાં અપેક્ષિત એવો યોગમાર્ગનો બોધ તેઓને ઊંચી કક્ષાનો હતો. આથી શબ્દની સ્મૃતિમાં સ્ખલના પામતા પણ માષતુષમુનિ 'મા રુષ' અને 'મા તુષ' બોલવાની ક્રિયા દ્વારા ભાવથી સંયમની ક્રિયા કરીને સંયમના કંડકસ્થાનોની વૃદ્ધિને પામ્યા. તેથી તેમનો બોધ તત્ત્વથી વિશિષ્ટ સ્થિતિ અને વીર્યવાળો હતો; જ્યારે પટુસ્મૃતિવાળા પણ તારાદૃષ્ટિવાળાનો યોગમાર્ગના સંવેદનવાળો બોધ દીર્ઘ કાળ ટકે તેવો હોતો નથી અને અલ્પમાત્રાવાળો હોવાથી વિશિષ્ટ વીર્યથી વિકલ પણ છે. તેથી ક્રિયાકાળમાં તે બોધ અવિદ્યમાન હોવાથી અભીષ્ટ કાર્યક્ષમ નથી.

**ટીકા :-**

**बलायामप्येष काष्ठाग्निकणकल्पो विशिष्ट ईषदुक्तबोधद्वयात्, तद् भवतोऽत्र मनाक् स्थितिवीर्ये, अतः पटुप्राया स्मृतिरिह प्रयोगसमये तद्भावे चार्थप्रयोगमात्रप्रीत्या यत्नलेशभावादिति ।**

❖ 'बलायामपि' માં 'अपि' શબ્દથી એ કહેવું છે કે મિત્રાદૃષ્ટિ અને તારાદૃષ્ટિમાં તો બોધ તૃણાદિઅગ્નિકણસદૃશ છે, પરંતુ બલાદૃષ્ટિમાં પણ આ બોધ કાષ્ઠઅગ્નિકણસદૃશ છે.

**ટીકાર્થ :-**

**बलायामप्येष ..... यत्नलेशभावादिति । બલામાં પણ આ=બોધ, કાષ્ઠઅગ્નિકણ જેવો છે, છતાં ઉક્ત બોધદ્વયથી=મિત્રાદૃષ્ટિ અને તારાદૃષ્ટિમાં થતા બોધદ્વયથી, ઈષદ્ વિશિષ્ટ છે=થોડોક વિશિષ્ટ છે; તે કારણથી અહીં=બલાદૃષ્ટિમાં, બોધની કંઈક સ્થિતિ અને બોધમાં કંઈક વીર્ય હોય છે, આથી પટુપ્રાય સ્મૃતિ છે અર્થાત્ બલાદૃષ્ટિના બોધથી થતી ક્રિયાના સેવનકાળમાં બોધની કંઈક સ્મૃતિ છે. અહીં=બલાદૃષ્ટિમાં, પ્રયોગસમયમાં=બોધથી પ્રેરાઈને થતી ક્રિયાના પ્રયોગસમયમાં અને તેના ભાવમાં= બોધના ભાવમાં, અર્થપ્રયોગમાત્રની પ્રીતિ હોવાથી યત્નલેશ થાય છે. તેથી બલાદૃષ્ટિનો બોધ ઉક્ત બોધદ્વયથી ઈષદ્ વિશિષ્ટ છે, એમ અન્વય છે.**

**'इति' શબ્દ બલાદૃષ્ટિના સાધર્મ્યની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :-**

(૩) **બલાદૃષ્ટિ :-** જેમ મિત્રાદૃષ્ટિમાં તૃણના અગ્નિના કણ જેવો અને તારાદૃષ્ટિમાં ગોમયના અગ્નિના કણ જેવો બોધ છે, તેમ બલાદૃષ્ટિમાં કાષ્ઠના અગ્નિના કણ જેવો બોધ છે; તોપણ તૃણઅગ્નિકણ અને ગોમયઅગ્નિકણ કરતાં કાષ્ઠઅગ્નિકણ કંઈક વિશેષ પ્રકાશવાળો હોય છે, તેથી બલાદૃષ્ટિનો બોધ પણ કાષ્ઠઅગ્નિના કણ જેવો હોવા છતાં મિત્રાદૃષ્ટિ અને તારાદૃષ્ટિના બોધ કરતાં કંઈક વિશિષ્ટ છે. તેથી બલાદૃષ્ટિમાં થયેલો બોધ થોડો દીર્ઘ સ્થિતિવાળો છે અને બોધકાળમાં કંઈક વીર્ય પણ છે, જેથી તે બોધના સંસ્કારો ક્રિયાકાળમાં કંઈક ઊઠે છે. આથી તે બોધથી પ્રેરાઈને વંદનાદિ ક્રિયામાં સાધક પ્રવૃત્તિ કરે છે ત્યારે, બોધ વખતે થયેલા ઇક્ષુ આદિના રસ જેવા સંવેગના માધુર્યના સંસ્કારો કંઈક જાગૃત થાય છે. તેથી વંદનાદિ ક્રિયા કરતી વખતે અર્થપ્રયોગમાત્રની પ્રીતિ વર્તે છે અર્થાત્ "હું આ વંદનાદિ ક્રિયા તે રીતે કરું કે જેથી ગુણવાન એવી વંદનીય વ્યક્તિને મારા વડે કરાયેલી વંદનાદિ ક્રિયાથી તેમના જેવા ગુણને અભિમુખ મારું ચિત્ત ગમન કરે, અને તેથી હું પણ તેવા ગુણોને આત્મામાં પ્રગટાવી શકું," એવો ભાવ સાધકને થાય છે. વળી સાધકને ગુણવાન વ્યક્તિના ગુણના બોધકાળમાં સંવેગનો પરિણામ થાય છે. તેથી તે ગુણના બોધથી ચિત્તમાં તે પ્રકારનો સંવેગનો આનંદ ઉત્પન્ન થાય છે અને તે આનંદથી વાસિત મતિવાળો સાધક ગુણવાનને વંદન કરતી વખતે તે ભાવ આત્મામાં વિશેષ ઉલ્લસિત કરવાના અભિલાષથી વંદનની ક્રિયા કરે છે, જેથી વંદનની ક્રિયામાં યત્નલેશ પ્રગટે છે અર્થાત્ તેની વંદનની ક્રિયા વંદ્યના ગુણો તરફ જવાને અનુરૂપ યત્નલેશ પ્રગટ કરે છે, જેથી વંદનકાળમાં વર્તતા ઉપયોગના બળથી ચિત્ત કંઈક અંશે ભાવથી ક્રિયા કરવા સમર્થ બને છે.

બલાદૃષ્ટિમાં કહ્યું કે પટુપ્રાય સ્મૃતિ હોવાને કારણે ક્રિયાના પ્રયોગસમયમાં અને બોધના ભાવમાં અર્થપ્રયોગમાત્રની પ્રીતિ હોવાથી યત્નલેશ થાય છે. તેથી તે અર્થ પ્રાપ્ત થાય કે બલાદૃષ્ટિમાં પટુપ્રાય સ્મૃતિ છે તેના કારણે બોધ કર્યા પછી વંદનાદિ ક્રિયાકાળમાં અર્થપ્રયોગમાત્રની પ્રીતિ હોય છે. તે રીતે ઉપદેશાદિથી બોધ થાય છે ત્યારે પણ તેનો ઉપયોગ માત્ર બોધમાં પર્યવસાન પામતો નથી, પરંતુ બોધકાળમાં પણ તેવો અભિલાષ હોય છે કે હું કઈ રીતે યત્ન કરું કે જેથી આવા મહાત્માને વંદનાદિ કરીને હું પણ તેમના જેવો

ઉત્તમ બનું ? જ્યારે મિત્રાદૃષ્ટિ અને તારાદૃષ્ટિમાં તેવો પટુ બોધ નહિ હોવાથી માત્ર ગુણવાનને ગુણવાનરૂપે જોઈને તેમના પ્રત્યે ભક્તિ કરવાનો અભિલાષમાત્ર થાય છે, પરંતુ બલાદૃષ્ટિની જેમ હું તેમની ભક્તિ કરીને તેમના જેવી ચિત્તની ભૂમિકાને પ્રગટ કરું, તેવો વિશિષ્ટ બોધ થતો નથી. તેથી બલાદૃષ્ટિમાં વંદનાદિકાળમાં કે બોધના કાળમાં તે ગુણવાનના ગુણો તરફ જવાને માટેનો યત્નલેશ થાય છે.

**ટીકા :-**

**दीप्रायां त्वेष दीपप्रभातुल्यो विशिष्टतर उक्तबोधत्रयात्, अतोऽत्रोदग्रे स्थितिवीर्ये तत्पट्व्यपि प्रयोगसमये स्मृतिः एवं भावतोऽप्यत्र द्रव्यप्रयोगो वन्दनादौ, तथाभक्तितो यत्नभेदप्रवृत्तेरिति । प्रथमगुणस्थानकप्रकर्ष एतावानिति समयविदः ।**

**ટીકાર્થ :-**

दीप्रायां त्वेष ..... समयविदः । **દીપ્રામાં વળી આ=બોધ, દીવાની પ્રભાતુલ્ય છે, ઉક્ત બોધત્રયથી વિશિષ્ટતર છે. આથી અહીં=દીપ્રાદૃષ્ટિમાં, ઉદગ્ર સ્થિતિ અને ઉદગ્ર વીર્ય છે=બોધની ઉત્કટ સ્થિતિ અને બોધમાં ઉત્કટ વીર્ય પ્રવર્તે છે, તે કારણથી પ્રયોગસમયમાં=બોધથી પ્રેરાઈને કરાતી ચૈત્યવંદનાદિ ક્રિયાના સમયમાં, સ્મૃતિ=બોધની સ્મૃતિ, પટ્વી પણ છે. આ રીતે=પૂર્વમાં કહ્યું કે દીપ્રાદૃષ્ટિમાં પ્રયોગસમયમાં પટ્વી સ્મૃતિ પણ છે, એ રીતે, ભાવથી પણ=દીપ્રાદૃષ્ટિવાળો જીવ ગુણવાનના ગુણોને ઓળખીને તેમના ગુણોની નિષ્પત્તિના અભિલાષથી વંદન કરે છે, તેથી ભાવથી તેનો વંદનપ્રયોગ છે; તોપણ અહીં=દીપ્રાદૃષ્ટિમાં કરાતી તેની વંદનની ક્રિયામાં દ્રવ્યપ્રયોગ છે અર્થાત્ તેની વંદનાદિ ક્રિયાઓ દ્રવ્યથી છે એ પ્રકારનો પ્રયોગ છે; કેમ કે તે પ્રકારની ભક્તિમાં યત્નભેદથી પ્રવૃત્તિ છે=સમ્યગ્દૃષ્ટિ કરતાં દીપ્રાદૃષ્ટિમાં સ્થૂલ બોધ હોવાને કારણે સમ્યગ્દૃષ્ટિથી હીન કક્ષાવાળી ભક્તિ હોવાના કારણે સમ્યગ્દૃષ્ટિની ભક્તિ કરતાં તેની ભક્તિમાં યત્નભેદથી પ્રવૃત્તિ છે. इति શબ્દ ચોથી દૃષ્ટિના વર્ણનની સમાપ્તિમાં છે. પ્રથમ ગુણસ્થાનકનો પ્રકર્ષ આટલો છે=દીપ્રાદૃષ્ટિનું વર્ણન કર્યું એટલો છે, એમ શાસ્ત્ર જાણનાર કહે છે.**

**ભાવાર્થ :-**

(૪) **દીપ્રાદૃષ્ટિ :-** ગાઢ અમાસની રાત્રિમાં જેમ કોઈ વસ્તુ દેખાતી નથી કેવલ અંધકાર દેખાય છે, તેમ સંસારી જીવોને યોગમાર્ગની પ્રાપ્તિ પૂર્વે તત્ત્વમાર્ગમાં કંઈ દેખાતું નથી, ગાઢ અંધકાર વર્તે છે. વળી ગાઢ અમાસની રાત્રિમાં જેમ દીવાના પ્રકાશથી પદાર્થ કંઈક સ્પષ્ટ દેખાય છે, તેમ દીપ્રાદૃષ્ટિમાં વર્તતા યોગીને તત્ત્વમાર્ગ કંઈક સ્પષ્ટ દેખાય છે. વળી આ દીપ્રાદૃષ્ટિવાળાનો બોધ પ્રથમની ત્રણ દૃષ્ટિ કરતાં કંઈક વિશિષ્ટતર છે. આથી દીપ્રાદૃષ્ટિમાં વર્તતા બોધની સ્થિતિ પ્રથમની ત્રણ દૃષ્ટિ કરતાં અધિક હોય છે, અને દીપ્રાદૃષ્ટિથી થયેલા બોધને કારણે યોગમાર્ગમાં વીર્ય અધિક પ્રવર્તે છે. આથી તે બોધથી યોગી યોગમાર્ગમાં

પ્રવૃત્તિ કરે છે ત્યારે, યોગમાર્ગના બોધની સ્મૃતિ પણ ત્રીજી દૃષ્ટિ કરતાં પટુ હોય છે. તેથી ચોથી દૃષ્ટિવાળા યોગી ગુણવાનને વંદન કરવા માટે પ્રવૃત્તિ કરતા હોય અને તેમનું ચિત્ત અન્યમનસ્ક ન હોય તો ગુણવાનના ગુણોનો કંઈક સ્પષ્ટ બોધ હોવાને કારણે ભાવથી વંદનની ક્રિયા થાય છે; તોપણ શાસ્ત્રકારોએ તેની વંદનક્રિયાને દ્રવ્યક્રિયા કહી છે, તેનું કારણ જેવો ગુણોનો સૂક્ષ્મ બોધ સમ્યગ્દૃષ્ટિને છે, તેવો સૂક્ષ્મ બોધ તેને નહિ હોવાને કારણે દીપ્રાદૃષ્ટિવાળાની ગુણવાનની ભક્તિ સમ્યગ્દૃષ્ટિ જીવ કરતાં હીનકક્ષાની છે. તેથી સમ્યગ્દૃષ્ટિ જે રીતે ગુણવાનના ગુણોનું સ્મરણ કરીને વંદનક્રિયા કરે છે, તેના કરતાં દીપ્રાદૃષ્ટિવાળાની વંદનક્રિયામાં યત્નભેદથી પ્રવૃત્તિ છે=સમ્યગ્દૃષ્ટિ કરતાં ગુણવાનના ગુણ તરફ જવાનો યત્ન અલ્પ છે. તેથી સમ્યગ્દૃષ્ટિની અપેક્ષાએ તેની પ્રવૃત્તિમાં યત્નભેદ છે, તેને સામે રાખીને શાસ્ત્રકારોએ તેની વંદનક્રિયાને દ્રવ્યવંદનક્રિયા કહી છે.

અહીં વિશેષ એ છે કે સમ્યગ્દૃષ્ટિને ગુણોનું યથાર્થ દર્શન હોય છે, તેથી જે પ્રકારનો ભાવ વંદનકાળમાં તે કરી શકે છે, તેવો ભાવ દીપ્રાદૃષ્ટિવાળા કરી શકતા નથી; કેમ કે તેમને ગુણોનું દર્શન હોવા છતાં હજી મિથ્યાત્વનો ઉદય પણ છે, તેથી ગુણવાનના ગુણોને સંપૂર્ણપણે જોઈ શકતા નથી. માટે દીપ્રાદૃષ્ટિવાળા યોગી ગુણવાનના ગુણો પ્રત્યે જોકે અત્યંત પક્ષપાતવાળા હોવાથી તેમને વંદનક્રિયા કરે છે, અને તે વંદનક્રિયા દ્વારા તેમનામાં વર્તતા ગુણો પોતાનામાં પ્રગટ થાય તેવો યત્ન પણ કરે છે, છતાં હજી મિથ્યાત્વ હોવાને કારણે બોધ કંઈક ખામીવાળો છે, માટે તેમની વંદનક્રિયા સમ્યગ્દૃષ્ટિની જેમ એકાંતે શુદ્ધભાવથી થતી નથી. તેથી તેમની ક્રિયાને દ્રવ્યવંદનક્રિયા કહેલ છે.

ચાર દૃષ્ટિના બોધની તરતમતા બતાવી. હવે કહે છે કે પ્રથમ ગુણસ્થાનકનો પ્રકર્ષ આટલો છે અર્થાત્ પ્રથમ ગુણસ્થાનકવર્તી જીવોને યોગમાર્ગનો બોધ પ્રકર્ષથી ચોથી દૃષ્ટિમાં બતાવ્યો ત્યાં સુધી છે, એ પ્રમાણે શાસ્ત્રના જાણનારા કહે છે.

**ટીકા :-**

**स्थिरा तु भिन्नग्रन्थेरेव भवति तद्बोधो रत्नप्रभासमानस्तद्भावा(वो)ऽप्रतिपाती प्रवर्धमानो निरपायो नापरपरितापकृत् परितोषहेतुः प्रायेण प्रणिधानादियोनिरिति ।**

**નોંધ** :- ટીકામાં 'तद्भावाऽप्रतिपाती' શબ્દ છે, તે સ્થાને બત્રીશીમાં तद्भावोऽप्रतिपाती શબ્દ છે, જે શુદ્ધ જણાય છે.

**ટીકાર્થ :-**

**स्थिरा तु ..... प्रणिधानादियोनिरिति । વળી, સ્થિરાદૃષ્ટિ ભિન્નગ્રંથિવાળાને જ=સમ્યગ્દૃષ્ટિને જ, હોય છે. તેનો બોધ=સ્થિરાદૃષ્ટિનો બોધ, રત્નની પ્રભા સમાન છે. તેનો ભાવ=સ્થિરાદૃષ્ટિના બોધનો ભાવ અપ્રતિપાતી છે, પ્રવર્ધમાન છે, નિરપાય છે=અનર્થ કરનાર નથી, બીજાને પરિતાપ કરનાર નથી, બીજાને પરિતોષનો હેતુ છે, પ્રાયઃ કરીને પ્રણિધાનાદિ આશયોનું ઉત્પત્તિસ્થાન છે.**

**'इति' શબ્દ સ્થિરાદૃષ્ટિના સ્વરૂપની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :-**

**(૫) સ્થિરાદૃષ્ટિ :-** ગ્રંથિભેદ કર્યા પછી જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે ત્યારે સ્થિરાદૃષ્ટિ પ્રગટે છે. સ્થિરાદૃષ્ટિનો બોધ રત્નની પ્રભા સમાન છે. જાજ્વલ્યમા રત્ન દીવા કરતાં પણ અતિશય પ્રકાશ કરે છે, તેવા રત્નની પ્રભા જેવો બોધ સ્થિરાદૃષ્ટિમાં હોય છે. વળી આ બોધ સ્થિર હોય છે, તે બતાવવા માટે દૃષ્ટિનું નામ સ્થિરા કહેલ છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે ચાર દૃષ્ટિમાં જીવને જે બોધ થાય છે, તે બોધ દૃષ્ટિથી પાત થયા વગર પણ ચાલ્યો જાય છે. જેમ મિત્રાદૃષ્ટિમાં તૃણઅગ્નિકણ જેવો બોધ છે, તેથી મિત્રાદૃષ્ટિમાં રહીને વંદનાદિ ક્રિયા કરે ત્યારે પણ ચાલ્યો જાય છે; અને દીપ્રાદૃષ્ટિમાં બોધ ઘણો છે, તોપણ જેમ દીવાને પવનનો ઝપાટો આવે તો ઓલવાઈ જાય છે, તેમ ચોથી દૃષ્ટિ સુધીનો બોધ વિપરીત નિમિત્તને પામીને નાશ પામે, તોપણ યોગી યોગમાર્ગની પ્રવૃત્તિ પ્રત્યેની રુચિને વહન કરીને તે દૃષ્ટિમાં રહી પણ શકે છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિને ગ્રંથિભેદથી જે યોગમાર્ગનો બોધ થાય છે તે સ્થિર છે, અને તેથી જ્યાં સુધી તે સમ્યક્ત્વને વમન કરતો નથી ત્યાં સુધી ભગવાનના વચનમાં તેને સ્થિર શ્રદ્ધા હોય છે, તેથી ગુણસ્થાનકના પાત વગર સમ્યગ્દૃષ્ટિનો બોધ નાશ પામતો નથી. ક્વચિત્ વિપરીત સામગ્રી મળે તો, રત્નની પ્રભા ઉપર ધૂળના પડલથી જેમ ઝાંખાશ આવે, તેમ તે સામગ્રી અતિચાર આપાદક બને, પરંતુ રત્નની કાંતિ જેમ નાશ પામે નહિ, તેમ સ્થિરાદૃષ્ટિવાળાનો બોધ નાશ પામે નહિ. આથી સ્થિરાદૃષ્ટિમાં ભગવાનના વચન પ્રત્યે સ્થિર શ્રદ્ધા હોય છે.

સ્થિરાદૃષ્ટિનો બોધ અપ્રતિપાતી છે, એમ કહ્યું. તેથી એ પ્રાપ્ત થાય કે પવનના ઝપાટાથી જેમ દીવો બુઝાઈ જાય છે, તેમ વિપરીત નિમિત્તથી દીપ્રાદિદૃષ્ટિનો બોધ નાશ પામે છે, જ્યારે સ્થિરાદૃષ્ટિનો બોધ નાશ પામતો નથી, માટે અપ્રતિપાતી છે; કેમ કે જ્યાં સુધી જીવ સ્થિરાદૃષ્ટિમાં છે ત્યાં સુધી तमेव सच्चं निस्संकं એ પ્રકારની ભગવાનના વચનની સ્થિર શ્રદ્ધાથી યુક્ત તેનો બોધ છે, માટે તેનો બોધ અપ્રતિપાતી છે. વળી સ્થિરાદૃષ્ટિમાં રહેલા યોગીને ભગવાનના વચન પ્રત્યે અત્યંત પક્ષપાત હોવાને કારણે નવું નવું શ્રુત ભણે છે, જેથી તે યોગીનો બોધ પ્રવર્ધમાન છે.

વળી તે યોગીનો બોધ અપાય વગરનો છે; કેમ કે સમ્યગ્દૃષ્ટિનો બોધ પાપપ્રવૃત્તિને શિથિલ કરીને અનર્થોથી રક્ષણ કરે છે. તેથી સમ્યગ્દૃષ્ટિ ક્વચિત્ સંસારની પ્રવૃત્તિ કરતો હોય તોપણ તેનો બોધ ક્યારે પણ તેને અનર્થનું કારણ બનવા દેતો નથી.

વળી સમ્યગ્દૃષ્ટિને ભગવાનના વચન પ્રત્યેની સ્થિર રુચિ હોવાથી 'ભગવાને જે કહ્યું છે તે જ તત્ત્વ છે' તેવો બોધ હોય છે. માટે તેનો બોધ કોઈના પરિતાપનું કારણ બનતો નથી. ક્વચિત્ કર્મને પરતંત્ર થઈને સત્યકી વિદ્યાધરની જેમ અનુચિત પ્રવૃત્તિ કરતો હોય અને તેનાથી બીજાને પરિતાપ થતો હોય, તોપણ તેનો બોધ બીજાના પરિતાપનું કારણ નથી. વસ્તુતઃ તે પ્રકારની વિપરીત પ્રવૃત્તિ કરાવનાર બલવાન કર્મ બીજાના પરિતાપનું કારણ બને છે; તેનો બોધ તો કોઈને પરિતાપ ન કરાવે તેવી પ્રવૃત્તિ કરવા પ્રેરણા આપે છે.

વળી ભગવાનના વચનની રુચિથી નિયંત્રિત તે સમ્યગ્દૃષ્ટિનો બોધ હોવાથી જગતના જીવમાત્રના હિતનું કારણ હોય છે, તેથી બધાને પરિતોષનો હેતુ છે.

વળી સ્થિરાદૃષ્ટિનો બોધ પ્રાયઃ કરીને ધર્માનુષ્ઠાનમાં પ્રણિધાનાદિ આશય પ્રગટ કરવાનું કારણ છે.

આશય એ છે કે સમ્યગ્દૃષ્ટિને ગુણોનો અત્યંત પક્ષપાત હોય છે. તેથી ગુણનિષ્પત્તિના પ્રબળ કારણભૂત ધર્મઅનુષ્ઠાનમાં સુદૃઢ યત્ન કરીને 'હું ગુણ નિષ્પન્ન કરું' તેવો અધ્યવસાય હોય છે. તેથી ચિત્તવિક્ષેપ કરનાર કોઈ બલવાન નિમિત્ત ન હોય તો સ્થિરાદૃષ્ટિનો બોધ ભગવદ્‌ભક્તિ આદિ ક્રિયાઓ પ્રણિધાનાદિ આશયપૂર્વક કરાવે છે. આમ છતાં સ્થિરાદૃષ્ટિવાળો જીવ તદ્દન નિર્લેપ નથી. તેથી સંસારના પ્રતિકૂળ સંયોગ ચિત્તનો વિક્ષેપ કરે ત્યારે સમ્યગ્દૃષ્ટિ જીવ પણ ભગવદ્‌ભક્તિ આદિમાં પ્રણિધાન આદિ આશય કરી શકતો નથી. તે બતાવવા માટે સ્થિરાદૃષ્ટિનો બોધ પ્રાયઃ પ્રણિધાનાદિની યોનિ છે, તેમ કહેલ છે.

**ટીકા :-**

**कान्तायां तु ताराभासमान एषः, अतः स्थित एव प्रकृत्या, निरतिचारमा(म)त्रानुष्ठानं, शुद्धोपयोगानुसारि विशिष्टाऽप्रमादसचिवं विनियोगप्रधान(नं)गम्भीरोदाराशयमिति ।**

**ટીકાર્થ :-**

**कान्तायां ..... गम्भीरोदाराशयमिति । કાન્તાદૃષ્ટિમાં તારાની કાંતિ જેવો આ=બોધ, હોય છે. આથી કાન્તાદૃષ્ટિમાં રહેલો યોગી પ્રકૃતિથી સ્થિત જ હોય છે=પ્રકૃતિમાં રહેલો હોય છે. અહીં=કાન્તાદૃષ્ટિમાં, અનુષ્ઠાન નિરતિચાર, શુદ્ધ ઉપયોગને અનુસરનારું, વિશિષ્ટ અપ્રમાદથી યુક્ત, વિનિયોગપ્રધાન= વિનિયોગ મુખ્ય છે જેમાં એવું અને ગંભીર, ઉદાર આશયવાળું હોય છે.**

**'इति' શબ્દ કાન્તાદૃષ્ટિના સ્વરૂપની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :-**

(૬) **કાંતાદૃષ્ટિ :-** સ્થિરાદૃષ્ટિનો બોધ રત્નની કાંતિ=તેજ જેવો છે અને કાન્તાદૃષ્ટિનો બોધ તારાની કાંતિ જેવો છે. જોકે તારો પણ રત્નવિશેષ છે, તોપણ મનુષ્યલોકમાં કોઈપણ રત્ન તારા જેટલી દીપ્તિવાળું નથી, તેથી સ્થિરાદૃષ્ટિ કરતાં કાન્તાદૃષ્ટિના બોધનો ભેદ બતાવવા માટે તારાની કાંતિ જેવો બોધ કહેલ છે. સામાન્ય રીતે ગમે તેવા કાંતિમાન રત્નનો પણ પ્રકાશ અમુક ક્ષેત્રથી વધુ દૂરના ક્ષેત્રમાં જતો નથી, જ્યારે તારાનો પ્રકાશ ઘણા દૂરના ક્ષેત્ર સુધી જાય છે અને મનુષ્યક્ષેત્રથી અતિ દૂર હોવા છતાં કાંઈક પ્રકાશમાન પદાર્થરૂપે દેખાય છે. તેથી અન્ય સર્વ રત્નો કરતાં તારાનો પ્રકાશ ઘણો અધિક છે, તેમ સ્થિરાદૃષ્ટિ કરતાં કાન્તાદૃષ્ટિમાં તત્ત્વનો બોધ ઘણો અધિક છે. આથી કાન્તાદૃષ્ટિમાં રહેલ યોગી કષાયોની આકુળતા વગરની સ્વસ્થ પ્રકૃતિથી રહેલા હોય છે.

આશય એ છે કે સ્થિરાદૃષ્ટિમાં રહેલ સમ્યગ્દૃષ્ટિને અવિરતિનો ઉદય હોય ત્યારે ભગવાનના વચન પ્રત્યે સ્થિર શ્રદ્ધા હોવા છતાં ભોગાદિના અભિલાષરૂપ વિકારો વ્યક્ત પણ થાય છે; જ્યારે કાન્તાદૃષ્ટિમાં રહેલા યોગીને અવિરતિનો ઉદય હોય ત્યારે અપ્રત્યાખ્યાનીય કષાયના ઉદયથી ભોગાદિમાં યત્ન કરાવે તેવો

ચિત્તનો પરિણામ હોવા છતાં ભોગાદિ પ્રત્યે વ્યક્ત લાલસાઓ ઊઠતી નથી, પરંતુ પ્રકૃતિથી સ્વસ્થ રહેલા યોગી તે રીતે ભોગાદિમાં પ્રવૃત્તિ કરે છે, જેથી અવિરતિઆપાદકકર્મ પોતાનું ફળ આપીને નિર્જરણ પામે છે; જ્યારે સ્થિરાદૃષ્ટિમાં અપ્રત્યાખ્યાનીય કષાયના ઉદયથી ભોગાદિની મનોવૃત્તિ ઊઠે છે ત્યારે, ભગવાનના વચનની સ્થિર રુચિ હોવા છતાં કષાયના વિકારો વ્યક્ત પણ દેખાય છે. તેવા કષાયના વ્યક્ત વિકારો કાન્તાદૃષ્ટિમાં હોતા નથી, આથી કાન્તાદૃષ્ટિમાં યોગી પ્રકૃતિથી રહેલા હોય છે એમ કહેલ છે.

વળી, કાન્તાદૃષ્ટિના બોધથી જે અનુષ્ઠાનમાં યત્ન થાય છે, તે અનુષ્ઠાન નિરતિચાર બને છે; કેમ કે બોધની અતિશયતાને કારણે પ્રકૃતિના ચાંચલ્યનો અભાવ હોવાથી અનુષ્ઠાનમાં અતિચારની સંભાવના રહેતી નથી.

વળી, કાન્તાદૃષ્ટિનું અનુષ્ઠાન શુદ્ધ ઉપયોગને અનુસરનારું છે અર્થાત્ આત્માના શુદ્ધ ભાવને પ્રગટ કરે તેવા શુદ્ધ ઉપયોગને અનુસરનારું છે.

વળી, કાન્તાદૃષ્ટિનું અનુષ્ઠાન બોધની વિશેષતાને કારણે વિશિષ્ટ અપ્રમાદથી યુક્ત છે. આથી કાન્તાદૃષ્ટિમાં રહેલા સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર કે સર્વવિરતિધર મહાત્માઓ ગુણસ્થાનકના ઊંચા કંડકમાં રહી શકે તેવા વિશિષ્ટ અપ્રમાદથી યુક્ત અનુષ્ઠાનને સેવે છે.

વળી, કાન્તાદૃષ્ટિમાં કરાતું અનુષ્ઠાન પ્રણિધાનાદિ આશયમાંથી વિનિયોગ આશયની પ્રધાનતાવાળું હોય છે. તેથી તેમનું અનુષ્ઠાન ઘણા યોગ્ય જીવોને માર્ગપ્રાપ્તિનું કારણ બને છે.

વળી, તેમનું અનુષ્ઠાન ગંભીર-ઉદાર આશયવાળું હોય છે. આથી આ દૃષ્ટિમાં રહેલા વીર ભગવાને ગર્ભમાં પણ માતા-પિતાના હિતનો ગંભીરતાથી વિચાર કરીને તેમના જીવતાં સુધી સંયમ નહિ ગ્રહણ કરવાની પ્રતિજ્ઞા કરી, અને ઋષભદેવ ભગવાને મરુદેવામાતાના હિતનો ગંભીરતાપૂર્વક વિચાર કરીને મરુદેવામાતાના શોકથી મરુદેવામાતાનું અહિત થશે નહિ, તેવો નિર્ણય કરીને તેમના શોકની ઉપેક્ષા કરીને પણ સંયમ ગ્રહણ કર્યું.

**ટીકા :-**

**प्रभायां पुनरर्कभासमानो बोधः, स ध्यान(सद्ध्यान) हेतुरेव सर्वदा, नेह प्रायो विकल्पावसरः, प्रशमसारं सुखमिह, अकिंचित्कराण्यत्रान्यशास्त्राणि, समाधिनिष्ठमनुष्ठानं, तत्संनिधौ वैरादिनाशः, परानुग्रहकर्तृता, औचित्ययोगो विनेयेषु, तथाऽवन्ध्या सत्क्रियेति ।**

**ટીકાર્થ :-**

प्रभायां ..... सत्क्रियेति । **પ્રભામાં વળી સૂર્યના પ્રકાશ સમાન બોધ છે. તે=પ્રભાદૃષ્ટિમાં રહેલો બોધ, સર્વદા સદ્ધ્યાનનો હેતુ જ છે. અહીં=પ્રભાદૃષ્ટિના બોધમાં, પ્રાયઃ વિકલ્પનો અવસર નથી, અહીં પ્રશમસાર સુખ છે, અહીં=પ્રભાદૃષ્ટિમાં, અન્ય શાસ્ત્રો અકિંચિત્કર છે, અનુષ્ઠાન સમાધિનિષ્ઠાવાળું છે, તેના સંનિધિમાં=પ્રભાદૃષ્ટિવાળા યોગીના સંનિધિમાં, અન્ય જીવોના વૈરાદિનો નાશ થાય છે,**

**પરઅનુગ્રહકર્તૃતા=પ્રભાદૃષ્ટિવાળા યોગીઓ પરના અનુગ્રહને કરનારા હોય છે, શિષ્યોમાં ઔચિત્યનો યોગ હોય છે, તે પ્રકારની અવંધ્ય સત્ક્રિયાઓ છે.**

**'इति' શબ્દ પ્રભાદૃષ્ટિના સ્વરૂપની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :-**

(૭) **પ્રભાદૃષ્ટિ :-** પ્રભાદૃષ્ટિમાં સૂર્યની કાંતિ=પ્રકાશ, જેવો બોધ હોય છે. આશય એ છે કે જેમ સૂર્યના પ્રકાશમાં પદાર્થો ઘણા સ્પષ્ટ દેખાય છે, તેમ આત્માને યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવા માટેની ઉચિત દિશા બતાવે તેવો બોધ પ્રભાદૃષ્ટિમાં ઘણો હોય છે. આથી આત્મકલ્યાણ માટે સદ્ધ્યાનમાં યત્ન કરવાની પ્રબળ દિશા બતાવે તેવો બોધ પ્રભાદૃષ્ટિમાં હોય છે.

સામાન્ય રીતે જીવો સંસારમાં બોધના બળથી શાતાના અર્થે અને અશાતાના નિવર્તન અર્થે કઈ બાહ્યપ્રવૃત્તિ કરવી, જેથી મારું હિત થાય ? અને કઈ ન કરવી, જેથી મારું અહિત અટકે ? તેનો નિર્ણય કરી શકે છે. તે રીતે શાસ્ત્રવચનથી જીવો આત્મકલ્યાણ માટે કઈ રીતે બાહ્યપ્રવૃત્તિ કરવી જોઈએ અને કઈ રીતે બાહ્યપ્રવૃત્તિ ન કરવી જોઈએ તેનો બોધ કરી શકે છે; પરંતુ આત્માને સંસારભાવથી પર કરીને શુદ્ધ આત્માને પ્રગટ કરવા માટે કઈ રીતે ઉપયોગને પ્રવર્તાવવો જોઈએ, તેવો મર્મને સ્પર્શનારો બોધ શાસ્ત્રના વચનમાત્રથી થતો નથી; પરંતુ કર્મમલના વિગમનથી થયેલી નિર્મળતાવાળા કેટલાક જીવોને જ શાસ્ત્રવચનને અવલંબીને ઊહથી યોગમાર્ગનો બોધ થઈ શકે છે, અન્યને નહિ. તેમ આગમને પરતંત્ર થયેલા પાંચમી, છઠ્ઠી દૃષ્ટિમાં રહેલા કેટલાક યોગીઓ શાસ્ત્રવચનના બળથી "કઈ રીતે મન-વચન-કાયાને સમ્યક્ પ્રવર્તાવવાં જોઈએ જેથી સામાયિકનો પરિણામ પ્રગટ થાય ? અને કઈ રીતે મન-વચન-કાયાની પ્રવૃત્તિ ન કરવી જોઈએ જેથી કર્મબંધ ન થાય ?" તેવો સૂક્ષ્મ બોધ કરીને યોગમાર્ગમાં પ્રયત્ન કરે છે; છતાં અસંગભાવમાં જવા માટે કઈ રીતે ધ્યાનવિશેષમાં પ્રયત્ન કરવો જોઈએ તેવો યોગમાર્ગનો વિશેષ બોધ કરી શક્યા નથી; પરંતુ પ્રભાદૃષ્ટિમાં તેવો વિશેષ બોધ છે, જેથી તેઓ સદા અસંગભાવમાં રહે છે અને તેમનો બોધ સદા સદ્ધ્યાનનો હેતુ બને છે.

પ્રભાદૃષ્ટિમાં રહેલા યોગીઓને પ્રાયઃ વિકલ્પનો અવસર નથી. નિર્વિકલ્પદશામાં પ્રાયઃ તેઓ વર્તતા હોય છે, જેથી ઉપયોગરૂપે રાગાદિના વિકલ્પથી પર તેમનું માનસ છે, તેવો અર્થ ફલિત થાય છે.

વળી આ પ્રભાદૃષ્ટિના યોગીઓને રાગાદિના વિકલ્પો ઊઠતા નથી. આથી કરીને પ્રશમપ્રધાન એવું સુખ હોય છે અર્થાત્ શરીર સંબંધી શાતાનું સુખ ક્વચિત્ હોય પણ અને ન પણ હોય, પરંતુ કષાયો અત્યંત ઉપશમ થયેલા છે. તેથી કષાયોના ઉપશમજન્ય આત્માનું સહજ સુખ અહીં હોય છે.

આ પ્રભાદૃષ્ટિમાં અસંગઅનુષ્ઠાનવાળા યોગીઓ હોય છે. તેથી પોતાને જે બોધ છે તેનાથી અન્ય બોધના કારણભૂત એવાં શાસ્ત્રો તેમને યોગમાર્ગની વૃદ્ધિમાં અનુપયોગી છે. આશય એ છે કે દશપૂર્વધર પ્રભાદૃષ્ટિને નહીં પામેલા પણ અન્ય અન્ય શાસ્ત્ર ભણીને યોગમાર્ગમાં અધિક અધિક પ્રવૃત્તિ કરે છે, તેથી

તેઓને માટે શાસ્ત્રો ઉપકારક છે; જ્યારે પ્રભાદૃષ્ટિમાં રહેલ યોગી તો વચનાનુષ્ઠાનથી પર થઈને અસંગઅનુષ્ઠાનમાં વર્તે છે. તેથી વચનાનુષ્ઠાનવાળા યોગીને જે રીતે શાસ્ત્ર ઉપકારક થાય છે, તે રીતે અસંગઅનુષ્ઠાનવાળાને શાસ્ત્ર ઉપકારક નથી. તે બતાવવા માટે અહીં કહ્યું કે પ્રભાદૃષ્ટિમાં અન્ય શાસ્ત્રો અકિંચિત્કર છે.

પ્રભાદૃષ્ટિવાળા જીવો પોતાની ભૂમિકા પ્રમાણે જે અનુષ્ઠાન સેવતા હોય તે અનુષ્ઠાનમાં કષાયોના વિકલ્પો પ્રાયઃ હોતા નથી. તેથી તેમનું અનુષ્ઠાન સમાધિનિષ્ઠ હોય છે અર્થાત્ વિશેષ પ્રકારની સમાધિવાળું હોય છે.

પ્રભાદૃષ્ટિવાળા યોગીઓના સાંનિધ્યમાં હિંસક જીવોના પણ વૈરાદિનો નાશ થાય છે.

પ્રભાદૃષ્ટિવાળાનો બોધ જેમ યોગમાર્ગમાં સુદૃઢ પ્રવૃત્તિ કરાવે છે, તેમ પરનો અનુગ્રહ શક્ય હોય ત્યારે અવશ્ય તેમાં યત્ન કરાવે છે. આથી વીર ભગવાને ચંડકૌશિક ઉપર કરુણાથી ઉપકાર કર્યો.

વળી પ્રભાદૃષ્ટિમાં રહેલા યોગી શિષ્યોમાં ઔચિત્યયોગવાળા હોય છે. આ કથનથી એ જણાય છે કે પ્રભાદૃષ્ટિવાળા અસંગઅનુષ્ઠાનવાળા હોય છે, છતાં ગચ્છમાં રહીને પણ શિષ્યોમાં ઔચિત્યયોગવાળા હોવા જોઈએ; કેમ કે પ્રભાદૃષ્ટિના વર્ણનમાં આગળ અસંગઅનુષ્ઠાનવાળા યોગીઓ ગ્રહણ કરેલ છે. તેથી અસંગઅનુષ્ઠાનવાળા જિનકલ્પી સિવાયના કોઈક મહાત્માઓ પોતાના શિષ્યો સાથે અત્યંત ઉચિત પ્રવૃત્તિ કરીને હિતમાં જોડવા માટે યત્ન કરતા હશે. જોકે સ્થિરાદૃષ્ટિ કે કાન્તાદૃષ્ટિમાં રહેલા પણ મુનિઓ પોતાના શિષ્યોને હિતમાં પ્રવર્તાવવા પ્રયત્ન કરતા હોય, તોપણ પ્રભાદૃષ્ટિ જેવો સૂક્ષ્મબોધ નહિ હોવાથી શિષ્યો પ્રત્યે વિશેષ પ્રકારનો ઔચિત્યયોગ આ દૃષ્ટિમાં જ આવતો હોવો જોઈએ; કેમ કે અન્ય દૃષ્ટિમાં તેનું ગ્રહણ કરેલ નથી.

વળી પ્રભાદૃષ્ટિમાં તે પ્રકારની અવંધ્ય સત્ક્રિયા છે અર્થાત્ કાન્તાદૃષ્ટિમાં નિરતિચાર અનુષ્ઠાન છે, વિશિષ્ટ અપ્રમાદભાવ છે, તોપણ અસંગભાવ નથી; જ્યારે પ્રભાદૃષ્ટિમાં જીવ અસંગઅનુષ્ઠાનમાં હોય છે. તેથી તેવા યોગીની ક્રિયા તે પ્રકારની અવંધ્ય છે અર્થાત્ વીતરાગતા પ્રત્યે સાક્ષાત્ કારણ બને તે પ્રકારની છે.

આશય એ છે કે કાન્તાદૃષ્ટિમાં નિરતિચાર અનુષ્ઠાન છે અને વિશિષ્ટ અપ્રમાદ છે. તેથી તેની ક્રિયા પણ અવંધ્ય છે, તોપણ અસંગભાવ નહિ હોવાથી જે પ્રકારે અસંગઅનુષ્ઠાનવાળા યોગીની ક્રિયા છે, તેવી અવંધ્યક્રિયા કાન્તાદૃષ્ટિમાં નથી. તે બતાવવા માટે અહીં કહ્યું કે પ્રભાદૃષ્ટિમાં સત્ક્રિયા તે પ્રકારની અવંધ્ય છે.

**ટીકા :-**

**परायां पुनर्दृष्टौ चन्द्रचन्द्रिकाभासमानो बोधः, सद्ध्यानरूप एव सर्वदा, विकल्परहितं मनः, तदभावेनोत्तमं सुखं, आरूढावरोहणवन्नानुष्ठानं प्रतिक्रमणादि, परोपकारित्वं यथाभव्यत्वं (भव्यं), तथा पूर्ववदवन्ध्या क्रियेति ।**

**एवं सामान्येन सद्दृष्टेर्योगिनो दृष्टिरष्टधेत्यष्टप्रकारा ।**

**ટીકાર્થ :-**

परायां ..... यष्टप्रकारा । **પરાદૃષ્ટિમાં વળી ચંદ્રની ચંદ્રિકાની કાંતિ જેવો બોધ હોય છે. પરાદૃષ્ટિનો બોધ સર્વદા સદ્ધ્યાનરૂપ જ છે. પરાદૃષ્ટિમાં મન વિકલ્પરહિત છે, અને તેના અભાવને કારણે=મનના વિકલ્પના અભાવને કારણે, ઉત્તમ સુખ છે. આરૂઢને અવરોહણની જેમ અર્થાત્ જેમ પર્વત ઉપર આરૂઢ થયેલો હોય તેને પર્વત ઉપર ચડવાનું હોતું નથી, તેમ પ્રતિક્રમણાદિ અનુષ્ઠાન નથી. જીવોના ભવ્યત્વને અનુરૂપ પરોપકારીપણું છે અને પૂર્વની જેમ=પ્રભાદૃષ્ટિની જેમ, અવંધ્ય ક્રિયા છે.**

'इति' **શબ્દ પરાદૃષ્ટિના સ્વરૂપની સમાપ્તિ માટે છે.**

**આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, સામાન્યથી સદ્દૃષ્ટિવાળા યોગીની દૃષ્ટિ આઠ પ્રકારવાળી છે.**

**ભાવાર્થ :-**

(૮) **પરાદૃષ્ટિ :-** પ્રભાદૃષ્ટિમાં સૂર્યની કાંતિ જેવો બોધ હોય છે, જ્યારે પરાદૃષ્ટિમાં ચંદ્રની ચંદ્રિકાની કાંતિ જેવો બોધ હોય છે. સામાન્ય રીતે વિચારીએ તો સૂર્યનો પ્રકાશ ઘણો દેખાય અને ચંદ્રની ચંદ્રિકાની કાંતિનો પ્રકાશ થોડો દેખાય. વસ્તુતઃ સૂર્ય અને ચંદ્ર એ બન્ને ઇન્દ્ર છે. સૂર્યવિમાનના અધિપતિ ઇન્દ્ર કરતાં ચંદ્રવિમાનના અધિપતિ ઇન્દ્રની પુણ્યપ્રકૃતિ અધિક છે, તેમ ચંદ્રવિમાનમાં રહેલાં જે રત્નો છે તેની કાંતિ પણ સૂર્યવિમાનનાં રત્નોની કાંતિ કરતાં અધિક છે. આમ છતાં સૂર્યના વિમાનમાં રહેલાં રત્નોમાં આતપનામકર્મ અને લોહિતવર્ણ છે, તેથી તેનો પ્રકાશ ઉષ્ણ છે; જ્યારે ચંદ્રના વિમાનમાં રહેલાં રત્નોમાં ઉદ્યોતનામકર્મ છે, તેથી તેનો પ્રકાશ શીતલ છે. તેથી સૂર્યવિમાનમાં રહેલાં રત્નો કરતાં ચંદ્રના વિમાનમાં જે રત્નો છે, તે અધિક તેજસ્વી અને શીતલ છે. તેને સામે રાખીને પ્રભાદૃષ્ટિમાં સૂર્યની કાંતિ જેવો બોધ કહ્યો અને પરાદૃષ્ટિમાં ચંદ્રની ચંદ્રિકાની કાંતિ જેવો બોધ કહ્યો.

વળી આ બોધ સદા સદ્ધ્યાનરૂપ છે. તેથી પરાદૃષ્ટિનો બોધ પ્રાતિભજ્ઞાનરૂપ હોય અથવા તો પ્રાતિભજ્ઞાન થવાની તૈયારીરૂપે તેનો પ્રારંભ થયેલો હોય, અને પ્રાતિભજ્ઞાનનો બોધ પણ પરાદૃષ્ટિમાં અંતર્ભાવ પામતો હોય, તેવું જણાય છે; કેમ કે પરાદૃષ્ટિમાં આવ્યા પછી જીવ ક્ષપકશ્રેણી માંડે છે અને કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે.

પરાદૃષ્ટિના કાળમાં મન સર્વથા વિકલ્પરહિત છે. તેથી પરાદૃષ્ટિમાં આત્મા સ્વસ્થતાનું પરમસુખ અનુભવે છે.

પ્રતિક્રમણાદિ ક્રિયાઓ સદ્ધ્યાન ઉપર આરૂઢ થવા માટે કરવામાં આવે છે. તેથી જેમ કોઈ જીવ પર્વત ઉપર ચડી ગયો હોય તેને પર્વત ઉપર ચડવાની ક્રિયા ન હોય, તેમ પરાદૃષ્ટિવાળા જીવો સદ્ધ્યાન ઉપર આરૂઢ હોવાથી ધ્યાન ઉપર ચડવા માટે ઉપયોગી એવી પ્રતિક્રમણાદિ ક્રિયાઓ તેઓને હોતી નથી.

જીવોની યોગ્યતા પ્રમાણે પરાદૃષ્ટિમાં રહેલા જીવો પરોપકાર પણ કરે છે. આનાથી એ જણાય છે કે પરોપકારની ક્રિયા કરતી વખતે તેઓનું મન વિકલ્પથી રહિત હોય છે અને સદ્ધ્યાનવાળું હોય છે, આમ છતાં યોગ્ય જીવોને પરોપકાર કરવામાં પણ તેઓનો યત્ન હોય છે.

જેમ પ્રભાદૃષ્ટિમાં રહેલા અસંગભાવવાળા યોગીઓ ક્ષપકશ્રેણીની સન્મુખ અવંધ્ય ક્રિયા કરે છે, તેમ પરાદૃષ્ટિમાં રહેલા જીવો પણ ધ્યાનની કે ઉપદેશની જે કંઈ ક્રિયા કરે છે, તે વીતરાગભાવ પ્રત્યે અવંધ્ય કારણ છે.

પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, સામાન્યથી "સદ્દૃષ્ટિવાળા યોગીની દૃષ્ટિ આઠ ભેદવાળી છે" આટલો અંશ શ્લોકના ચોથા પાદનો છે. તેનાથી એ કહેવું છે કે સદ્દૃષ્ટિવાળા યોગીની દૃષ્ટિ અનેક ભેદવાળી છે, આમ છતાં સામાન્યથી તેનો વિભાગ ઉપરમાં વર્ણન કર્યું તેમ આઠ પ્રકારે છે.

**ટીકા :-**

**अत्राह-ग्रन्थिभेदे सद्दृष्टित्वं स च दीर्घोत्तरकालमिति कथं सद्दृष्टेर्दृष्टिरष्टधेति ? उच्यते, अवन्ध्यसद्दृष्टिहेतुत्वेन मित्रादिदृष्टीनामपि सतीत्वादिति ।**

**ટીકાર્થ :-**

अत्राह-ग्रन्थिभेदे..... सतीत्वादिति । **અહીં=પૂર્વમાં કહ્યું કે સદ્દૃષ્ટિવાળા યોગીની દૃષ્ટિ સામાન્યથી આઠ પ્રકારની છે, એ કથનમાં, શંકા કરતાં કહે છે –**

**ગ્રંથિભેદ હોતે છતે સદ્દૃષ્ટિપણું છે, અને તે=ગ્રંથિભેદ, દીર્ઘ ઉત્તરકાલમાં છે અર્થાત્ પ્રથમ ચાર દૃષ્ટિ પછી પાંચમી દૃષ્ટિમાં છે. એથી સદ્દૃષ્ટિવાળાની દૃષ્ટિ આઠ પ્રકારની કેવી રીતે હોઈ શકે ? અર્થાત્ આઠ પ્રકારની ન હોઈ શકે, પરંતુ ચાર પ્રકારની જ હોઈ શકે.**

**'इति' શબ્દ શંકાની સમાપ્તિમાં છે. તેનું સમાધાન કરતાં 'उच्यते' થી કહે છે –**

**(મિત્રાદિ ચાર દૃષ્ટિનું) અવંધ્ય સદ્દૃષ્ટિહેતુપણું હોવાથી અર્થાત્ પાછળની ચાર સદ્દૃષ્ટિનું અવંધ્ય હેતુપણું હોવાથી મિત્રાદિદૃષ્ટિઓનું પણ સતીપણું છે=સદ્દૃષ્ટિપણું છે.**

**'इति' શબ્દ શંકાના સમાધાનની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં આઠ દૃષ્ટિઓનું વર્ણન કર્યું અને ત્યાર પછી કહ્યું કે સદ્દૃષ્ટિવાળા યોગીઓની દૃષ્ટિ આઠ પ્રકારની છે. ત્યાં શંકા થાય કે ગ્રંથિભેદ કર્યા પછી જીવોને સદ્દૃષ્ટિની પ્રાપ્તિ થાય છે, અને ગ્રંથિભેદ ચાર દૃષ્ટિ સુધીના જીવોને થયેલો નથી, પરંતુ પાંચમી દૃષ્ટિવાળા જીવો ગ્રંથિભેદવાળા છે; તેથી સદ્દૃષ્ટિવાળા યોગીની દૃષ્ટિ આઠ પ્રકારની છે એમ કઈ રીતે કહી શકાય ? અર્થાત્ ન કહી શકાય; પરંતુ સદ્દૃષ્ટિવાળી યોગદૃષ્ટિ ચાર પ્રકારની છે એમ કહેવું જોઈએ; કેમ કે સમ્યગ્દૃષ્ટિ જીવોને પાછળની સ્થિરાદિ ચાર દૃષ્ટિઓ હોય છે. એ પ્રકારનો શંકાકારનો આશય છે. તેનું સમાધાન કરતાં ગ્રંથકાર કહે છે –

સમ્યગ્દૃષ્ટિ જીવોને સ્થિરાદિ ચાર દૃષ્ટિઓ હોય છે, તેથી સદ્દૃષ્ટિવાળા યોગીને ચાર દૃષ્ટિઓ હોય છે; તેમ મિત્રાદિ દૃષ્ટિવાળા જીવોની પણ જે દૃષ્ટિ છે, તે સદ્દૃષ્ટિનો અવંધ્ય હેતુ છે. તેથી પ્રથમ ચાર દૃષ્ટિવાળાને સદ્દૃષ્ટિ નહિ હોવા છતાં સદ્દૃષ્ટિના હેતુભૂત એવી દૃષ્ટિ હોવાથી તેને પણ સદ્દૃષ્ટિ કહેલ

છે. તેથી એ ફલિત થયું કે પ્રથમની ચાર દૃષ્ટિ સદ્દૃષ્ટિનો હેતુ છે, તેથી સદ્દૃષ્ટિ છે; અને પાછળની ચાર દૃષ્ટિ ગ્રંથિભેદ થયેલો હોવાથી સદ્દૃષ્ટિ છે.

**ઉત્થાન :-**

આ રીતે યોગની આઠ દૃષ્ટિઓનું સામાન્ય સ્વરૂપ વર્ણન કર્યું અને ત્યાં શંકા થઈ કે આ આઠે સદ્દૃષ્ટિ કઈ રીતે છે ? તેનું પણ સમાધાન કરીને અપેક્ષાએ પ્રથમની ચાર દૃષ્ટિ પણ સદ્દૃષ્ટિ છે, તે સ્થાપન કર્યું. હવે પહેલી ચાર દૃષ્ટિ પાછળની ચાર દૃષ્ટિના અવંધ્ય હેતુરૂપ કહી, તે દૃષ્ટાંતથી બતાવવા માટે કહે છે -

**ટીકા :-**

**वर्षोलकनिष्पत्ताविक्षुरसकक्कबगुडकल्पाः खल्वेताः खण्डसर्करामत्स्यण्डीवर्षोलकसमाश्चेतरा इत्याचार्याः, इक्ष्वादीनामेव तथाभवनादिति ।**

**ટીકાર્થ :-**

वर्षोलक ..... तथाभवनादिति । **વર્ષોલકની નિષ્પત્તિમાં (૧) ઈક્ષુકલ્પ, (૨) રસકલ્પ=ઈક્ષુરસકલ્પ, (૩) કક્કબકલ્પ=ઉકાળેલ ઈક્ષુરસકલ્પ, (૪) ગુડકલ્પ=ગોળ જેવી, ખરેખર આ છે=મિત્રાદિ ચાર દૃષ્ટિઓ છે; (૧) ખંડ, (૨) શર્કરા, (૩) મત્સ્યંડી અને (૪) વર્ષોલક સમાન ઈતર=સ્થિરાદિ ચાર દૃષ્ટિઓ છે, એ પ્રકારે આચાર્ય કહે છે; કેમ કે ઈક્ષુઆદિનું જ તથાભવન છે.**

**'इति' શબ્દ વર્ષોલક પ્રત્યે ઈક્ષુ આદિની હેતુતાના કથનની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :-**

ઇક્ષુમાંથી રસાદિના ક્રમથી છેલ્લે વર્ષોલકની નિષ્પત્તિ કરવામાં આવે છે. એ વર્ષોલક વિશેષ પ્રકારના માધુર્યવાળી ખાંડવિશેષ છે. તેના દૃષ્ટાંતથી આઠ દૃષ્ટિના માધુર્યનો બોધ કરાવવો છે. તેથી ગ્રંથકાર કહે છે કે વર્ષોલક જેવી પરાદૃષ્ટિની નિષ્પત્તિમાં કારણ ઇક્ષુ જેવી મિત્રાદૃષ્ટિ છે, ઇક્ષુના રસ જેવી તારાદૃષ્ટિ છે, ઇક્ષુના રસને ઉકાળીને ગોળ બનાવવા માટે જ્યારે યત્ન કરાય છે ત્યારે ઇક્ષુનો રસ ઘટ્ટ અવસ્થા જેવો બને છે તેવી બલાદૃષ્ટિ છે, અને ગુડ જેવી દીપ્રાદૃષ્ટિ છે. આ ચાર દૃષ્ટિ સદ્દૃષ્ટિ નહિ હોવા છતાં સદ્દૃષ્ટિનો અવંધ્ય હેતુ છે, તેથી તેને જુદી બતાવીને હવે પાછળની ચાર દૃષ્ટિ ઇક્ષુરસમાંથી બનેલ ખંડાદિ તુલ્ય છે, તે બતાવવા અર્થે કહે છે –

ખાંડ જેવી સ્થિરાદૃષ્ટિ છે, શર્કરા જેવી કાંતાદૃષ્ટિ છે, મત્સ્યંડી જેવી પ્રભાદૃષ્ટિ છે અને વર્ષોલક જેવી પરાદૃષ્ટિ છે.

અહીં જેમ વર્ષોલક એ ઇક્ષુની સૌથી મધુર અવસ્થા છે, તેમ પરાદૃષ્ટિ વિકલ્પરહિત મન હોવાને કારણે પરમમધુર એવા સુખવાળી જીવની અવસ્થા છે. પરમ માધુર્ય એ જીવનું ઉત્તમ સુખ છે, અને તેની પૂર્વ પૂર્વ ભૂમિકારૂપે બાકીની સાત દૃષ્ટિઓ પણ કંઈક હીન છતાં સંવેગના માધુર્યવાળી છે, એ પ્રમાણે આચાર્ય કહે

છે; કેમ કે ઇક્ષુ આદિનું તે તે પ્રકારે ભવન છે; અને ઇક્ષુ જેમ રસાદિના ક્રમથી અંતે વર્ષોલકરૂપે બને છે, તેમ મિત્રાદૃષ્ટિ ક્રમસર વિકાસ પામીને પરાદૃષ્ટિરૂપ વિકલ્પરહિત મનવાળી અવસ્થાને પ્રાપ્ત કરે છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં ઇક્ષુ આદિના દૃષ્ટાંતથી આઠ દૃષ્ટિનું સ્વરૂપ બતાવ્યું. ત્યાં પ્રશ્ન થાય કે ઇક્ષુ અને આ આઠ દૃષ્ટિ વચ્ચે કઈ રીતે સાદૃશ્ય છે ? તે સાદૃશ્યતા સ્પષ્ટ કરવા માટે કહે છે –

**ટીકા :-**

**रुच्यादिगोचरा एवैताः, एतेषा(तासा)मेव संवेगमाधुर्योपपत्तेः इक्षु(इक्ष्वादि)कल्पत्वादिति । नलादिकल्पास्त्वभव्याः, संवेगमाधुर्यशून्यत्वात् । अनेन सर्वथाऽपरिणामिक्षणिकात्मवादे दृष्टिभेदाभावमाह तत्तथाभवनानुपपत्तेरिति ।।१५।।**

**ટીકાર્થ :-**

रुच्यादिगोचरा ..... नुपपत्तेरिति ।। **રુચ્યાદિ વિષયવાળી જ આ=પૂર્વમાં વર્ણન કરાયેલી, આઠે દૃષ્ટિઓ છે; કેમ કે સંવેગના માધુર્યની ઉપપત્તિ હોવાથી આનું જ=આઠ દૃષ્ટિઓનું જ, ઇક્ષુ આદિ કલ્પપણું છે.**

**'इति' શબ્દ કથનની સમાપ્તિ માટે છે.**

**વળી નલાદિકલ્પ=શેરડીના સાંઠા જેવા ઘાસવિશેષના સાંઠા જેવી, અભવ્યા=વર્ષોલક જેવી પરાદૃષ્ટિરૂપે ન થાય તેવી, અયોગ્ય દૃષ્ટિઓ છે; કેમ કે તેમનું સંવેગમાધુર્યથી શૂન્યપણું છે. આના દ્વારા=વર્ષોલક જેવી પરાદૃષ્ટિની નિષ્પત્તિમાં ઇક્ષુ આદિ કલ્પ મિત્રાદિદૃષ્ટિઓ છે એમ પૂર્વમાં સ્થાપન કર્યું એના દ્વારા, સર્વથા અપરિણામી, કે સર્વથા ક્ષણિક આત્મવાદમાં, દૃષ્ટિભેદના અભાવને બતાવે છે; કેમ કે તેના=સર્વથા અપરિણામી એવા આત્માના, કે સર્વથા ક્ષણિક એવા આત્માના, તથાભવનની અનુપપત્તિ છે=તે તે દૃષ્ટિરૂપે ભવનની અનુપપત્તિ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૫।।**

❖ 'रुच्यादिगोचराः' - શબ્દમાં આદિ પદથી રુચિને અનુસાર પ્રવૃત્તિનું ગ્રહણ કરવાનું છે.

❖ 'नलादिकल्पाः' - શબ્દમાં આદિ પદથી વાંસનું ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :-**

પૂર્વમાં વર્ષોલકની નિષ્પત્તિમાં ઇક્ષુ આદિના દૃષ્ટાંતથી આઠ દૃષ્ટિઓનું સ્વરૂપ બતાવ્યું. ત્યાં ઇક્ષુમાં જેમ માધુર્ય હોય છે, તેમ મિત્રાદિ દૃષ્ટિઓમાં સંવેગનું માધુર્ય આ રીતે છે : અસદ્ગ્રહના વિગમનથી તત્ત્વની રુચિ પ્રગટે છે અને તે રુચિ અનુસાર યોગમાર્ગની ક્રિયાઓમાં યત્ન પ્રગટે છે. તદ્વિષયવાળી=યોગમાર્ગની

રુચિ અને યોગમાર્ગની પ્રવૃત્તિના વિષયવાળી, આ યોગદૃષ્ટિઓ છે, અને આ યોગમાર્ગની રુચિ અને યોગમાર્ગની પ્રવૃત્તિમાં મોક્ષના અભિલાષરૂપ સંવેગનું માધુર્ય હોય છે. તેથી દૃષ્ટિઓને ઇક્ષુ આદિ સરખી કહી છે.

વળી જે જીવોને લેશ પણ તત્ત્વની રુચિ નથી, પરંતુ ભવનો રાગ અતિશય છે, તેવા ભવાભિનંદી જીવોમાં અનિવર્તનીય અતત્ત્વનો રાગ છે. તેથી તેઓની દૃષ્ટિ અભવ્ય છે અર્થાત્ ક્રમસર વિકાસ પામીને વર્ષોલક જેવી પરાદૃષ્ટિરૂપે થાય તેવી નથી, પરંતુ તેનાથી વિપરીત છે; કેમ કે સંવેગના માધુર્યથી શૂન્ય છે. તેથી અતત્ત્વના અનિવર્તનીય રાગવાળા જીવોની દૃષ્ટિ નલાદિકલ્પ છે.

આશય એ છે કે શેરડીના જેવા જ ઘાસના સાંઠા હોય છે, જેને નલ કહેવામાં આવે છે. તેમાં શેરડીના જેવી મધુરતા હોતી નથી, તેથી તે નલાદિમાંથી ગોળ, ખાંડ વગેરે બનાવવાનું કાર્ય થતું નથી. તે રીતે જે જીવોને અતત્ત્વનો રાગ અનિવર્તનીય છે, તેઓને યોગમાર્ગની રુચિ થતી નથી. તેવા જીવો કદાચ ધર્મની પ્રવૃત્તિ કરે તોપણ આલોકની આશંસાથી, પરલોકની આશંસાથી કે અનાભોગથી કરે છે, પરંતુ તેઓમાં મોક્ષનો અભિલાષ થાય તેવો સંવેગનો પરિણામલેશ નથી, તેથી તેઓની ધર્મની પ્રવૃત્તિ પણ યોગદૃષ્ટિની નિષ્પત્તિનું કારણ બનતી નથી; પરંતુ જે જીવોમાં અસદ્ગ્રહ કંઈક ઘટ્યો છે, તેવા મિત્રાદિદૃષ્ટિવાળા જીવોની ધર્મની પ્રવૃત્તિમાં કંઈક સંવેગનું માધુર્ય હોય છે, જે ઉત્તર-ઉત્તરના માધુર્યની નિષ્પત્તિ દ્વારા મોક્ષનું કારણ બને છે.

અહીં 'અભવ્ય' શબ્દથી અભવ્ય જીવો લેવા નથી, પરંતુ અભવ્ય દૃષ્ટિ લેવાની છે; કેમ કે પ્રસ્તુતમાં દૃષ્ટિની વાત ચાલે છે. તેથી સદ્દૃષ્ટિ ભવ્યદૃષ્ટિ છે અર્થાત્ પરાદૃષ્ટિરૂપે થવા યોગ્ય દૃષ્ટિ છે, અને જે જીવોની સદ્દૃષ્ટિ નથી તેઓની પરાદૃષ્ટિરૂપે થવા યોગ્ય દૃષ્ટિ નથી, તે અભવ્ય દૃષ્ટિ છે.

'अभव्याः' બહુવચન કરવાથી એ બતાવવું છે કે મિત્રાદિ દૃષ્ટિ સિવાયની અયોગ્ય દૃષ્ટિઓ=જે પરાદૃષ્ટિરૂપે થવા માટે અયોગ્ય છે તેવી દૃષ્ટિઓ, પણ અનેક પ્રકારની છે, તે સર્વ દૃષ્ટિઓ નલાદિ જેવી છે.

પૂર્વમાં બતાવ્યું કે ઇક્ષુ આદિ જેવી મિત્રાદિ દૃષ્ટિઓ વર્ષોલકરૂપે થાય છે. એ કથન દ્વારા જે લોકો આત્માને એકાંતે નિત્ય માને છે તેઓનું ખંડન થાય છે, અથવા જે લોકો આત્માને એકાંતે ક્ષણિક માને છે તેઓનું પણ ખંડન થાય છે; કેમ કે એકાંતનિત્યપક્ષમાં આત્મા અપરિણામી સ્વીકારાય છે. તેમના મત પ્રમાણે દૃષ્ટિભેદના અભાવની પ્રાપ્તિ થાય; કેમ કે આત્મા પરિણામી ન હોય તો તેમાં ક્રમસર યોગદૃષ્ટિનો વિકાસ થાય છે, તેમ સ્વીકારી શકાય નહિ. તેથી એકાંતનિત્યપક્ષમાં યોગમાર્ગ શબ્દમાત્રરૂપ સ્વીકૃત થાય છે, વસ્તુતઃ અપરિણામી આત્મા હોય તો યોગના વિકાસરૂપ દૃષ્ટિ નિષ્પન્ન થાય નહિ. વળી એકાંત ક્ષણિક આત્મા હોય તોપણ એક ક્ષણ સ્થાયી આત્મા બીજી ક્ષણમાં હોય નહિ. તેથી સાધના દ્વારા આત્મામાં ક્રમસર દૃષ્ટિઓ પેદા થાય છે તેમ સ્વીકારી શકાય નહિ. તેથી ક્ષણિકવાદમાં પણ યોગમાર્ગનો સ્વીકાર શબ્દમાત્રરૂપ છે, વસ્તુતઃ આત્મા જો ક્ષણસ્થાયી હોય તો પ્રયત્ન કરીને ઉત્તર-ઉત્તરની દૃષ્ટિ પેદા કરે છે, તેમ સ્વીકારી શકાય નહિ. આથી આઠ દૃષ્ટિઓના વર્ણનના બળથી સિદ્ધ થાય છે કે આત્મા પરિણામી છે. **॥૧૫॥**

**અવતરણિકા :-**

**इयं च सकलयोगिदर्शनसाधारणेति यथाविधानां यथा भवति तथाविधानां तथाभिधातुमाह –**

**નોંધ :-** 'तथाभिधातुम्' શબ્દમાં 'अभिधातुम्' નું કર્મ યોગદૃષ્ટિ અધ્યાહાર છે. તેથી તે પ્રકારે યોગદૃષ્ટિને બતાવવા માટે કહે છે, એમ અર્થ કરેલ છે.

**અવતરણિકાર્થ :-**

**અને આ=યોગદૃષ્ટિ, સકલયોગીદર્શનસાધારણ છે=યોગને માનનારાં સર્વ દર્શનોને માન્ય છે. એથી યથાવિધ યોગીઓને 'यथा'=જે પ્રકારે યોગદૃષ્ટિ, માન્ય થાય છે, તથાવિધ યોગીઓને तथा=તે પ્રકારે, યોગદૃષ્ટિને બતાવવા માટે કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં સામાન્ય રીતે યોગની આઠ દૃષ્ટિઓનું સંક્ષેપથી સ્વરૂપ બતાવ્યું. તે યોગની દૃષ્ટિઓ યોગમાર્ગને સ્વીકારનારા સર્વ યોગીઓને જુદા જુદા શબ્દોથી અભિમત છે, તેથી તે આઠે દૃષ્ટિઓ સર્વ યોગીદર્શનોને માન્ય છે. જે પ્રકારના યોગીઓને જે રીતે તે દૃષ્ટિ માન્ય છે, તેવા યોગીઓને તે પ્રકારે તેમની દૃષ્ટિ બતાવવા માટે કહે છે, જે આગળમાં નીચે પ્રમાણે બતાવાશે –

પતંજલિઋષિને તે યોગદૃષ્ટિ યમનિયમાદિ યોગના આઠ અંગોરૂપે માન્ય છે, તેથી પતંજલિઋષિ મતાનુસારી યોગીઓને આ આઠ દૃષ્ટિ યમનિયમાદિરૂપે બતાવે છે.

વળી ભાસ્કરબંધુને તે યોગની દૃષ્ટિઓ યોગમાર્ગની ધ્યાનાદિ પ્રવૃત્તિમાં ખેદાદિ આઠ દોષોના પરિહારરૂપે માન્ય છે, તેથી તે માન્યતાવાળા યોગીઓને તે પ્રકારે બતાવે છે.

અને દત્તાદિ ઋષિઓને તે યોગની આઠ દૃષ્ટિઓ અદ્વેષાદિ ગુણની નિષ્પત્તિ દ્વારા માન્ય છે, તેથી તેવા યોગીઓને તે પ્રકારે બતાવે છે.

**શ્લોક :-**

**यमादियोगयुक्तानां, खेदादिपरिहारतः ।**
**अद्वेषादिगुणस्थानं, क्रमेणैषा सतां मता ।।१६।।**

**નોંધ :-** શ્લોકમાં 'अद्वेषादिगुणस्थानं' એ 'एषा' નું વિશેષણ છે અને 'एषा' શબ્દ દૃષ્ટિનો વાચક છે અને 'अद्वेषादिगुणस्थानं' अजहत् નપુંસકલિંગ છે.

**અન્વયાર્થ :-**

**यमादियोगयुक्तानां=યમાદિ યોગયુક્ત એવાઓને खेदादिपरिहारतः=ખેદાદિ દોષના પરિહારથી अद्वेषादिगुणस्थानं=અદ્વેષાદિગુણના સ્થાનરૂપ क्रमेण=ક્રમસર एषा=આ=સદ્દૃષ્ટિ सतां=સંતોને=યોગીઓને मता=માન્ય છે. ।।૧૬।।**

**શ્લોકાર્થ :-**

**યમાદિ યોગયુક્ત એવાઓને ખેદાદિ દોષના પરિહારથી અદ્વેષાદિગુણના સ્થાનરૂપ ક્રમસર સદ્દૃષ્ટિ યોગીઓને માન્ય છે. ।।૧૬।।**

**ટીકા :-**

**यमादियोगयुक्तानामिति, इह यमादयो योगाङ्गत्वाद्योगा उच्यन्ते, यथोक्तं** "यमनियमासनप्राणायामप्रत्याहारधारणाध्यानसमाधयोऽष्टावङ्गानि" (पात. योग.२-२१), **तदेवं यमादियोगयुक्तानां क्रमेणैषाऽष्टधा, प्रत्येकमङ्गयोगे दृष्टिभेदत्वात्, एवं 'खेदादिपरिहारतः' यमादियोगप्रत्यनीकाशयपरिहारेण, एतेऽपि चाष्टावेव, तथा –** "खेदोद्वेगक्षेपोत्थानभ्रान्त्यन्यमुद्रुगासङ्गैः ! युक्तानि हि चित्तानि प्रपञ्चतो (प्रबंधतो) वर्जयेन्मतिमान् ।।१।। (षोडशक-१४-३)" **'तदेतत्परिहारेणापि क्रमेणैषाष्टधेति, एवम् 'अद्वेषादिगुणस्थानम्' इति यत एतान्यप्यष्टावेव, यथोक्तम् -** "अद्वेषो जिज्ञासा शुश्रूषा श्रवणबोधमीमांसाः । परिशुद्धा प्रतिपत्तिः प्रवृत्तिरष्टांगिकी तत्त्वे ।।१।।" (षोडशक-१६-१४) **एवं 'क्रमेण' 'एषां'=सद्दृष्टिः, 'सतां'=मुनीनां, भगवत्पतञ्जलिभदन्तभास्करबन्धुभगवद्दत्तादीनां योगिनामित्यर्थः 'मता'=इष्टा । एतत्साकल्यं च प्रतिदृष्टि दर्शयिष्यामः ।।१६।।**

❖ ષોડશક ગાથા-૧૪-૩માં 'प्रपञ्चतो' શબ્દને ઠેકાણે प्रबंधतो શબ્દ છે, અને તેનો અર્થ 'प्रवाहेन' કરેલ છે. તે પ્રમાણે અહીં અર્થ કરેલ છે.

❖ ષોડશક-૧૬-૧૪માં પ્રવૃત્તિ શબ્દ છે. તેને આવર્ત કરીને બે વખત ગ્રહણ કરવાનો છે. તેમાં બીજી વાર પ્રવૃત્તિ શબ્દ અષ્ટાંગિકી સાથે જોડવાનો છે. તેથી એ અર્થ પ્રાપ્ત થાય કે તત્ત્વના વિષયમાં અદ્વેષાદિ આઠ અંગવાળી પ્રવૃત્તિ છે.

**ટીકાર્થ :-**

**इह यमादयो ..... दर्शयिष्यामः ।। 'यमादियोगयुक्तानां' એ પ્રતિક છે. યોગનું અંગપણું હોવાને કારણે અહીં=આ ગ્રંથમાં, યમાદિ યોગો કહેવાયા છે. યમાદિ યોગનાં અંગો છે, તેમાં સાક્ષી આપે છે. જે પ્રમાણે કહેવાયું છે –**

'યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠ યોગનાં અંગો છે.'

**તે કારણથી=પૂર્વમાં યોગાંગને યોગ કહ્યા તે કારણથી, આ રીતે=પતંજલિઋષિની સાક્ષી આપી એમાં યોગાંગો આઠ છે એ રીતે, યમાદિ યોગયુક્તોને ક્રમસર આ=દૃષ્ટિ, આઠ પ્રકારની છે; કેમ કે પ્રત્યેક અંગના યોગમાં=સંબંધમાં, દૃષ્ટિભેદપણું છે. આ રીતે=જે રીતે યમાદિ અંગને આશ્રયીને દૃષ્ટિ આઠ ભેદવાળી છે એ રીતે, ખેદાદિના પરિહારથી=યમાદિ યોગના પ્રત્યનીક આશયરૂપ ખેદાદિના પરિહારથી, આ દૃષ્ટિ ક્રમસર આઠ પ્રકારની છે એમ અન્વય છે, અને આ પણ=ખેદાદિ દોષો પણ, આઠ જ છે.**

**તે ખેદાદિ આઠ દોષો 'तथा' થી બતાવે છે –**

'ખેદ, ઉદ્વેગ, ક્ષેપ, ઉત્થાન, ભ્રાંતિ, અન્યમુદ્, રોગ અને આસંગથી યુક્ત એવાં ચિત્તોને પ્રબંધથી=પ્રવાહથી, બુદ્ધિમાન વર્જન કરે.'

**તે કારણથી=પૂર્વમાં સાક્ષી આપી તે પ્રમાણે ખેદાદિ આઠ છે તે કારણથી, ક્રમસર આના પરિહારથી પણ=ખેદાદિ દોષોના પરિહારથી પણ, આ=દૃષ્ટિ, આઠ પ્રકારની છે.**

**'इति' શબ્દ કથનની સમાપ્તિ માટે છે.**

**એ રીતે=જે રીતે ખેદાદિ દોષોના પરિહારથી દૃષ્ટિ આઠ પ્રકારની છે એ રીતે, અદ્વેષાદિ ગુણોનું સ્થાન છે, એથી આ દૃષ્ટિ આઠ પ્રકારની છે એમ અન્વય છે. જે કારણથી આ પણ=અદ્વેષાદિ ગુણોનાં સ્થાનો પણ, આઠ જ છે.**

**જે પ્રમાણે કહેવાયું છે –**

'તત્ત્વના વિષયમાં અદ્વેષ, જિજ્ઞાસા, શુશ્રૂષા, શ્રવણ, બોધ, મીમાંસા, પરિશુદ્ધા પ્રતિપત્તિ અને પ્રવૃત્તિ એ રૂપ આઠ અંગવાળી=અદ્વેષાદિ આઠ અંગોવાળી પ્રવૃત્તિ છે.'

**'एवं क्रमेण'=આ પ્રકારના ક્રમ વડે=પૂર્વમાં યોગનાં આઠ અંગો બતાવ્યાં, અને યમાદિ યોગના પ્રત્યનીક આઠ આશયોનો પરિહાર બતાવ્યો, તથા પ્રવૃત્તિના અદ્વેષાદિ આઠ ગુણો બતાવ્યા, એ પ્રકારના ક્રમ વડે, આ=સદ્દૃષ્ટિ સંતોને=મુનિઓને=ભગવાન પતંજલિ, ભદંત ભાસ્કરબંધુ અને ભગવાન દત્તાદિ યોગીઓને, માન્ય છે=ઈષ્ટ છે; અને આના સાકલ્યને=આઠ યોગાંગો, ખેદાદિ આઠનો પરિહાર અને અદ્વેષાદિ આઠ ગુણોના સાકલ્યને=સાકલ્યના યોજનને, પ્રતિ દૃષ્ટિમાં=દરેક દૃષ્ટિમાં, અમે બતાવીશું. ।।૧૬।।**

**ભાવાર્થ :-**

યોગદૃષ્ટિ ગ્રંથમાં યમાદિ આઠને યોગ કહ્યા છે અને તે ભગવાન પતંજલિ ઋષિના વચનને અવલંબીને કહ્યા છે, અને ભગવાન પતંજલિએ યમનિયમાદિ આઠને યોગનાં અંગો કહ્યાં છે. માટે પતંજલિના વચન અનુસાર યોગાંગને યોગ કહી શકાય નહીં. તેથી ગ્રંથકાર ખુલાસો કરે છે કે યોગનાં અંગો હોવાથી=યોગનાં કારણો હોવાથી, કારણમાં કાર્યનો ઉપચાર કરીને પ્રસ્તુત ગ્રંથમાં યમાદિને આઠ યોગો કહ્યા છે.

આશય એ છે કે પતંજલિઋષિ યોગનું લક્ષણ 'ચિત્તવૃત્તિનિરોધ' કરે છે, અને કહે છે કે મોક્ષનું કારણ ચિત્તવૃત્તિનિરોધરૂપ યોગ છે, અને ચિત્તવૃત્તિનિરોધરૂપ યોગની પ્રાપ્તિનું કારણ યમનિયમાદિ આઠ અંગો છે. તેથી પતંજલિઋષિના મત પ્રમાણે યમનિયમાદિ આઠ યોગ નહિ હોવા છતાં ગ્રંથકારે તેને અહીં યોગ તરીકે ગ્રહણ કરીને તે આઠના ભેદથી યોગની દૃષ્ટિ આઠ પ્રકારની છે, તેમ પ્રસ્તુત ગ્રંથમાં કહેલ છે, તે યોગના અંગમાં યોગનો ઉપચાર કરીને કહેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેમ પતંજલિઋષિ આઠ યોગાંગો સ્વીકારીને યોગમાર્ગના આઠ ભેદો કરે છે, તેમ ગ્રંથકારને પણ જૈનદર્શન પ્રમાણે આ યોગમાર્ગના આઠ ભેદો માન્ય છે. આ આઠ યોગાંગોનું સ્વરૂપ સ્વયં ગ્રંથકાર પ્રત્યેક યોગદૃષ્ટિમાં વિસ્તારથી બતાવવાના છે.

વળી, જેમ ભગવાન પતંજલિઋષિને આઠ યોગાંગથી યોગમાર્ગના આઠ ભેદો માન્ય છે, તેમ ભદંત ભાસ્કરબંધુને યોગમાર્ગની પ્રવૃત્તિમાં ખેદ, ઉદ્વેગાદિ આઠ દોષોના વર્જનથી થતી યોગમાર્ગની પ્રવૃત્તિ, યોગની આઠ ભૂમિકારૂપે માન્ય છે. તેથી એ ફલિત થયું કે યોગમાર્ગની પ્રવૃત્તિમાં પ્રતિબંધક એક એક દોષના વિગમનથી ઉપર ઉપરના યોગની ભૂમિકા આવે છે, અને આઠ દોષોના વિગમનથી યોગમાર્ગની પ્રવૃત્તિ સુસ્થિત થાય છે. માટે પણ યોગમાર્ગના આઠ ભેદો છે.

વળી ભગવાન દત્તાદિ ઋષિઓ અદ્વેષાદિ ગુણોની નિષ્પત્તિ દ્વારા તત્ત્વના વિષયમાં આઠ પ્રકારની પ્રવૃત્તિ માને છે. તેથી ભગવાન દત્તાદિના મતાનુસારે પણ યોગમાર્ગની આઠ ભૂમિકાઓ સ્વીકૃત થાય છે અને ગ્રંથકાર પણ આ ત્રણે મતો યુક્તિયુક્ત જણાવાથી સર્વજ્ઞના વચન અનુસાર છે તેમ સ્વીકારીને, આગળમાં દરેક દૃષ્ટિમાં એક યોગાંગ, એક ખેદાદિ દોષનો પરિહાર અને એક અદ્વેષાદિ ગુણની નિષ્પત્તિ બતાવીને યોગની દૃષ્ટિઓ આઠ છે, તેમ વિસ્તારથી બતાવશે. તેથી એ ફલિત થાય કે જૈનદર્શનને માન્ય એવો યોગમાર્ગ સર્વ યોગીઓને માન્ય છે; ફક્ત શ્લોક-૧૫ની ટીકાના અંતમાં કહ્યું તેમ સર્વથા અપરિણામી આત્મવાદમાં અને સર્વથા ક્ષણિક આત્મવાદમાં આ દૃષ્ટિઓ ઘટે નહિ. માટે યોગના અર્થી કોઈપણ દર્શનમાં રહેલા હોય અને સ્વદર્શનના વચનથી યોગને યમનિયમાદિરૂપ આઠ ભેદથી સ્વીકારતા હોય અથવા ખેદાદિ દોષના પરિહારરૂપે થતી યોગની પ્રવૃત્તિરૂપે યોગમાર્ગના આઠ ભેદો સ્વીકારતા હોય અથવા અદ્વેષાદિ ગુણોની નિષ્પત્તિ દ્વારા યોગમાર્ગની આઠ ભૂમિકા સ્વીકારતા હોય, તેઓને પણ, પ્રસ્તુત ગ્રંથ યોગમાર્ગની વિશેષ દિશા બતાવવામાં ઉપકારક છે. ફક્ત મધ્યસ્થતાથી વિચારીને પરિણામી આત્મા માનવો જોઈએ અને તેવો આત્મા બતાવનાર જે દર્શન હોય તે દર્શનને સ્વીકારવાથી સાચા દર્શનની પ્રાપ્તિ થાય. **॥૧૬॥**

**અવતરણિકા :-**

**साम्प्रतं दृष्टिशब्दार्थाभिधानायाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે 'દૃષ્ટિ' શબ્દના અર્થને બતાવવા માટે કહે છે –**

**ભાવાર્થ :-**

પ્રથમ શ્લોકમાં ગ્રંથકારે યોગદૃષ્ટિ કહેવાની પ્રતિજ્ઞા કરી. ત્યાર પછી ગ્રંથકારને તે યોગદૃષ્ટિ સાથે સંકળાયેલ ઇચ્છાદિ ત્રણ યોગો સ્મૃત થયા અને તે યોગદૃષ્ટિના બોધમાં ઉપકારક જણાયા; કેમ કે યોગદૃષ્ટિની નિષ્પત્તિમાં ઇચ્છાદિ ત્રણ યોગો કારણ છે; અને તેમ જાણી સંક્ષેપથી પણ કંઈક તે યોગોનું સ્વરૂપ બતાવ્યું, અને શ્લોક-૧૨માં પ્રતિજ્ઞા કર્યા પ્રમાણે આઠ દૃષ્ટિ સાથે તે ઇચ્છાદિ ત્રણ યોગોનું જ્ઞાન કઈ રીતે ઉપકારક છે તે બતાવ્યું.

ત્યાર પછી જે દૃષ્ટિઓનું વર્ણન કરવા પ્રસ્તુત ગ્રંથનો આરંભ કર્યો છે, તેનાં અન્વર્થસંજ્ઞાવાળાં=વ્યુત્પત્તિ અર્થવાળાં, આઠ નામો બતાવ્યાં. ત્યાં પ્રશ્ન થયો કે પારલૌકિક પ્રમેયમાં યોગદૃષ્ટિથી બોધ થાય છે કે અન્ય રીતે પણ થાય છે? તેના સમાધાનરૂપે પારલૌકિક પ્રમેયમાં ઓઘદૃષ્ટિથી થતા બોધના વ્યવચ્છેદ માટે

ઓઘદૃષ્ટિનું સ્વરૂપ બતાવ્યું, જેથી ખ્યાલ આવે કે ઓઘદૃષ્ટિથી થયેલા બોધથી યોગમાર્ગની નિષ્પત્તિ થતી નથી, પરંતુ યોગદૃષ્ટિ વડે થયેલા પારલૌકિક પ્રમેયના બોધથી યોગમાર્ગની નિષ્પત્તિ થાય છે.

ત્યાર પછી જેમ શ્લોક-૧૩માં આઠ દૃષ્ટિઓનાં નામો દ્વારા દૃષ્ટિઓનો કંઈક બોધ કરાવ્યો, તેમ તૃણઅગ્નિકણ આદિના દૃષ્ટાંતથી પણ યોગદૃષ્ટિનો બોધ અને યોગમાર્ગની પ્રવૃત્તિ કેવી હોય છે, તે શ્લોક-૧૫માં બતાવ્યું. ત્યાર પછી શ્લોક-૧૬માં સર્વ યોગીઓના મતને આશ્રયીને પણ આ યોગદૃષ્ટિ આઠ ભેદોવાળી છે, તેમ બતાવ્યું. હવે તે આઠ દૃષ્ટિઓનો વિસ્તાર કરતાં પૂર્વે 'દૃષ્ટિ' શબ્દનો અર્થ બતાવવા માટે કહે છે –

**શ્લોક :-**

**सच्छ्रद्धासङ्गतो बोधो, दृष्टिरित्यभिधीयते ।**
**असत्प्रवृत्तिव्याघातात् सत्प्रवृत्तिपदावहः ।।१७।।**

**અન્વયાર્થ :-**

असत्प्रवृत्तिव्याघातात्=અસત્પ્રવૃત્તિના વ્યાઘાતથી सत्प्रवृत्तिपदावहः सच्छ्रद्धासङ्गतो बोधः=સત્ પ્રવૃત્તિના સ્થાનને વહન કરનાર અથવા લાવનાર, સાચી શ્રદ્ધાથી યુક્ત એવો બોધ दृष्टिरिति=દૃષ્ટિ છે, એ પ્રમાણે अभिधीयते=કહેવાય છે. ।।૧૭।।

**શ્લોકાર્થ :-**

**અસત્પ્રવૃત્તિના વ્યાઘાતથી, સત્પ્રવૃત્તિના સ્થાનને વહન કરનાર અથવા લાવનાર, સાચી શ્રદ્ધાથી યુક્ત એવો બોધ તે દૃષ્ટિ છે, એ પ્રમાણે કહેવાય છે. ।।૧૭।।**

**ટીકા :-**

'सच्छ्रद्धासङ्गतो बोधः' इत्यनेनासच्छ्रद्धाव्यवच्छेदमाह, असच्छ्रद्धा चेह शास्त्रबाह्या स्वाभिप्रायत-स्तथाविधासदूहात्मिका गृह्यते, तद्वैकल्यात् 'सच्छ्रद्धासङ्गतः' इति, एवंभूतो बोधोऽवगमः, किमित्याह 'दृष्टिरित्यभिधीयते' दर्शनं दृष्टिरिति कृत्वा, निष्प्रत्यपायतया फलत एतामेवाह 'असत्प्रवृत्तिव्याघातात्' इति तथाश्राद्धतया शास्त्रविरुद्धप्रवृत्तिव्याघातेन किमित्याह 'सत्प्रवृत्तिपदावहः' इति शास्त्राऽविरुद्धप्रवृत्ति-पदावहोऽवेद्यसंवेद्यपदपरित्यागेन वेद्यसंवेद्यपदप्रापक इत्यर्थः ।

**ટીકાર્થ :-**

'सच्छ्रद्धासङ्गतो बोधः' इत्यनेना ..... इत्यर्थः । 'सच्छ्रद्धासङ्गतो बोधः' - એ કથનમાં સાચી શ્રદ્ધાથી સંગત, એ પ્રકારના વિશેષણ દ્વારા અસત્ શ્રદ્ધાના વ્યવચ્છેદને કહે છે, અને અહીં=દૃષ્ટિમાં, અસત્ શ્રદ્ધા શાસ્ત્રબાહ્ય સ્વઅભિપ્રાયથી, તેવા પ્રકારની અસત્ ઊહાત્મક ગ્રહણ કરાય છે તેના વૈકલ્યથી= અસત્ શ્રદ્ધાના વૈકલ્યથી, સત્ શ્રદ્ધા સંગત છે. 'इति' શબ્દ સત્-શ્રદ્ધા-સંગતના સ્પષ્ટીકરણની

**સમાપ્તિ માટે છે. આવા પ્રકારનો=સત્-શ્રદ્ધા-સંગત, બોધ=અવગમ, એ દૃષ્ટિ એ પ્રમાણે કહેવાય છે. દર્શન એ દૃષ્ટિ એથી કરીને બોધને દૃષ્ટિ કહેવાય છે, એમ અન્વય છે. નિષ્પ્રત્યપાયપણારૂપે=અનર્થના પરિહારપણારૂપે, ફલથી=સદ્દૃષ્ટિના ફલને બતાવવા દ્વારા, આને જ=સદ્દૃષ્ટિને જ, કહે છે=શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે. અસત્ પ્રવૃત્તિના વ્યાઘાતથી=તે પ્રકારનું શ્રદ્ધાપણું હોવાને કારણે શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિનો વ્યાઘાત થવાથી, સત્પ્રવૃત્તિપદાવહ છે=શાસ્ત્રઅવિરુદ્ધ પ્રવૃત્તિના પદને લાવનાર છે= અવેદ્યસંવેદ્યપદના પરિત્યાગથી વેદ્યસંવેદ્યપદની પ્રાપક છે. વેદ્ય=વેદવા યોગ્ય, એવા બાહ્ય પદાર્થો, જીવથી જે રીતે સંવેદ્ય છે, તે રીતે સંવેદન થાય તે વેદ્યસંવેદ્યપદ, તેની પ્રાપક છે.**

**ભાવાર્થ :-**

શ્લોકના પૂર્વાર્ધમાં સદ્દૃષ્ટિને સ્વરૂપથી બતાવેલ છે, અને શ્લોકના ઉત્તરાર્ધમાં અસત્ પ્રવૃત્તિના વ્યાઘાતથી સત્ પ્રવૃત્તિના પદને લાવનાર છે, એમ કહીને સદ્દૃષ્ટિ નિષ્પ્રત્યપાયપણારૂપે ફળથી બતાવવામાં આવી છે.

આશય એ છે કે સદ્દૃષ્ટિ એ સાચી શ્રદ્ધાથી યુક્ત બોધરૂપ છે. એમ કહેવાથી સદ્દૃષ્ટિનું સ્વરૂપ જણાય છે; અને ત્યાર પછી અસત્ પ્રવૃત્તિના વ્યાઘાતથી સત્ પ્રવૃત્તિના પદને લાવનાર છે, એમ કહીને નિષ્પ્રત્યપાયપણારૂપે ફલથી સદ્દૃષ્ટિનું સ્વરૂપ બતાવાયું. તે આ રીતે - અસત્પ્રવૃત્તિ એ પ્રત્યપાયરૂપ છે અને તેનો વ્યાઘાત સદ્દૃષ્ટિથી થાય છે. તેથી સદ્દૃષ્ટિમાં નિષ્પ્રત્યપાયપણું છે. વળી સદ્દૃષ્ટિ સત્ પ્રવૃત્તિના સ્થાનને લાવનાર છે, તે સદ્દૃષ્ટિનું ફળ છે.

તાત્પર્ય એ છે કે જીવમાં કંઈક મોહનું વિગમન થાય છે ત્યારે અતીન્દ્રિય પદાર્થોમાં સર્વજ્ઞના વચન અનુસાર શાસ્ત્રાનુસારી તત્ત્વને જાણવાનો કંઈક યત્ન થાય છે; અને શાસ્ત્ર પ્રત્યેની જે રુચિ, તેનાથી થતો જે શાસ્ત્રાનુસારી યત્કિંચિત્ પણ બોધ, તે જીવમાં પ્રગટ થયેલ દૃષ્ટિ છે; અને આ દૃષ્ટિ પ્રગટ થયા પછી જીવની અસત્ પ્રવૃત્તિ ક્રમસર ઘટે છે, જેથી અસત્ પ્રવૃત્તિના કારણે જે કર્મબંધ અને સંસારનું પરિભ્રમણ ચાલે છે, તે ક્રમસર ઘટવા માંડે છે. વળી પ્રગટ થયેલી એવી આ સદ્દૃષ્ટિ શાસ્ત્રવચનાનુસાર યોગમાર્ગમાં ઉચિત પ્રવૃત્તિને લાવનાર છે. તેથી સદ્દૃષ્ટિને સત્-પ્રવૃત્તિ-પદાવહ કહેલ છે.

અહીં અસત્ શ્રદ્ધાનો અર્થ કર્યો - સ્વઅભિપ્રાયથી તથાવિધ અસત્ ઊહસ્વરૂપ શાસ્ત્રબાહ્ય શ્રદ્ધા, તે અસત્ શ્રદ્ધા.

આનાથી એ કહેવું છે કે જેઓને યોગમાર્ગમાં અંતરાયભૂત એવા જ્ઞાનાવરણીય, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મોનું અંશથી પણ વિગમન થયેલું નથી, તેઓને અતીન્દ્રિય પદાર્થોમાં સ્વઅભિપ્રાયથી ભગવાનના વચન નિરપેક્ષ તેવા પ્રકારનો અસત્ ઊહ થાય છે, તે અસત્ શ્રદ્ધા છે અર્થાત્ વિપરીત દૃષ્ટિ છે.

વળી તે અસત્ શ્રદ્ધાથી વિપરીત એવી જે શ્રદ્ધા છે તે સત્શ્રદ્ધા છે અર્થાત્ જેઓને યોગમાર્ગમાં વિઘ્નભૂત એવાં જ્ઞાનાવરણીય, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મોનું કંઈક અંશથી વિગમન થયેલું છે, તેઓને અતીન્દ્રિય પદાર્થોમાં આપ્તવચનાનુસાર તત્ત્વ જોવા માટેનો ઊહ પ્રગટે છે તે સત્શ્રદ્ધા છે અર્થાત્ નિર્મલદૃષ્ટિ

છે; કેમ કે અતીન્દ્રિય પદાર્થો કેવલ સર્વજ્ઞ કેવલજ્ઞાનથી જુએ છે. છદ્મસ્થો તો અતીન્દ્રિય પદાર્થોને સર્વજ્ઞના વચનથી જાણીને યુક્તિ અને અનુભવથી તેનો નિર્ણય કરી શકે છે. માટે આપ્તવચનઅનુસાર શ્રદ્ધા તે સત્શ્રદ્ધા છે.

ટીકામાં સત્પ્રવૃત્તિપદાવહનો અર્થ કર્યો, શાસ્ત્રઅવિરુદ્ધ પ્રવૃત્તિના પદને વહન કરનાર છે; અને તેનો અર્થ કર્યો કે અવેદ્યસંવેદ્યપદના પરિત્યાગ દ્વારા વેદ્યસંવેદ્યપદનો પ્રાપક છે. તેનો અર્થ એ છે કે વેદ્ય એટલે વેદવા યોગ્ય એવા સંસારવર્તી દેખાતા પદાર્થો, તે પદાર્થો જે રીતે વેદવા યોગ્ય છે, તે રીતે જે પદમાં સંવેદન થાય તે વેદ્યસંવેદ્યપદ. સંસારવર્તી પદાર્થો જીવ માટે જે રીતે વેદવા યોગ્ય છે, તે રીતે સંવેદન સમ્યગ્દષ્ટિ જીવને થાય છે, તેથી બોધની અપેક્ષાએ સમ્યગ્દષ્ટિને વેદ્યસંવેદ્યપદ હોય છે. વળી પરિપૂર્ણ યથાર્થ સંવેદન સંપૂર્ણ મોહ વગરના મહાત્માને થાય છે; કેમ કે સંસારવર્તી પદાર્થો જે રીતે વેદન કરવા યોગ્ય છે, તેનાથી વિપરીત રીતે સંવેદન મોહના ઉદયથી થાય છે. આથી વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિ બોધની અપેક્ષાએ સમ્યગ્દષ્ટિને છે, અને પરિપૂર્ણ યથાર્થ સંવેદનની અપેક્ષાએ વીતરાગને છે.

વળી શાસ્ત્રવચનો જગતના પદાર્થો જે રીતે છે તે રીતે બતાવે છે અને સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરવાનું કહે છે. તેથી શાસ્ત્રઅવિરુદ્ધ પ્રવૃત્તિ જે સાધક કરે છે, તે અવેદ્યસંવેદ્યપદના પરિત્યાગ દ્વારા વેદ્યસંવેદ્યપદને પ્રાપ્ત કરે છે. તે અપેક્ષાએ આ આઠે દૃષ્ટિઓ પણ સ્વસ્વબોધ અનુસાર શાસ્ત્ર પ્રત્યેની રુચિ પેદા કરાવીને શાસ્ત્રાનુસારી ઉચિત પ્રવૃત્તિ કરાવે છે. તેથી આઠે દૃષ્ટિઓને વેદ્યસંવેદ્યપદની પ્રાપક કહેલ છે.

**ઉત્થાન :-**

શ્લોકમાં દૃષ્ટિનું લક્ષણ કરતાં કહ્યું કે દૃષ્ટિ અસત્ પ્રવૃત્તિના વ્યાઘાતથી સત્ પ્રવૃત્તિના પદને લાવનાર સત્શ્રદ્ધાસંગત બોધ છે, અને સત્પ્રવૃત્તિપદાવહનો અર્થ કર્યો કે વેદ્યસંવેદ્યપદપ્રાપક. ત્યાં પ્રશ્ન થાય કે પ્રથમની ચાર દૃષ્ટિ વેદ્યસંવેદ્યપદપ્રાપક છે, પરંતુ પાછળની ચાર દૃષ્ટિ તો વેદ્યસંવેદ્યપદરૂપ છે. તેથી તે લક્ષણ પાછળની ચાર દૃષ્ટિમાં ઘટશે નહિ. તેના સમાધાનરૂપે કહે છે –

**ટીકા :-**

**वेद्यसंवेद्यपदरूपत्वेऽपि स्थिरादिदृष्टीनां सामान्यलक्षणत्वादस्य, एवमप्यदोष इति ।**

**ટીકાર્થ :-**

**वेद्यसंवेद्य ..... दोष इति । સ્થિરાદિ દૃષ્ટિઓનું વેદ્યસંવેદ્યરૂપપણું હોવા છતાં પણ આનું=દૃષ્ટિનું, સામાન્યલક્ષણપણું હોવાને કારણે, આ રીતે પણ=સ્થિરાદિ દૃષ્ટિ વેદ્યસંવેદ્યપદરૂપ છે, છતાં વેદ્યસંવેદ્યપદપ્રાપક કહી એ રીતે પણ, દોષ નથી.**

**'इति' શબ્દ કથનની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :-**

પ્રથમની ચાર દૃષ્ટિઓ વેદ્યસંવેદ્યપદપ્રાપક છે. માટે પ્રસ્તુત શ્લોકમાં કરેલ લક્ષણ પ્રથમની ચાર દૃષ્ટિમાં સંગત થાય છે; તોપણ પાછળની ચાર દૃષ્ટિમાં પ્રથમની ચાર દૃષ્ટિના કાર્યરૂપે વેદ્યસંવેદ્યપદ વિદ્યમાન છે. તેથી પ્રાપક નહિ હોવા છતાં દૃષ્ટિનું સામાન્ય લક્ષણ કરેલ હોવાથી દોષ નથી; કેમ કે પ્રથમની ચાર દૃષ્ટિ

પ્રાપક છે અને ઉત્તરની ચાર દૃષ્ટિ ફળરૂપે છે, તેથી દૃષ્ટિનો વિભાગ કર્યા વગર સર્વ દૃષ્ટિઓને વેદ્યસંવેદ્યપદની પ્રાપક કહી, તેમ સ્વીકારવામાં કોઈ દોષ નથી.

**ઉત્થાન :-**

પૂર્વમાં 'સત્પ્રવૃત્તિપદાવહ'નો અર્થ વેદ્યસંવેદ્યપદપ્રાપક કર્યો. તેથી સદ્દૃષ્ટિનું લક્ષણ પ્રથમની ચાર દૃષ્ટિમાં જતું હતું, પાછળની ચાર દૃષ્ટિમાં જતું ન હતું. તેનો ખુલાસો પૂર્વમાં કર્યો કે આ દૃષ્ટિનું સામાન્ય લક્ષણ હોવાથી દોષ નથી.

હવે 'સત્પ્રવૃત્તિપદાવહ'નો અર્થ તે રીતે કરે છે કે જેથી આઠે દૃષ્ટિઓમાં લક્ષણની સંગતિ થાય. તે બતાવવા માટે 'અથવા'થી કહે છે –

**ટીકા :-**

**अथवा सत्प्रवृत्तिपदं परमार्थतः शैलेशीपदमिति तदावहत्वेन न कश्चिद्दोष इति ।।१७।।**

**ટીકાર્થ :-**

**अथवा ..... द्दोष इति ।। અથવા સત્પ્રવૃત્તિપદ પરમાર્થથી શૈલેશીપદ છે. એથી તેનું આવહપણું હોવાથી=શૈલેશીપદનું આઠે દૃષ્ટિઓમાં આવહપણું હોવાથી કોઈ દોષ નથી.**

**'इति' શબ્દ કથનની સમાપ્તિ માટે છે. ।।૧૭।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં 'સત્પ્રવૃત્તિપદાવહ'નો અર્થ વેદ્યસંવેદ્યપદપ્રાપક કર્યો, તેથી દૃષ્ટિનું લક્ષણ પાછળની ચાર દૃષ્ટિઓમાં ફળથી પ્રાપ્ત હતું, સાક્ષાત્ નહિ. માટે હવે દૃષ્ટિનું લક્ષણ સાક્ષાત્ આઠે દૃષ્ટિઓમાં જાય તે રીતે 'સત્પ્રવૃત્તિપદાવહ'નો અર્થ કરે છે. પરમાર્થથી સત્પ્રવૃત્તિપદ શૈલેશીપદરૂપ છે; કેમ કે શૈલેશીઅવસ્થામાં આત્માના ત્રણે યોગોનો નિરોધ હોવાથી લેશપણ કર્મબંધ નથી થતો અને વિદ્યમાન કર્મોની નિર્જરા થાય છે. તેથી જે પ્રવૃત્તિ લેશ પણ કર્મબંધનું કારણ ન હોય અને નિર્જરાનું કારણ હોય, તે જીવ માટે સત્પ્રવૃત્તિ છે, અને તે શૈલેશીઅવસ્થા છે, અન્ય નહિ. તે સત્પ્રવૃત્તિરૂપ શૈલેશીઅવસ્થાને લાવનાર આઠે દૃષ્ટિઓ છે. તેથી સત્પ્રવૃત્તિપદાવહ લક્ષણ આઠે દૃષ્ટિઓમાં સંગત થાય છે. માટે દૃષ્ટિના લક્ષણમાં કોઈ દોષ નથી. **॥૧૭॥**

**અવતરણિકા :-**

**एषा च परिस्थूरभेदादष्टधा, अन्यथा बहुभेदेत्यभिधातुमाह –**

**અવતરણિકાર્થ :-**

**અને આ=યોગદૃષ્ટિ, સ્થૂલ ભેદથી આઠ પ્રકારવાળી છે. અન્યથા=સ્થૂલ દૃષ્ટિથી ભેદ ન કરીએ તો, બહુ ભેદવાળી છે=ઘણા ભેદવાળી છે. એ પ્રમાણે બતાવવા માટે કહે છે –**

શ્લોક :-

इयं चावरणापायभेदादष्टविधा स्मृता ।
सामान्येन विशेषास्तु, भूयांसः सूक्ष्मभेदतः ।।१८।।

અન્વયાર્થ :-

च=અને इयं=આ=યોગદૃષ્ટિ सामान्येन=સામાન્યરૂપે आवरणापायभेदात्=આવરણના અપગમના ભેદથી अष्टविधा=આઠ પ્રકારવાળી स्मृता=કહેવાઈ છે. तु=વળી सूक्ष्मभेदतः=સૂક્ષ્મ ભેદથી (सद्दृष्टेः=સદ્દૃષ્ટિના) भूयांसो विशेषाः=ઘણા ભેદો છે. ।।૧૮।।

શ્લોકાર્થ :-

**અને આ યોગદૃષ્ટિ સામાન્યરૂપે આવરણના અપગમના ભેદથી આઠ પ્રકારવાળી કહેવાઈ છે. વળી સૂક્ષ્મ ભેદથી સદ્દૃષ્ટિના ઘણા ભેદો છે. ।।૧૮।।**

ટીકા :-

'इयं च' अनन्तरोदितलक्षणा दृष्टिः 'आवरणापायभेदाद्'=आवरणापगमभेदेन, परिस्थूरनीत्या 'अष्टविधा स्मृता' पूर्वाचार्यैः 'सामान्येन' - सूक्ष्मेक्षिकामनादृत्य 'विशेषास्तु'-भेदाः पुनः सद्दृष्टे 'भूयांसः'= अतिबहवः, 'सूक्ष्मभेदतो' ऽनन्तभेदत्वाद्दर्शनादीनां मिथःषट्स्थानपतितत्वाभिधानादिति ।।१८।।

ટીકાર્થ :-

इयं च' ..... भिधानादिति ।। **અને આ=અનંતર કહેવાયેલા લક્ષણવાળી દૃષ્ટિ, સૂક્ષ્મ અવલોકનનો અનાદર કરીને સામાન્ય રીતે સ્થૂલ નીતિથી આવરણના અપાયના ભેદથી=આવરણના અપગમના ભેદથી, પૂર્વાચાર્યો વડે આઠ પ્રકારવાળી કહેવાઈ છે. વળી સદ્દૃષ્ટિના વિશેષો=ભેદો સૂક્ષ્મ ભેદથી ઘણા છે; કેમ કે દર્શનાદિના અનંત ભેદો છે.**

તેમાં હેતુ કહે છે :

**દર્શનાદિના ભેદોમાં પરસ્પર ષટ્સ્થાનપતિતત્વનું અભિધાન છે.**

'इति' **શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૮।।**

ભાવાર્થ :-

યોગમાર્ગ દર્શન, જ્ઞાન અને ચારિત્રની પરિણતિરૂપ છે, અને આ યોગમાર્ગ આઠ દૃષ્ટિઓમાં સ્થૂલથી વિભક્ત છે, અને સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈએ તો દર્શનમોહનીય, ચારિત્રમોહનીય અને જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમના ભેદથી દૃષ્ટિના અનંત ભેદો પણ થાય છે; કેમ કે શાસ્ત્રકારોએ યોગીઓનો બોધ પરસ્પર છ સ્થાનપતિત કહ્યો છે. તેથી કોઈ યોગીને રત્નત્રયીની જે શુદ્ધિ વર્તતી હોય તેના કરતાં અન્ય યોગીને અનંતગુણશુદ્ધિ હોઈ શકે છે. માટે રત્નત્રયીના અવાંતર ભેદો અનંત હોવાથી દૃષ્ટિના પણ અનંત ભેદો છે. **।।૧૮।।**

**અવતરણિકા :-**

**इह च दृष्टिसमुच्चये –**

**અવતરણિકાર્થ :-**

**અને અહીં=પ્રસ્તુત શ્લોકમાં દૃષ્ટિસમુચ્ચયના વિષયમાં=આઠે દૃષ્ટિઓના સમુચ્ચયમાં, શું વિશેષતા છે, તે બતાવે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વે યોગદૃષ્ટિ સામાન્યથી આઠ ભેદવાળી છે તેમ બતાવ્યું, અને શ્લોક-૧૮માં બતાવ્યું કે સૂક્ષ્મ દૃષ્ટિથી અનંત ભેદવાળી છે. તે કથન કર્યા પછી હવે અહીં=પ્રસ્તુત શ્લોકમાં, દૃષ્ટિસમુચ્ચયના=આઠે દૃષ્ટિના સમુદાયના વિષયમાં, જે વિશેષતા છે તે બતાવે છે –

**શ્લોક :-**

**प्रतिपातयुताश्चाद्याश्चतस्रो नोत्तरास्तथा ।**
**सापाया अपि चैतास्ताः (चैतास्तत्) प्रतिपातेन नेतराः ।।१९।।**

નોંધ :- ટીકાના તાડપત્રીના પાઠનો આધાર લઈને પાઠ સુધારેલ છે અને તે પ્રમાણે અર્થ કરેલ છે.

**અન્વયાર્થ :-**

**आद्याः चतस्रः प्रतिपातयुताः=પહેલી ચાર દૃષ્ટિઓ પ્રતિપાતથી યુક્ત છે, तथा=તે પ્રકારે उत्तराः न=ઉત્તરની નથી=પાછળની ચાર દૃષ્ટિઓ નથી. (જે કારણથી આમ છે=પહેલી ચાર દૃષ્ટિઓ પ્રતિપાતયુક્ત છે) तत्=તે કારણથી एताः (एव)=આ જ=પહેલી ચાર દૃષ્ટિઓ જ सापाया अपि=સાપાય પણ છે, च=અને इतराः=સ્થિરાદિ ચાર દૃષ્ટિઓ प्रतिपातेन=પ્રતિપાતથી न=સાપાય નથી. ।।૧૯।।**

**શ્લોકાર્થ :-**

**પહેલી ચાર દૃષ્ટિઓ પ્રતિપાતથી યુક્ત છે, તે પ્રકારે પાછળની ચાર દૃષ્ટિઓ નથી. જે કારણથી આમ છે=પહેલી ચાર દૃષ્ટિઓ પ્રતિપાતયુક્ત છે, તે કારણથી પહેલી ચાર દૃષ્ટિઓ જ સાપાય પણ છે, સ્થિરાદિ ચાર દૃષ્ટિઓ પ્રતિપાતથી સાપાય નથી. ।।૧૯।।**

**ટીકા :-**

**'प्रतिपातयुता'=भ्रंशोपेताः, 'आद्याश्चतस्रो' - दृष्टयो मित्रादिरूपाः, एता अपि च प्रतिपातयुता अपि, तथाकर्मवैचित्र्यात्, न तु प्रतिपातयुता एव, ताभ्यस्तदुत्तरभावादिति ।**

**ટીકાર્થ :-**

**'प्रतिपातयुता' ..... भावादिति । પ્રતિપાતયુક્ત=ભ્રંશયુક્ત, મિત્રાદિરૂપ આદ્ય ચાર દૃષ્ટિઓ છે. આટલા શ્લોકના કથનનું તાત્પર્ય ટીકામાં સ્પષ્ટ કરે છે : અને આ જ=પહેલી ચાર દૃષ્ટિઓ જ, પ્રતિપાતયુક્ત પણ છે; કેમ કે તે પ્રકારના કર્મનું વૈચિત્ર્ય છે=પ્રથમની ચાર દૃષ્ટિઓમાં યોગની નિષ્પત્તિના કારણીભૂત એવા ક્ષયોપશમભાવવાળા કર્મનું તે પ્રકારનું વૈચિત્ર્ય છે, જેથી પ્રગટ થયેલી દૃષ્ટિઓનો પાત પણ થાય; પરંતુ પ્રતિપાતયુક્ત જ નથી=પહેલી ચાર દૃષ્ટિઓ પાત જ પામે તેવી નથી; કેમ કે તે ચાર દૃષ્ટિથી તેની ઉત્તરનો ભાવ છે=તેની ઉત્તરની દૃષ્ટિનો આવિર્ભાવ છે.**

**'इति' શબ્દ "આદ્ય ચાર દૃષ્ટિઓ પ્રતિપાતયુક્ત છે" એ પ્રકારના શ્લોકના અંશના તાત્પર્યની સમાપ્તિ માટે છે.**

❖ 'एता अपि' માં 'अपि' શબ્દ 'एव' કાર અર્થમાં છે. તેનાથી એ કહેવું છે કે આ ચાર દૃષ્ટિ જ પ્રતિપાતયુક્ત છે, પાછળની ચાર દૃષ્ટિ નહિ.

❖ 'प्रतिपातयुता अपि' માં 'अपि' શબ્દથી એ કહેવું છે કે આ પહેલી ચાર દૃષ્ટિ પ્રતિપાતવાળી પણ છે અર્થાત્ કોઈક જીવની અપેક્ષાએ અપ્રતિપાતવાળી છે, તો કોઈક જીવની અપેક્ષાએ પ્રતિપાતવાળી પણ છે.

**ભાવાર્થ :-**

આઠ દૃષ્ટિઓમાંથી પ્રથમની ચાર દૃષ્ટિઓ ક્ષયોપશમભાવવાળી હોવાથી ભ્રંશ પામે તેવી છે; કેમ કે ઉત્કટ એવા મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમથી ઉપબૃંહિત એવા જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી થયેલી પહેલી ચાર દૃષ્ટિઓ છે, અને ક્ષયોપશમભાવનું કર્મ તેવા પ્રકારનું વિચિત્ર છે કે વિઘાતક સામગ્રી મળે તો ઔદયિકભાવરૂપે વિપાકમાં આવે.

આ પ્રકારના કથનથી કોઈને શંકા થાય કે તો પછી આ ચાર દૃષ્ટિઓ આવ્યા પછી ભ્રંશ પામે છે કે નથી પણ પામતી ?

તેથી ટીકાકાર ખુલાસો કરે છે કે પ્રતિપાતયુક્ત જ નથી; કેમ કે ઉત્કટ એવા મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમથી પ્રગટ થયેલા જ્ઞાનરૂપ પહેલી ચાર દૃષ્ટિઓથી સ્થિરાદિ દૃષ્ટિઓ પણ પ્રગટ થાય છે. માટે કોઈક જીવને પ્રગટ થયેલી મિત્રાદિ દૃષ્ટિઓ પાતની સામગ્રી મળતાં પાત પણ પામે છે, તો કોઈક જીવને સ્થિરાદિ દૃષ્ટિઓનું કારણ પણ બને છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં પ્રથમ ચાર દૃષ્ટિઓ પ્રતિપાતયુક્ત છે તેમ બતાવ્યું. હવે ઉત્તરની ચાર દૃષ્ટિઓ કેવી છે તે, તેમ જ પહેલી ચાર દૃષ્ટિઓ સાપાય છે અને પાછળની કેમ નથી, તે બાકીના શ્લોકના ભાગની ટીકા બતાવે છે --

**ટીકા :-**

**'नोत्तरास्तथा'= न स्थिराद्यास्तेन प्रकारेण प्रतिपातयुताः, यत एवं 'सापाया अपि-' दुर्गतिहेतुत्वेन, एतास्तत् एता एव कथमित्याह 'प्रतिपातेन'=भ्रंशेन 'नेतरा-' - न स्थिराद्याः सापाया इति ।**

**ટીકાર્થ :-**

**'नोत्तरास्तथा' ..... सापाया इति । ઉત્તરની તેવી નથી=સ્થિરાદિ ચાર દૃષ્ટિઓ તે પ્રકારે અર્થાત્ પ્રથમ ચાર દૃષ્ટિ જેમ પ્રતિપાતયુક્ત છે તે પ્રકારે, પ્રતિપાતયુક્ત નથી. यत एवं=જે કારણથી આમ છે=પૂર્વમાં વર્ણન કર્યું કે પ્રથમની ચાર દૃષ્ટિઓ પ્રતિપાતયુક્ત છે આમ છે, तत्=તે કારણથી एताः= एता एव=આ જ=પ્રથમની ચાર દૃષ્ટિઓ જ, દુર્ગતિનું હેતુપણું હોવાથી સાપાય પણ છે=અનર્થનો હેતુ પણ છે. કેમ ?=પ્રથમની ચાર દૃષ્ટિઓ જ સાપાય કેમ છે ? પાછળની કેમ નહિ ? એથી કહે છે - પ્રતિપાત વડે=ભ્રંશ વડે, ઇતર=સ્થિરાદિ દૃષ્ટિઓ, સાપાય નથી.**

**'इति' શબ્દ શ્લોકના અર્થને બતાવનાર ટીકાંશની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં પ્રથમની ચાર દૃષ્ટિઓ ભ્રંશ પામનાર છે તેમ બતાવ્યું. હવે બતાવે છે કે સ્થિરાદિ ચાર દૃષ્ટિઓ પ્રથમની ચાર દૃષ્ટિઓની જેમ ભ્રંશ પામનાર નથી; કેમ કે પહેલી ચાર દૃષ્ટિઓ ક્ષયોપશમભાવવાળી છે, ક્ષાયિકભાવવાળી નથી, અને ક્ષયોપશમભાવવાળાં કર્મો તેવા પ્રકારનાં વિચિત્ર છે કે નિમિત્તને પામીને ભ્રંશ પણ પામે, પરંતુ પાછળની ચાર દૃષ્ટિઓ તો ક્ષાયિકભાવવાળી પણ છે, તેને આશ્રયીને પ્રથમ ચાર દૃષ્ટિની જેમ ભ્રંશ પામનાર નથી તેમ કહેલ છે અર્થાત્ પાંચમી દૃષ્ટિમાં ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હોય છે; અને આગળ શ્લોક-૭૧માં ગ્રંથકાર કહે છે કે નિશ્ચયનયને અભિમત વેદ્યસંવેદ્યપદ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને હોય છે. તેથી નિશ્ચયનયને અભિમત વેદ્યસંવેદ્યપદરૂપ ક્ષાયિક સમ્યગ્દર્શનને પામેલા પાછળની ચાર દૃષ્ટિવાળા જીવો ક્યારે પણ તે ચાર દૃષ્ટિમાંથી સર્વથા બહાર નીકળીને પ્રથમની ચાર દૃષ્ટિમાં આવતા નથી કે તે દૃષ્ટિમાંથી સર્વથા બહાર પણ જતા નથી. ક્વચિત્ છઠ્ઠી, સાતમી દૃષ્ટિમાં હોય અને પાંચમીમાં આવે તે સંભવે, પરંતુ પાછળની ચાર દૃષ્ટિનો જે સમુદાય છે, તેમાંથી પાત થતો નથી. તેને આશ્રયીને પાછળની ચાર દૃષ્ટિ પાત પામનાર નથી, તેમ કહેલ છે.

વળી ક્ષયોપશમ સમ્યક્ત્વને સામે રાખીને પાછળની ચાર દૃષ્ટિનો પણ પાત થઈ શકે છે. તેથી ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવો ઉપશમ શ્રેણીમાં ચડીને અગિયારમા ગુણસ્થાનકથી પાત પામીને અનંત સંસારમાં પણ ભટકી શકે છે.

આ રીતે પાછળની ચાર દૃષ્ટિ પાતવાળી નથી, તેમ બતાવીને હવે પ્રથમની ચાર દૃષ્ટિ સાપાય પણ છે અને પાછળની ચાર દૃષ્ટિ સાપાય નથી, તે બતાવવા માટે કહે છે --

જે કારણથી મિત્રાદિ દૃષ્ટિ ક્ષયોપશમભાવવાળી હોવાને કારણે પાત પામે તેવી છે, તે કારણથી સાપાય પણ છે.

આશય એ છે કે પ્રથમની ચાર દૃષ્ટિમાં રહેલા જીવો નિમિત્તને પામીને તે દૃષ્ટિના બોધથી ભ્રંશ પણ પામે, અને ભ્રંશ પામે તેથી દુર્ગતિઓમાં પણ જાય, તે બતાવવા માટે અહીં કહ્યું છે કે જે કારણથી આ દૃષ્ટિઓ પાતવાળી છે તે કારણથી દુર્ગતિનું કારણ પણ છે. આ કથનથી એ અર્થ જણાય છે કે દૃષ્ટિમાં રહેલા હોય ત્યાં સુધી જીવો દુર્ગતિનું કર્મ બાંધી ન શકે, પરંતુ દૃષ્ટિથી પાત થાય તો દુર્ગતિમાં પણ જઈ શકે. આવો અર્થ પંક્તિ પરથી જણાય છે. તત્ત્વ બહુશ્રુત જાણે.

વળી, આ પ્રથમની ચાર દૃષ્ટિઓ પ્રતિપાતવાળી છે તેથી સાપાય છે, તે બતાવવા કહે છે કે સ્થિરાદિ ચાર દૃષ્ટિઓ પ્રતિપાતવાળી નહિ હોવાને કારણે સાપાય નથી, અને આ ચાર દૃષ્ટિઓ પ્રતિપાતવાળી હોવાને કારણે સાપાય છે.

આશય એ છે કે ક્ષાયિક સમ્યક્ત્વને પામેલ સ્થિરાદિ દૃષ્ટિવાળા જીવો ક્યારેય સ્થિરાદિ દૃષ્ટિમાંથી પાતને પામે નહિ, તેથી તે જીવો ક્યારેય દુર્ગતિમાં પણ જઈ શકે નહિ; જ્યારે પહેલી ચાર દૃષ્ટિવાળા જીવો પાત પામે છે, આથી દુર્ગતિમાં પણ જઈ શકે છે.

**ટીકા :-**

**आह-कथं श्रेणिकादीनामेतदप्रतिपातादपायः? उच्यते-एतदभावोपात्तकर्मसामर्थ्येन, अत एवोक्तं प्रतिपातेन नेतरा इति, अप्रतिपातेन तु संभवमात्रमधिकृत्य 'सापाया अपि', तथापि प्रायोवृत्तिविषयत्वात्सूत्रस्यैवमुपन्यासः ।**

**ટીકાર્થ :-**

**आह-कथं ..... मुपन्यासः । પૂર્વમાં કહ્યું કે સ્થિરાદિ દૃષ્ટિઓ પ્રતિપાતથી સાપાય નથી, ત્યાં 'आह' થી શંકા કરતાં કહે છે - શ્રેણિક આદિને આના અપ્રતિપાતથી=સ્થિરાદિ દૃષ્ટિના અપ્રતિપાતથી, અપાય કેમ થયો ? તેના સમાધાનરૂપે 'उच्यते' થી કહે છે : આના=સ્થિરાદિ દૃષ્ટિના, અભાવમાં ઉપાત્ત=ગૃહીતકર્મના સામર્થ્યથી (શ્રેણિક આદિને નરકાદિરૂપ) અપાય પ્રાપ્ત થયો. આથી જ=સ્થિરાદિ દૃષ્ટિના અભાવમાં ગૃહીતકર્મના સામર્થ્યથી શ્રેણિક આદિને અપાય થયો આથી જ, પ્રતિપાતથી ઈતર નથી=સ્થિરાદિ દૃષ્ટિ સાપાય નથી, એ પ્રમાણે કહેવાયું છે. અપ્રતિપાતથી વળી સંભવમાત્રને આશ્રયીને (સ્થિરાદિ દૃષ્ટિઓ) સાપાય પણ છે, તોપણ સૂત્રનું પ્રાયોવૃત્તિવિષયપણું હોવાથી આ રીતે=પ્રતિપાતથી ઈતર અર્થાત્ સ્થિરાદિ દૃષ્ટિ સાપાય નથી એ રીતે, ઉપન્યાસ છે=કથન છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારે સ્થાપન કર્યું કે સ્થિરાદિ દૃષ્ટિ પ્રતિપાતવાળી નથી તેથી અપાયવાળી નથી. ત્યાં કોઈ શંકા કરે છે કે શ્રેણિક આદિને ક્ષાયિક સમ્યક્ત્વ હતું. તેથી તે સ્થિરાદિ દૃષ્ટિમાં હતા અને ક્ષાયિક સમ્યક્ત્વને

કારણે સ્થિરાદિ દૃષ્ટિનો પાત થયો નથી, છતાં શ્રેણિક આદિને નરકની પ્રાપ્તિરૂપ અપાય કેમ થયો ? અર્થાત્ જે રીતે ગ્રંથકારે પૂર્વમાં સ્થાપન કર્યું કે પ્રતિપાતથી સ્થિરાદિ દૃષ્ટિ સાપાય નથી તે રીતે શ્રેણિક આદિને અપાય પ્રાપ્ત થવો જોઈએ નહિ.

તેના ખુલાસારૂપે ગ્રંથકાર કહે છે કે શ્રેણિક આદિને સ્થિરાદિ દૃષ્ટિના અભાવમાં બાંધેલા કર્મના સામર્થ્યથી અપાય પ્રાપ્ત થયો છે, પરંતુ સ્થિરાદિ દૃષ્ટિમાં રહીને નરકની પ્રાપ્તિ કરાવે તેવું કર્મ શ્રેણિક આદિએ બાંધ્યું નથી. તેની પુષ્ટિ કરવા માટે કહે છે કે આથી કરીને મૂળ શ્લોકમાં 'प्रतिपातेन न इतराः' - એમ કહેલ છે. અર્થાત્ પ્રતિપાત પામીને દુર્ગતિની પ્રાપ્તિ કરાવે તેવી સ્થિરાદિ દૃષ્ટિ નથી, પરંતુ પ્રતિપાત થયા વગર સંભવમાત્રને આશ્રયીને અર્થાત્ પૂર્વમાં તેવું કર્મ બાંધેલું હોય તેને આશ્રયીને, સ્થિરાદિ દૃષ્ટિમાં પણ નરકની પ્રાપ્તિ થઈ શકે છે, તે અપેક્ષાએ સાપાય પણ છે. તો અહીં પ્રશ્ન થાય કે મૂળ શ્લોકમાં જ તેમ કેમ કહ્યું કે ઇતર=સ્થિરાદિ ચાર દૃષ્ટિઓ સાપાય નથી ? તેથી કહે છે –

સૂત્રનું પ્રાયોવૃત્તિવિષયપણું હોવાથી અર્થાત્ મૂળ શ્લોકરૂપ સૂત્ર, પ્રાયઃ જે થતું હોય તેનો વિષય કરનાર હોવાથી આ પ્રમાણે ઉપન્યાસ છે=પ્રતિપાતથી ઇતર સાપાય નથી એ પ્રમાણે કથન છે. આનાથી ફલિત થયું કે સ્થિરાદિ દૃષ્ટિમાં રહેલા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ ક્યારેય દૃષ્ટિથી પાત પામતા નથી; અને પૂર્વમાં તેવું કર્મ બાંધ્યું હોય તો દુર્ગતિમાં જાય, તે સિવાય સ્થિરાદિ દૃષ્ટિવાળા ક્યારેય દુર્ગતિમાં જાય નહિ. તે બતાવવા માટે શ્લોકના અંતિમ પાદમાં કહ્યું કે પ્રતિપાતથી સાપાય નથી અર્થાત્ પ્રતિપાત પામ્યા વગર ક્યારેક સાપાય બને, પરંતુ પ્રતિપાતથી સાપાય નથી; કેમ કે સ્થિરાદિ દૃષ્ટિનો ક્યારેય પ્રતિપાત નથી.

**ઉત્થાન :-**

શ્લોકના અંતિમ પાદમાં 'प्रतिपातेन नेतराः' એ કથનમાં 'आह' થી વિરોધ ઉદ્ભાવન કર્યો કે પાછળની ચાર દૃષ્ટિ સાપાય ન હોય તો શ્રેણિક આદિને અપાય કેમ થયો ? તેનો ખુલાસો કરીને કહ્યું કે સૂત્ર પ્રાયોવૃત્તિવિષયવાળું હોવાથી, આ રીતે ઉપન્યાસ છે. હવે પાછળની ચાર દૃષ્ટિમાં પરમાર્થથી અપાય નથી તેમ બતાવીને 'प्रतिपातेन नेतराः' એ સૂત્ર નિયત વ્યાપ્તિવાળું છે, તે બતાવવા માટે 'અથવા'થી કહે છે –

**ટીકા :-**

**अथवा सद्दृष्ट्यपाते सत्यप्यपायोऽप्यनपाय एव, वज्रतन्दुलवत्पाकेन तदाशयस्य कायदुःखभावेऽपि विक्रियानुपपत्तेरित्येवमुपन्यासः । योगाचार्या एवात्र प्रमाणमित्यतः 'प्रतिपातेन नेतरा' इति स्थितम् ।।१९।।**

**ટીકાર્થ :-**

**अथवा ..... स्थितम् ।। અથવા સદ્દૃષ્ટિનો પાત નહિ થયે છતે અપાય પણ અનપાય જ છે; કેમ કે પાક દ્વારા વજ્રતંદુલની જેમ કાયદુઃખના ભાવમાં પણ તેના આશયની=દુર્ગતિમાં ગયેલ સ્થિરાદિ**

**દૃષ્ટિવાળા યોગીના આશયની, વિક્રિયાની અનુપપત્તિ છે. એથી આ રીતે=સ્થિરાદિ દૃષ્ટિ સાપાય નથી એ રીતે, શ્લોકમાં ઉપન્યાસ છે.**

**સ્થિરાદિ દૃષ્ટિવાળા યોગીઓ નરકમાં જાય છે, છતાં તેના અપાયને અનપાય સ્વીકારીને આ રીતે સૂત્રનો ઉપન્યાસ કર્યો, તેમાં પ્રમાણ શું છે ? તેથી કહે છે –**

**અહીં=સ્થિરાદિ દૃષ્ટિવાળા જીવોના અપાયને અનપાય સ્વીકારીને પાછળની ચાર દૃષ્ટિને સાપાય નથી એમ કહ્યું એમાં, યોગાચાર્ય જ પ્રમાણ છે. એથી પ્રતિપાતથી ઈતર નથી=સ્થિરાદિ ચાર દૃષ્ટિઓ સાપાય નથી, એ પ્રમાણે સ્થિત છે=સંગત છે. ॥૧૯॥**

**ભાવાર્થ :-**

ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ જીવ પૂર્વનાં બાંધેલાં કર્મથી નરકમાં જાય તોપણ તેમનો સદ્દૃષ્ટિથી પાત થતો નથી, તેથી તેમને પ્રાપ્ત થયેલ નરકની પ્રાપ્તિરૂપ અપાય પણ પરમાર્થથી અનપાય જ છે.

આશય એ છે કે સંસારના પરિભ્રમણનું કારણ બને તેવું અધ્યવસાયનું માલિન્ય તે પરમાર્થથી અપાય છે, અને ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ નરકમાં જાય તોપણ તેનામાં રહેલું સમ્યક્ત્વ લેશ પણ મ્લાન થતું નથી. જેમ વજ્રના ચોખાને રાંધવામાં આવે તોપણ પાકક્રિયાથી અન્ય ચોખાની જેમ લેશ પણ વિક્રિયાને પામતા નથી, તેમ ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ નરકમાં કાતિલ યાતના ભોગવતા હોય તોપણ ભગવાનના વચનની સ્થિર શ્રદ્ધામાં લેશ પણ વજ્રના ચોખા સદૃશ વિક્રિયા થતી નથી. તેથી જે દુર્ગતિનો પાત સંસારવૃદ્ધિનું કારણ હોય તેવા દુર્ગતિના પાતને અપાયરૂપે સ્વીકારીને અન્ય દુર્ગતિના પાતને ગ્રંથકારે અનપાયરૂપ કહેલ છે. તે બતાવવા માટે એમ કહ્યું કે પાછળની ચાર દૃષ્ટિઓમાં પાત થતો નથી, માટે અપાય વગરની છે; અને આ પ્રકારની વિવક્ષા કરવામાં યોગાચાર્યો જ પ્રમાણ છે. તેથી યોગાચાર્યના વચનથી નક્કી થાય છે કે પાછળની ચાર દૃષ્ટિઓ પ્રતિપાત પણ પામતી નથી અને સાપાય પણ નથી, એ સંગત છે. **॥૧૯॥**

**અવતરણિકા :-**

इहापि -

**અવતરણિકાર્થ :-**

**અહીં પણ=પૂર્વ શ્લોકમાં કહ્યું કે પાછળની ચાર દૃષ્ટિઓમાં પ્રતિપાત થતો નથી, તેમાં પણ, શું થાય છે, તે બતાવે છે –**

**❖ 'इहापि' માં 'अपि' શબ્દથી એ કહેવું છે કે પહેલી ચાર દૃષ્ટિમાં રહેલો યોગી તો અન્ય ભવમાં જાય ત્યારે તેની દ્રવ્યથી થતી ચારિત્રની આચરણાઓનો વ્યાઘાત થાય છે, તેમ અહીં પણ=પાછળની ચાર દૃષ્ટિમાં પણ, ચારિત્રનો વ્યાઘાત થાય છે.**

**શ્લોક :-**

**प्रयाणभङ्गाभावेन, निशि स्वापसमः पुनः ।**
**विघातो दिव्यभवतश्चरणस्योपजायते ।।२०।।**

**અન્વયાર્થ :-**

प्रयाणभङ्गाभावेन=પ્રયાણભંગનો અભાવ હોવાને કારણે पुनः=વળી निशि=રાત્રિને વિષે स्वापसमः= શયન જેવો, दिव्यभवतः चरणस्य विघातः=દેવભવથી ચારિત્રનો વિઘાત उपजायते=થાય છે. ।।૨૦।।

**શ્લોકાર્થ :-**

**પ્રયાણભંગનો અભાવ હોવાને કારણે, વળી રાત્રિને વિષે શયન જેવો, દેવભવથી ચારિત્રનો વિઘાત થાય છે. ।।૨૦।।**

**ટીકા :-**

**'प्रयाणभङ्गाऽभावेन' इति कन्यकुब्जादिगमनेऽनवरतप्रयाणकगमनेनापि 'निशि'=रात्रौ 'स्वापसमः पुनः'=स्वापतुल्यस्तु किमित्याह 'विघातः'=प्रतिबन्धः, 'दिव्यभवतः'-देवजन्मनः सकाशात् 'चरणस्य'= चारित्रस्य 'उपजायते' तथाविधौदयिकभावयोगेन, तदभावे तु पुनस्तत्रैव प्रवृत्तिः, स्वापविगमेऽनवरत-प्रयाणकप्रवृत्तकन्यकुब्जगन्तृगमनप्रवृत्तिवत् ।।२०।।**

**ટીકાર્થ :-**

**'प्रयाणभङ्गाऽभावेन' ..... प्रवृत्तिवत् ।। કન્યકુબ્જાદિ નગરના ગમનમાં અનવરત પ્રયાણક એવા ગમન વડે પણ પ્રયાણભંગનો અભાવ હોવાને કારણે રાત્રિને વિષે શયન જેવો દેવભવથી ચારિત્રનો વિઘાત થાય છે=ચારિત્રનો પ્રતિબંધ થાય છે; કેમ કે દેવભવમાં તેવા પ્રકારનો ઔદયિકભાવનો યોગ છે.**

**નિદ્રાના વિગમનમાં, અનવરત પ્રયાણ કરવામાં પ્રવૃત્ત એવા કન્યકુબ્જ નગર તરફ જનારાના ગમનની પ્રવૃત્તિની જેમ, તેના અભાવમાં વળી=દેવભવના અભાવમાં વળી, ત્યાં જ=ચારિત્રમાં જ, પ્રવૃત્તિ છે. ।।૨૦।।**

**ભાવાર્થ :-**

પૂર્વ શ્લોકમાં સ્થાપન કર્યું કે પાછળની ચાર દૃષ્ટિઓ પ્રતિપાતવાળી નથી, આમ છતાં પાછળની ચાર દૃષ્ટિમાં રહેલા મુનિ પણ તે ભવમાં પૂર્ણ સાધના સમાપ્ત ન કરી શકે તો દેવભવમાં જાય છે ત્યારે ચારિત્રનો વિઘાત થાય છે. તે વિઘાત કેવો છે તે બતાવવા માટે કહે છે –

જેમ કોઈ જીવ કન્યકુબ્જાદિ કોઈક નગર પ્રત્યે જવા માટે સતત પ્રવૃત્ત હોય તોપણ શ્રમ ઉતારીને ઇષ્ટ સ્થાને શીઘ્ર પહોંચવા માટે રાત્રે સૂવાની ક્રિયા કરે છે, તે સૂવાની ક્રિયા માર્ગના ગમનના ભંગરૂપ નથી; તેમ જે સાધુ આ ભવમાં પૂર્ણ સાધના કરી શક્યા નથી, તે સાધુ પણ દેવભવમાં જાય છે, ત્યાં દેશાંતરગમન

કરનાર જીવ જેમ થાક ઉતારીને વિશેષ બળથી ઝડપી ગમનની પ્રવૃત્તિ કરે છે, તેમ મોક્ષમાર્ગમાં સતત પ્રવૃત્ત એવા સાધુ માટે દેવભવ રાત્રિના સૂવા જેવી શક્તિસંચયની ક્રિયા છે. માટે આ મનુષ્ય ભવમાં કેવલજ્ઞાન પ્રાપ્ત કરતા નથી તેવા યોગીઓ, દેવભવમાં જાય છે ત્યારે ચારિત્રના ભંગને કારણે અવિરતિવાળા હોવા છતાં સંયમપાલન માટે વિશેષ શક્તિનો સંચય કરે છે; જેથી ફરી મનુષ્યભવ પામીને પૂર્વ કરતાં અધિક આગળના સંયમના કંડકને પામીને શીઘ્ર ઇષ્ટ એવા મોક્ષનગરને પ્રાપ્ત કરે છે. ફક્ત જે સાધુ જમાલિ આદિની જેમ સંયમની વિરાધના કરીને દેવભવમાં ગયા છે, તેઓને દેવભવ નિશિસ્વાપ જેવો નથી, પરંતુ દિગ્મોહ પામેલા મુસાફરની જેમ વિપરીત દિશામાં ગમન જેવો છે. **॥૨૦॥**

## મિત્રાદષ્ટિ

**અવતરણિકા :-**

**इदानीं प्रतिदृष्टि साकल्येनाङ्गयोजनामुपदर्शयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે દરેક દૃષ્ટિમાં સાકલ્યથી યોગદૃષ્ટિના અંગોની યોજનાને બતાવતાં ગ્રંથકાર કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૬માં કહેલ કે યોગના યમાદિ આઠ અંગોના કારણે દૃષ્ટિના આઠ ભેદ છે, વળી યોગની પ્રવૃત્તિમાં ખેદ, ઉદ્વેગાદિ દોષોના પરિહારથી પણ યોગદૃષ્ટિના આઠ ભેદો છે, અને યોગની પ્રવૃત્તિમાં અદ્વેષાદિ ગુણોની નિષ્પત્તિથી પણ યોગદૃષ્ટિ આઠ ભેદવાળી છે; અને શ્લોક-૧૬ની ટીકામાં અંતે કહેલ કે આ સાકલ્યને દરેક દૃષ્ટિમાં અમે બતાવીશું. તેથી હવે તે સાકલ્યને દરેક દૃષ્ટિમાં બતાવતાં ગ્રંથકાર કહે છે -

આ અવતરણિકાનો સંબંધ આઠે દૃષ્ટિઓના સાકલ્યના યોજન સાથે છે, જે યોજન શ્લોક-૧૭૮માં પૂર્ણ થાય છે.

હવે પ્રથમ મિત્રાદૃષ્ટિમાં તેનાં ત્રણે અંગોની યોજનાને બતાવતાં કહે છે –

**શ્લોક :-**

**मित्रायां दर्शनं मन्दं, यम इच्छादिकस्तथा ।**
**अखेदो देवकार्यादावद्वेषश्चापरत्र तु ।।२१।।**

**અન્વયાર્થ :-**

**मित्रायां=મિત્રામાં दर्शनं मन्दं=દર્શન મંદ છે तथा=અને इच्छादिकः यमः=ઈચ્છાદિક ભેદવાળો યમ છે,**

च=અને देवकार्यादौ=દેવકાર્યાદિમાં अखेदः=અખેદ છે, तु=વળી अपरत्र=અદેવકાર્યાદિમાં अद्वेषः= અદ્વેષ છે. ॥૨૧॥

**શ્લોકાર્થ :-**

**મિત્રામાં દર્શન મંદ છે અને ઇચ્છાદિક ભેદવાળો યમ છે અને દેવકાર્યાદિમાં અખેદ છે. વળી અદેવકાર્યાદિમાં અદ્વેષ છે. ॥૨૧॥**

**ટીકા :-**

**'मित्रायां' दृष्टौ 'दर्शनं मन्दं'=स्वल्पो बोधः, तृणाग्निकणोद्द्योतेन सदृशः । 'यम'-अहिंसादिलक्षणः 'इच्छादिकः' यथोक्तं** - 'अहिंसासत्यास्तेयब्रह्मचर्यापरिग्रहा यमाः' (पा.यो. सू. २-३०), **एते च 'इच्छाप्रवृत्तिस्थैर्य-सिद्धिभेदा' इति वक्ष्यति । तथा 'अखेदो देवकार्यादौ' आदिशब्दाद् गुरुकार्यादिपरिग्रहः, तथातथोपनत एतस्मिंस्तथापरितोषान्न खेदोऽत्र अपि तु प्रवृत्तिरेव, शिरोगुरुत्वादिदोषभावेऽपि भवाभिनन्दिनो भोगकार्यवत् । 'अद्वेषश्च'=अमत्सरश्च 'अपरत्र तु'=अदेवकार्यादौ, तथातत्त्ववेदितया मात्सर्यवीर्यबीज-भावेऽपि तद्भावाङ्कुरानुदयात्तत्त्वानुष्ठानमधिकृत्य कर्मण्याशयः (कर्मण्यस्याशयः) । अतोऽस्यापरत्र न चिन्ता, तद्भावेऽपि करुणांशबीजस्यैवेषत्स्फुरणमिति ।।२१।।**

**ટીકાર્થ :-**

'मित्रायां' ..... स्फुरणमिति ।। **મિત્રાદૃષ્ટિમાં દર્શન મંદ છે=તૃણઅગ્નિકણના ઉદ્યોત સદૃશ સ્વલ્પ બોધ છે, અને અહિંસાદિ લક્ષણ યમ ઇચ્છાદિ ચાર ભેદવાળો છે. અહિંસાદિ લક્ષણ યમ છે તેમાં 'यथोक्तं' થી સાક્ષી આપે છે -**

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ યમો છે, **અને આ=અહિંસાદિ પાંચ યમો, ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્ય અને સિદ્ધિ ભેદવાળા છે. 'इति'=એને=ઇચ્છાદિ ચાર ભેદોને, वक्ष्यति - ગ્રંથકાર આગળ કહેશે.**

**અને મિત્રાદૃષ્ટિમાં દેવકાર્યાદિમાં અખેદ છે. દેવકાર્યાદિમાં આદિ શબ્દથી ગુરુકાર્યાદિનું ગ્રહણ કરવું.**

મિત્રાદૃષ્ટિમાં દેવકાર્યાદિમાં અખેદ છે તેનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

**માથું ભારે થવું આદિ દોષના ભાવમાં પણ ભવાભિનંદી જીવને ભોગકાર્યની જેમ, તે તે પ્રકારે આ પ્રાપ્ત થયે છતે=જે જે પ્રકારે પોતાની દેવકાર્યાદિ કરવાની શારીરિક આદિ શક્તિ હોય તે તે પ્રકારે દેવકાર્યાદિ પ્રાપ્ત થયે છતે, તે પ્રકારનો પરિતોષ થવાથી=દેવકાર્યાદિ કરવાનો લાભ પોતાને પ્રાપ્ત થયો તે પ્રકારનો પરિતોષ થવાથી, અહીં=દેવકાર્યાદિ કરવામાં, ખેદ નથી, પરંતુ પ્રવૃત્તિ જ છે.**

**વળી, 'अपरत्र'=અદેવકાર્યાદિમાં, અદ્વેષ છે=અમત્સર છે; કેમ કે તે પ્રકારે તત્ત્વવેદીપણું હોવાને કારણે="કુદેવમાં કે કુગુરુમાં, કોઈ જીવ દેવ કે ગુરુની બુદ્ધિ કરતો હોય તેને જોઈને તેના પ્રત્યે દ્વેષ ઉચિત નથી," તે પ્રકારે તત્ત્વનો જાણકાર હોવાને કારણે, માત્સર્યવીર્યના બીજનો સદ્ભાવ હોવા છતાં પણ તેના ભાવના અંકુરાનો અનુદય છે=માત્સર્યના ભાવના અંકુરાનો અનુદય છે.**

અહીં પ્રશ્ન થાય કે અદેવકાર્યાદિ શબ્દથી દેવ, ગુરુના કાર્યથી ભિન્ન એવાં સંસારનાં કાર્ય ગ્રહણ કરવાં છે ? કે અન્ય ગ્રહણ કરવાં છે ? તેનું સમાધાન કરવા માટે અદેવકાર્યાદિથી કુદેવકાર્યાદિ ગ્રહણ કરવાં છે, પરંતુ સંસારનાં કાર્યો ગ્રહણ કરવાં નથી, તે બતાવવા માટે કહે છે –

**તત્ત્વઅનુષ્ઠાનને આશ્રયીને=ધર્મબુદ્ધિથી કરાતા અનુષ્ઠાનને આશ્રયીને, કર્મમાં=અદેવકાર્યાદિરૂપ ક્રિયામાં=કુત્સિત દેવમાં દેવબુદ્ધિથી કરાતા કાર્યમાં, આનો=મિત્રાદૃષ્ટિવાળાનો આશય છે=અદ્વેષરૂપ આશય છે.**

**આથી=તે પ્રકારનો તત્ત્વવેદી છે આથી, આને=પહેલી દૃષ્ટિમાં રહેલા યોગીને, 'अपरत्र'= અન્યના અદેવકાર્યાદિમાં, ચિંતા હોતી નથી=કેટલાક મિત્રાદૃષ્ટિવાળા જીવો અન્યની પ્રવૃત્તિનો વિચાર કરતા નથી, તો વળી અન્ય કેટલાક મિત્રાદૃષ્ટિવાળા જીવોને તેના ભાવમાં પણ=ચિંતાના ભાવમાં પણ= કેટલાક મિત્રાદૃષ્ટિવાળા જીવોને અન્ય જીવોની તે પ્રકારની પ્રવૃત્તિ જોઈ એમ વિચાર આવે છે તોપણ કરુણાઅંશ બીજનું જ ઈષત્ સ્ફુરણ થાય છે. 'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૨૧॥**

❖ ગુરુકાર્યાદિમાં આદિ શબ્દથી ધર્મઅનુષ્ઠાન ગ્રહણ કરવાનું છે.

❖ शिरोगुरुत्वादिदोषभावेऽपि માં 'अपि' થી એ કહેવું છે કે માથું ભારે થવું આદિ દોષ ન હોય તો તો ભવાભિનંદીને ભોગકાર્યમાં પ્રવૃત્તિ છે જ, પરંતુ માથું ભારે થવું આદિ દોષ હોય તો પણ પ્રવૃત્તિ છે.

❖ 'शिरोगुरुत्वादि' માં આદિ પદથી શરીરની અન્ય કોઈ પીડાનું ગ્રહણ કરવું છે.

❖ 'कर्मण्याशयः' એ સ્થાનમાં 'कर्मण्यस्याशयः' એ પ્રમાણે પાઠ હોવો જોઈએ.

**ભાવાર્થ :-**

યોગનો પ્રારંભ પહેલી દૃષ્ટિથી થાય છે અને તેનો વિકાસ આઠ દૃષ્ટિ સુધી છે, તેને અહીં ક્રમસર બતાવે છે : આ યોગમાર્ગનો પ્રારંભ માત્ર આચરણારૂપ નથી કે માત્ર બોધરૂપ પણ નથી, પરંતુ સમ્યગ્ બોધથી ઉત્પન્ન થયેલી સમ્યગ્ રુચિપૂર્વકની સમ્યગ્ આચરણારૂપ છે. તેથી પહેલી દૃષ્ટિમાં સાચી શ્રદ્ધાથી યુક્ત જે મંદ બોધ થયો છે, તે બોધથી જીવમાં અહિંસાદિ પાંચ યમની આચરણા પ્રગટ થાય છે, તેને સામે રાખીને યોગની પહેલી દૃષ્ટિનું વર્ણન કર્યું છે. વળી, પહેલી દૃષ્ટિમાં બોધ તૃણઅગ્નિકણ જેવો અતિ અલ્પ હોય છે, તોપણ તે બોધ જીવને મોક્ષને અનુકૂળ એવી ઉચિત પ્રવૃત્તિમાં રુચિ કરાવે છે, અને તે રુચિથી જીવની પ્રવૃત્તિ અહિંસાદિ પાંચ યમમાં થાય છે. તે અહિંસાદિ પાંચ યમમાં થયેલી પ્રવૃત્તિ પણ પહેલી દૃષ્ટિમાં રહેલા યોગીમાંથી કોઈકની તે પ્રવૃત્તિ ઇચ્છાયમરૂપ હોય, તો કોઈકની તે પ્રવૃત્તિ પ્રવૃત્તિયમરૂપ હોય, તો કોઈ યોગીની તે પ્રવૃત્તિ સ્થૈર્યયમરૂપ હોય, તો વળી કોઈ યોગીની તે પ્રવૃત્તિ સિદ્ધિયમસ્વરૂપ હોય.

આશય એ છે કે મિત્રાદૃષ્ટિમાં અલ્પ પણ મોક્ષને અનુકૂળ એવી ઉચિત આચરણામાં રુચિ ઉત્પન્ન કરાવે તેવો બોધ છે, અને પ્રાયઃ કરીને જીવો જેવી રુચિ વર્તે છે તેવી પ્રવૃત્તિ પણ કરે છે; તેથી મિત્રાદૃષ્ટિમાં રહેલો જીવ અહિંસાદિ પાંચ યમોમાં દેશથી કે સર્વથી પોતાની શક્તિ પ્રમાણે પ્રાયઃ પ્રવૃત્તિ કરે છે. પ્રારંભિક ભૂમિકામાં તે યમોનું સેવન ઇચ્છાયમરૂપ હોય છે; કેમ કે પરિપૂર્ણ બોધને અનુરૂપ પ્રવૃત્તિ કરવાની શક્તિનો સંચય ન થયો હોય ત્યારે તે યમોનું સેવન કંઈક ત્રુટિઓથી યુક્ત પણ કરે છે; તોપણ સમ્યક્ કરવાની બલવાન ઇચ્છા ત્યાં વર્તે છે, તેથી તેનું યમનું સેવન ઇચ્છાયમરૂપ છે; અને જ્યારે ઇચ્છાયમના અભ્યાસથી બોધને અનુરૂપ સમ્યક્ પ્રવૃત્તિ કરી શકે છે, ત્યારે તેનું યમનું સેવન પ્રવૃત્તિયમરૂપ બને છે. પ્રવૃત્તિ યમનું સેવન પુનઃ પુનઃ કરીને સુઅભ્યસ્ત થાય છે ત્યારે સ્થૈર્યભાવવાળું થાય છે, અને સ્થૈર્યયમનું દીર્ઘકાળ સેવન કરીને પ્રાયઃ તેવા યોગીને તે યમનું સેવન પ્રકૃતિરૂપ બને છે, ત્યારે તે યમ સિદ્ધિરૂપ બને છે.

વળી, જેમ મિત્રાદૃષ્ટિમાં અલ્પબોધને કારણે યમમાં પ્રવૃત્તિ થાય છે, તેમ કોઈ નિમિત્તને પામીને દેવકાર્ય કે ગુરુકાર્ય કે કોઈ ધર્મઅનુષ્ઠાન સેવવાનું આવે, અને તે તે દેવકાર્યાદિ પોતાના પ્રયત્નથી થઈ શકે તેવાં હોય, તો 'તે કરવાનો લાભ મને મળ્યો' તે પ્રકારનો પરિતોષ થવાથી મિત્રાદૃષ્ટિવાળાને ત્યાં ખેદ થતો નથી, પરંતુ પોતાની શક્તિ પ્રમાણે ત્યાં અવશ્ય પ્રવૃત્તિ કરે છે.

આનાથી એ ફલિત થાય છે કે મિત્રાદૃષ્ટિનો અલ્પ પણ બોધ દેવકાર્યાદિ કરવામાં જીવને પ્રીતિ ઉત્પન્ન કરે છે. તેથી જેમ ભવાભિનંદી જીવ પ્રીતિપૂર્વક ભોગકાર્યને સેવે છે, તેમ મિત્રાદૃષ્ટિવાળા યોગી દેવકાર્યાદિને પ્રીતિપૂર્વક કરે છે. તેથી પ્રીતિ, ભક્તિ આદિ ચાર પ્રકારના અનુષ્ઠાનમાંથી પ્રીતિઅનુષ્ઠાનનો પ્રારંભ મિત્રાદૃષ્ટિથી થાય છે.

વળી, આ દૃષ્ટિવાળા જીવો, જેમ અલ્પબોધને કારણે યમાદિ સેવવાની રુચિવાળા છે અને પ્રીતિપૂર્વક દેવકાર્યાદિ કરવાની રુચિવાળા છે, તેમ અલ્પબોધથી થયેલા વિવેકને કારણે અન્ય કોઈ જીવ કુદેવને દેવબુદ્ધિથી પૂજતો હોય, કે કુગુરુની ગુરુબુદ્ધિથી ભક્તિ કરતો હોય, કે મોક્ષને અનનુકૂળ અનુષ્ઠાન પણ ધર્મબુદ્ધિથી સેવતો હોય, તો તેને જોઈને મિત્રાદૃષ્ટિવાળાને દ્વેષ થતો નથી; કેમ કે માર્ગાનુસારી અલ્પબોધને કારણે તેઓ તત્ત્વને જાણનારા છે. તેથી કોઈની અનુચિત પ્રવૃત્તિ જોઈને માત્સર્યભાવ થાય તેવી તેમની પ્રકૃતિ હોય તોપણ તત્ત્વબોધને કારણે તેમને માત્સર્યભાવનો ઉદય થતો નથી.

આશય એ છે કે કેટલાક જીવોને બીજાની અનુચિત પ્રવૃત્તિ જોઈને તેના પ્રત્યે માત્સર્યભાવ કરવાનો સ્વભાવ જ હોતો નથી, પરંતુ કેટલાકને અન્યની અનુચિત પ્રવૃત્તિ જોઈને માત્સર્યભાવ થાય તેવો સ્વભાવ હોય છે. તેથી તેવા જીવો કોઈને અયોગ્ય એવા દેવાદિને પૂજતા જુએ તો પોતાની પ્રકૃતિ પ્રમાણે તેના પ્રત્યે માત્સર્ય થાય તેમ છે, તોપણ મિત્રાદૃષ્ટિમાં પ્રગટ થયેલા વિવેકને કારણે તેને ત્યાં માત્સર્યભાવ થતો નથી.

આ માત્સર્યનું કથન તત્ત્વઅનુષ્ઠાનને આશ્રયીને કરાતી ક્રિયાવિષયક ગ્રહણ કરવાનું છે. તેથી પહેલી દૃષ્ટિમાં રહેલા અને માત્સર્યભાવવાળા કોઈક જીવને સંસારમાં કોઈ અન્ય જીવની અનુચિત પ્રવૃત્તિ

જોઈને માત્સર્ય થતો પણ હોય, છતાં ધર્મબુદ્ધિથી કરાતા અનુષ્ઠાનમાં કોઈની અનુચિત પ્રવૃત્તિ જુએ તોપણ વિવેક હોવાના કારણે માત્સર્ય થતો નથી, પરંતુ બીજાના અદેવકાર્યાદિ જુએ ત્યારે વિચારણા થાય તોપણ, પ્રગટેલા વિવેકને કારણે કરુણાંશ જ ઊઠે છે, અને વિચાર આવે છે કે અજ્ઞાનને કારણે આ જીવ કુદેવમાં દેવબુદ્ધિથી ભક્તિ કરે છે, તો હું શું કરું, જેથી તેને સાચી સમજણ આવે ? અને પોતાનું હિત સાધી શકે ? અને પોતાની શક્તિ હોય, પોતાના પ્રયત્નથી હિત થતું હોય તો યત્ન પણ કરે, અને અશક્ય જણાય તો ઉપેક્ષા કરે.

આ શ્લોકના કથનથી એ ફલિત થાય કે પહેલી દૃષ્ટિથી અહિંસાદિ યમોમાં પ્રવૃત્તિ થાય છે, અને ધર્મકાર્ય કરવાની પ્રીતિ થાય છે; અને અજ્ઞાનને કારણે કોઈ ધર્મકાર્ય વિપરીત કરતો હોય તો તેના પ્રત્યે દ્વેષ થતો નથી. આ પ્રકારનું કથન સામાન્ય રીતે જીવોને બોધથી રુચિ થાય છે અને રુચિ અનુસાર અનુષ્ઠાનની પ્રવૃત્તિ થાય છે, તેને આશ્રયીને છે; પરંતુ જેમ અવિરતિના ઉદયવાળા કેટલાક સમ્યગ્દૃષ્ટિ જીવો યમાદિમાં પ્રવૃત્તિ કરતા નથી, છતાં તેમનામાં યોગની પાંચમી દૃષ્ટિ છે; તેમ પહેલી દૃષ્ટિમાં રહેલા યોગીને જે સ્વલ્પ પણ માર્ગાનુસારી બોધ થયો છે, તેનાથી ધર્મમાં યત્ન કરવાની રુચિ પ્રગટે છે; છતાં અહિંસાદિયમમાં પ્રવૃત્તિ કરાવે તેવું ચારિત્રમોહનીયકર્મ શિથિલ ન થયું હોય, તો તેમાં યત્ન ન પણ હોય. આવા જીવનું ગ્રહણ દૃષ્ટિના વર્ણનમાં સાક્ષાત્ કર્યું નથી, પરંતુ પૂર્વમાં કહ્યું કે સદ્દૃષ્ટિ સ્થૂલથી આઠ ભેદવાળી છે; અને સૂક્ષ્મથી અનંત ભેદવાળી છે, તેથી તરતમતાની અપેક્ષાએ પહેલી દૃષ્ટિવાળા જીવોમાં પણ અનેક ભેદો મળે છે. તેમાં જે યોગીનું ચારિત્રમોહનીયકર્મ શિથિલ હોય તે યોગીને દેશથી કે સર્વથી યમાદિની પ્રવૃત્તિ અવશ્ય હોય છે, અને જેનું જ્ઞાનાવરણીયકર્મ અને દર્શનમોહનીયકર્મ શિથિલ હોવા છતાં ચારિત્રમોહનીયકર્મ શિથિલ નથી, તેવા મિત્રાદૃષ્ટિવાળા યોગીની યમાદિમાં પ્રવૃત્તિ હોતી નથી. તેનું પણ ગ્રહણ મિત્રાદૃષ્ટિના અનેક ભેદોમાં થઈ જાય છે. **॥૨૧॥**

**અવતરણિકા :-**

**अस्यां दृष्टौ व्यवस्थितो योगी यत्साधयति तदभिधित्सयाह –**

**અવતરણિકાર્થ :-**

**આ દૃષ્ટિમાં=મિત્રાદૃષ્ટિમાં, રહેલા યોગી જે સાધે છે=જે પ્રાપ્ત કરે છે, તેને કહેવાની ઈચ્છાથી કહે છે –**

**શ્લોક :-**

**करोति योगबीजानामुपादानमिह स्थितः ।**
**अवन्ध्यमोक्षहेतूनामिति योगविदो विदुः ।।२२।।**

**અન્વયાર્થ :-**

इह स्थितः=અહીં રહેલો=મિત્રાદૃષ્ટિમાં રહેલો, अवन्ध्यमोक्षहेतूनाम् योगबीजानाम्=મોક્ષના અવંધ્ય હેતુ એવા યોગબીજોનું उपादानम्=ગ્રહણ करोति=કરે છે, इति=એ પ્રમાણે योगविदः=યોગના જાણનારાઓ विदुः=જાણે છે. ॥૨૨॥

**શ્લોકાર્થ :-**

**મિત્રાદૃષ્ટિમાં રહેલો મોક્ષના અવંધ્ય હેતુ એવા યોગબીજોનું ગ્રહણ કરે છે, એ પ્રમાણે યોગના જાણનારાઓ જાણે છે. ॥૨૨॥**

**ટીકા :-**

**'करोति' तत्त्वकरणेन 'योगबीजानां'-वक्ष्यमाणलक्षणानां 'उपादानं' - ग्रहणम्, 'इह स्थितो' - मित्रायां दृष्टौ मैत्रो योगीत्यर्थः, किंविशिष्टानां योगबीजानामित्याह-'अवन्ध्यमोक्षहेतूनां इति', न हि योगबीजं न योगफलं नाम, योगश्च मोक्षफल इति, 'इति योगविदो'=विशिष्टा एव योगाचार्याः, 'विदु' रिति जानते ।।२२।।**

**ટીકાર્થ :-**

'करोति' ..... जानते ।। **અહીં રહેલો=મિત્રાદૃષ્ટિમાં રહેલો, મૈત્રયોગી વક્ષ્યમાણ લક્ષણવાળાં એવાં યોગનાં બીજોનું તત્ત્વકરણ વડે ઉપાદાન કરે છે=ગ્રહણ કરે છે. કેવા પ્રકારનાં યોગબીજોને ગ્રહણ કરે છે ? એથી શ્લોકમાં કહે છે, મોક્ષના અવંધ્ય હેતુ એવા યોગબીજોને ગ્રહણ કરે છે. મોક્ષનાં અવંધ્ય હેતુ યોગબીજો છે એ બતાવવા માટે** 'अवन्ध्यमोक्षहेतूनां' **પછી** 'इति' **શબ્દનો પ્રયોગ ટીકામાં છે.**

અવંધ્ય મોક્ષના હેતુ યોગબીજો કેમ છે ? તે સ્પષ્ટ કરે છે :

**યોગનું બીજ યોગફળવાળું નથી એમ નહિ, અને યોગ મોક્ષફળવાળો છે, એથી કરીને યોગબીજો મોક્ષના અવંધ્ય હેતુ છે. એ બતાવવા માટે** 'मोक्षफल' **પછી** 'इति' **શબ્દનો પ્રયોગ છે. એ પ્રમાણે યોગના જાણનારાઓ=વિશિષ્ટ જ એવા યોગાચાર્યો, જાણે છે. ॥૨૨॥**

**ભાવાર્થ :-**

પહેલી દૃષ્ટિમાં રહેલા યોગી જેમ યમની આચરણારૂપ દેવકાર્યાદિ અખેદપૂર્વક કરે છે, અને અન્ય જીવોના અદેવકાર્યાદિમાં અદ્વેષને ધારણ કરે છે, તેમ મોક્ષના અવંધ્ય કારણભૂત એવા યોગબીજોનું પણ ગ્રહણ કરે છે. હવે તે યોગબીજો કેવી રીતે ગ્રહણ કરે છે તે બતાવવા માટ ટીકામાં કહ્યું કે 'તત્ત્વકરણથી યોગબીજોને ગ્રહણ કરે છે' અર્થાત્ આ જ તત્ત્વ છે=પરમાર્થ છે, એ પ્રકારની બુદ્ધિ કરવા દ્વારા યોગબીજોને ગ્રહણ કરે છે.

વળી, 'આ યોગબીજો મોક્ષનાં અવંધ્ય કારણ છે,' એમ કહ્યું. તેનું તાત્પર્ય એ છે કે યોગમાર્ગમાં પ્રસ્થિત એવા યોગીઓ પ્રત્યે જે બહુમાનભાવ થાય છે, તે બહુમાનભાવ આત્મા ઉપર યોગમાર્ગની રુચિના સંસ્કારો નાખે છે, આ સંસ્કારો નિમિત્ત પામીને યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરાવે છે, અને યોગમાર્ગની પ્રવૃત્તિ પૂર્ણ થતાં મોક્ષરૂપ ફળ અવશ્ય થાય છે. તેથી પરંપરાએ મોક્ષના અવશ્ય કારણભૂત આ યોગબીજો છે. વળી પહેલી દૃષ્ટિવાળા યોગી જે યમનું સેવન કરે છે, તે યોગમાર્ગનું સેવન છે, તેનાથી યોગમાર્ગના સેવનના સંસ્કારો પડે છે, જે ઉત્તરના યોગમાર્ગમાં જવામાં પ્રબળ કારણ છે. વળી આવા યોગી જિનમાં કે આચાર્યાદિમાં આગળ બતાવાશે એવું કુશલચિત્ત કરે છે, તે કુશલચિત્ત સાક્ષાત્ યોગમાર્ગના સેવનરૂપ નથી, પરંતુ જિનાદિમાં વર્તતાં યોગ પ્રત્યેની પ્રીતિ આદિના પરિણામરૂપ છે. તે પ્રીતિનો પરિણામ શક્તિના સંચય દ્વારા વિશિષ્ટ પ્રકારના યોગની પ્રાપ્તિનું કારણ બને છે, તેથી જિનોમાં થતા કુશલચિત્તાદિ યોગબીજો છે. **॥૨૨॥**

**અવતરણિકા :-**

**साम्प्रतं योगबीजान्युपन्यस्यन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે યોગબીજોનો ઉપન્યાસ કરતાં ગ્રંથકાર કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે મિત્રાદૃષ્ટિમાં રહેલા યોગી મોક્ષનાં અવંધ્ય હેતુ એવાં યોગબીજોને ગ્રહણ કરે છે. તેથી હવે યોગબીજોનો ઉપન્યાસ કરે છે.

અહીં વિશેષ એ છે કે દ્વાત્રિંશિકા-૨૧, ગાથા-૭માં ઉપાધ્યાયજી મહારાજે બતાવ્યું એ પ્રમાણે કોઈ અન્ય દર્શનમાં રહેલ સાધક પાતંજલ શાસ્ત્ર પ્રમાણે યમનો બોધ કરીને યમસેવનમાં પ્રવૃત્ત હોય એવા મિત્રાદૃષ્ટિવાળા યોગી, અસદ્ગ્રહ વગરના હોવાને કારણે સદ્ગુરુનો યોગ થાય તો ભગવાનના પ્રવચનને પણ સાંભળે, અને ક્રમે કરીને જિનાદિમાં કુશલચિત્તરૂપ યોગબીજોનું ગ્રહણ કરે છે, તે યોગબીજોને ગ્રંથકાર બતાવે છે.

**શ્લોક :-**

**जिनेषु कुशलं चित्तं, तन्नमस्कार एव च ।**
**प्रणामादि च संशुद्धं, योगबीजमनुत्तमम् ।।२३।।**

**અન્વયાર્થ :-**

**जिनेषु=જિનોમાં संशुद्धं कुशलं चित्तं=સંશુદ્ધ એવું કુશલચિત્ત च=અને तन्नमस्कार एव=તેમને નમસ્કાર જ=જિનોને નમસ્કાર જ च=અને प्रणामादि=પ્રણામાદિ अनुत्तमम् योगबीजं=અનુત્તમ યોગબીજ છે. ।।૨૩।।**

**શ્લોકાર્થ :-**

**જિનોમાં સંશુદ્ધ એવું કુશલચિત્ત અને જિનોને નમસ્કાર જ અને પ્રણામાદિ અનુત્તમ યોગબીજ છે. ।।૨૩।।**

**ટીકા :-**

**'जिनेषु'=भगवदर्हत्सु, 'कुशलं चित्तं'=द्वेषाद्यभावेन प्रीत्यादिमत्, अनेन मनोयोगवृत्तिमाह, 'तन्नमस्कार एव च'=जिननमस्कार एव च तथामनोयोगप्रेरित, इत्यनेन तु वाग्योगवृत्तिम्, 'प्रणामादि च' पञ्चाङ्गादिलक्षणं; आदिशब्दान्मण्डलादिग्रहः 'संशुद्धं' इत्यसंशुद्धव्यवच्छेदार्थमेतत्, तस्य सामान्येन यथाप्रवृत्तिकरणभेदत्वात्, तस्य च योगबीजत्वानुपपत्तेः, एतत्सर्वमेव सामस्त्यप्रत्येकभावाभ्यां 'योगबीजं'-मोक्षयोजकानुष्ठानकारणम् 'अनुत्तमम्' इति सर्वप्रधानं विषयप्राधान्यादिति ।।२३।।**

**ટીકાર્થ :-**

**'जिनेषु' ..... विषयप्राधान्यादिति ।। જિનોમાં=ભગવાન અરિહંતોમાં, કુશલચિત્ત=દ્વેષાદિના અભાવથી પ્રીતિઆદિવાળું ચિત્ત, આના દ્વારા=જિનોમાં કુશલચિત્ત દ્વારા, મનોયોગની પ્રવૃત્તિને કહે છે; અને તેમને નમસ્કાર જ=તેવા પ્રકારના મનોયોગથી પ્રેરિત અર્થાત્ જિનમાં કુશલચિત્તવાળા મનોયોગથી પ્રેરિત જિનને નમસ્કાર જ, इत्यनेन तु=વળી આના દ્વારા વાગ્યોગપ્રવૃત્તિને કહે છે; અને પંચાંગાદિ લક્ષણ પ્રણામાદિ 'प्रणामादि' માં 'आदि' શબ્દથી મંડલાદિનું ગ્રહણ કરવું.**

કેવા પ્રકારના કુશલચિત્તાદિ છે, તે બતાવવા માટે કહે છે –

**સંશુદ્ધ એ પ્રકારનું આ='સંશુદ્ધ' એ પ્રકારનું કુશલચિત્તાદિનું વિશેષણ, અસંશુદ્ધના વ્યવચ્છેદ માટે છે; કેમ કે તેનું=અસંશુદ્ધ એવા કુશલચિત્તાદિનું, સામાન્યથી યથાપ્રવૃત્તિકરણનું=ચરમ-અચરમસામાન્યથી યથાપ્રવૃત્તકરણનું, ભેદપણું છે, અને તેના=સામાન્યથી યથાપ્રવૃત્તિકરણના ભેદના, યોગબીજત્વની અનુપપત્તિ છે. (એથી સંશુદ્ધ એ પ્રકારનું વિશેષણ આપ્યું છે એમ સંબંધ છે.)**

**'एतत्सर्वमेव'=આ સર્વ જ=જિનોમાં કુશલચિત્ત, તેમને કરાયેલો નમસ્કાર અને તેમને કરાયેલા પ્રણામાદિ સર્વ જ, સમસ્ત ભાવથી કે પ્રત્યેક ભાવથી મોક્ષયોજક અનુષ્ઠાનના કારણરૂપ અનુત્તમ એવું યોગબીજ છે અર્થાત્ અન્ય યોગબીજોમાં પ્રધાન યોગબીજ છે; કેમ કે વિષયનું પ્રાધાન્ય છે= કુશલચિત્તના વિષયભૂત જિનેશ્વરો છે, તે આચાર્યાદિ બધા યોગીઓ કરતાં પ્રધાન છે. માટે તેમનામાં થયેલું કુશલચિત્તાદિ અનુત્તમ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૨૩।।**

❖ 'द्वेषाद्यभावेन' માં 'आदि' પદથી ઉપેક્ષાનું ગ્રહણ કરવું.

❖ 'प्रीत्यादिमत्' માં 'आदि' પદથી 'भक्त्यादिमत्' નું ગ્રહણ કરવું.

❖ मण्डलादि માં 'आदि' પદથી चरणस्पर्शादि નું ગ્રહણ કરવું.

❖ 'पञ्चाङ्गादिलक्षणं' માં 'आदि' પદથી 'अष्टाङ्गादिलक्षणं' નું ગ્રહણ કરવું.

❖ 'अनेन वाग्योगवृत्तिम्' પછી 'आह' અધ્યાહાર છે.

❖ 'प्रणामादि च पञ्चाङ्गादिलक्षणं' પછી 'इत्यनेन तु 'काययोगवृत्तिमाह' એ અધ્યાહાર છે.

**ભાવાર્થ :-**

કોઈ સાધકને અરિહંત ભગવંતોમાં કુશલચિત્ત થાય અને જો તે સંશુદ્ધ ન હોય તો યોગબીજ બને નહિ. આ કથનથી એ ફલિત થાય કે જિનોમાં કુશલચિત્ત બે પ્રકારનું છે : (૧) સંશુદ્ધ અને (૨) અસંશુદ્ધ.

કુશલચિત્ત એટલે દ્વેષાદિ અભાવપૂર્વક પ્રીતિવાળું કે ભક્તિવાળું ચિત્ત અર્થાત્ કોઈ શ્રોતા પાસે ઉપદેશક ભગવાનના સ્વરૂપનું વર્ણન કરતા હોય અને તે સાંભળીને ભગવાન પ્રત્યે શ્રોતાને દ્વેષાદિ ન થાય, પરંતુ પ્રીતિ થાય, અથવા તો કોઈ સાધક સાક્ષાત્ ભગવાનને જોતા હોય અને ભગવાનને જોઈને ભગવાનની ઉત્તમ પ્રકૃતિને કારણે દ્વેષાદિના અભાવથી સહિત પ્રીતિ આદિવાળું ચિત્ત થાય, તો તે કુશલચિત્ત છે. જેમ ગૌતમસ્વામીએ હાલિકને ઉપદેશ આપીને દીક્ષા આપી અને ભગવાનનું સ્વરૂપ પણ બતાવ્યું, ત્યારે તેને ભગવાનના વિષયમાં કુશલચિત્ત થયું, પરંતુ જ્યારે સાક્ષાત્ ભગવાનને જુએ છે ત્યારે જન્માંતરના દ્વેષને કારણે ભગવાન પ્રત્યે દ્વેષનો પરિણામ થાય છે, ત્યારે તેને કુશલચિત્ત થતું નથી.

આવું કુશલચિત્ત અચરમાવર્તવાળા યથાપ્રવૃત્તકરણમાં વર્તતા જીવોને પણ ભગવાનને જોઈને થઈ શકે છે; પરંતુ તેઓમાં અતત્ત્વનો અનિવર્તનીય રાગ પડ્યો છે, તેથી ભગવાનનું વચન તેમને રુચિકર થાય તેવું નથી; માટે તેઓનું કુશલચિત્ત અસંશુદ્ધ છે. આવા અસંશુદ્ધચિત્તવાળા જીવો યોગદૃષ્ટિથી બહાર હોય છે, અને યોગદૃષ્ટિથી બહારના જીવો સામાન્ય યથાપ્રવૃત્તિકરણ દ્વારા ગ્રંથિદેશમાં આવેલા હોય અને સંયમ ગ્રહણ કરે કે શ્રાવકાચાર પાળે, ત્યારે તેઓની ધર્મની ક્રિયા વિષાનુષ્ઠાન, ગરાનુષ્ઠાન કે અનનુષ્ઠાનરૂપ જ હોય છે; અને તે વખતે ભગવાનને જોઈને કે ભગવાનની મૂર્તિ જોઈને તેઓને દ્વેષાદિ થતાં ન હોય, અને ભગવાનને નમસ્કાર, સ્તુતિ આદિની ક્રિયા કરતા હોય ત્યારે તેઓનું ચિત્ત દ્વેષાદિના અભાવથી પ્રીત્યાદિવાળું પણ હોય; તોપણ તેઓની ભગવાનના વચનથી વિપરીત અનિવર્તનીય રુચિ હોય છે. તેથી તેઓનું ચિત્ત અસદ્ગ્રહથી અત્યંત દૂષિત હોવાને કારણે તેમનું જિનમાં થયેલું કુશલચિત્ત પણ સંશુદ્ધ નથી. જ્યારે યોગની દૃષ્ટિમાં આવેલા જીવો શિથિલ અસદ્ગ્રહવાળા હોય છે, તેથી ભગવાનને જોઈને તેમને ભગવાન પ્રત્યે કુશલચિત્ત થાય છે; અને જેમ જેમ ભગવાનનાં વચન જાણવા મળે તેમ તેમ ભગવાન પ્રત્યે પ્રીતિ વધે છે, અને ભગવાને બતાવેલો યોગમાર્ગ રુચે છે. આવું ઉત્તમ ચિત્ત મિત્રાદૃષ્ટિવાળા યોગીને હોય છે, તેથી તેઓનું કુશલચિત્ત સંશુદ્ધ છે.

વળી જેમ ભગવાનમાં સંશુદ્ધ એવું કુશલચિત્ત યોગબીજ છે, તેમ સંશુદ્ધ કુશલચિત્તથી પ્રેરિત વાણીથી કરાયેલી નમસ્કારની ક્રિયા પણ યોગબીજ છે, અને તે સંશુદ્ધ કુશલચિત્તથી પ્રેરિત એવી પ્રણામાદિની ક્રિયા પણ યોગબીજ છે.

આનાથી એ ફલિત થાય કે કોઈ સાધક ભગવાનને સાક્ષાત્ જોતા હોય કે ભગવાનના ગુણોનું વર્ણન સાંભળતા હોય ત્યારે વર્તતું સંશુદ્ધ કુશલચિત્ત યોગબીજ છે, અને કોઈ અન્ય પ્રસંગે ભગવાનના ગુણોથી રંજિત થયેલ સાધક 'નમો જિણાણં' એ પ્રકારનો વચન પ્રયોગ કરતા હોય ત્યારે તેવા સંશુદ્ધ કુશલચિત્તથી પ્રેરિત વાગ્યોગની પ્રવૃત્તિ પણ યોગબીજ છે, અને કોઈ સાધક ભગવાનમાં થયેલા સંશુદ્ધ કુશલચિત્તથી પ્રેરિત કાયયોગથી પ્રણામાદિ કરતા હોય ત્યારે તેમનો કાયયોગ પણ યોગબીજ છે; અને આ યોગબીજ સામગ્રી મળતાં અવશ્ય મોક્ષના કારણભૂત એવા અનુષ્ઠાનનું કારણ બને છે. વળી આ યોગબીજનો વિષય સર્વજ્ઞ એવા અરિહંત ભગવંતો છે, માટે અન્ય સર્વ યોગબીજોમાં આ બીજ અનુત્તમ છે અર્થાત્ સર્વશ્રેષ્ઠ છે; કેમ કે ચિત્તનો વિષય ઉત્તમોત્તમ એવા સાક્ષાત્ અરિહંતભગવંત છે, જે સર્વ યોગીઓમાં શ્રેષ્ઠ છે, યોગીશ્વર છે. **॥૨૩॥**

**અવતરણિકા :-**

**यदैतद् भवति तत्समयमभिधातुमाह –**

**અવતરણિકાર્થ :-**

**જ્યારે આ=સંશુદ્ધ ચિત્ત, થાય છે, તેના સમયને બતાવવા માટે ગ્રંથકાર કહે છે –**

**શ્લોક :-**

**चरमे पुद्गलावर्ते, तथाभव्यत्वपाकतः ।**
**संशुद्धमेतन्नियमान्नान्यदापीति तद्विदः ।।२४।।**

**અન્વયાર્થ :-**

**चरमे पुद्गलावर्ते=ચરમપુદ્ગલપરાવર્તમાં तथाभव्यत्वपाकतः=તથાભવ્યત્વના પાકથી एतद्= આ= કુશલચિત્ત नियमेन=નિયમથી संशुद्धं=સંશુદ્ધ છે. अन्यदापि=અન્યદા પણ=તથાભવ્યત્વના પાક સિવાયના કાળમાં ચરમાવર્તમાં પણ न=નહિ; इति=એ પ્રમાણે तद्विदः=તેના જાણનારાઓ (કહે છે.) ।।૨૪।।**

**શ્લોકાર્થ :-**

**ચરમપુદ્ગલપરાવર્તમાં તથાભવ્યત્વના પાકથી કુશલચિત્ત નિયમથી સંશુદ્ધ છે, તથાભવ્યત્વના પાક સિવાયના કાળમાં ચરમાવર્તમાં પણ નહિ; એ પ્રમાણે તેના જાણનારાઓ કહે છે. ।।૨૪।।**

**નોંધ :-** 'अन्यदापि' માં 'अपि' શબ્દથી એ કહેવું છે કે ચરમાવર્ત બહારમાં તો સંશુદ્ધ ચિત્ત નથી, પરંતુ ચરમાવર્તમાં પણ તથાભવ્યત્વના પરિપાક સિવાયના કાળમાં સંશુદ્ધ ચિત્ત નથી.

**ટીકા :-**

**'चरमे पुद्गलावर्ते' इति पुद्गलानामावर्तास्तथातथा तत्तद्ग्रहणसन्त्यागाभ्यामिति पुद्गलावर्ताः,** "एते ह्यनादौ संसारे तथाभव्यत्वाक्षिप्ताः कस्यचित्कियन्तोऽपि" **इति वचनप्रामाण्याच्चरमपदे चरमावर्ताभिधानात् ।**

**अत्रापि कारणमाह 'तथाभव्यत्वपाकतः' इति तथाभव्यत्वपाकेन ततस्तस्मान्मिथ्यात्वकटुकत्वनिवृत्त्या (तथामिथ्यात्वकटुकत्वनिवृत्त्या) मनाक् माधुर्यसिद्धेः 'संशुद्धमेतद्' जिनेषु कुशलादिचित्तम् (जिनेषुकुशलचित्तादि) 'नियमाद्'=नियमेन, तथाभव्यत्वपाकभावेन कर्मणा तथा, अन्यदा संशुद्धवद-संशुद्धानुपपत्तेः, अत एवाह 'नान्यदापि'=नान्यस्मिन्नपि काले, प्राक् पश्चाच्च क्लिष्टाशयविशुद्धतराशययोगात् 'इति तद्विदः' इत्येवं योगविदोऽभिदधति ।।२४।।**

❖ 'जिनेषु कुशलादिचित्तम्' છે ત્યાં 'जिनेषु कुशलचित्तादि' હોવું જોઈએ; કેમ કે શ્લોક-૨૫-૨૬ની ટીકામાં પણ 'कुशलचित्तादि'નો પ્રયોગ છે, અને 'आदि' પદથી જિનને નમસ્કાર અને પ્રણામાદિનું ગ્રહણ કરવું.

❖ 'ततस्तस्मान्मिथ्यात्वकटुकत्वनिवृत्त्या' ને સ્થાને 'तथामिथ्यात्वकटुकत्वनिवृत्त्या' પાઠ જોઈએ, એમ ભાસે છે.

**ટીકાર્થ :-**

**'चरमे पुद्गलावर्ते' ..... योगविदोऽभिदधति ।। 'ચરમપુદ્ગલાવર્તમાં' એ શબ્દનો અર્થ સ્પષ્ટ કરે છે : ત્યાં પહેલાં 'ચરમ' શબ્દનો અર્થ ચરમાવર્ત કરવો છે. તેમાં યુક્તિ બતાવતાં કહે છે - તે તે પ્રકારે= ઔદારિક, વૈક્રિય આદિ આઠ વર્ગણાના પ્રકારે, તેના તેના=જગતમાં વર્તતાં જે જે પુદ્ગલો છે તેના તેના, ગ્રહણ અને સંત્યાગ દ્વારા પુદ્ગલોનાં આવર્તો 'इति'=એ, પુદ્ગલાવર્તો.** "ખરેખર આ=પુદ્ગલાવર્તો, અનાદિ સંસારમાં તથાભવ્યત્વથી આક્ષિપ્ત કોઈક જીવને કેટલાક પણ છે - અર્થાત્ કોઈકને અધિક છે તો કોઈકને ઓછા છે, એ પ્રકારે કેટલાક પણ છે," **એ પ્રકારના વચનના પ્રામાણ્યથી મૂળ શ્લોકમાં ચરમપદ છે તેમાં ચરમાવર્તનું અભિધાન હોવાથી (ચરમનો અર્થ ચરમાવર્ત કરવો અને પછી ચરમઆવર્તરૂપ પુદ્ગલાવર્ત તે ચરમપુદ્ગલાવર્ત છે તેમ કહેવું. તેનાથી એ પ્રાપ્ત થાય કે ચરમઆવર્તરૂપ પુદ્ગલાવર્તમાં=चरमे पुद्गलावर्ते,)**

**અહીં પણ=ચરમપુદ્ગલાવર્તમાં પણ, કારણને કહે છે=સંશુદ્ધ કુશલચિત્તાદિ યોગબીજ થવાના કારણને કહે છે : તથાભવ્યત્વના પાકથી=તેવા પ્રકારના ભવ્યત્વના પાકને કારણે, તેવા પ્રકારના=ઉત્કટ પ્રકારના, મિથ્યાત્વના કટુકપણાની નિવૃત્તિ થવાથી મનાક્ માધુર્યની સિદ્ધિ થવાને કારણે, આ=જિનમાં કુશલચિત્તાદિ, નિયમથી સંશુદ્ધ છે; કેમ કે તથાભવ્યત્વના પાકને કારણે કર્મથી=મંદ થયેલા મિથ્યાત્વમોહનીય કર્મથી, તથા=તેવું=સંશુદ્ધ ચિત્ત, થાય છે. અન્યદા સંશુદ્ધની જેમ=તથાભવ્યત્વનો પાક ન થયો હોય ત્યારે સંશુદ્ધ ચિત્તની જેમ, તથાભવ્યત્વના પાક દ્વારા મિથ્યાત્વ મંદ થાય છે ત્યારે અસંશુદ્ધ ચિત્તની અનુપપત્તિ છે. આથી જ કહે છે=તથાભવ્યત્વના પાકને કારણે મિથ્યાત્વ મંદ થવાથી સંશુદ્ધ ચિત્ત થાય છે. આથી જ કહે છે, અન્યદા પણ નહિ=તથાભવ્યત્વના પરિપાકના પૂર્વના કાળમાં પણ નહિ.**

અહીં પ્રશ્ન થાય કે તથાભવ્યત્વના પાકથી નિયમથી સંશુદ્ધ ચિત્ત થાય છે, અન્યદા સંશુદ્ધ ચિત્ત થતું નથી. તેનું કારણ શું ? તેથી કહે છે :

**પૂર્વ અને પશ્ચાત્ ક્લિષ્ટ આશય અને વિશુદ્ધતર આશયનો યોગ હોવાથી પૂર્વમાં સંશુદ્ધ ચિત્ત થતું નથી અને પશ્ચાત્ સંશુદ્ધ ચિત્ત થાય છે=તથાભવ્યત્વના પરિપાકના પૂર્વમાં ક્લિષ્ટ આશય હોય**

**છે, તેથી સંશુદ્ધ ચિત્ત થતું નથી; અને પછી=તથાભવ્યત્વના પરિપાકકાળમાં વિશુદ્ધતર આશયનો યોગ હોવાથી સંશુદ્ધ ચિત્ત થાય છે, એ પ્રમાણે યોગના જાણનારાઓ કહે છે. ।।૨૪।।**

પૂર્વ=અચરમાવર્તકાળ અને ચરમાવર્તનો પણ તથાભવ્યત્વના પરિપાક પૂર્વેનો કાળ.

પશ્ચાત્=ચરમાવર્તનો તથાભવ્યત્વના પરિપાક પછીનો કાળ.

પૂર્વકાળમાં ક્લિષ્ટ આશય હોય છે, પશ્ચાત્કાળમાં વિશુદ્ધતર આશય હોય છે.

**ભાવાર્થ :-**

મૂળ શ્લોકમાં 'ચરમે પુદ્ગલાવર્તે' શબ્દ છે, ત્યાં 'ચરમે' શબ્દ પુદ્ગલાવર્તેનું વિશેષણ છે. તેથી ચરમપુદ્ગલાવર્ત એવો અર્થ કરીએ તો અત્યાર સુધી દરેક જીવનાં જે પુદ્ગલાવર્તો પસાર થયા તે સર્વની અપેક્ષાએ આ પુદ્ગલાવર્ત છેલ્લું છે, એવો અર્થ પ્રાપ્ત થાય. તેથી દરેક જીવનો વર્તમાનનો પુદ્ગલનો આવર્ત ચરમ આવર્ત છે એ પ્રાપ્ત થાય. પરંતુ ચરમાવર્તનો તેવો અર્થ નથી, પણ જીવના સંસારનો જે છેલ્લો આવર્ત હોય તે ચરમાવર્ત છે, અને તે ચરમાવર્ત દરેક જીવનો જુદા જુદા કાળમાં પ્રાપ્ત થાય છે; અને તે અર્થ 'ચરમે પુદ્ગલાવર્તે' શબ્દથી કરવો હોય તો તે કઈ રીતે થઈ શકે ? તે બતાવવા માટે ચરમ પુદ્ગલાવર્ત શબ્દનો અર્થ કર્યો કે ચરમ આવર્તરૂપ પુદ્ગલાવર્ત. તેથી જે જીવનાં જે આવર્તો સંસારના પરિભ્રમણનાં છે, તેમાંથી છેલ્લું આવર્ત જે જીવને વર્તમાનમાં હોય તે જીવનું ચરમઆવર્ત બને; પરંતુ જે જીવને હજી અનેક પુદ્ગલાવર્તો કરવાનાં છે, તે જીવ માટે વર્તમાનનું પુદ્ગલાવર્ત ચરમઆવર્ત બને નહિ. ચરમપુદ્ગલાવર્તનો આ પ્રમાણેનો અર્થ કરવા અર્થે ટીકાકારે યુક્તિ આપી કે આ અનાદિ સંસારમાં દરેક જીવનું તથાભવ્યત્વ જુદું છે. તેથી તથાભવ્યત્વથી આક્ષિપ્ત કોઈક જીવને પુદ્ગલાવર્તો કેટલાંક થાય છે તો કોઈકને વળી તેનાથી અધિક થાય છે. આ પ્રકારનું શાસ્ત્રવચન પ્રમાણરૂપ હોવાથી તેને સામે રાખીને ચરમપદનો અર્થ ચરમઆવર્ત કર્યો છે, જેથી જે જીવને વર્તમાનમાં ચરમઆવર્તરૂપ પુદ્ગલાવર્ત હોય તે જ જીવ ચરમાવર્તમાં કહેવાય, અન્ય નહિ. વળી પુદ્ગલાવર્તનો અર્થ કર્યો કે જીવથી ગ્રહણ થાય એવી ઔદારિક આદિ તે તે પ્રકારની આઠ વર્ગણાઓથી તે તે પુદ્ગલોના=જે જે પુદ્ગલો જગતમાં છે તે સર્વ પુદ્ગલોના, ગ્રહણ અને ત્યાગ દ્વારા જે આવર્ત તે પુદ્ગલાવર્ત છે. તેથી આઠ વર્ગણારૂપે સર્વ પુદ્ગલોનું ગ્રહણ અને ત્યાગ કોઈ જીવ કરે ત્યારે એક પુદ્ગલપરાવર્તન કહેવાય.

વળી, ચરમપુદ્ગલપરાવર્તનમાં પણ જીવના તથાભવ્યત્વનો પ્રારંભિક પાક થાય ત્યારે, ઉત્કટ મિથ્યાત્વરૂપ કટુતાની નિવૃત્તિ થવાથી સંવેગના પરિણામરૂપ થોડું માધુર્ય જીવમાં પ્રગટે છે, જેના કારણે જીવમાં સંશુદ્ધ એવું કુશલચિત્ત નિયમથી પ્રગટે છે.

આશય એ છે કે ચરમાવર્તમાં ભાવમલ કંઈક અલ્પ થયેલો હોય છે, અને ઉપદેશાદિ કોઈક સામગ્રીને પામીને જીવમાં રહેલી મોક્ષમાં જવાની યોગ્યતારૂપ તથાભવ્યતા પરિપાકને પામે છે અર્થાત્ ચરમાવર્તમાં મોક્ષને અનુકૂળ એવો કોઈક ભાવ પ્રગટ કરવા માટે જીવનો યત્ન થાય છે, જેથી જીવનું તથાભવ્યત્વ કાર્યને અભિમુખ પરિપાક પામતું હોય છે. જેમ કોઈક જીવ પંચસૂત્રમાં કહ્યા પ્રમાણે દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદના કરે તો દુષ્કૃત પ્રત્યેનો વિમુખભાવ અને સુકૃત પ્રત્યેનો અભિમુખભાવ જીવમાં પ્રગટે છે, જે તથાભવ્યત્વના

પરિપાકસ્વરૂપ છે; અને તેના કારણે પૂર્વે સુકૃત પ્રત્યેનો વિમુખભાવ અને દુષ્કૃત પ્રત્યેનો સન્મુખભાવ હતો તે રૂપ ઉત્કટ મિથ્યાત્વ કંઈક ઓછું થાય છે, તેથી આ સંસારસાગરથી તરવા માટે દુષ્કૃતને છોડવાં જોઈએ અને સુકૃતનું સેવન કરવું જોઈએ તેવો કંઈક સંવેગનો પરિણામ થાય છે.

વળી કોઈક જીવને ભગવાનની મૂર્તિ જોઈને, તો કોઈક જીવને યોગી પાસેથી ભગવાનનું સ્વરૂપ સાંભળીને ભગવાનના ગુણો પ્રત્યે બહુમાનભાવ થાય છે, અને તેના કારણે 'આ જ ભગવાન ઉપાસનીય છે' તેવા પ્રકારનો સંવેગનો પરિણામ થાય છે, જે જીવનો કંઈક મધુર પરિણામ છે. તે તથાભવ્યત્વના પરિપાકથી થયેલો જિનમાં કુશલચિત્તનો પરિણામ છે, જે સંશુદ્ધ કુશલચિત્ત છે.

વળી, યોગની દૃષ્ટિમાં રહેલા જીવોનું જિનવિષયક કુશલચિત્ત શ્લોક-૨૫માં કહેવાશે તેવું સંજ્ઞા વગરનું, ફલઅભિસંધિરહિત અને જિનમાં અત્યંત ઉપાદેયબુદ્ધિવાળું હોય છે, તેથી સંશુદ્ધ છે.

વળી આ યોગદૃષ્ટિવાળા જીવો કોઈ અન્ય કાળમાં ભગવાનની પૂજા કરતા હોય, અને આલોકની અથવા પરલોકની આશંસાથી વ્યગ્ર ચિત્તવાળા હોય, તો ભગવાન પ્રત્યેના બહુમાનભાવવાળા હોવા છતાં સંશુદ્ધ કુશલચિત્તવાળા નથી; કેમ કે તે વખતે ભગવાનની ભક્તિના ઉપયોગ દ્વારા પણ તેમનું તથાભવ્યત્વ ફળ તરફ પરિણમન પામતું નથી અર્થાત્ તથાભવ્યત્વ પરિપાક પામતું નથી.

યોગની દૃષ્ટિવાળા જીવોને આંતરવૃત્તિથી ભગવાનનું બહુમાન છે, તોપણ તેઓનું ચિત્ત જ્યાં સુધી આલોક અને પરલોકની આશંસાથી કંઈક અશુદ્ધ છે, તે વખતે તેઓનું જિનમાં કુશલચિત્ત છે, પરંતુ સંશુદ્ધ નથી. તેને સામે રાખીને જ શ્લોક-૨૫માં કહેશે કે તેમનું સુંદર અનુષ્ઠાન પણ અભ્યુદય માટે છે, મોક્ષ માટે નથી. આ પ્રકારના વચનના બળથી અર્થથી એ ફલિત થાય કે સમ્યગ્દૃષ્ટિ જીવો પણ આલોક-પરલોકની આશંસાથી ભગવાનની ભક્તિ કરતા હોય, અથવા મોક્ષના આશયથી ભગવાનની ભક્તિ વખતે પણ માનાદિ સંજ્ઞાથી વ્યાપ્ત તેઓનું ચિત્ત હોય, તો તેઓનું કુશલચિત્ત સંશુદ્ધ નથી; જેમ શ્રીપાળરાજાએ વહાણ ચલાવવા માટે નવપદનું ધ્યાન ધર્યું, તે વખતનું તેમનું નવપદના ધ્યાનનું કુશલચિત્ત સંશુદ્ધ ન હતું; કેમ કે તેમનું તે અનુષ્ઠાન આલોકની આશંસાયુક્ત હતું.

વળી મિત્રાદૃષ્ટિવાળા યોગી જિનના ગુણોમાં ભક્તિથી ઉપયોગવાળા હોય, અને આલોક-પરલોકની આશંસાથી ભક્તિ કરતા ન હોય, તો તેમનું તથાભવ્યત્વ પાક પામે છે; અને તેના કારણે મિથ્યાત્વમોહનીયકર્મ મંદમંદતર થાય છે, અને તેના કારણે તેમનું ચિત્ત સંશુદ્ધ બને છે. અન્યદા=તથાભવ્યત્વ પાક પામતું ન હોય ત્યારે કુશલચિત્તના સંશુદ્ધપણાની અનુપપત્તિ છે. તેમ ભગવાનના ગુણોના ઉપયોગને કારણે તથાભવ્યત્વ પાક પામતું હોય ત્યારે કુશલચિત્તના અસંશુદ્ધપણાની અનુપપત્તિ છે.

આથી જ કહે છે=પૂર્વમાં કહ્યું કે તથાભવ્યત્વના પાકને કારણે તેવા પ્રકારનાં કર્મો થવાથી=ગુણોને અભિમુખ ચિત્ત ગમન કરે તેવા પ્રકારનાં ક્ષયોપશમભાવનાં કર્મો થવાથી, સંશુદ્ધ કુશલચિત્ત પ્રગટ થાય છે આથી જ કહે છે : અન્યદા પણ નહિ=ચરમાવર્ત પહેલાં કે ચરમાવર્તમાં પણ તથાભવ્યત્વનો પાક ન થતો હોય ત્યારે પણ નહિ=ત્યારે પણ સંશુદ્ધ કુશલચિત્ત હોતું નથી.

મૂળ શ્લોકના કથનથી એ ફલિત થયું કે ચરમપુદ્ગલાવર્તમાં જીવના તથાભવ્યત્વનો પાક થતો હોય ત્યારે કુશલચિત્ત નિયમથી સંશુદ્ધ છે, અને તથાભવ્યત્વનો પાક ન થતો હોય ત્યારે કુશલચિત્ત સંશુદ્ધ નથી. ત્યાં પ્રશ્ન

થાય કે તથાભવ્યત્વના પાકકાળમાં સંશુદ્ધ કેમ છે ? અને અચરમાવર્તમાં સંશુદ્ધ કેમ નથી ? તેથી કહે છે - પૂર્વમાં=ચરમાવર્તની બહારમાં, જીવમાં ક્લિષ્ટ આશયનો યોગ હોવાથી કુશલચિત્ત સંશુદ્ધ નથી, અને પશ્ચાત્=ચરમાવર્તમાં, તથાભવ્યત્વના પાકકાળમાં જીવમાં વિશુદ્ધતર આશયનો યોગ હોવાથી કુશલચિત્ત સંશુદ્ધ છે.

આશય એ છે કે ચરમાવર્ત પહેલાં=અચરમાવર્તમાં, ભાવમલ અતિશય હોવાથી જીવમાં અનિવર્તનીય અસદ્ગ્રહરૂપ ક્લિષ્ટ આશય છે, તેથી ભગવાનમાં થયેલું કુશલચિત્ત સંશુદ્ધ નથી; અને ચરમાવર્તમાં જ્યારે જીવને યોગની દૃષ્ટિઓ પ્રાપ્ત થાય છે ત્યારે અનિવર્તનીય અસદ્ગ્રહ નથી, અને ભગવાન પ્રત્યેનો ભક્તિભાવ પણ છે તેથી વિશુદ્ધ આશય છે; આમ છતાં ભગવાનની ભક્તિના કાળમાં આલોકની સંજ્ઞાઓ અથવા પરલોકની ફલઅભિસંધિ હોય તો વિશુદ્ધતર આશય નથી, તેથી જે કુશલચિત્ત છે તે પણ સંશુદ્ધ નથી; પરંતુ યોગની દૃષ્ટિવાળા જીવો ભગવાનની ભક્તિમાં સંજ્ઞા વગર અને ફલઅભિસંધિ વગર ઉપયોગવાળા હોય છે, ત્યારે વિશુદ્ધતર આશયનો યોગ હોય છે. તેથી ભગવાનની ભક્તિમાં વર્તતું તેઓનું કુશલચિત્ત સંશુદ્ધ હોય છે, એ પ્રમાણે યોગના જાણનારાઓ કહે છે. **॥૨૪॥**

**અવતરણિકા :-**

**एवमस्य समयमभिधायैतदभिधित्सया त्वाह –**

**અવતરણિકાર્થ :-**

**વળી આ રીતે=શ્લોક-૨૪માં બતાવ્યું એ રીતે, આનો=સંશુદ્ધ ચિત્તનો, ચરમાવર્ત સમય કહીને આને=સંશુદ્ધ ચિત્તને, કહેવાની ઈચ્છાથી ગ્રંથકાર કહે છે :**

**શ્લોક :-**

**उपादेयधियात्यन्तं, संज्ञाविष्कम्भणान्वितम् ।**
**फलाभिसन्धिरहितं, संशुद्धं ह्येतदीदृशम् ।।२५।।**

**અન્વયાર્થ :-**

**अत्यन्तं उपादेयधिया=અત્યંત ઉપાદેયબુદ્ધિને કારણે संज्ञाविष्कम्भणान्वितं=સંજ્ઞાવિષ્કંભણથી અન્વિત= સંજ્ઞાના ઉદયના અભાવથી યુક્ત फलाभिसन्धिरहितं संशुद्धं एतद्=ફલાભિસંધિરહિત સંશુદ્ધ એવું આ= કુશલચિત્ત ईदृशम्=આવા પ્રકારનું છે=ફલપાક આરંભ સદૃશ છે. ही=પાદપૂર્તિ માટે છે. ॥૨૫॥**

**શ્લોકાર્થ :-**

**અત્યંત ઉપાદેયબુદ્ધિને કારણે=જે ભગવાનની ભક્તિ કરે છે તેમાં અત્યંત ઉપાદેયબુદ્ધિ હોવાને કારણે, સંજ્ઞાના ઉદયના અભાવથી યુક્ત, ફલાભિસંધિરહિત, સંશુદ્ધ એવું કુશલચિત્ત ફલપાક આરંભ સદૃશ છે.**

**'ही' પાદપૂર્તિ માટે છે. ॥૨૫॥**

**ટીકા :-**

**'उपादेयधिया'=उपादेयबुद्ध्या, 'अत्यन्तं' सर्वान्यापोहेन, तथापरिपाकात्सम्यग्ज्ञानपूर्वरूपत्वेन, 'संज्ञाविष्कम्भणान्वितं-' क्षयोपशमवैचित्र्यादाहारादिसंज्ञोदयाभावयुक्तम् । संज्ञा आहारादिभेदेन दश, तथा चार्षम् -** "कइविहा णं भन्ते ! सन्ना पन्नत्ता ?। गोयमा !, दसविहा-तं जहा आहारसन्ना, भयसन्ना, मेहुणसन्ना, परिग्गह-सन्ना, कोहसन्ना, माणसन्ना, मायासन्ना, लोभसन्ना, ओहसन्ना, लोगसन्ना" **इति । एतत्सम्प्रयुक्ताशयानुष्ठानं सुन्दरमप्यभ्युद-याय, न निःश्रेयसावाप्तये, परिशुद्ध्यभावाद् भवभोगनिःस्पृहाशयप्रभवमेतदिति योगिनः, 'फलाभिसन्धिरहितं' भवान्तर्गतफलाभिसन्ध्यभावेन । आह-असम्भव्येव संज्ञाविष्कम्भणे पूर्वोदितफलाभिसन्धिः, सत्यमेतत् तद्भवान्तर्गतफलमधिकृत्य, इह तु तदन्यभवान्तर्गतमपि तीर्थकृत्तुल्य-त्वादि लक्षणफलमधिकृत्य गृह्यते, तदभिसन्धेरसुन्दरत्वात्तदुपात्तस्यास्य स्वतः प्रतिबन्धसारत्वतः, एतद्रहितं चेदमपवर्गसाधनं, स्वप्रतिबन्धसारं तु तत्स्थानस्थितिकार्येव तथास्वभावत्वात्, गौतमभगवद्-बहुमानवत्, एवम्भूतस्यैव योगनिष्पादकत्वात् न ह्यशालिबीजात्कालेनापि शाल्यङ्कुरः ।**

**ટીકાર્થ :-**

**'उपादेयधिया' ..... न ह्यशालिबीजात्कालेनापि शाल्यङ्कुरः । અત્યંત ઉપાદેયબુદ્ધિને કારણે સંજ્ઞાવિષ્કંભણઅન્વિત, ફલાભિસંધિરહિત, સંશુદ્ધ એવું આ=જિનોમાં કુશલચિત્ત, ફલપાક આરંભ સદૃશ છે, એમ ટીકાના અંતભાગ સાથે અન્વય છે.**

અત્યંત ઉપાદેયબુદ્ધિ એટલે શું ? એ સ્પષ્ટ કરે છે :

**સર્વ અન્ય અપોહથી જે ઉપાદેયબુદ્ધિ થાય તે અત્યંત છે.**

અહીં પ્રશ્ન થાય કે સર્વ અન્ય અપોહથી ઉપાદેયબુદ્ધિ કેમ થઈ ? તેથી કહે છે –

**સમ્યગ્જ્ઞાનપૂર્વરૂપપણાથી તે પ્રકારનો પરિપાક હોવાને કારણે અર્થાત્ બોધમાં અત્યંત ઉપાદેયબુદ્ધિ કરે તેવા પ્રકારનો પરિપાક હોવાને કારણે અત્યંત ઉપાદેયબુદ્ધિ થાય છે.**

**संज्ञाविष्कम्भणान्वितम् - અત્યંત ઉપાદેયબુદ્ધિને કારણે સંજ્ઞાવિષ્કંભણઅન્વિત જિનમાં કુશલચિત્ત થાય છે, અર્થાત્ ક્ષયોપશમના વૈચિત્ર્યને કારણે=યોગની દૃષ્ટિમાં વર્તતા બોધના આવારક કર્મના ક્ષયોપશમના વૈચિત્ર્યને કારણે=બોધની તરતમતારૂપ ક્ષયોપશમના ભેદને કારણે, આહારાદિ સંજ્ઞાઓના ઉદયના અભાવથી યુક્ત સંશુદ્ધ કુશલચિત્ત થાય છે, એમ અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે, સંજ્ઞા કેટલી છે ? તેથી કહે છે –

**આહારાદિ ભેદથી સંજ્ઞાઓ દશ છે, અને તે પ્રકારે=સંજ્ઞાના દશ ભેદો છે તે પ્રકારે, આર્ષ છે= આગમવચન છે.**

હે ભદંત ! કેટલા પ્રકારની સંજ્ઞા કહેવાઈ છે ? ઉત્તર આપે છે - હે ગૌતમ ! દશ પ્રકારે સંજ્ઞા કહેવાઈ છે. તેનાં નામ બતાવે છે : આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા, ક્રોધસંજ્ઞા, માનસંજ્ઞા, માયાસંજ્ઞા, લોભસંજ્ઞા, ઓઘસંજ્ઞા, લોકસંજ્ઞા.

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.**

**'एतत्संप्रयुक्ताशयानुष्ठानं' - આનાથી અર્થાત્ સંજ્ઞાથી, સંપ્રયુક્ત આશયવાળું અનુષ્ઠાન સુંદર પણ અભ્યુદય માટે છે, નિઃશ્રેયસની પ્રાપ્તિ માટે નથી=મોક્ષપ્રાપ્તિ માટે નથી; કેમ કે પરિશુદ્ધિનો અભાવ છે.**

સંજ્ઞાપ્રયુક્ત અનુષ્ઠાનમાં પરિશુદ્ધિનો અભાવ કેમ છે ? તેથી કહે છે :

**ભવભોગથી નિઃસ્પૃહઆશયપ્રભવ આ=પરિશુદ્ધ અનુષ્ઠાન છે, એ પ્રમાણે યોગીઓ કહે છે. તેથી અર્થથી સંજ્ઞાપ્રયુક્ત અનુષ્ઠાનમાં ભવભોગની સ્પૃહા છે, એથી પરિશુદ્ધિનો અભાવ છે.**

અત્યંત ઉપાદેયબુદ્ધિને કારણે જેમ સંશુદ્ધ ચિત્ત સંજ્ઞાવિષ્કંભણઅન્વિત છે, તેમ ફળઅભિસંધિરહિત પણ છે, તે બતાવે છે :

**फलाभिसंधिरहितं - જિનમાં કુશલચિત્ત ફળઅભિસંધિરહિત છે અર્થાત્ ભવઅંતર્ગત=સંસારઅંતર્ગત, કોઈપણ પ્રકારના ફળની અભિસંધિનો અભાવ હોવાને કારણે સંશુદ્ધ ચિત્ત ફળઅભિસંધિરહિત છે, એમ અન્વય છે.**

**અહીં શંકા કરતાં 'आह' થી કહે છે : સંજ્ઞાવિષ્કંભણ હોતે છતે પૂર્વમાં કહેવાયેલી અભિસંધિ= ભવઅંતર્ગત ફળરૂપે પૂર્વમાં કહેવાયેલી અભિસંધિ, અસંભવિત છે. તેનો ઉત્તર આપતાં કહે છે –**

**આ સત્ય છે અર્થાત્ પૂર્વપક્ષે કહ્યું કે સંજ્ઞાનું વિષ્કંભણ હોય તો ફળની અભિસંધિ સંભવે નહિ. તેથી સંજ્ઞાવિષ્કંભણઅન્વિત કહેવાથી ફળઅભિસંધિરહિત છે, એમ કહેવાની જરૂરત રહેતી નથી, એ સત્ય છે.**

આમ છતાં સંજ્ઞાવિષ્કંભણઅન્વિત કહ્યા પછી ફળઅભિસંધિરહિત વિશેષણ કેમ આપ્યું ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

**તદ્ભવઅંતર્ગત ફળને આશ્રયીને સંજ્ઞાવિષ્કંભણઅન્વિત વિશેષણ છે. અહીં વળી=ફળઅભિસંધિરહિત વિશેષણ આપ્યું એમાં વળી, તદ્ અન્ય ભવ અંતર્ગત પણ=જે ભવમાં પોતે છે તેનાથી અન્ય ભવ અંતર્ગત પણ, તીર્થકૃત્ તુલ્યત્વાદિ લક્ષણ ફળને આશ્રયીને ફળઅભિસંધિરહિત એ વિશેષણ ગ્રહણ થાય છે.**

અહીં પ્રશ્ન થાય કે ફળઅભિસંધિ હોય તો શું વાંધો ? તેથી કહે છે –

**તદભિસંધિનું=ફળઅભિસંધિનું, અસુંદરપણું હોવાથી, તદ્ ઉપાત્ત એવા આનું=ફળઅભિસંધિયુક્ત એવા કુશલચિત્તનું, સ્વતઃ પ્રતિબંધસારપણું હોવાને કારણે, ફળઅભિસંધિસંપ્રયુક્ત અનુષ્ઠાન નિઃશ્રેયસનું કારણ નથી, એમ અન્વય છે; અને આનાથી રહિત=ફળઅભિસંધિરહિત, આ=જિનમાં કુશલચિત્તાદિ અનુષ્ઠાન, અપવર્ગનું સાધન છે. વળી સ્વપ્રતિબંધસાર એવું અનુષ્ઠાન તથાસ્વભાવપણું હોવાને કારણે=વીતરાગતા તરફ જવામાં પ્રતિબંધ કરે તેવું સ્વભાવપણું હોવાને કારણે, તત્ સ્થાન સ્થિતિકારી**

**જ છે=જે ગુણસ્થાનકમાં પોતે છે તે સ્થાનમાં જ સ્થિતિ કરનારું છે, પરંતુ આગળના ગુણસ્થાનકમાં જવા દેતું નથી. તેથી નિઃશ્રેયસનું કારણ નથી, એમ અન્વય છે.**

સ્વપ્રતિબંધસાર અનુષ્ઠાન તત્ સ્થાન સ્થિતિકારી છે, તેમાં દૃષ્ટાંત બતાવે છે –

**ગૌતમસ્વામીના ભગવાનમાં બહુમાનની જેમ સ્વપ્રતિબંધસાર અનુષ્ઠાન તત્ સ્થાન સ્થિતિકારી જ છે, એમ અન્વય છે.**

**'एवम्भूतस्य एव' - આવા પ્રકારના અનુષ્ઠાનનું જ=અત્યંત ઉપાદેયબુદ્ધિને કારણે અર્થાત્ અનુષ્ઠાનથી સાધ્ય એવા ધર્મમાં અત્યંત ઉપાદેય બુદ્ધિ હોવાને કારણે સંજ્ઞાવિષ્કંભણઅન્વિત અને ફળઅભિસંધિરહિત હોય એવા પ્રકારના અનુષ્ઠાનનું જ, યોગનિષ્પાદકપણું હોવાથી શ્લોકમાં સંશુદ્ધ જિનકુશલચિત્તાદિનું વિશેષણ સંજ્ઞાવિષ્કંભણઅન્વિત અને ફળઅભિસંધિરહિત કરેલ છે.**

અહીં પ્રશ્ન થાય કે, સંજ્ઞાવિષ્કંભણઅન્વિત અને ફળઅભિસંધિરહિત એવું જ સંશુદ્ધ ચિત્ત યોગનિષ્પાદક છે, અન્ય કેમ નહિ ? તેથી કહે છે –

**અશાલિના બીજથી=ડાંગર (ફોતરાવાળા ચોખા) સિવાય અન્ય ધાન્યના બીજથી, કાલ વડે પણ=ઘણા કાલ વડે પણ, શાલિનો અંકુર થતો નથી.**

❖ कालेनापि માં 'अपि' શબ્દથી એ કહેવું છે કે, થોડા કાળથી તો અશાલિબીજથી શાલિનો અંકુરો ન થાય, પરંતુ ઘણા કાળથી પણ અશાલિબીજથી શાલિનો અંકુરો ન થાય.

❖ तदन्यभवान्तर्गतमपि માં 'अपि' શબ્દથી એ કહેવું છે કે, સંજ્ઞાવિષ્કંભણઅન્વિત વિશેષણ દ્વારા આભવઅંતર્ગત ફળ લેવામાં આવે છે, અને ફળઅભિસંધિરહિત વિશેષણ દ્વારા તદન્યભવઅંતર્ગત પણ ફળને લેવામાં આવે છે.

**ભાવાર્થ :-**

પ્રસ્તુત શ્લોકમાં જિનમાં સંશુદ્ધ કુશલચિત્ત કેવું હોય છે, તે સ્પષ્ટ કરેલ છે.

પહેલી દૃષ્ટિવાળા જીવને સત્ શાસ્ત્રો પ્રત્યેની શ્રદ્ધાને કારણે જે મિથ્યાત્વની મંદતા થઈ છે, અને તેના કારણે જે કંઈ થોડો સમ્યગ્બોધ થયો છે, તે બોધ સમ્યક્ત્વકાલિન સમ્યગ્બોધની પૂર્વભૂમિકા રૂપ છે; અને આ બોધ ધીરે ધીરે પ્રકર્ષને પામીને સમ્યક્ત્વકાલિન સમ્યગ્બોધ થવાનો છે. આ બોધમાં તેવા પ્રકારનો પરિપાક છે કે જેથી જીવને વીતરાગ પ્રત્યે અત્યંત ઉપાદેયબુદ્ધિ થાય છે અર્થાત્ 'આ વીતરાગ જ ઉપાસનીય છે, તેથી આલોકના ફળની આશંસા કે પરલોકના ફળની આશંસાથી રહિત ભગવાનની ભક્તિ કરીને હું આ સંસારસાગરથી તરું' તેવી વીતરાગ પ્રત્યે અત્યંત ઉપાદેયબુદ્ધિ થાય છે.

આશય એ છે કે યોગની દૃષ્ટિમાં પ્રવેશેલા જીવને ઉપદેશાદિ સાંભળીને 'આ વીતરાગ જ ઉપાસનીય છે' તેવી તેમના પ્રત્યે અત્યંત ઉપાદેયબુદ્ધિ થાય છે ત્યારે, ભગવાનની ભક્તિના કાળમાં આહારાદિ સંજ્ઞાને વશ થઈને આલોકની આશંસાથી તે ભગવાનની ભક્તિમાં પ્રયત્ન કરતો નથી કે અન્ય ભવમાં હું તીર્થંકર જેવી સમૃદ્ધિવાળો થાઉં કે ઈન્દ્ર જેવી સમૃદ્ધિવાળો થાઉં તેવા પરલોકના બાહ્ય વૈભવની અપેક્ષાથી ભગવાનની

ભક્તિ કરતો નથી; પરંતુ જે કંઈ પણ થોડો બોધ થયો છે, તે બોધથી સંસારથી પર અવસ્થા પ્રત્યે તેનું ખેંચાણ છે, અને તે ખેંચાણપૂર્વક જિનમાં કુશલચિત્તાદિ કરે છે, તે કુશલચિત્ત સંશુદ્ધ છે.

અહીં સંજ્ઞાઓ આહારાદિ દશ ભેદવાળી છે. તેથી કોઈ જીવ ભગવાન પ્રત્યે કુશલબુદ્ધિવાળો થયો હોય અને આહાર પ્રાપ્ત ન થતો હોય ત્યારે આહારની લાલસાથી ભગવાનની ભક્તિ કરે, તો તે ભક્તિનું અનુષ્ઠાન આહારસંજ્ઞાવાળું બને. કોઈ શત્રુ આદિનો તેને ભય હોય અને તેના નિવારણ માટે ભગવાનની ભક્તિ કરતો હોય, તો તેનું અનુષ્ઠાન ભયસંજ્ઞાવાળું બને. વળી કોઈ સ્ત્રી આદિનો અભિલાષ હોય તો તેની પ્રાપ્તિ માટે ભગવાનની ભક્તિ કરે, તો તે અનુષ્ઠાન મૈથુનસંજ્ઞાવાળું બને. વળી કોઈ ધનાદિની લાલસાથી ભગવાનની ભક્તિ કરે, તો તેનું અનુષ્ઠાન પરિગ્રહસંજ્ઞાવાળું બને. કોઈ જીવ પોતાનાથી વિશેષ અન્યની ભક્તિ જોઈને તેના પ્રત્યેની ઇર્ષ્યાથી 'તેના કરતાં હું કંઈક વધારે સારી ભક્તિ કરું' તેવા આશયથી ભગવાનની ભક્તિ કરતો હોય, તો તેનું તે ભગવદ્ભક્તિ અનુષ્ઠાન ક્રોધ સંજ્ઞાવાળું બને. લોકમાં માન-ખ્યાતિની આશંસાપૂર્વક ભગવાનની ભક્તિ કરતો હોય, તો તેનું તે અનુષ્ઠાન માનસંજ્ઞાવાળું બને. ઘણા લોકોને જોઈને પોતે ભગવાનની ભક્તિ સારી કરે છે તેવું બતાવવા સુંદર હાવભાવની અભિવ્યક્તિ કરે, તો તેનું તે અનુષ્ઠાન માયાસંજ્ઞાવાળું બને. વળી કોઈ ભૌતિક પદાર્થના લોભને વશ થઈને ભગવાનની ભક્તિ કરે, તો તેનું તે અનુષ્ઠાન લોભસંજ્ઞાવાળું બને. કોઈ જીવ કંઈ વિચાર્યા વગર ગતાનુગતિક ભક્તિ કરે, તો તેનું તે અનુષ્ઠાન ઓઘસંજ્ઞાવાળું બને; અને શાસ્ત્રનિરપેક્ષ, લોકો જેમ કરતા હોય તેમ, ભગવાનની ભક્તિ કરે, તો તેનું તે અનુષ્ઠાન લોકસંજ્ઞાથી યુક્ત બને. આ દશમાંથી કોઈપણ સંજ્ઞાથી યુક્ત અનુષ્ઠાન, સુંદર હોય તોપણ અભ્યુદય માટે થાય છે અર્થાત્ યોગની દૃષ્ટિમાં તે જીવ હોય તો તે જીવને વીતરાગ પ્રત્યે સ્પષ્ટ શ્રીપાળ રાજાની જેમ બહુમાન છે, તેથી તે ભક્તિનું અનુષ્ઠાન સુંદર છે, તોપણ સદ્ગતિની પ્રાપ્તિરૂપ અભ્યુદય માટે થાય છે, પણ મોક્ષ માટે થતું નથી=વીતરાગતાને અભિમુખ વૃદ્ધિ પામતું નહીં હોવાથી ગુણવૃદ્ધિના કારણભૂત નિર્જરા કરાવીને મોક્ષ માટે થતું નથી.

આશય એ છે કે યોગની દૃષ્ટિવાળા જીવો પણ ક્યારેક આ સંજ્ઞાઓને વશ થઈને ભગવાનની ભક્તિ આદિ કરે છે, તોપણ તેઓને ભગવાન પ્રત્યે જેવો બહુમાનભાવ છે તેવું સંજ્ઞાનું મહત્ત્વ નથી; આમ છતાં નિમિત્તને પામીને તેઓની સંજ્ઞાથી પણ પ્રવૃત્તિ થાય છે. જેમ શ્રીપાળ મહારાજાને નવપદનું અત્યંત મહત્ત્વ હતું અને શુદ્ધ આશયથી નવપદની આરાધના કરતા હતા, તોપણ કોઈક નિમિત્તને પામીને બાહ્ય પદાર્થની અભિલાષાથી પણ નવપદનું ધ્યાન કરે છે. તે વખતે, શ્રીપાળમહારાજાને નવપદના પારમાર્થિક સ્વરૂપનો બોધ હોવાથી અને તેમના પ્રત્યે અત્યંત રુચિ હોવાથી તેમનું તે નવપદના ધ્યાનનું અનુષ્ઠાન સુંદર હતું, તોપણ, સ્ત્રીની પ્રાપ્તિના અભિલાષથી યુક્ત હોવાથી મૈથુનસંજ્ઞાથી યુક્ત પણ હતું. તેથી તે નવપદના ધ્યાનનું અનુષ્ઠાન નવપદ પ્રત્યેના બહુમાનથી અને ભક્તિથી સંવલિત હોવા છતાં સંજ્ઞાથી યુક્ત હોવાને કારણે અભ્યુદય માટે છે, નિઃશ્રેયસની પ્રાપ્તિ માટે નથી. તે શ્રીપાળરાજા જ્યારે ભવભોગના નિઃસ્પૃહ આશયથી યુક્ત ભગવદ્ભક્તિ કરે છે તે અનુષ્ઠાન નિઃશ્રેયસની પ્રાપ્તિ માટે બને છે. તે રીતે પહેલી દૃષ્ટિમાં રહેલા યોગી પણ કોઈ સંજ્ઞાથી યુક્ત ભગવાનની ભક્તિમાં યત્ન કરતા હોય, ત્યારે વીતરાગમાં બહુમાન

હોવાને કારણે તેમનું ભગવદ્‌ભક્તિઅનુષ્ઠાન સુંદર છે, તોપણ મોક્ષનું કારણ બનતું નથી. તેથી તે વખતે વર્તતું જિનકુશલચિત્તાદિ સંશુદ્ધ નથી; અને તે યોગદૃષ્ટિવાળા યોગી સંજ્ઞાના વિષ્કંભણથી યુક્ત ભગવાનની ભક્તિ કરે છે ત્યારે, ભવભોગના નિઃસ્પૃહ આશયથી પ્રગટ થયેલું એવું તે ભક્તિઅનુષ્ઠાન મોક્ષનું કારણ બને છે, માટે તે યોગબીજ છે.

અહીં કહ્યું કે સંજ્ઞાથી સંપ્રયુક્ત અનુષ્ઠાન સુંદર પણ અભ્યુદય માટે છે. ત્યાં 'अपि' શબ્દથી એ પ્રાપ્ત થયું કે જે જીવો આ સંજ્ઞાને વશ જ અનુષ્ઠાન કરે છે, પરંતુ ભગવાન પ્રત્યે બહુમાન નથી, તેઓનું તે અનુષ્ઠાન સુંદર નથી; પરંતુ જેઓને ભગવાન પ્રત્યે બહુમાનભાવ છે તેથી શુદ્ધ આશય છે; આમ છતાં ક્યારેક નિમિત્તભાવને પામીને તેમના અનુષ્ઠાનમાં સંજ્ઞા પ્રવેશ પામે છે, અને કોઈક વખતે આનુષંગિક સંજ્ઞા પ્રવેશ પામે છે. જેમ કોઈ જીવ ભગવાનની ભક્તિ વિશુદ્ધ આશયથી કરતો હોય, છતાં તેની ભક્તિની કોઈ પ્રશંસા કરે તો નિમિત્ત પામીને માનસંજ્ઞા પ્રવેશ પામે; અને તેવો જીવ ક્યારેક આનુષંગિકરૂપે સંજ્ઞાને વશ થઈને પણ ભગવદ્‌ભક્તિ આદિમાં પ્રવૃત્તિ કરતો હોય, તોપણ તે સંજ્ઞા કરતાં યોગમાર્ગનું મહત્ત્વ ઘણું હોય છે. જેમ શ્રીપાળરાજા સ્ત્રીના અભિલાષથી નવપદનું ધ્યાન કરે છે ત્યારે પણ સ્ત્રીના ભોગ કરતાં યોગમાર્ગનું મહત્ત્વ અધિક છે, આમ છતાં તે નવપદના ધ્યાનની પ્રવૃત્તિનો પ્રવર્તક પરિણામ સ્ત્રીનો અભિલાષ છે. તેથી આનુષંગિક રીતે કે સાક્ષાત્ રીતે પણ સંજ્ઞા પ્રવર્તતી હોય, અને યોગમાર્ગનો બલવાન રાગ હોય, તો તે સંજ્ઞાવાળું પણ અનુષ્ઠાન સુંદર છે તોપણ અભ્યુદય માટે છે; અને જેનો યોગમાર્ગનો રાગ હણાય અને તેના કરતાં સંજ્ઞાનું સ્થાન બલવાન બને તેનું અનુષ્ઠાન સુંદર પણ નથી; તેથી અભ્યુદય માટે નથી.

વળી સંશુદ્ધ એવું જિનકુશલચિત્તાદિ જેમ સંજ્ઞાવિષ્કંભણઅન્વિત છે તેમ ફળઅભિસંધિરહિત પણ છે અર્થાત્ આલોક કે પરલોકના સંસાર અંતર્ગત ફળના અભિલાષ વગરનું છે; અને જો સંસાર અંતર્ગત ફળના અભિલાષવાળું હોય તો તે અનુષ્ઠાન સુંદર હોય તોપણ અભ્યુદય માટે છે, નિઃશ્રેયસ માટે નથી. માટે તેવા અનુષ્ઠાનમાં વર્તતું જિનકુશલચિત્તાદિ સંશુદ્ધ નથી.

અહીં પૂર્વપક્ષી શંકા કરે છે કે સંજ્ઞા વગરનું અનુષ્ઠાન હોય તો ભવાંતર્ગત ફળઅભિસંધિ સંભવે જ નહિ. તેથી સંશુદ્ધચિત્તનું વિશેષણ સંજ્ઞાવિષ્કંભણઅન્વિત આપ્યા પછી ફળઅભિસંધિરહિત આપવાની જરૂર રહેતી નથી. તેનો જવાબ આપતાં ગ્રંથકાર કહે છે –

તારી વાત સાચી છે અર્થાત્ દશે સંજ્ઞામાંથી કોઈપણ સંજ્ઞા ન હોય તો ફળઅભિસંધિ હોય નહિ. આમ છતાં પ્રસ્તુત શ્લોકમાં સંજ્ઞાવિષ્કંભણઅન્વિત એ વિશેષણથી આ ભવઅંતર્ગત કોઈ ફળઅભિસંધિ નથી એમ બતાવેલ છે, અને ફળઅભિસંધિરહિત એ વિશેષણ દ્વારા આ ભવથી અન્ય એવા ભવ અંતર્ગત તીર્થંકરતુલ્યત્વાદિ ફળની અભિસંધિથી રહિત છે તેમ કહેલ છે. તેથી આ બે વિશેષણથી એ પ્રાપ્ત થાય કે જેનું ચિત્ત આ ભવના કોઈપણ ફળની અપેક્ષા વગરનું હોય અને પરભવના પણ કોઈપણ ફળની અપેક્ષા વગરનું હોય અને તેથી ભગવાનમાં અત્યંત ઉપાદેયબુદ્ધિને કારણે ભગવાનની ભક્તિ કરીને સંસારથી તરવાની અભિલાષાવાળું હોય તો સંશુદ્ધ જિનકુશલચિત્ત છે અને તે યોગનું બીજ છે.

અહીં તીર્થંકરતુલ્યત્વાદિથી એ કહેવું છે કે તીર્થંકરના ગુણોને જોઈને તીર્થંકર થવાનો અભિલાષ દોષરૂપ નથી, પરંતુ તીર્થંકરની બાહ્ય સમૃદ્ધિ જોઈને કે દેવોથી પૂજાતા જોઈને 'હું પણ આવા વૈભવને પામું' એવા અભિલાષથી કરાતું અનુષ્ઠાન ફળઅભિસંધિવાળું છે, અને તેવું અનુષ્ઠાન સંશુદ્ધ બનતું નથી.

तदभिसन्धेरसुंदरत्वात् - પરલોકના ફળની અભિસંધિથી કરાતું અનુષ્ઠાન અસુંદર છે; કેમ કે તે આશયથી કરાતું એવું તે અનુષ્ઠાન સ્વતઃ પ્રતિબંધસારવાળું છે, અને ફળઅભિસંધિરહિત અનુષ્ઠાન અપવર્ગનું સાધન છે.

આશય એ છે કે કોઈ જીવને ભગવાનના ગુણો પ્રત્યે બહુમાન હોય અને ભગવાનની ભક્તિમાં ઉપયુક્ત હોય, આમ છતાં કોઈક નિમિત્તને પામીને પરલોકના ફળની અભિસંધિ થાય, તો તે અનુષ્ઠાન મોક્ષનું કારણ બનતું નથી, માટે સુંદર નથી. જેમ શ્રેયાંસકુમારનો જીવ નિર્નામિકાના ભવમાં કેવલી પાસે અંતસમયની આરાધના કરે છે, ભવથી વિરક્ત છે, અને દેશવિરતિનાં વ્રતોને ગ્રહણ કરીને અંતિમ સમયની આરાધના વખતે ધ્યાનાદિમાં પ્રવૃત્ત છે. તે વખતે લલિતાંગદેવે પોતાના રૂપનું દર્શન કરાવ્યું, અને તે રૂપને જોઈને તેને પણ તેમના પ્રત્યે અભિલાષ થાય છે, અને તે અભિલાષમાં કાળ કરીને લલિતાંગદેવની સ્વયંપ્રભા દેવી થાય છે; અને ત્યારપછી પણ ઉત્તમકુલ અને ધર્મની પ્રાપ્તિ આદિની પરંપરા પ્રાપ્ત થાય છે, તેથી તે ફળની અભિસંધિ અભ્યુદયનું કારણ તો બને છે; પરંતુ તે ફળઅભિસંધિવાળો અધ્યવસાય ગુણસ્થાનકમાં આગળ જતાં અટકાવે છે. તે બતાવવા માટે ટીકામાં કહ્યું કે स्वप्रतिबंधसारं तु तत्स्थानस्थितिकारी=આલોકાદિ આશંસામાં પ્રતિબંધવાળું અનુષ્ઠાન ગુણસ્થાનકની વૃદ્ધિ થવા દેતું નથી, પરંતુ જીવ જ્યાં છે ત્યાં જ સ્થિતિને કરાવનાર છે. તાત્પર્ય એ છે કે નિર્નામિકાના જીવને પરલોકના ફળની અભિસંધિ થઈ, તેથી તે અભિસંધિ થઈ ત્યારે જે ભૂમિકામાં તે હતી ત્યાં જ પ્રતિબંધ પ્રાપ્ત થયો. જો તે અભિસંધિ ન થઈ હોત તો અંતિમ સમયની ઉત્તમ આરાધના ઉપર ઉપરનાં સંયમનાં સ્થાનોની પ્રાપ્તિનું કારણ બનત; પરંતુ ફળઅભિસંધિને કારણે યોગની આગળની ભૂમિકામાં પ્રસર્પણ અટક્યું. માટે તે ફળની અભિસંધિ સુંદર નથી.

ફલની અભિસંધિથી કરાતું અનુષ્ઠાન ગુણસ્થાનની વૃદ્ધિમાં બાધક છે. તેમાં દૃષ્ટાંત બતાવે છે –

જેમ ગૌતમસ્વામીને ભગવાન પ્રત્યે બહુમાનભાવ હતો છતાં સ્નેહાંશથી સંશ્લેષવાળો તે બહુમાનભાવ હતો. તેથી કેવલજ્ઞાન તરફ સંયમના પ્રસર્પણમાં અટકાયત થતી હતી. તેવી રીતે ભગવાન પ્રત્યેના બહુમાનના આશયવાળી ભગવાનની ભક્તિ પણ આલોક કે પરલોકના ફળની અભિસંધિવાળી બને તો તત્સ્થાનસ્થિતિકારી છે, માટે સુંદર નથી.

અહીં વિશેષ એ છે કે જેમ અવંતિસુકુમાલને મોક્ષ ઉપાદેય લાગતો હતો, તેથી મોક્ષના ઉપાયભૂત સંયમના પરિણામ પ્રત્યે તેમને રાગ હતો, તોપણ નલિનીગુલ્મ વિમાનનો અનિવર્તનીય અધ્યવસાય થયેલો હોવાથી સંયમનાં ઉપરનાં કંડકોમાં જવા માટે તે વિઘ્નભૂત હતો; તેમ ગૌતમસ્વામીને પણ મોક્ષનો બલવાન અભિલાષ હતો, ભગવાન મોક્ષમાર્ગ બતાવે છે માટે જ ભગવાન પ્રત્યે અત્યંત બહુમાન હતું, તોપણ જન્માંતરના સ્નેહના કારણે સ્નેહાંશથી આશ્લેષવાળો તે ભગવાન પ્રત્યેનો બહુમાનભાવ ઉપરના સંયમસ્થાનમાં

જવા માટે પ્રતિબંધક બને છે. તેમ કોઈને પણ યોગમાર્ગનો બલવાન રાગ હોય અને ભગવાન પ્રત્યે ભક્તિ હોય, આમ છતાં પરલોકના ફળનો અભિલાષ ઉપયોગમાં સહવર્તી હોય, તો તે ભક્તિનો ઉપયોગ પણ આગળના સ્થાનમાં જવામાં અટકાયતરૂપ છે, તેથી સુંદર નથી.

અત્યાર સુધીના કથનનું નિગમન કરતાં કહે છે - एवम्भूतस्य एव - અત્યંત ઉપાદેયબુદ્ધિપૂર્વક, સંજ્ઞાવિષ્કંભણથી અન્વિત અને ફળઅભિસંધિરહિત એવું જ અનુષ્ઠાન યોગનિષ્પાદક છે, માટે તેને યોગબીજ કહેલ છે અન્યને નહિ. તેમાં દૃષ્ટાંત બતાવે છે કે અશાલિના બીજથી ઘણા કાળ સુધી પ્રયત્ન કરવામાં આવે તોપણ શાલિનો અંકુરો થતો નથી, તે રીતે જેનું જિનકુશલચિત્તાદિ સંજ્ઞાવિષ્કંભણઅન્વિત અને ફળઅભિસંધિરહિત નથી, તેનાથી ક્યારેય પણ યોગની નિષ્પત્તિ થતી નથી. માટે સંજ્ઞાવિષ્કંભણથી યુક્ત અને ફળઅભિસંધિરહિત એવું જિનકુશલચિત્ત જ યોગનું બીજ બની શકે, અન્ય નહિ.

**ટીકા :-**

**एतत्त्वभिन्नग्रन्थेरपि तदैवं भवति चरमयथाप्रवृत्तिकरणसामर्थ्येन तथाविधक्षयोपशमसारत्वादप्रमत्तयतेः सरागस्यैव वीतरागभावकल्पम् । यथाहुर्योगाचार्याः -** "योगबीजचित्तं भवसमुद्रनिमग्नस्येषदुन्मज्जनाभोगः तच्छक्त्यतिशयशैथिल्यकारी प्रकृतेः प्रथमविप्रियेक्षा तदाकूतकारिणीमुज्जासमागमोपायनचेतस्तदुचितचिन्तासमावेशकृद् ग्रन्थिपर्वतपरमवज्रं नियमात्तद्भेदकारि भवचारकपलायनकालघण्टा तदपसारकारिणी समासेने" त्यादि **। अतः 'संशुद्धं ह्येतदीदृशम्' एतदिति जिनकुशलचित्तादि, एतच्च तथाविधकालादिभावेन तत्तत्स्वभावतया फलपाकारम्भसदृशमिति ।।२५।।**

**ટીકાર્થ :-**

एतत्त्व .... सदृशमिति ।। **આ=જિનમાં કુશલચિત્ત, વળી અભિન્નગ્રંથિને પણ=ગ્રંથિભેદ નથી કર્યો એવા પહેલી દૃષ્ટિવાળાને પણ, ત્યારે=યોગબીજ ગ્રહણ કરે છે ત્યારે, આવું= સંજ્ઞાવિષ્કંભણઅન્વિત અને ફળઅભિસંધિરહિત એવું, સરાગી જ એવા અપ્રમત્તયતિના વીતરાગભાવ જેવું, થાય છે; કેમ કે ચરમયથાપ્રવૃત્તિકરણના સામર્થ્યને કારણે તેવા પ્રકારના ક્ષયોપશમનું સારપણું છે=ભગવાનની ભક્તિના કાળમાં કોઈ સંજ્ઞા ન પ્રવર્તે અને ફળની અભિસંધિ ન પ્રવર્તે, તેવા પ્રકારના ક્ષયોપશમનું પ્રધાનપણું છે.**

અભિન્નગ્રંથિને પણ આવું સંશુદ્ધચિત્ત થાય છે, તેમાં સાક્ષી આપે છે :

**જે પ્રમાણે=આગળ કહેવાય છે તે પ્રમાણે, યોગાચાર્યો કહે છે : (૧) યોગબીજચિત્ત ભવસમુદ્રમાં નિમગ્નનું ઈષદ્ ઉન્મજ્જનના આભોગવાળું છે=ઈષત્ ઉન્મજ્જનના યત્નવાળું છે, (૨) તેની શક્તિને અતિશય શિથિલકારી છે=ભવની શક્તિને અતિશય શિથિલ કરનાર છે, (૩) પ્રકૃતિની પ્રથમ વિપ્રિયેક્ષા છે=પુરુષને અભિભવ કરનાર જે પ્રકૃતિ છે તેને પ્રથમ વિપ્રિયરૂપે જોનાર છે, (૪)** तदाकूतकारिणीं उज्जासम् **- પ્રકૃતિના આશયને કરનાર પ્રવૃત્તિનો નાશ કરનાર છે, (૫)** आगमोपायनचेतः **- આગમને અનુસરનારું ચિત્ત છે, (૬)** तदुचितचिन्तासमावेशकृद् **- આગમના પરમાર્થને જાણવાની ઉચિત ચિંતાના**

**સમાવેશને કરનાર છે, (૭) ગ્રંથિરૂપી પર્વતને ભેદવામાં પરમ વજ્ર સમાન છે, (૮) નિયમથી તેના અર્થાત્ ગ્રંથિરૂપી પર્વતના ભેદને કરનાર છે, (૯) ભવરૂપી કેદખાનામાંથી પલાયન થવા માટે કાલ પાક્યાના ઘંટાનાદરૂપ છે, (૧૦) તેને અર્થાત્ ભવને અપસાર કરનારી આ કાલઘંટા છે. (૧૧) સંક્ષેપથી ઇત્યાદિ સ્વરૂપવાળું યોગબીજચિત્ત છે.**

अतः संशुद्धं ही एतदीदृशम् - **આથી=પૂર્વમાં કહ્યું કે સરાગ એવા અપ્રમત્તયતિના વીતરાગભાવ જેવું અભિન્નગ્રંથિને પણ જિનમાં કુશલચિત્ત ત્યારે સંજ્ઞાવિષ્કંભણઅન્વિત અને ફળઅભિસંધિરહિત થાય છે આથી, સંશુદ્ધ એવું આ 'ईदृश्' છે=આવા પ્રકારનું છે.**

**'संशुद्धं ही एतदीदृशम्'** એ કથનમાં 'एतद्' એટલે શું ? તે સ્પષ્ટ કરે છે –

**एतदिति=एतद् એટલે જિનકુશલચિત્તાદિ. તેથી એ પ્રાપ્ત થાય કે સંશુદ્ધ જિનકુશલચિત્તાદિ આવું છે.**

પૂર્વમાં કહ્યું કે સંશુદ્ધ એવું જિનકુશલચિત્તાદિ 'ईदृश्' છે. તેથી હવે 'ईदृश्' ને સ્પષ્ટ કરે છે –

**અને આ=સંશુદ્ધ એવું જિનકુશલચિત્તાદિ તથાવિધ કાલાદિભાવથી તત્ તત્ સ્વભાવપણારૂપે= વીતરાગતારૂપ ફળને અભિમુખ તે તે સ્વભાવપણારૂપે, ફળપાકઆરંભ સદૃશ છે=વીતરાગતારૂપ ફળને પકવવાના આરંભ તુલ્ય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૨૫॥**

❖ अभिन्नग्रंथेरपि માં 'अपि' શબ્દથી ગ્રંથિનો ભેદ કર્યો છે જેમણે એવા સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ આદિનું જિનકુશલચિત્તાદિ ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે સંજ્ઞાવિષ્કંભણઅન્વિત અને ફલઅભિસંધિરહિત એવું સંશુદ્ધચિત્ત યોગનિષ્પાદક છે, અને તેમાં દૃષ્ટાંત આપ્યું કે ક્યારે પણ અશાલિબીજથી શાલિનો અંકુરો થતો નથી. તેથી નક્કી થયું કે પહેલી યોગદૃષ્ટિવાળા આદિ જીવોનું પણ જિનકુશલચિત્તાદિ સંજ્ઞાવિષ્કંભણઅન્વિત અને ફલઅભિસંધિરહિત નથી, ત્યારે યોગબીજ નથી. હવે તે યોગબીજ પહેલી દૃષ્ટિવાળા આદિ જીવોને કેવું હોય છે, તે સ્પષ્ટ કરે છે :

'एतत्त्वभिन्नग्रंथेरपि तदैवं भवति चरमयथाप्रवृत्तिकरणसामर्थ्येन तथाविधक्षयोपशमसारत्वादप्रमत्तयतेः सरागस्यैव वीतरागभावकल्पम्' - ગ્રંથિનો ભેદ કર્યો નથી અને પહેલી આદિ દૃષ્ટિમાં રહેલા છે એવા યોગીઓ પણ ઉપદેશાદિ સામગ્રીથી જે કંઈ પણ વીતરાગનો વીતરાગરૂપે બોધ કરે છે, તેનાથી જિનમાં કુશલચિત્ત થાય છે; અને આ કુશલચિત્ત યોગબીજરૂપ બનતું હોય ત્યારે સંજ્ઞાવિષ્કંભણઅન્વિત અને ફલઅભિસંધિરહિત હોય છે. તે કેવું છે તે બતાવવા માટે યુક્તિ કહે છે –

સરાગ એવા અપ્રમત્તયતિને અપ્રમત્તદશામાં રાગાદિ સ્પર્શ વગરનો વીતરાગભાવ જેવો ઉપયોગ હોય છે, તેમના જેવો પહેલી યોગદૃષ્ટિવાળા જીવોનો પણ ઉપયોગ છે. આ પહેલી દૃષ્ટિવાળા જીવો ચરમયથાપ્રવૃત્તકરણમાં વર્તે છે, અને તેના સામર્થ્યથી યોગબીજગ્રહણકાળમાં તેમને તેવા પ્રકારના ક્ષયોપશમભાવનું

પ્રધાનપણું છે, કે જે ક્ષયોપશમભાવમાં વીતરાગના ગુણોમાં ચિત્ત ઉપયુક્ત હોય છે, અને તે ઉપયોગકાળમાં કોઈ સંજ્ઞાનો પ્રવેશ નથી અને કોઈ ફલની અભિસંધિ નથી.

આશય એ છે કે અપ્રમત્તમુનિ પણ બે પ્રકારના છે : એક વીતરાગ થઈ ચૂકેલા અગિયારમા અને બારમા ગુણસ્થાનકમાં રહેલા, અને બીજા અપ્રમત્તયતિઓ ૭મા આદિ ગુણસ્થાનકમાં છે. ૭મા આદિ ગુણસ્થાનકમાં રાગાદિનો સર્વથા ઉચ્છેદ નથી. તેથી તે સર્વ યતિઓ સરાગ યતિ છે, તોપણ તેઓ અપ્રમત્તદશામાં વર્તે છે ત્યારે, તેઓનો ઉપયોગ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવમાં લેશ પણ પ્રતિબંધવાળો નથી. તેથી સરાગદશામાં હોવા છતાં તેઓનો ઉપયોગ રાગાદિના સ્પર્શ વગરનો વર્તે છે. તે રીતે યોગની પહેલી દૃષ્ટિવાળા જીવો પણ યોગી પાસેથી વીતરાગનું સ્વરૂપ સાંભળીને વીતરાગ પ્રત્યેના બહુમાનભાવવાળા થયેલા હોય અને વીતરાગને નમસ્કારાદિ ક્રિયા કરતા હોય, તે વખતે પોતાના બોધને અનુસાર વીતરાગના ગુણોમાં ઉપયોગ વર્તતો હોય, તે ઉપયોગ સહવર્તી કોઈ સંજ્ઞા પ્રવર્તતી ન હોય, કે કોઈ ફલની અભિસંધિ ન હોય, ત્યારે તેમનું ચિત્ત વીતરાગભાવમાં જ ઉપયુક્ત છે અર્થાત્ રાગાદિ ન સ્પર્શે તે રીતે વીતરાગના ગુણોમાં ઉપયુક્ત છે. તેથી જેમ સરાગ એવા અપ્રમત્તયતિ વીતરાગભાવના ઉપયોગવાળા છે, તેમ પહેલી દૃષ્ટિવાળા પણ આ રીતે વીતરાગભાવના ઉપયોગવાળા છે. ફક્ત આદ્ય ભૂમિકાવાળું, રાગાદિના સ્પર્શ વગરનું વીતરાગભાવ તરફ જતું પહેલી દૃષ્ટિવાળા યોગીનું ચિત્ત છે, અને ઉપરની ભૂમિકાવાળું વીતરાગભાવ તરફ જતું સરાગ એવા અપ્રમત્તયતિનું ચિત્ત અપ્રમત્તદશાકાળમાં છે.

પહેલી યોગદૃષ્ટિવાળાને યોગબીજકાળમાં વીતરાગભાવકલ્પ ચિત્ત છે, તે બતાવવા માટે સાક્ષીપાઠ આપે છે. તેનો ભાવ આ પ્રમાણે છે :

**યોગબીજચિત્ત :-**

**૧. ભવસમુદ્રમાં ડૂબેલા એવા જીવને ઈષત્ ઉન્મજ્જનના યત્નરૂપ યોગબીજચિત્ત છે.**

આશય એ છે કે આ જીવ અત્યાર સુધી સંસારરૂપ સમુદ્રમાં ડૂબેલો હતો, અને સંસારસમુદ્રમાંથી લેશ પણ બહાર નીકળે તેવું તેનું ચિત્ત ન હતું; પરંતુ જીવને યોગની પહેલી દૃષ્ટિ આવે છે ત્યારે વીતરાગને કંઈક વીતરાગરૂપે ઓળખે છે, તે અવસ્થા તેને સારભૂત લાગે છે, અને તેને કારણે વીતરાગની ભક્તિમાં ઉપયોગવાળો હોય છે ત્યારે સંજ્ઞાના વિષ્કંભણથી અન્વિત અને ફલઅભિસંધિથી રહિત એવું તેનું ચિત્ત વીતરાગભાવમાં પ્રવર્તે છે. તે ચિત્ત યોગના બીજને ગ્રહણ કરનારું છે, અને આ ચિત્ત સંસારસમુદ્રમાંથી કંઈક બહાર નીકળવાના યત્ન સ્વરૂપ છે.

**૨. વળી આ યોગબીજચિત્ત જીવની અનાદિકાળથી વધતી ભવપરંપરાને ચલાવનાર જે શક્તિ છે, તેને અતિશય શિથિલ કરનાર છે.**

આશય એ છે કે અનાદિકાળથી જીવનો જ્ઞાનનો ઉપયોગ અને વીર્યનું પ્રવર્તન સંસારના પ્રવાહને જિવાડે તે રીતે વર્તતાં હતાં. હવે જિનમાં કુશલચિત્ત થાય છે ત્યારે, સંસારના પ્રવાહને ચલાવે તેવી જ્ઞાનશક્તિ અને

વીર્યશક્તિ શિથિલ થાય છે, અને યોગબીજના ગ્રહણકાળમાં વીતરાગભાવને અભિમુખ તેની જ્ઞાનશક્તિ અને વીર્યશક્તિ વર્તે છે. તેથી યોગબીજગ્રહણકાળનું ચિત્ત ભવશક્તિને અતિશય શિથિલ કરનાર છે.

**૩. પ્રકૃતિની પ્રથમ વિપ્રિયેક્ષા :-** સાંખ્યદર્શન પ્રમાણે પુરુષ અને પ્રકૃતિ બે પદાર્થો છે, અને જૈનદર્શન પુરુષને સ્થાને આત્માને ગ્રહણ કરે છે તથા પ્રકૃતિના સ્થાને કર્મને ગ્રહણ કરે છે. અન્ય દર્શનના યોગાચાર્યો યોગબીજના ચિત્તને બતાવતાં કહે છે કે પુરુષે પ્રકૃતિને અત્યાર સુધી પ્રિયરૂપે જોઈ છે, અને તેથી આ ભવપ્રપંચ ચાલે છે. જીવ યોગની પહેલી ભૂમિકામાં આવે છે અને યોગબીજ ગ્રહણ કરે છે, ત્યારે પ્રકૃતિને પ્રથમ અનિષ્ટરૂપે જોનારો થાય છે અર્થાત્ તે જીવને પ્રકૃતિથી ઉત્પન્ન થયેલો આ સંસાર અસાર દેખાય છે, અને પ્રકૃતિરહિત એવો શુદ્ધ આત્મા સાર દેખાય છે.

**૪. તદાકૂતકારિણીં ઉજ્જાસમ્ :-** પ્રકૃતિના આશયને કરનારી એવી સંસારની પ્રવૃત્તિઓના નાશરૂપ એવું આ યોગબીજચિત્ત છે.

આશય એ છે કે સંસારવર્તી જીવો તેમને કર્મના ઉદયથી જે જે ભાવો થાય છે તે તે પ્રમાણે પ્રવૃત્તિ કરનારા હોય છે; પરંતુ જ્યારે યોગબીજનું ચિત્ત વર્તે છે, તે ચિત્ત કર્મપ્રકૃતિથી થયેલા પરિણામથી વિપરીત રીતે પ્રવર્તે છે, તેથી કર્મના પરિણામથી થતી પ્રવૃત્તિનો નાશ થાય છે, જે યોગબીજરૂપ ચિત્ત છે.

**૫. આગમઉપાયનચેત :-** વળી આ યોગબીજચિત્ત આગમને અનુસરનારું થાય છે.

આશય એ છે કે આગમ, જીવને સંસારના ભાવોથી પર લઈ જવાની દિશા બતાવનાર છે, અને પહેલી દૃષ્ટિમાં રહેલા યોગીનું જિનકુશલચિત્તાદિ યોગબીજ થાય છે ત્યારે, સંસારથી પર લઈ જનારા એવા આગમના વચનને અનુસરનારું ચિત્ત હોય છે.

**૬. તદ્ ઉચિત ચિંતાસમાવેશકૃત્ :-** આગમના બોધને પ્રાપ્ત કરવા માટે ઉચિત ચિંતાના સમાવેશને કરનાર એવું=સ્થાન આપનાર એવું, આ યોગબીજચિત્ત છે.

આશય એ છે કે યોગબીજચિત્ત વીતરાગભાવ પ્રત્યે બહુમાનવાળું હોય છે. તેથી વીતરાગના વચનને અનુકૂળ એવી ઉચિત વિચારણા તેની વિચારધારામાં સ્થાન પામે છે, અને આથી શક્તિ પ્રમાણે યોગમાર્ગનો વિશેષ વિશેષ બોધ કરવા તે યત્ન કરે છે. માટે કહ્યું કે આગમને જાણવાની ઉચિત ચિંતાનો સમાવેશ કરનારું આ યોગબીજચિત્ત છે.

**૭. ગ્રંથિપર્વત પરમવજ્ર** - આગ્રહરૂપ જે ગ્રંથિ તેને ભેદવા માટે યોગબીજચિત્ત પરમવજ્ર જેવું છે.

આશય એ છે કે અત્યાર સુધી જીવ અતત્ત્વના આગ્રહવાળો હતો અને તેનાથી સંસારનું પરિભ્રમણ ચાલતું હતું. આ યોગબીજચિત્ત અતત્ત્વના આગ્રહને નાશ કરે તેવું છે. તેથી અતત્ત્વના આગ્રહરૂપ જે ગ્રંથિ, તે રૂપ જે પર્વત, તેને ભેદવામાં પરમવજ્ર જેવું આ યોગબીજચિત્ત છે.

**૮. નિયમથી તદ્ભેદકારી**- આ યોગબીજચિત્ત અસદ્ગ્રહરૂપ ગ્રંથિના ભેદને કરનારું છે. આથી યોગની પહેલી દૃષ્ટિમાં આવેલો જીવ નક્કી ગ્રંથિભેદ કરીને સમ્યક્ત્વ પામશે; પરંતુ જેને યોગબીજચિત્ત પ્રગટ થયું નથી તે ગ્રંથિભેદ કરશે તેવો નિયમ નથી. આથી અચરમાવર્તમાં અસંશુદ્ધ એવા જિનકુશલચિત્તાદિવાળા

જીવો હોય છે, પરંતુ તેમનું જિનકુશલચિત્ત ગ્રંથિભેદનું કારણ નથી, જ્યારે સંશુદ્ધ એવું જિનકુશલચિત્તાદિ નિયમથી ગ્રંથિભેદનું કારણ છે.

**૯. ભવચારક-પલાયન-કાલઘંટા** - ભવરૂપી કેદખાનામાંથી પલાયન થવા માટેની કાલઘંટા=પલાયન થવાનો કાળ પાક્યો છે તેને જણાવનાર ઘંટાનાદ, જેવું યોગબીજચિત્ત છે.

**૧૦. તદ્ અપસારકારિણી** - વળી આ કાલઘંટા ભવને અપસાર કરનાર છે.

આશય એ છે કે યોગબીજચિત્ત ભવરૂપી કેદખાનામાંથી પલાયન થવાનો કાળ પાક્યો છે એમ જણાવનાર છે, એટલું જ નહિ પણ તે ભવને દૂર પણ કરે તેવી આ કાલઘંટા છે અર્થાત્ ભવના વિનાશને કરનાર એવો આ મૃત્યુઘંટ છે.

સંક્ષેપથી પૂર્વમાં વર્ણન કર્યું એ વગેરે રૂપ યોગબીજચિત્તનું સ્વરૂપ છે.

શ્લોકના ૩ પાદનો અર્થ અહીં પૂરો થયો. હવે તેની સાથે ચોથા પાદનો સંબંધ બતાવીને અર્થ કરે છે :

अतः=પૂર્વમાં બતાવ્યું એ રીતે અત્યંત ઉપાદેયબુદ્ધિને કારણે સંશુદ્ધ જિનકુશલચિત્તાદિ સંજ્ઞાવિષ્કંભણઅન્વિત અને ફલઅભિસંધિરહિત છે આથી, સંશુદ્ધ એવું આ=જિનકુશલચિત્તાદિ, આવું છે. 'આવું છે' નું તાત્પર્ય સ્પષ્ટ કરે છે - આ જિનકુશલચિત્તાદિ તેવા પ્રકારના કાલાદિ ભાવ વડે કરીને તત્ તત્ સ્વભાવપણાથી ફલપાકઆરંભસદૃશ છે.

આશય એ છે કે પહેલી દૃષ્ટિવાળા યોગીને સંશુદ્ધ જિનકુશલચિત્તાદિ થાય છે, તે વીતરાગભાવરૂપ ફલપાકના આરંભ સદૃશ છે. જેમ ઘટને યોગ્ય માટી કુંભારના પ્રયત્નથી ઘટરૂપે થવા માંડે છે ત્યારે, ઘટ થતાં પહેલાં સ્થાસ, કોસ, કુશલાદિરૂપ પરિણમન પામે છે; ત્યારે એમ કહેવાય છે કે ઘટરૂપ ફલપાક થવાનો પ્રારંભ થયો છે. તેમ જીવમાં રહેલું વીતરાગ થવાની યોગ્યતારૂપ ભવ્યત્વ જીવના પ્રયત્નથી પ્રથમ યોગબીજચિત્તરૂપે પરિણમન પામે છે, પછી તેવા પ્રકારની કાલાદિ સામગ્રી પ્રાપ્ત કરીને તે તે સ્વભાવરૂપ પરિણમન પામીને અંતે વીતરાગભાવરૂપ ફલરૂપે પરિણમન પામે છે. તેથી પહેલી દૃષ્ટિવાળા યોગી, સંજ્ઞા વગેરેથી રહિત પોતાના બોધને અનુરૂપ વીતરાગના ગુણોમાં ભક્તિથી ઉપયુક્ત છે ત્યારે, તેનું યોગબીજચિત્ત વીતરાગભાવરૂપ ફલને પકવવાના આરંભ સદૃશ છે. તે આ રીતે – આ યોગબીજચિત્ત આત્મા ઉપર વીતરાગભાવને અનુરૂપ એવા કોઈક સંસ્કારો આધાન કરે છે, અને તેવા પ્રકારના કાળ આદિ સામગ્રીને પામીને તે સંસ્કારો ઊઠે છે ત્યારે, ફરી તે સંસ્કારો વીતરાગભાવને અભિમુખ જવા માટે યત્ન કરે છે, અને વીતરાગભાવને અનુરૂપ તે તે સ્વભાવરૂપે પરિણમન પામવા માંડે છે, જે પરિણમન અંતે સંપૂર્ણ વીતરાગભાવરૂપે પરિણમન પામે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે પહેલી યોગદૃષ્ટિવાળો જીવ જે સંશુદ્ધ જિનકુશલચિત્ત કરે છે, તે સંશુદ્ધ જિનકુશલચિત્ત વીતરાગભાવરૂપ ફલને પકવવાના પ્રારંભ તુલ્ય છે. આમ છતાં તે વીતરાગભાવને અનુરૂપ તે ઉપયોગ યત્કિંચિત્ કાળ સુધી રહ્યો હોય, નિષ્ઠા સુધી પહોંચ્યો ન હોય, તોપણ તે ઉપયોગથી થયેલા સંસ્કારો આત્મા ઉપર રહે છે; અને જ્યારે તેને અનુકૂળ કાળ પ્રાપ્ત થાય અને ઉપદેશાદિની સામગ્રી મળે ત્યારે તે ઉપદેશ સાંભળીને તે સંસ્કારો જાગ્રત થાય છે અને જીવ આગળની પ્રવૃત્તિનો પ્રારંભ કરે છે. જેમ

ધર્મપાલના જીવે પૂર્વભવમાં યોગીને જોઈને વિચાર્યું હતું કે આ મહાત્માનું જીવન સફળ છે કે જે આ રીતે આત્મસાધના કરે છે, ત્યારે યોગબીજનું આધાન થયું. ત્યારપછી અન્ય ભવમાં વસ્તુપાલ અને ધર્મપાલ બન્ને ભાઈઓ એકચિત્તિયારૂપે જન્મ્યા અર્થાત્ જેઓનું ચિત્ત દરેક પ્રકારે સમાન છે તેવી પ્રકૃતિવાળા જન્મ્યા, ત્યારે ભગવાન મહાવીરની દેશના સાંભળીને યોગબીજનું પૂર્વે જેણે આધાન કર્યું છે એવા ધર્મપાલના જીવે સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી. માટે ધર્મપાલના જીવનું યોગબીજચિત્ત તેવા પ્રકારનો કાલ અને તેવા પ્રકારની સામગ્રી પ્રાપ્ત કરીને સમ્યક્ત્વ સ્વભાવરૂપે પરિણમન પામ્યું, અને ત્યારપછી આરાધના કરીને ઉત્તર ઉત્તરના સ્વભાવરૂપે પરિણમન પામીને અંતે તે યોગબીજચિત્ત વીતરાગભાવરૂપ ફલમાં પરિણમન પામશે. **॥૨૫॥**

**અવતરણિકા :-**

**न चेदमेव केवलं योगबीजमिति तदन्तराभिधित्सयाह –**

**અવતરણિકાર્થ :-**

**અને આ જ=શ્લોક-૨૩માં બતાવેલ જિનકુશલચિત્તાદિ જ, કેવલ યોગબીજ નથી. એથી તદન્તરને= યોગબીજના ભેદને, કહેવાની ઈચ્છાથી કહે છે :**

❖ અહીં तदन्तराभिधित्सया - શબ્દ છે, ત્યાં तदन्तरमभिधित्सया હોવું જોઈએ, અને અંતરનો અર્થ 'ભેદ' ગ્રહણ કરવાનો છે. તેથી તેના ભેદને=યોગબીજના ભેદને, કહેવાની ઇચ્છાથી કહે છે, એમ અર્થ પ્રાપ્ત થાય છે, અને અંતર શબ્દ વ્યંજનાન્ત અવ્યય છે, તેનો અર્થ અહીં સંગત થતો નથી અને પાઠશુદ્ધિ ઉપલબ્ધ નથી.

**શ્લોક :-**

**आचार्यादिष्वपि ह्येतद्विशुद्धं भावयोगिषु ।**
**वैयावृत्त्यं च विधिवच्छुद्धाशयविशेषतः ।।२६।।**

**અન્વયાર્થ :-**

**भावयोगिषु आचार्यादिष्वपि=ભાવયોગી એવા આચાર્યાદિમાં પણ विशुद्धं एतद्=વિશુદ્ધ એવું આ=વિશુદ્ધ એવું કુશલચિત્તાદિ (યોગબીજ) છે, च=અને शुद्धाशयविशेषतः=શુદ્ધઆશયવિશેષથી विधिवत्=વિધિયુક્ત वैयावृत्त्यं=વૈયાવચ્ચ યોગબીજ છે.**

**શ્લોકાર્થ :-**

**ભાવયોગી એવા આચાર્યાદિમાં પણ વિશુદ્ધ એવું કુશલચિત્તાદિ યોગબીજ છે, અને શુદ્ધઆશયવિશેષથી વિધિયુક્ત વૈયાવચ્ચ યોગબીજ છે. ।।૨૬।।**

**ટીકા :-**

**'आचार्यादिष्वपि'=आचार्योपाध्यायतपस्व्यादिष्वपि, 'एतदेव'=कुशलचित्तादि, 'विशुद्धं' - संशुद्धमेवेत्यर्थः, किंविशिष्टेषु ? इति आह 'भावयोगिषु -' न द्रव्याचार्यादिष्वधर्मजलक्षणेषु,**

**कूटरूपे खल्वकूटबुद्धेरप्यसुन्दरत्वात् । नैतदेव केवलं योगबीजम्, किं तर्हि? 'वैयावृत्त्यं च' - व्यावृत्तभावलक्षणमाहारादिना, 'विधिवत्' – सूत्रोक्तविधियुक्तं पुरुषाद्यपेक्षयेत्यर्थः, यदाह -** 'पुरिसंतस्सुवयारं, अवयारं चप्पणो य णाऊणं । कुज्जा वेयावडियं, आणं काऊं निरासंसो ।। **उ.प. २३७।।' इत्यादि । अत एवाह – 'शुद्धाशयविशेषतः' शुद्धचित्तप्रबन्ध-विशेषेण, अयं च तथाविधकालादिभावेनेत्युक्तप्रायम् ।।२६।।**

**ટીકાર્થ :-**

**आचार्यादिष्वपि ..... तथाविधकालादिभावेनेत्युक्तप्रायम् ।। આચાર્યાદિમાં પણ=આચાર્ય-ઉપાધ્યાય-તપસ્વી આદિમાં પણ, આ જ=કુશલચિત્તાદિ, વિશુદ્ધ=સંશુદ્ધ જ, યોગબીજ છે એ અધ્યાહાર છે.**

**કેવા વિશિષ્ટ એવા આચાર્યાદિ ? એથી કહે છે –**

**ભાવયોગી એવા આચાર્યાદિમાં સંશુદ્ધ કુશલચિત્તાદિ યોગબીજ છે, એમ અન્વય છે; પરંતુ અધર્મથી થયેલા સ્વરૂપવાળા દ્રવ્યઆચાર્યાદિમાં નહિ; કેમ કે કૂટરૂપમાં અકૂટબુદ્ધિનું પણ અસુંદરપણું છે.**

**આ જ=ભાવાચાર્યાદિમાં સંશુદ્ધ કુશલચિત્તાદિ જ, કેવલ યોગબીજ નથી. તો શું છે ? અર્થાત્ બીજા કયા યોગબીજ છે ?**

એથી કહે છે –

**અને વૈયાવચ્ચ=આચાર્યાદિમાં વૈયાવચ્ચ, યોગબીજ છે.**

વૈયાવચ્ચનો અર્થ કરે છે :

**આહારાદિ દ્વારા વ્યાવૃત્તભાવલક્ષણ વૈયાવચ્ચ છે - અર્થાત્ આહારાદિ લાવીને તેમની ભક્તિમાં વ્યાવૃત્ત થવા સ્વરૂપ વૈયાવચ્ચ છે.**

અને તે વૈયાવચ્ચમાત્ર યોગબીજ નથી, પરંતુ કેવું વૈયાવચ્ચ યોગબીજ છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે -

**વિધિવાળું=સૂત્રોક્ત વિધિથી યુક્ત અર્થાત્ પુરુષાદિની અપેક્ષાએ સૂત્રોક્ત વિધિથી યુક્ત વૈયાવચ્ચ યોગબીજ છે, એમ અન્વય છે.**

પૂર્વમાં કહ્યું કે પુરુષાદિ અપેક્ષાએ સૂત્રોક્ત વિધિથી યુક્ત એવું વૈયાવચ્ચ યોગબીજ છે. તેમાં સાક્ષી આપતાં કહે છે :

જે કારણથી કહે છે : પુરુષને, તેના ઉપકારને, અપકારને, અને આત્માના ઉપકારને, અપકારને જાણીને, આજ્ઞાને મનમાં કરીને="સર્વજ્ઞનો ઉપદેશ આ છે" એ પ્રમાણે આજ્ઞાને મનમાં વ્યવસ્થાપન કરીને, નિરાશંસ એવો વૈયાવચ્ચ કરે. **ઇત્યાદિ=આવા પ્રકારના અન્ય સાક્ષીપાઠ ઇત્યાદિથી ગ્રહણ કરવા.**

**આથી કહે છે=પૂર્વમાં કહ્યું કે પુરુષાદિની અપેક્ષા રાખીને વિધિવત્ વૈયાવચ્ચ યોગબીજ છે આથી કહે છે : શુદ્ધઆશયવિશેષથી=શુદ્ધચિત્તના પ્રબંધવિશેષથી અર્થાત્ પુરુષાદિની અપેક્ષાએ વૈયાવચ્ચ કરવામાં આવે તો શુદ્ધ ચિત્તનો પ્રબંધવિશેષ થાય, તે રીતે કરાયેલું વૈયાવચ્ચ યોગબીજ છે, એમ સંબંધ છે.**

**અને આ=વૈયાવચ્ચ, તથાવિધકાલાદિ ભાવથી કરવાની છે, એ પ્રમાણે ઉક્તપ્રાય છે અર્થાત્ ઉપરના કથનથી તેનું કથન થઈ ચૂકેલું છે. ।।૨૬।।**

❖ 'आचार्योपाध्यायतपस्व्यादिषु' માં 'आदि' પદથી શૈક્ષ, ગ્લાનાદિનું ગ્રહણ કરવું.

❖ 'आचार्योपाध्यायतपस्व्यादिष्वपि' માં 'अपि' શબ્દથી એ કહેવું છે કે જિનમાં કુશલચિત્ત યોગબીજ છે, તેમ આચાર્યાદિમાં પણ કુશલચિત્ત યોગબીજ છે.

❖ 'द्रव्याचार्यादि' માં 'आदि' પદથી નામાચાર્યનું ગ્રહણ કરવું.

❖ 'अकूटबुद्धेरपि' માં 'अपि' શબ્દથી એ કહેવું છે કે કૂટરૂપવાળામાં આ કૂટ છે એ પ્રકારની બુદ્ધિ કરીને દ્વેષ થતો હોય તો તે બુદ્ધિ તો અસુંદર છે, પરંતુ કૂટરૂપમાં આ અકૂટ છે, એવી બુદ્ધિ પણ અસુંદર છે.

❖ 'आहारादि' માં 'आदि' પદથી વસ્ત્રપાત્રાદિની વૈયાવચ્ચ થાય અને વિશ્રામણાથી પણ વૈયાવચ્ચ થાય તેનું ગ્રહણ કરવાનું છે.

❖ 'पुरुषादि' માં 'आदि' પદથી પુરુષનો ઉપકાર, અપકાર તથા પોતાના આત્માના ઉપકાર, અપકારનું ગ્રહણ કરવું.

❖ 'तथाविधकालादि' માં 'आदि' પદથી કુશળતા અને તથાવિધ ઉપકારનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

જૈનશાસનને પામેલા મિત્રાદૃષ્ટિવાળા યોગી સંશુદ્ધ જિનકુશલચિત્તાદિ યોગબીજને ગ્રહણ કરે છે, તે વાત શ્લોક-૨૩માં બતાવી. ત્યારપછી તે યોગબીજ ક્યારે=કયા કાળમાં થાય છે, તે શ્લોક-૨૪માં બતાવ્યું અને તે યોગબીજનું સ્વરૂપ કેવું હોય છે તે શ્લોક-૨૫માં બતાવ્યું. આ રીતે યોગબીજનું સ્વરૂપ બતાવ્યા પછી જૈનશાસનને પામેલ મિત્રાદૃષ્ટિવાળા યોગી અન્ય પણ યોગબીજો ગ્રહણ કરે છે, તેમ શ્લોક-૨૬માં કહ્યું. તેથી એ પ્રાપ્ત થયું કે આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, સંયમી આદિમાં આલોકની કે પરલોકની આશંસા વગરનું થયેલું કુશલચિત્ત યોગબીજ છે.

તેથી એ ફલિત થાય કે પહેલી દૃષ્ટિવાળા પણ યોગી પોતાના બોધ પ્રમાણે ભાવાચાર્યાદિના સ્વરૂપને જાણીને, તે ભાવાચાર્યમાં આલોક કે પરલોકની આશંસા વગર કુશલચિત્તાદિ કરે, ત્યારે તેનું ચિત્ત અસંગપ્રતિપત્તિવાળું છે અને તે યોગબીજ છે; પરંતુ તે જીવ ભાવાચાર્યમાં સંજ્ઞાથી કે ફલઅભિસંધિથી કુશલચિત્ત કરે છે, ત્યારે તેનું કુશલચિત્ત યોગબીજ બનતું નથી; તેમ અધર્મથી થયેલા દ્રવ્યાચાર્યાદિમાં વિચાર્યા વગર કુશલચિત્ત કરે તોપણ તે યોગબીજ બનતું નથી; કેમ કે કૂટરૂપ એવા તે દ્રવ્યાચાર્યમાં અકૂટબુદ્ધિનું ગ્રહણ પણ અસુંદર છે.

આશય એ છે કે પહેલી દૃષ્ટિવાળો જીવ પણ પોતાના બોધને અનુરૂપ બાહ્ય લિંગો દ્વારા આચાર્યાદિના લક્ષણોને જાણીને તેવા લક્ષણવાળા ભાવયોગીમાં કુશલચિત્તાદિ કરે, તો તે યોગબીજ બની શકે; પરંતુ વિચાર્યા વગર માત્ર વેશધારી એવા દ્રવ્યાચાર્યમાં કુશલચિત્તાદિ કરે, તો તે કુશલચિત્તાદિની બુદ્ધિ પણ સુંદર નથી; કેમ કે ભગવાનના વચનથી વિપરીત પ્રવૃત્તિ કરનારા તેવા દ્રવ્યાચાર્યોમાં, આ આચાર્ય છે તેવી બુદ્ધિ, મિથ્યાબુદ્ધિ હોવાને કારણે કર્મબંધનું કારણ છે.

અહીં વિશેષ એ છે કે પોતાના બોધને અનુરૂપ બાહ્ય લિંગો દ્વારા આ ભાવાચાર્ય છે, તેવી પ્રામાણિક બુદ્ધિ હોય; આમ છતાં અંગારમર્દક જેવા કોઈક કુગુરુમાં કુગુરુનો બોધ કરાવે તેવાં બાહ્ય લિંગોના અભાવને કારણે કુગુરુનો બોધ ન થયો હોય, અને સુગુરુનો ભ્રમ થયો હોય, તોપણ પ્રામાણિક પરીક્ષક એવા મિત્રાદૃષ્ટિવાળા યોગીનું તે કુશલચિત્ત યોગબીજ બની શકે; પરંતુ પરીક્ષા પ્રત્યે ઉપેક્ષા હોય અથવા તો સ્પષ્ટ વિપરીત લિંગો દેખાતાં હોય છતાં આ ભાવાચાર્ય છે, તેવી બુદ્ધિ કરવામાં આવે, તો તે બુદ્ધિ મિથ્યાબુદ્ધિ હોવાને કારણે કર્મબંધનું કારણ છે.

જેમ આચાર્યાદિમાં કુશલચિત્ત, તદ્નમસ્કાર અને પ્રણામાદિ યોગબીજ છે, તેમ આચાર્યાદિની વૈયાવચ્ચ કરવી તે પણ યોગબીજ છે; અને તે વૈયાવચ્ચ પુરુષાદિની અપેક્ષા રાખીને સૂત્રોક્ત વિધિપૂર્વક કરવામાં આવે તો યોગબીજ બને.

આશય એ છે કે જેની વૈયાવચ્ચ કરવાની છે તે પુરુષ કોણ છે ? અર્થાત્ આચાર્ય છે ? ઉપાધ્યાય છે ? વળી તે આચાર્ય કે ઉપાધ્યાય કેવા ગુણવાળા છે ? વૈયાવચ્ચથી તેમને અને પોતાને શું ઉપકાર થાય છે ? તે સર્વનો વિચાર કરીને સૂત્રોક્ત વિધિપૂર્વક તે આચાર્યાદિની વૈયાવચ્ચ કરવામાં આવે, અને તે વૈયાવચ્ચ પણ આલોક અને પરલોકની આશંસા વગરની હોય તો યોગબીજ બને.

પુરુષાદિની અપેક્ષા રાખીને વૈયાવચ્ચનું કથન છે, તેમાં ઉપદેશપદની સાક્ષી આપે છે, તેનો ભાવ આ પ્રમાણે છે : વૈયાવચ્ચ કરનારે જેની વૈયાવચ્ચ કરવાની છે તે પુરુષ કોણ છે ? આચાર્ય છે ? ઉપાધ્યાય છે ? તે જાણીને, અને પોતાની વૈયાવચ્ચથી તેમને શું ઉપકાર થશે અર્થાત્ તેઓ શરીરથી સ્વસ્થ હશે તો ઘણા જીવોને ઉપકાર થશે ઇત્યાદિરૂપ તેમના ઉપકારને જાણીને, અને કેવા આહારાદિથી તેમને રોગાદિનો ઉપદ્રવ થાય તેવા અપકારને જાણીને; અને તે રીતે આ વૈયાવચ્ચથી પોતાનો શો ઉપકાર થશે, તેનો નિર્ણય કરીને, અને આ વૈયાવચ્ચ કરવાથી મારા કયા બલવાન યોગો સિદાશે, તે રૂપ અપકારને જાણીને વૈયાવચ્ચ કરવી જોઈએ. તે વૈયાવચ્ચ પણ 'આ ભગવાનની આજ્ઞા છે' એ પ્રમાણે મનમાં સ્થાપન કરીને નિરાશંસ ભાવથી કરવી જોઈએ. આ પ્રમાણે ઉપદેશપદની ગાથાનો ભાવ છે.

મૂળ ગાથામાં વિધિપૂર્વક વૈયાવચ્ચ કરવાનું કથન છે, અને તે વિધિપૂર્વકનો અર્થ કરતાં ટીકામાં કહ્યું કે પુરુષાદિ અપેક્ષાએ તે વૈયાવચ્ચ વિધિપૂર્વક કરવી જોઈએ. એ અર્થને બતાવવા માટે શ્લોકના અંતિમ ભાગ સાથે તેનો સંબંધ બતાવતાં ટીકામાં કહે છે :

अत एवाह - આથી જ કહે છે=પૂર્વમાં કહ્યું કે પુરુષાદિની અપેક્ષાએ વિધિપૂર્વક વૈયાવચ્ચ કરવી જોઈએ, આથી જ કહે છે : શુદ્ધઆશયવિશેષથી વિધિપૂર્વક વૈયાવચ્ચ કરવી જોઈએ અર્થાત્ શુદ્ધ ચિત્તનો પ્રવાહ ચાલે તે રીતે વિધિપૂર્વક વૈયાવચ્ચ કરવી જોઈએ, અને શુદ્ધ ચિત્તનો પ્રવાહ ત્યારે ચાલે કે ઉપદેશપદની ગાથામાં જે રીતે પુરુષાદિની અપેક્ષા રાખીને વૈયાવચ્ચ કરવાનું કહ્યું છે, તે રીતે વૈયાવચ્ચ કરવામાં આવે.

આનાથી એ ફલિત થયું કે ભાવાચાર્યાદિ એવા યોગીઓની ભક્તિનો આશય જેમ ઉત્તમ છે, તેમ ઉપદેશપદની ગાથામાં બતાવ્યું તે રીતે પુરુષાદિની અપેક્ષા રાખીને વૈયાવચ્ચ કરવામાં આવે તો શુદ્ધ ચિત્તનો પ્રવાહ વિશેષ થાય, અને તે રીતે કરેલી વૈયાવચ્ચ યોગબીજ બને.

अयं च - અને આ વૈયાવચ્ચ જેમ ભાવાચાર્યાદિમાં કરવાની છે, તેમ તે વૈયાવચ્ચ પુરુષાદિની વિચારણાપૂર્વક પણ કરવાની છે; અને તે રીતે તથાવિધકાલાદિભાવથી પણ કરવાની છે; જે શ્લોકમાં કહેલ નથી તોપણ શુદ્ધઆશયવિશેષથી કહ્યું તેનાથી ઉક્તપ્રાય છે અર્થાત્ અર્થથી કહેવાઈ જાય છે. તથાવિધકાલાદિભાવથી વૈયાવચ્ચ કરવી જોઈએ, તે કથનનું તાત્પર્ય એ છે કે આચાર્યાદિની વૈયાવચ્ચ કરનારા ઘણા હોય, અને તે કાળે પોતે શાસ્ત્ર ભણીને સંપન્ન થઈ શકતા હોય તેવા કોઈ સમર્થ સાધુ, શાસ્ત્ર ભણવાના બલવાન યોગને ગૌણ કરીને આચાર્યાદિની વૈયાવચ્ચમાં યત્ન કરે, તો તેવા પ્રકારનો વૈયાવચ્ચને અનુકૂળ તે કાળ નથી, તેથી તે વૈયાવચ્ચ અવિવેકમૂલક બને; પરંતુ આચાર્યાદિની વૈયાવચ્ચ કરનાર કોઈ સમર્થ ન હોય અને પોતાનામાં જ તેવું વિશેષ સામર્થ્ય હોય, અને આચાર્યાદિની વૈયાવચ્ચ કરવાથી ઘણા જીવો ઉપર આચાર્યાદિ ઉપકાર કરી શકે તેવું હોય, તે વખતે પોતાના અન્ય યોગો કરતાં આચાર્યાદિની વૈયાવચ્ચ કરવી તે બલવાન યોગ બને છે. તેથી તેવા પ્રકારના કાલને આશ્રયીને વૈયાવચ્ચ કરવામાં આવે તો તે યોગબીજ બને. તે રીતે પોતાની વૈયાવચ્ચ કરવાની તેવા પ્રકારની કુશળતાનો વિચાર કરીને વૈયાવચ્ચ કરવામાં આવે તો યોગબીજ બને; પરંતુ પોતાનામાં તથાવિધ શક્તિની વિકલતા હોય, આમ છતાં વૈયાવચ્ચ કરવાનો આગ્રહ રાખે, અને પોતાની તેવી કુનેહના અભાવને કારણે આચાર્યાદિને પોતાની વૈયાવચ્ચથી ઉપઘાત થાય, તો તેવી વૈયાવચ્ચ ઉચિત કહેવાય નહિ. તેથી પોતાની તેવા પ્રકારની શક્તિનો વિચાર કરીને વૈયાવચ્ચ કરવી જોઈએ, તેનું ગ્રહણ તથાવિધકાલાદિમાં આદિ પદથી થાય છે.

વળી તથાવિધ ઉપકાર આદિ ભાવને આશ્રયીને પણ વૈયાવચ્ચ કરવાની છે અર્થાત્ પોતાની વૈયાવચ્ચથી આચાર્યને શું ઉપકાર થશે ? સંઘને શું ઉપકાર થશે ? તે સર્વનો વિચાર કરીને વૈયાવચ્ચ કરવાની છે, અને તેમ ન કરવામાં આવે તો તે વૈયાવચ્ચ શુદ્ધ બને નહિ. **॥૨૬॥**

**અવતરણિકા :-**

**बीजान्तरमाह –**

**અવતરણિકાર્થ :-**

**શ્લોક-૨૩માં સંશુદ્ધ જિનકુશલચિત્તાદિને યોગબીજરૂપે બતાવ્યાં. શ્લોક-૨૬માં આચાર્યાદિ વિષયક કુશલચિત્તાદિ અને વૈયાવચ્ચને યોગબીજ બતાવ્યાં. હવે અન્ય યોગબીજને કહે છે –**

**શ્લોક :-**

**भवोद्वेगश्च सहजो, द्रव्याभिग्रहपालनम् ।**
**तथा सिद्धान्तमाश्रित्य, विधिना लेखनादि च ।।२७।।**

**અન્વયાર્થ :-**

**च=અને सहजो भवोद्वेगः=સહજ એવો ભવનો ઉદ્વેગ, द्रव्याभिग्रहपालनम्=દ્રવ્ય અભિગ્રહનું પાલન तथा=અને सिद्धांतमाश्रित्य=સિદ્ધાંતને આશ્રયીને विधिना=વિધિપૂર્વક लेखनादि=લેખનાદિ યોગબીજ છે. ।।૨૭।।**

**શ્લોકાર્થ :-**

**અને સહજ એવો ભવનો ઉદ્વેગ, દ્રવ્ય અભિગ્રહનું પાલન અને સિદ્ધાંતને આશ્રયીને વિધિપૂર્વક લેખનાદિ યોગબીજ છે. ॥૨૭॥**

❖ શ્લોકમાં પ્રથમ 'च' પૂર્વ શ્લોકની સાથે સમુચ્ચય બતાવવા માટે અને અંતિમ 'च' શબ્દથી શ્લોક-૨૩ માં કહેલ 'योगबीजमनुत्तमम्' નો અહીં સમુચ્ચય થાય છે.

**ટીકા :-**

**'भवोद्वेगश्च-' संसारोद्वेगश्च जन्मादिरूपतया भवत्यस्य,'सहजो', नेष्टवियोगादिनिमित्तः, तस्यार्त्तध्यानरूपत्वात्, उक्तं च –** "प्रत्युत्पन्नात्तु दुःखान्निर्वेदो द्वेष ईदृशः । न वैराग्यमित्यादि" **योगबीजमिति वर्तते । तथा 'द्रव्याभिग्रहपालनं' औषधादिसमादानमधिकृत्य,भावाभिग्रहस्य विशिष्टक्षयोपशमभावरूपस्याभिन्नग्रन्थेरसम्भवाद् द्रव्याभिग्रहग्रहणम् । 'तथा सिद्धान्तमाश्रित्य' आर्षं न तु कामादिशास्त्राणि, किमित्याह 'विधिना' - न्यायात्तधनसत्प्रयोगादिलक्षणेन किमित्याह - 'लेखनादि च' योगबीजमनुत्तममिति ।।२७।।**

**ટીકાર્થ :-**

**'भवोद्वेगश्च' ..... योगबीजमनुत्तममिति ।। અને સહજ એવો ભવનો ઉદ્વેગ=સંસારનો ઉદ્વેગ, "યોગબીજ છે" એ પ્રમાણે વર્તે છે=૨૩મા શ્લોકથી અનુવૃત્તિ છે. આનું=ભવનું, જન્માદિરૂપપણું હોવાને કારણે વિવેકીને સહજ ભવનો ઉદ્વેગ થાય છે, ઈષ્ટવિયોગાદિનિમિત્ત ભવનો ઉદ્વેગ યોગબીજ નથી; કેમ કે તેનું=ઈષ્ટવિયોગાદિનિમિત્ત એવા ભવઉદ્વેગનું, આર્ત્તધ્યાનરૂપપણું છે. ઈષ્ટવિયોગાદિનિમિત્ત ભવનો ઉદ્વેગ યોગબીજ નથી, તેમાં 'उक्तं च' થી સાક્ષી આપે છે –**

વળી પ્રત્યુત્પન્ન એવા દુઃખથી=ઉપસ્થિત થયેલા એવા દુઃખથી નિર્વેદ એ દ્વેષ છે. આવા પ્રકારનો નિર્વેદ વૈરાગ્ય નથી. **'इत्यादि' શબ્દથી આના જેવી અન્ય સાક્ષીઓનો સંગ્રહ કરવો.**

**અને ઔષધ આદિ સમાદાનને=દાનને, આશ્રયીને દ્રવ્ય અભિગ્રહનું પાલન યોગબીજ છે, એમ અન્વય છે. વિશિષ્ટ ક્ષયોપશમભાવરૂપ ભાવઅભિગ્રહનું અભિન્નગ્રંથિ એવા પ્રથમ યોગદૃષ્ટિવાળાને અસંભવ હોવાથી દ્રવ્યઅભિગ્રહનું ગ્રહણ છે.**

**અને આર્ષ સિદ્ધાંતને આશ્રયીને ન્યાયથી ઉપાર્જન કરાયેલા ધનના સત્પ્રયોગાદિરૂપ વિધિથી લેખનાદિ અનુત્તમ યોગબીજ છે, પરંતુ કામશાસ્ત્રાદિને આશ્રયીને લેખનાદિ અનુત્તમ યોગબીજ નથી.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે.**

❖ 'औषधादि' માં 'आदि' પદથી સાધુને પાત્રાદિના દાનનું ગ્રહણ કરવું. અહીં 'समादान' શબ્દનો અર્થ 'ગ્રહણ' નથી કરવાનો, પરંતુ 'દાન' એવો અર્થ કરવાનો છે; કેમ કે ઉપાધ્યાયજી મહારાજ સાહેબે ૨૧મી બત્રીશીના ૧૫મા શ્લોકમાં તે પ્રમાણે અર્થ કરેલ છે.

❖ 'कामादिशास्त्राणि' માં 'आदि' પદથી અર્થશાસ્ત્રનું ગ્રહણ કરવું.

❖ न्यायात्तधनसत्प्रयोगादिलक्षणेन માં 'आदि' પદથી સદ્વિવેકનું ગ્રહણ કરવું. **॥૨૭॥**

**ભાવાર્થ :-**

ભવ જન્મ, જરા, મૃત્યુ, રોગ, શોક આદિથી આક્રાંત છે. ભવના આ જન્માદિ સ્વરૂપને જોવાથી ઉદ્વેગ થાય, તે ભવનો સહજ ઉદ્વેગ છે. વળી, જેમ આચાર્ય આદિમાં કુશલચિત્તાદિ અને વૈયાવચ્ચ યોગબીજ છે, તેમ સહજ ભવઉદ્વેગ પણ યોગબીજ છે; કેમ કે ભવનો ઉદ્વેગ જીવને ભવથી પર અવસ્થા તરફ લઈ જવાનું કારણ બને છે. ભવથી ઉદ્વિગ્ન થયેલો જીવ ભવના કારણીભૂત રાગાદિનો ઉચ્છેદ કરીને વીતરાગતા તરફ જવાના યત્ન સ્વરૂપ પરિણામ કરે છે, માટે ભવોદ્વેગ યોગબીજ છે.

કોઈને ઇષ્ટનો વિયોગ કે અનિષ્ટનો સંયોગ પ્રાપ્ત થાય અને તેના કારણે ક્ષણભર ભવ પ્રત્યે ઉદ્વેગ થાય તે ભવનો ઉદ્વેગ સહજ નથી, માટે તે યોગબીજ નથી; પરંતુ આ ઇષ્ટવિયોગાદિ નિમિત્તથી થયેલો ભવનો ઉદ્વેગ આર્ત્તધ્યાનરૂપ છે; કેમ કે ઇષ્ટવિયોગાદિને કારણે પોતાને પ્રાપ્ત થયેલો ભવ અસાર જણાય છે, તે અસારતા ઇષ્ટવિયોગાદિને કારણે થયેલ ખિન્નતા સ્વરૂપ છે, માટે આર્ત્તધ્યાનરૂપ છે; જ્યારે સહજ ભવનો ઉદ્વેગ સંસારના વાસ્તવિક જન્મ-મરણાદિ સ્વરૂપને જોવાથી ઉત્પન્ન થાય છે, અને સંસારમાં કોઈ પણ ભવ જન્મ-મરણાદિના સર્વથા સ્પર્શ રહિત નથી. માટે વિવેકચક્ષુવાળાને તેવા ભવ પ્રત્યે જે ઉદ્વેગ થાય છે, તે યોગબીજ છે.

ઇષ્ટવિયોગાદિનિમિત્ત ભવઉદ્વેગ આર્ત્તધ્યાનરૂપ છે, તેમાં સાક્ષી આપી. તેનો ભાવ એ છે કે 'ઉપસ્થિત થયેલા દુઃખથી ભવ પ્રત્યે જે નિર્વેદ થાય છે, તે દુઃખના દ્વેષરૂપ છે. આવો નિર્વેદ તે વૈરાગ્ય નથી' જે વૈરાગ્ય નથી, તે યોગબીજ નથી.

અહીં વિશેષ એ છે કે યોગની પહેલી દૃષ્ટિવાળા જીવો પણ સદા વૈરાગ્યવાળા નથી હોતા, પરંતુ સંસારના સ્વરૂપનું અવલોકન કરે છે ત્યારે સહજ ભવઉદ્વેગ ઉત્પન્ન થાય છે. આ ઉપયોગરૂપ અધ્યવસાય યોગબીજ છે. તેથી પહેલી દૃષ્ટિવાળા સંસારના સ્વરૂપનું અવલોકન કરતા હોય અને ભવ પ્રત્યે સહજ ઉદ્વેગ થાય ત્યારે તે યોગબીજ બને.

પહેલી દૃષ્ટિવાળા યોગી ગ્લાનાદિ સાધુને ઔષધાદિ દાનનો અભિગ્રહ કરીને તે પ્રમાણે પાલન કરે તે યોગબીજ છે.

આશય એ છે કે પહેલી દૃષ્ટિવાળા યોગી ગ્લાન સાધુની સંયમની વૃદ્ધિના આશયથી દ્રવ્યઅભિગ્રહ ગ્રહણ કરે કે "આ ગ્લાન મહાત્માઓની ભક્તિ કરીને મારા આત્માનો નિસ્તાર કરું" અને તે રીતે અભિગ્રહનું પાલન કરે, તો તે અભિગ્રહપાલનકાળમાં વર્તતો શુભઅધ્યવસાય યોગબીજ છે.

અહીં ભાવઅભિગ્રહ ગ્રહણ ન કરતાં દ્રવ્યઅભિગ્રહનું પાલન યોગબીજ કેમ કહ્યું ? તેનો ખુલાસો કરતાં કહે છે :

સમ્યક્ત્વકાળમાં જીવને વિશિષ્ટ પ્રકારનો દર્શનમોહનીયનો ક્ષયોપશમ હોય છે. તે વખતે તે જે રીતે સાધુને, વ્રતોને કે અભિગ્રહને સમજી શકે છે, તેવો ક્ષયોપશમ યોગની પહેલી દૃષ્ટિવાળા જીવને નથી. તેથી તેઓને ભાવથી અભિગ્રહની પ્રાપ્તિ થઈ શકે નહિ; તોપણ ભાવઅભિગ્રહનું કારણ બને તેવું પ્રધાનદ્રવ્યઅભિગ્રહનું પાલન પહેલી યોગદૃષ્ટિવાળા કરે છે, અને તે યોગબીજ છે.

અહીં વિશેષ એ છે કે ભાવઅભિગ્રહનું પાલન એ વિરતિના પરિણામરૂપ છે, જે દેશવિરતિ કે સર્વવિરતિ ગુણસ્થાનકમાં જ આવી શકે; તોપણ વિરતિના પરિણામનું કારણ બને તેવું દ્રવ્યઅભિગ્રહનું પાલન પહેલી દૃષ્ટિવાળાને પણ હોય છે, જે યોગબીજરૂપ છે.

આર્ષ સિદ્ધાંતને આશ્રયીને વિધિપૂર્વક લેખનાદિ ક્રિયા અનુત્તમ કોટીનું યોગબીજ છે.

આશય એ છે કે પહેલી યોગદૃષ્ટિવાળા યોગી પણ વિવેકી હોય તો ન્યાયપૂર્વક ધન કમાય, અને તે ધનનો ભગવાનનાં આગમો લખાવવામાં સમ્યક્ પ્રકારે વિનિયોગ કરે, ત્યારે "ભગવાને બતાવેલાં તત્ત્વો ભાવિમાં યોગ્ય જીવોને પ્રાપ્ત થાય, અને તેઓની કલ્યાણની પરંપરામાં પોતાનો કરાયેલો ધનનો વ્યય કારણ બને," તેવા શુભાશયથી તે યોગી આપ્તપુરુષોના સિદ્ધાંતોને લખાવતા હોય, તો તે લખાવવાની ક્રિયાકાળમાં વર્તતો તેમનો શુભ અધ્યવસાય યોગબીજ છે; ફક્ત તે લખાવતી વખતે યોગની દૃષ્ટિવાળા જીવોને પણ માનાદિ સંજ્ઞા વર્તતી હોય કે પરલોકના ફળની આશંસા વર્તતી હોય તો યોગબીજ બને નહિ.

શ્લોક-૨૩ના અંતમાં કહ્યું કે જિનકુશલચિત્તાદિ અનુત્તમ યોગબીજ છે; કેમ કે તેનો વિષય જિન છે; તેથી તે વિષયની પ્રધાનતાને કારણે તેમને અવલંબીને થયેલું યોગબીજ અન્ય યોગબીજ કરતાં અનુત્તમ છે= સર્વશ્રેષ્ઠ છે. ત્યારપછી આચાર્યાદિના વિષયમાં થયેલાં સંશુદ્ધ કુશલચિત્તાદિને યોગબીજ બતાવ્યાં, પરંતુ તે અનુત્તમ છે તેમ કહ્યું નહિ; અને સહજ ભવનો ઉદ્વેગ અને દ્રવ્યઅભિગ્રહનું પાલન પણ યોગબીજ બતાવ્યાં, પરંતુ તેને પણ અનુત્તમ કહ્યું નહિ; જ્યારે સિદ્ધાંતને આશ્રયીને લેખનાદિને અનુત્તમ યોગબીજ કહેલ છે, તેનું કારણ, જેમ જિન સર્વમાં પ્રધાન છે માટે તદ્‌વિષયક યોગબીજ સર્વશ્રેષ્ઠ છે, તેમ ભગવાનના વચનરૂપ શ્રુત પણ સર્વોત્તમ છે માટે તેના વિષયમાં થયેલી લેખનાદિ પ્રવૃત્તિ અનુત્તમ યોગબીજ છે. ફક્ત આ લેખનાદિની પ્રવૃત્તિ ભગવાનના વચનના વિસ્તારરૂપ હોવી જરૂરી છે, પરંતુ કામાદિશાસ્ત્ર કે અર્થાદિશાસ્ત્રની કે તેવી કોઈ અસંબદ્ધ પદાર્થને બતાવનારા ગ્રંથની રચનાની લેખનાદિ ક્રિયા યોગબીજ બને નહિ. જેમ કૂટરૂપમાં અકૂટબુદ્ધિ અસુંદર છે, તેમ ભગવાનના વચનનિરપેક્ષ યથાતથા લખાણરૂપ ગ્રંથોમાં સુંદર બુદ્ધિ કરીને લેખનાદિ કરવામાં આવે, તો તે પણ યોગબીજ બને નહિ. **॥૨૭॥**

**અવતરણિકા :-**

**आदिशब्दार्थमाह –**

**અવતરણિકાર્થ :-**

**આગળના શ્લોકના અંતે કહ્યું કે લેખનાદિ યોગબીજ છે. તેથી લેખનાદિરૂપ આદિ શબ્દાર્થને કહે છે –**

❖ પ્રસ્તુત શ્લોકની સમાન શ્લોક બત્રીશી-૨૧, શ્લોક-૧૬ છે તેમાં ઉપાધ્યાયજી મહારાજે અવતરણિકા કરેલ છે કે લેખનાદિને જ કહે છે. તેથી તે પ્રમાણે વિચારીએ તો અહીં પણ લેખનાદિ શબ્દાર્થને કહે છે, તેવો અર્થ ઉચિત જણાય છે; અને લેખનાદિમાં કહેલ આદિ શબ્દાર્થને કહે છે, તેવો અર્થ કરીએ તો પ્રસ્તુત શ્લોકના પ્રારંભમાં લેખનાને બદલે રચના શબ્દ હોવો જોઈએ; કેમ કે ઉપદેશરહસ્યમાં યોગબીજને બતાવતાં આ શ્લોક જેવો જ શ્લોક છે, જેમાં લેખનાને સ્થાને રચના શબ્દનો પ્રયોગ કરીને ઉપાધ્યાયજી મહારાજે બતાવેલ છે.

શ્લોક :-

लेखना पूजना दानं, श्रवणं वाचनोद्ग्रहः ।
प्रकाशनाथ स्वाध्यायश्चिन्तना भावनेति च ।।२८।।

અન્વયાર્થ :-

लेखना=લેખના पूजना=પૂજના दानं=દાન श्रवणं=શ્રવણ वाचना=વાંચન उद्ग्रहः=વિધિપૂર્વક શાસ્ત્રોનું ગ્રહણ प्रकाशना=પ્રકાશન स्वाध्यायः=સ્વાધ્યાય चिन्तना=અર્થનું ચિંતવન च=અને भावना=ભાવના (યોગબીજ છે.) अथ અને इति પાદપૂર્તિ માટે છે. ।।૨૮।।

ટીકા :-

'लेखना' - सत्पुस्तकेषु, 'पूजना' - पुष्पवस्त्रादिभिः, 'दानं' - पुस्तकादेः, 'श्रवणं' - व्याख्यानस्य, 'वाचना' - स्वयमेवास्य, 'उद्ग्रहः' - विधिग्रहणं अस्यैव, 'प्रकाशना' - गृहीतस्य भव्येषु, 'अथ स्वाध्यायो' वाचनादिः अस्यैव, 'चिन्तना' ग्रन्थार्थतः अस्यैव, 'भावनेति च' एतद्गोचरैव योगबीजमिति योगः ।।२८।।

ટીકાર્થ :-

'लेखना' ..... योगबीजमिति योगः ।। સત્પુસ્તકોના વિષયમાં લેખના, પુષ્પ-વસ્ત્રાદિ દ્વારા પૂજના, પુસ્તકાદિનું દાન, વ્યાખ્યાનનું શ્રવણ, વાચના=સ્વયં જ આ પુસ્તકનું વાંચન, ઉદ્ગ્રહ=આનું જ અર્થાત્ સત્શાસ્ત્રના અર્થનું જ વિધિપૂર્વક ગ્રહણ, પ્રકાશના=ગૃહીત એવા અર્થનું ભવ્ય જીવોમાં પ્રકાશન, આનો જ=સત્શાસ્ત્રનો જ, વાચનાદિ સ્વાધ્યાય, આની જ=સત્શાસ્ત્રની જ ગ્રંથના અર્થની ચિંતના અને આના વિષયવાળી જ=સત્શાસ્ત્રના વિષયવાળી જ, 'ભાવના યોગબીજ છે' એ પ્રમાણે સંબંધ છે.

❖ 'पुष्पवस्त्रादि' માં 'आदि' પદથી સુવર્ણનું ગ્રહણ કરવું.

❖ 'पुस्तकादि' માં 'आदि' પદથી તાડપત્રી, શાહીનું ગ્રહણ કરવું.

❖ 'वाचनादि' માં 'आदि' પદથી પૃચ્છના, પરાવર્તનાનું ગ્રહણ કરવું. **॥૨૮॥**

ભાવાર્થ :-

પૂર્વ ગાથામાં કહ્યું કે વિધિપૂર્વક લેખનાદિ યોગબીજ છે. તે સર્વ યોગબીજોને પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે :

સર્વજ્ઞોએ કહેલા પદાર્થોને કહેનારાં સત્પુસ્તકોના વિષયમાં કોઈની પાસે લેખના કરાવવામાં આવે તે યોગબીજ છે. આ લેખનાદિ પ્રવૃત્તિ આલોકની કે પરલોકની આશંસા વગર કેવલ 'આ સર્વજ્ઞનું વચન જગતમાં પરમ હિતનું કારણ છે, માટે તેનું લેખન કરાવવાથી યોગ્ય જીવોને તેનાથી હિતની પ્રાપ્તિ થાય' તેનો મને લાભ મળે. તેવા શુદ્ધ આશયથી મિત્રાદષ્ટિવાળા યોગી લેખન કરાવતા હોય ત્યારે તે લેખના યોગબીજ બને.

જેમ, સત્શાસ્ત્રોના બહુમાનને કારણે લેખનાની ક્રિયા યોગબીજ છે, તેમ મિત્રાદૃષ્ટિવાળા યોગી સત્શાસ્ત્રો પ્રત્યેના બહુમાનની અભિવ્યક્તિની ક્રિયાસ્વરૂપ પુષ્પવસ્ત્રાદિથી પૂજના કરે તો તે પણ યોગબીજ છે.

તે રીતે જેમને યોગમાર્ગ પ્રત્યે બહુમાન હોય તેવા મિત્રાદૃષ્ટિવાળા જીવો ગ્રંથ લખવાની સામગ્રીરૂપ પુસ્તક અથવા અન્ય લેખનસામગ્રીનું દાન કરે તો તે યોગબીજ છે; અથવા પોતાને મળેલું યોગનું પુસ્તક યોગ્ય જીવનો ઉપકાર કરવાની બુદ્ધિથી દાન કરે, તો તે પણ યોગબીજ છે.

વળી મિત્રાદૃષ્ટિવાળા યોગી યોગમાર્ગને કહેનારા વ્યાખ્યાનનું શ્રવણ કરે એ પણ યોગબીજ છે, અને સ્વયં જ યોગમાર્ગને બતાવનારા યોગગ્રંથોનું વાંચન કરે તે પણ યોગબીજ છે. વળી યોગગ્રંથના અર્થનું વિધિપૂર્વક ગ્રહણ કરે તે પણ યોગબીજ છે, અને પોતાને સ્વયં અર્થનો બોધ ન થતો હોય તો યોગ્ય વ્યક્તિ પાસે તે અર્થને જાણીને બોધ કરે તે પણ યોગબીજ છે, અને ગ્રહણ કરાયેલા અર્થનું ભવ્ય જીવોમાં નિરાશંસ ભાવથી પ્રકાશન કરે તે પણ યોગબીજ છે.

સત્શાસ્ત્રોનું વાચના-પૃચ્છનાથી ગ્રહણ કરવું, ગ્રહણ કર્યા પછી પરાવર્તન કરીને સ્થિર કરવું, સ્થિર કર્યા પછી તેના પદાર્થોની પુનઃ પુનઃ અનુપ્રેક્ષા કરવી તે સર્વ પણ યોગબીજો છે.

વાચના, પૃચ્છનાથી ગ્રહણ કરાયેલા ગ્રંથોના પદાર્થોનું ચિંતવન કરીને સૂક્ષ્મ અર્થનો બોધ કરવો તે પણ યોગબીજ છે, અને તે રીતે બોધ કર્યા પછી તે શાસ્ત્રીય ભાવોથી આત્માને ભાવિત કરવો તે પણ યોગબીજ છે. **॥૨૮॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અન્ય યોગબીજોનો સમુચ્ચય કરવા અર્થે 'तथा' નો પ્રયોગ કરેલ છે.**

**શ્લોક :-**

**बीजश्रुतौ च संवेगात् प्रतिपत्तिः स्थिराशया ।**
**तदुपादेयभावश्च, परिशुद्धो महोदयः ।।२९।।**

**અન્વયાર્થ :-**

**बीजश्रुतौ=બીજશ્રુતિમાં=બીજને કહેનારાં વચનોમાં संवेगात्=સંવેગથી स्थिराशया प्रतिपत्तिः=સ્થિર આશયવાળી પ્રતિપત્તિ (યોગબીજ છે.) च=અને परिशुद्धः तदुपादेयभावः=પરિશુદ્ધ એવો તેનો ઉપાદેયભાવ= પરિશુદ્ધ એવો બીજશ્રુતિનો ઉપાદેયભાવ (યોગબીજ છે.) महोदयः=બીજશ્રુતિનો ઉપાદેયભાવ મહોદય છે. ॥૨૯॥**

**શ્લોકાર્થ :-**

**બીજને કહેનારાં વચનોમાં સંવેગથી સ્થિર આશયવાળી પ્રતિપત્તિ યોગબીજ છે, અને પરિશુદ્ધ એવો બીજશ્રુતિનો ઉપાદેયભાવ યોગબીજ છે, બીજશ્રુતિનો ઉપાદેયભાવ મહોદય છે. ।।૨૯।।**

**ટીકા :-**

'बीजश्रुतौ च' यथोक्तगोचरायाम्, 'संवेगात्'=श्रद्धाविशेषात्, 'प्रतिपत्तिः' एवमेतत् - इत्येवंरूपा, 'स्थिराशया' - तथाविधचित्तप्रबन्धविस्रोतसिकाऽभावेन । 'तदुपादेयभावश्च'=बीजश्रुत्युपादेयभावश्च, 'परिशुद्धः' - फलौत्सुक्याभावेन, 'महोदयः' अत एव, अनुष्वङ्गिकाभ्युदयतो निःश्रेयससाधनादिति ।।२९।।

**ટીકાર્થ :-**

'बीजश्रुतौ च' ..... निःश्रेयससाधनादिति ।। **જે પ્રમાણે પૂર્વમાં યોગબીજો કહ્યાં તદ્‌વિષયક બીજશ્રુતિમાં=બીજને કહેનારાં વચનોના શ્રવણમાં, સંવેગથી=શ્રદ્ધાવિશેષથી=યોગબીજ પ્રત્યેની રુચિવિશેષથી, તેવા પ્રકારના ચિત્તના પ્રબંધરૂપ વિસ્રોતસિકાનો અભાવ હોવાને કારણે=યોગમાર્ગથી વિપરીત એવા ભોગમાર્ગ પ્રત્યેનો જે ચિત્તનો પ્રવાહ, એ રૂપ ચિત્તનો વિપરીત સ્રોત, તેનો અભાવ હોવાને કારણે, સ્થિર આશયવાળી "આ=યોગબીજોનું જે શ્રવણ કર્યું એ, આમ છે=આત્માને માટે હિતકારી છે," એવા સ્વરૂપવાળી પ્રતિપત્તિ, યોગબીજ છે.**

**ફલઔત્સુક્યનો અભાવ હોવાને કારણે પરિશુદ્ધ એવો તેનો ઉપાદેયભાવ=બીજશ્રુતિનો ઉપાદેયભાવ, યોગબીજ છે, એમ અન્વય છે.** अत एव **આથી જ=બીજશ્રવણમાં પરિશુદ્ધ ઉપાદેયભાવ છે આથી જ** महोदयः**=બીજશ્રુતિનો ઉપાદેયભાવ મહોદય છે; કેમ કે આનુષંગિક અભ્યુદયથી નિઃશ્રેયસનું સાધન છે - સિદ્ધિ છે.**

'इति' **શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૨૯।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં લેખનાદિ યોગબીજો બતાવ્યાં, તેમ અન્ય બે યોગબીજો પણ બતાવે છે :

(૧) પૂર્વમાં વર્ણન કરાયેલ બીજવિષયક શ્રુતિમાં=બીજને કહેનારાં વચનોના શ્રવણમાં, સંવેગથી કોઈને સ્થિર આશયવાળી પ્રતિપત્તિ થાય તે યોગબીજ છે.

આશય એ છે કે મિત્રાદૃષ્ટિવાળા યોગી યોગબીજોનું શ્રવણ કરે તે વખતે તે યોગબીજો પ્રત્યે તીવ્ર રુચિ થાય છે, અને તે તીવ્ર રુચિપૂર્વક 'આ યોગબીજો મારા આત્માના કલ્યાણનાં પરમ કારણ છે' એવા પ્રકારનો સ્થિર પરિણામ થાય તે યોગબીજ છે, અર્થાત્ પહેલી દૃષ્ટિવાળાને કંઈક અંશે સંસાર પ્રત્યેનો વિમુખભાવ થયો છે, તેથી સંસારના ગાઢ આકર્ષણરૂપ ચિત્તનો વિપરીત પ્રવાહ વર્તતો નથી. તેથી યોગબીજોને સાંભળે છે ત્યારે આ યોગબીજો જ ખરેખર જીવનમાં સેવવા જેવાં છે, એવો સ્થિર આશય થાય છે, તે યોગબીજ છે.

અહીં સ્થિર આશયનો અર્થ કર્યો કે વિપરીત દિશામાં જાય તેવા પ્રકારના ચિત્તના પ્રતિબંધની વિસ્રોતસિકાનો અભાવ હોવાથી સ્થિર આશયવાળી છે.

તેથી એ પ્રાપ્ત થાય કે યોગબીજોથી વિપરીત ભાવો પ્રત્યે ચિત્તને પ્રતિબંધ વર્તતો હોય તો તે પ્રતિબંધને કારણે ચિત્તનો પ્રવાહ યોગબીજોથી વિપરીત દિશામાં જાય છે, તેનો અભાવ હોવાને કારણે યોગબીજો પ્રત્યે સ્થિર આશય પ્રગટે છે અર્થાત્ આ યોગબીજો એકાંતહિત છે, તેવી સ્થિર પરિણતિ પ્રગટે છે. તેથી તે યોગબીજોનું શ્રવણ પણ યોગબીજ બને છે.

વળી યોગબીજોના શ્રવણમાં પરિશુદ્ધ ઉપાદેયભાવ છે. આથી તે મહોદય છે અર્થાત્ ફલઔત્સુક્યનો અભાવ હોવાથી પ્રગટ થયેલો પરિશુદ્ધ ઉપાદેયભાવ છે, માટે તે કલ્યાણનું કારણ છે; કેમ કે ફલના ઔત્સુક્યના અભાવપૂર્વક બીજશ્રુતિની ઉપાદેયબુદ્ધિથી આનુષંગિક રીતે અભ્યુદય થાય છે, અને ક્રમે કરીને મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી બીજશ્રુતિનો ઉપાદેયભાવ મોક્ષનું સાધન છે. **II૨૯II**

**અવતરણિકા :-**

**एवमेतद्योगबीजोपादानं यथा जायते तथाभिधातुमाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=શ્લોક-૨૫માં બતાવ્યું એ રીતે, આ=સંશુદ્ધ જિનકુશલચિત્તાદિ યોગબીજનું ગ્રહણ જે રીતે થાય છે, તે રીતે બતાવવા માટે કહે છે :**

**ભાવાર્થ :-**

પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે સંશુદ્ધ જિનકુશલચિત્તાદિ યોગબીજનું ગ્રહણ જે રીતે થાય છે તે રીતે કહેવા માટે કહે છે –

**શ્લોક :-**

**एतद् भावमले क्षीणे, प्रभूते जायते नृणाम् ।**
**करोत्यव्यक्तचैतन्यो, महत् कार्यं न यत्क्वचित् ।।३०।।**

**અન્વયાર્થ :-**

**प्रभूते भावमले क्षीणे=ઘણો ભાવમલ ક્ષીણ થયે છતે नृणाम्=મનુષ્યોને एतद्=આ=યોગબીજનું ગ્રહણ जायते=થાય છે; यत्=જે કારણથી अव्यक्तचैतन्यः=અવ્યક્તચૈતન્યવાળો क्वचित्=ક્યારેય महत् कार्यं=મોટું કાર્ય न करोति=કરતો નથી. ।।૩૦।।**

**શ્લોકાર્થ :-**

**ઘણો ભાવમલ ક્ષીણ થયે છતે મનુષ્યોને યોગબીજનું ગ્રહણ થાય છે; જે કારણથી અવ્યક્તચૈતન્યવાળો ક્યારેય મોટું કાર્ય કરતો નથી. ।।૩૦।।**

**ટીકા :-**

**'एतद्' अनन्तरोदितं योगबीजोपादानं, 'भावमले-' तत्तत्पुद्गलादिसम्बन्धयोग्यतालक्षणे, 'क्षीणे' सति, न स्तोके किं तु 'प्रभूते' (प्रभूत) पुद्गलपरावर्ताक्षेपके 'जायते'=प्रादुर्भवति, 'नृणां'=पुंसाम्, प्राय एतेऽधिकारिण इति नृग्रहणं, अन्यथा चातुर्गतिकमेतत्, प्रभूत एव क्षीणे नाल्प इत्याह 'करोत्यव्यक्तचैतन्यः'=हिताहितविवेकशून्यो बालः, 'न महत्कार्यं' अर्थानुष्ठानादि, 'यत्क्वचित्' किंतु व्यक्तचैतन्य एव करोति ।।३०।।**

**ટીકાર્થ :-**

**'एतद्' अनन्तरोदितं ..... एव करोति ।। આ=આગળમાં કહેવાયેલ યોગબીજનું ઉપાદાન, પ્રભૂત=ઘણા પુદ્ગલપરાવર્તનો આક્ષેપક, તે તે પુદ્ગલાદિના સંબંધની યોગ્યતાલક્ષણ ભાવમલ ક્ષીણ થયે છતે મનુષ્યોને પ્રાદુર્ભાવ થાય છે, પરંતુ થોડા પુદ્ગલપરાવર્તનો આક્ષેપક ભાવમલ ક્ષીણ થયે છતે યોગબીજનું ઉપાદાન થતું નથી. પ્રાયઃ આ=મનુષ્યો, યોગબીજના ઉપાદાનના અધિકારી છે, એથી કરીને મનુષ્યોનું ગ્રહણ છે. अन्यथा=પ્રાયઃ ન ગ્રહણ કરીએ તો, આ=યોગબીજનું ઉપાદાન, ચાતુર્ગતિક છે=ચારે ગતિઓમાં યોગબીજનું ગ્રહણ છે.**

શ્લોકના ઉત્તરાર્ધનું ઉત્થાન કરતાં કહે છે :

**પૂર્વમાં કહ્યું કે પ્રભૂત ભાવમલ ક્ષીણ થયે છતે યોગબીજનું ગ્રહણ થાય છે, અલ્પ ક્ષીણ થયે છતે નહિ. એથી કહે છે અર્થાત્ ઘણો ભાવમલ ક્ષીણ થયે છતે કેમ થાય છે ? અલ્પ ભાવમલ ક્ષીણ થયે છતે કેમ થતું નથી ? એથી કહે છે :**

**यत्=જે કારણથી અવ્યક્તચૈતન્યવાળો=હિતાહિતના વિવેકથી શૂન્ય એવો બાલ, क्वचित्=ક્યારેય, મહત્ કાર્ય=અર્થઅનુષ્ઠાનાદિ=ફળ પ્રાપ્ત થાય તેવાં અનુષ્ઠાનાદિ, કરતો નથી, પરંતુ વ્યક્તચૈતન્યવાળો જ કરે છે.**

**નોંધ :-** 'अर्थानुष्ठानादि' માં 'आदि' પદથી અર્થવાળી પ્રવૃત્તિ, અર્થવાળો બોધ ગ્રહણ કરવો. **॥૩૦॥**

**ભાવાર્થ :-**

ભાવમલનો અર્થ કર્યો : 'तत्तत्पुद्गलादिसम्बन्धयोग्यतालक्षणे' ત્યાં 'तत्तत्पुद्गलसम्बन्धादियोग्यतालक्षणे' પાઠ હોવો જોઈએ અને 'तत्तत्पुद्गलसम्बन्धादियोग्यतालक्षणे' માં 'आदि' પદથી 'तत्तत्पुद्गलपरिणमन' નું ગ્રહણ કરવાનું છે. તેથી એ પ્રાપ્ત થયું કે જીવની તે તે પુદ્ગલના સંબંધની યોગ્યતા અને તે તે પુદ્ગલના પરિણમનની યોગ્યતા તે ભાવમલ છે, અને ભાવમલ એટલે જીવમાં વર્તતી યોગ અને કષાયની પરિણતિ; કેમ કે યોગ અને કષાયની પરિણતિને કારણે જીવ તે તે પુદ્ગલોનો સંબંધ કરે છે, અને તે તે પુદ્ગલોને પરિણમન પમાડે છે; જ્યારે જીવ વીતરાગ થાય છે ત્યારે કષાયની યોગ્યતા જાય છે, તોપણ યોગની

પરિણતિ વર્તે છે; તેથી તે તે પુદ્ગલનું ગ્રહણ યોગથી થાય છે; અને જીવ યોગનિરોધ કરે છે ત્યારે કષાયની પરિણતિ અને યોગની પરિણતિનો અભાવ હોય છે, તેથી તે તે પુદ્ગલના સંબંધ આદિની યોગ્યતાનો અભાવ થાય છે. તેથી ૧૪મા ગુણસ્થાનકમાં કર્મબંધની યોગ્યતાલક્ષણ ભાવમલનો અભાવ થાય છે.

વળી ભાવમલનો અર્થ કર્યો કે તે તે પુદ્ગલના સંબંધ આદિની યોગ્યતા. તેથી એ નક્કી થયું કે જીવ જે જે પુદ્ગલનો સંબંધ કરે છે અને જે જે પુદ્ગલને પરિણમન પમાડે છે, તે કરવાની યોગ્યતા એ યોગ અને કષાયની પરિણતિરૂપ જીવનો પરિણામ છે; અને આ પરિણામને કારણે જ જીવ ઔદારિકાદિ આઠે વર્ગણાઓમાંથી તે તે વર્ગણાનાં પુદ્ગલો ગ્રહણ કરે છે અને પરિણમન પમાડે છે. જ્યારે યોગ અને કષાયની પરિણતિનો અભાવ થાય છે ત્યારે આઠે વર્ગણામાંથી કોઈપણ વર્ગણાનાં પુદ્ગલોનું ગ્રહણ કે પરિણમન થતું નથી.

આનાથી એ ફલિત થયું કે યોગ અને કષાયની પરિણતિ એ ભાવમલ છે, અને આ યોગ અને કષાયની પરિણતિ જેટલી અધિક તેટલો ભાવમલ અધિક, અને જેટલી યોગ અને કષાયની પરિણતિ અલ્પ તેટલો ભાવમલ અલ્પ; અને આ યોગ અને કષાયની પરિણતિ પણ, અનિવર્તનીય અસદ્ગ્રહ જેટલો અધિક તેટલી અધિક, અને અનિવર્તનીય અસદ્ગ્રહ જેટલો ઓછો તેટલી અલ્પ. આ અસદ્ગ્રહ જ્યારે નષ્ટપ્રાય થાય છે= જ્યારે જીવ યોગની પહેલી દૃષ્ટિમાં આવે છે ત્યારે ભાવમલ ઘણો ઓછો થયો તેમ કહેવાય છે, અને સંપૂર્ણ અસદ્ગ્રહ જાય છે ત્યારે જીવમાં સમ્યક્ત્વ પ્રગટે છે અને ત્યારે ભાવમલ તેના કરતા પણ ઘણો ઓછો હોય છે; અને જીવમાં યોગની પ્રથમ દૃષ્ટિની પ્રાપ્તિ વખતે અસદ્ગ્રહ ઘણો મોળો પડે ત્યારે સમ્યક્ત્વ નહિ હોવા છતાં જીવ ચરમાવર્તમાં આવેલ હોવાથી ભાવમલ ઘણો અલ્પ છે, તેથી સંસારને ચલાવે તેવી યોગ અને કષાયની પરિણતિ કંઈક અલ્પ છે. માટે તેનામાં ચેતના પ્રગટી, અને ત્યારે જીવ યોગબીજના ગ્રહણરૂપ મોટું કાર્ય કરે છે. વળી, ભાવમલ ઘણો હોય છે ત્યાં સુધી જીવનું ચૈતન્ય અવ્યક્ત હોય છે. તે અવસ્થામાં જીવ હિતાહિત-વિવેકશૂન્ય એવો બાળ છે અર્થાત્ તત્ત્વને સમજવા માટે અસમર્થ છે. આવો બાળ આત્મહિતનું કારણ બને તેવા અર્થનું સાધક અનુષ્ઠાનાદિ કરતો નથી. તેથી આત્મહિતના પરમ કારણ એવા યોગબીજનું ઉપાદાન ક્યારેય કરે નહિ; પરંતુ જ્યારે પ્રથમ યોગદૃષ્ટિમાં ભાવમલ ઘણો દૂર થાય છે ત્યારે જીવમાં હિતાહિતને અનુકૂળ ચેતના પ્રગટે છે, અને ત્યારે જિનકુશલચિત્તાદિ યોગબીજોનું ગ્રહણ કરે છે.

ભાવમલ એટલે જીવના પરિણામરૂપ મલ. કેટલાક સ્થાને તેને સહજમલ કહે છે, તો કેટલાક સ્થાનમાં સાંસિદ્ધિકમલ પણ કહેલ છે. તેથી સાંસિદ્ધિકમલ, સહજમલ કે ભાવમલ ત્રણે એકાર્થવાચી છે; અને આથી યોગબિંદુ શ્લોક-૧૯૭માં સાંસિદ્ધિકમલનો અર્થ કર્યો 'કર્મબંધની યોગ્યતા.' વળી બત્રીશી-૧૨, ગાથા-૨૭માં કહ્યું કે જીવમાં વર્તતી યોગ અને કષાયની પરિણતિ તે ભાવમલ છે. વળી આત્મા સાથે કર્મનો સંબંધ તે દ્રવ્યમલ છે, અને કર્મને આત્મા સાથે જોડવાની યોગ્યતારૂપ જીવની યોગ-કષાયરૂપ પરિણતિ તે ભાવમલ છે; કેમ કે તે પરિણતિ જીવના ભાવસ્વરૂપ છે, અને કાર્મણવર્ગણાના પુદ્ગલો જીવના ભાવરૂપ નથી, પણ જીવ સાથે સંબંધિત થઈને જીવને મલિન કરે છે, એથી આગંતુક મલ છે અર્થાત્ દ્રવ્યમલ છે. **॥૩૦॥**

**અવતરણિકા :-**

यदाऽस्य क्षयोऽभिमतः तदोपदर्शयन्नाह –

**અવતરણિકાર્થ :-**

આનો=પ્રભૂત ભાવમલનો ક્ષય જે કાળે અભિમત છે તેને=તે કાળને, બતાવતાં ગ્રંથકાર કહે છે -

❖ 'तदोपदर्शयन्नाह' ના સ્થાને 'तदुपदर्शयन्नाह' પાઠ હોવો જોઈએ.

**શ્લોક :-**

**चरमे पुद्गलावर्ते, क्षयश्चास्योपपद्यते ।**
**जीवानां लक्षणं तत्र, यत एतदुदाहृतम् ।।३१।।**

**અન્વયાર્થ :-**

च=અને चरमे पुद्गलावर्ते=ચરમપુદ્ગલપરાવર્તમાં अस्य=આનો=પ્રભૂત ભાવમલનો क्षयः=ક્ષય उपपद्यते= ઉપપન્ન થાય છે यतः=જે કારણથી तत्र=ત્યાં=ચરમાવર્તમાં एतद्=આ=વક્ષ્યમાણ जीवानां लक्षणं=જીવોનું લક્ષણ उदाहृतम्=કહેવાયું છે. ।।૩૧।।

**શ્લોકાર્થ :-**

**ચરમપુદ્ગલપરાવર્તમાં પ્રભૂત ભાવમલનો ક્ષય ઉપપન્ન થાય છે; જે કારણથી ચરમાવર્તમાં વક્ષ્યમાણ જીવોનું લક્ષણ કહેવાયું છે. ।।૩૧।।**

**ટીકા :-**

'चरमे पुद्गलावर्ते' यथोदितलक्षणे 'क्षयश्चास्योपपद्यते' भावमलस्य, 'जीवानां लक्षणं' 'तत्र'=चरमे पुद्गलावर्ते, 'यत एतदुदाहृतं' वक्ष्यमाणमिति ।।३१।।

**ટીકાર્થ :-**

'चरमे पुद्गलावर्ते' ..... वक्ष्यमाणमिति ।। અને યથોદિત લક્ષણવાળા=શ્લોક-૨૪માં કહેલા લક્ષણવાળા, ચરમપુદ્ગલપરાવર્તનમાં આનો=ભાવમલનો=પ્રભૂત ભાવમલનો, ક્ષય ઉપપન્ન થાય છે; જે કારણથી ત્યાં=ચરમપુદ્ગલાવર્તમાં, આ=વક્ષ્યમાણ, જીવોનું લક્ષણ કહેવાયું છે.

'इति' શબ્દ કથનની સમાપ્તિ માટે છે. ।।૩૧।।

**અવતરણિકા :-**

यदुदाहृतं तदभिधातुमाह –

**અવતરણિકાર્થ :-**

જે=ચરમાવર્તમાં આવેલા જીવનું જે લક્ષણ, શાસ્ત્રકારો વડે કહેવાયું છે, તેને=ચરમાવર્તવર્તી જીવના લક્ષણને, કહેવા માટે ગ્રંથકાર કહે છે –

**શ્લોક :-**

दुःखितेषु दयात्यन्तमद्वेषो गुणवत्सु च ।
औचित्यात्सेवनं चैव, सर्वत्रैवाविशेषतः ।।३२।।

**અન્વયાર્થ :-**

दुःखितेषु=દુઃખિતોમાં अत्यन्तं दया=અત્યંત દયા गुणवत्सु=ગુણવાનોમાં अद्वेषः=અદ્વેષ चैव=અને सर्वत्रैव=સર્વત્ર જ=દીનાદિ સર્વમાં જ अविशेषतः=સામાન્ય રીતે औचित्यात्=ઔચિત્યથી सेवनं=સેવન. ।।૩૨।।

**શ્લોકાર્થ :-**

**દુઃખિતોમાં અત્યંત દયા, ગુણવાનોમાં અદ્વેષ અને દીનાદિ સર્વમાં જ સામાન્ય રીતે ઔચિત્યથી સેવન. ।।૩૨।।**

**ટીકા :-**

**'दुःखितेषु' शारीरादिना दुःखेन, 'दयात्यन्तं' सानुशयत्वमित्यर्थः, 'अद्वेषः'=अमत्सरः, केष्वित्याह 'गुणवत्सु च'=विद्यादिगुणयुक्तेषु, 'औचित्यात्सेवनं चैव' शास्त्रानुसारेण, 'सर्वत्रैव'=दीनादौ, 'अविशेषतः'=सामान्येन ।।३२।।**

**ટીકાર્થ :-**

**'दुःखितेषु' ..... सामान्येन ।। શારીરિક આદિ દુઃખો વડે દુઃખિતોમાં અત્યંત દયા.**

અત્યંત દયાનો અર્થ કરે છે –

**'सानुशयत्वम्' - સાનુશયપણું=અત્યંત દયાળુપણું, અને ગુણવાનોમાં=વિદ્યાદિગુણયુક્તોમાં, અદ્વેષ= અમત્સર, અને અવિશેષથી=સામાન્યથી, શાસ્ત્રાનુસારે ઔચિત્યથી સર્વત્ર જ=દીનાદિમાં, સેવન.**

**ચરમાવર્તવર્તી જીવોનું આ લક્ષણ શાસ્ત્રમાં કહેવાયું છે. એ અર્થ અવતરણિકા અને પૂર્વ શ્લોકના કથનથી ફલિત થાય છે. ।।૩૨।।**

❖ 'शारीरादिना' માં 'आदि' પદથી માનસનું ગ્રહણ કરવું.

❖ विद्यादिगुणयुक्तेषु માં 'आदि' પદથી આચાર આદિનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

શ્લોક-૩૨માં બતાવ્યું તેવું લક્ષણ ચરમાવર્તવર્તી જીવોનું છે. તેથી કોઈ જીવમાં શ્લોક-૩૨માં બતાવી તેવી અત્યંત દયા હોય, ગુણવાનમાં અદ્વેષ હોય અને સામાન્યથી દીનાદિ સર્વજન પ્રત્યે ઔચિત્યથી વર્તન

હોય તે જીવ પ્રકૃતિથી ભદ્રક છે તેવું જણાય છે. આના ઉપરથી નક્કી થાય કે આવી પ્રકૃતિવાળો જીવ ચરમાવર્તમાં આવેલો છે=આવા લક્ષણથી આ જીવ ચરમાવર્તવર્તી છે તેમ જણાય છે. તેથી નક્કી થાય છે કે ચરમાવર્તમાં ઘણો ભાવમલ ક્ષીણ થયો છે, એ પ્રકારે શ્લોક-૩૧માં ગ્રંથકારે બતાવેલ છે; કેમ કે ઘણા ભાવમલના ક્ષય વગર જીવ આવી ભદ્રક પ્રકૃતિવાળો બની શકે નહિ; અને જ્યારે ઘણો ભાવમલ ક્ષીણ થાય છે, ત્યારે શ્લોક-૩૨માં બતાવ્યું તેવા ગુણોવાળો જીવ પ્રાપ્ત થાય છે, અને તેવો જીવ યોગબીજનું ગ્રહણ કરે છે અન્ય નહિ, એમ શ્લોક-૩૦ સાથે શ્લોક-૩૧-૩૨નો સંબંધ છે; કેમ કે જે જીવમાં શ્લોક-૩૨માં બતાવ્યા તેવા ગુણો આવ્યા નથી, તેવા જીવનું ચૈતન્ય અવ્યક્ત છે, માટે યોગબીજને ગ્રહણ કરવા જેવું મોટું કાર્ય કરી શકે નહિ.

લક્ષણ બે પ્રકારનાં છે - (૧) સર્વ લક્ષ્યમાં રહે, અન્ય ક્યાંય ન રહે, તે લક્ષણ અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ અને અસંભવ દોષરહિત કહેવાય. (૨) સર્વ લક્ષ્યમાં ન હોય, પણ લક્ષ્યને છોડીને અન્યત્ર પણ ન હોય. આ બીજા પ્રકારના લક્ષણથી પણ લક્ષ્યનું અનુમાન થઈ શકે છે, છતાં આ લક્ષણ અવ્યાપ્તિવાળું હોય છે, પરંતુ અતિવ્યાપ્તિ અને અસંભવ દોષવાળું નથી. આ ચરમાવર્તનું લક્ષણ અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ કે અસંભવદોષ વગરનું સર્વ લક્ષ્યમાં રહે તેવું પ્રથમ પ્રકારનું નથી; પરંતુ જે લક્ષણથી લક્ષ્યનો બોધ થાય તે લક્ષણ કહેવાય, તે નિયમથી બીજા પ્રકારનું લક્ષણ છે. જેમ, તપ એ જીવનું લક્ષણ છે. તે તપ લક્ષણ સર્વ જીવોમાં હોતુ નથી, પરંતુ જ્યાં તપ છે તે જીવ છે તેવો નિર્ણય થાય છે. તે રીતે ચરમાવર્તમાં આવેલા બધા જીવોમાં 'दुःखितेषु दयात्यन्तम्' ઇત્યાદિ લક્ષણ નિયમા હોય તેવી વ્યાપ્તિ નથી, પરંતુ જે જીવમાં દુઃખિતો પ્રત્યે અત્યંત દયા છે તે નિયમા ચરમાવર્તવર્તી છે તેવું અનુમાન થાય છે; અને આવા લક્ષણથી લક્ષિત ચરમાવર્તવાળા જીવો જિનકુશલચિત્તાદિરૂપ યોગબીજો ગ્રહણ કરે છે.

જેમ સંશુદ્ધ જિનકુશલચિત્તાદિ યોગબીજ છે, તેમ દુઃખિતોમાં અત્યંત દયા આદિરૂપ જે ચરમાવર્તવર્તી જીવનું લક્ષણ છે તે પણ યોગબીજ છે, એ પ્રમાણે ઉપદેશરહસ્ય શ્લોક-૨૮માં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે કહેલ છે. તેથી પણ એ ફલિત થાય કે જેમ પહેલી દૃષ્ટિમાં રહેલા જીવો સંશુદ્ધ જિનકુશલચિત્તાદિ યોગબીજો ગ્રહણ કરે છે, તેમ જે જીવોને ઉપદેશની સામગ્રી ન મળી હોય આમ છતાં યોગની ભૂમિકાને પામેલા છે, તેવા જીવોમાં પ્રકૃતિભદ્રકતાને કારણે દુઃખિતોને જોઈને અત્યંત દયાનો પરિણામ થાય છે, તે પણ યોગની નિષ્પત્તિનું બીજ છે. આથી મેઘકુમારના જીવે હાથીના ભવમાં સસલા પ્રત્યે અત્યંત દયા કરી, જે દયાના પરિણામથી સકામનિર્જરા અને યોગબીજનું ગ્રહણ થયું, અને તેના ફળરૂપે મેઘકુમારના ભવમાં યોગમાર્ગની પ્રાપ્તિ થઈ. **॥૩૧-૩૨॥**

**અવતરણિકા :-**

**यतश्चैवमतः –**

**અવતરણિકાર્થ :-**

**જે કારણથી આમ છે=પૂર્વ શ્લોકમાં બતાવ્યું એવું ચરમાવર્તવાળા જીવનું લક્ષણ છે એમ છે, આથી શું ? તે આગળના શ્લોકમાં કહે છે –**

**શ્લોક :-**

**एवंविधस्य जीवस्य भद्रमूर्तेर्महात्मनः ।**
**शुभो निमित्तसंयोगो, जायतेऽवञ्चकोदयात् ।।३३।।**

**અન્વયાર્થ :-**

भद्रमूर्तेः महात्मनः एवंविधस्य जीवस्य=ભદ્રમૂર્તિ, મહાત્મા એવા આવા પ્રકારના જીવને=ભદ્રમૂર્તિ, મહાત્મા એવા શ્લોક-૩૨માં કહેલા લક્ષણવાળા જીવને शुभो निमित्तसंयोगो=શુભ નિમિત્તસંયોગ अवञ्चकोदयात्=અવંચકના ઉદયથી जायते=થાય છે. ।।૩૩।।

**શ્લોકાર્થ :-**

**ભદ્રમૂર્તિ, મહાત્મા એવા શ્લોક-૩૨માં કહેલા લક્ષણવાળા જીવને શુભ નિમિત્તસંયોગ અવંચકના ઉદયથી થાય છે. ।।૩૩।।**

**ટીકા :-**

**'एवंविधस्य जीवस्य'=अनन्तरोदितलक्षणयोगिनो, 'भद्रमूर्तेः'=प्रियदर्शनस्य, 'महात्मनः' सद्वीर्ययोगेन किमित्याह 'शुभः'=प्रशस्तः, क इत्याह 'निमित्तसंयोगः'=सद्योगादिसंयोगः, सद्योगादिनामेव निःश्रेयस-साधननिमित्तत्वात् 'जायते', कुत इत्याह 'अवञ्चकोदयात्' वक्ष्यमाणसमाधिविशेषोदयादित्यर्थः ।।३३।।**

**ટીકાર્થ :-**

'एवंविधस्य जीवस्य' ..... विशेषोदयादित्यर्थः ।। **ભદ્રમૂર્તિ=પ્રિયદર્શન, સદ્વીર્યનો યોગ હોવાને કારણે મહાત્મા એવા આવા પ્રકારના જીવને=અનંતર કહેવાયેલા લક્ષણવાળા યોગીને=શ્લોક-૩૨માં કહેવાયેલા લક્ષણવાળા યોગીને, શુભ=પ્રશસ્ત, નિમિત્તસંયોગ=સદ્યોગાદિનો સંયોગ, થાય છે.**

અહીં સદ્યોગાદિ સંયોગને શુભનિમિત્તસંયોગ કેમ કહ્યો ? તેથી કહે છે :

**સદ્યોગાદિનું જ નિઃશ્રેયસના સાધનનું નિમિત્તપણું છે અર્થાત્ મોક્ષને સાધવામાં નિમિત્તપણું છે.**

**આવા પ્રકારના મહાત્માને શુભ નિમિત્તસંયોગ શેનાથી થાય છે ? એથી કહે છે :**

**વક્ષ્યમાણ સમાધિવિશેષના ઉદયરૂપ અવંચકના ઉદયથી શુભ નિમિત્તસંયોગ થાય છે, એમ અન્વય છે. ।।૩૩।।**

❖ 'सद्योगादिसंयोगः' માં 'आदि' પદથી સત્ક્રિયા અને સત્ફલનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

શ્લોક-૩૨માં ચરમાવર્તવર્તી જીવનું લક્ષણ બતાવ્યું. એવા લક્ષણવાળો જીવ મોક્ષને સાધનાર હોવાથી યોગી છે; કેમ કે શ્લોક-૩૨માં કહેલું લક્ષણ એ યોગબીજરૂપ છે એમ ઉપદેશરહસ્યમાં કહેલ છે; અને યોગબીજ યોગી જ ગ્રહણ કરી શકે, અન્ય નહિ. તે બતાવવા માટે ટીકામાં આવા પ્રકારના જીવનો અર્થ

કર્યો કે આવા પ્રકારના લક્ષણવાળા યોગી દુઃખિતોમાં દયા, ગુણવાનમાં અદ્વેષ આદિ પ્રકૃતિઓ હોવાથી ભદ્રમૂર્તિ છે=પ્રિયદર્શન છે અર્થાત્ આવા જીવોનું દર્શન લોકોને પ્રીતિ ઉત્પન્ન કરે તેવું છે. વળી આવા પ્રકારના જીવમાં મોક્ષમાર્ગના બીજને ગ્રહણ કરે તેવા સદ્વીર્યનો યોગ હોવાને કારણે તે મહાત્મા છે, અને આવા પ્રકારના મહાત્માને અવંચકનો ઉદય હોવાથી પ્રશસ્ત એવો નિમિત્તસંયોગ પ્રાપ્ત થાય છે.

આશય એ છે કે ઉપર બતાવેલા ગુણોવાળા જીવમાં રહેલ અવ્યક્ત સમાધિરૂપ અવંચકના ઉદયથી ગુણવાન પુરુષનો યોગ થાય છે ત્યારે તેમના પ્રત્યે તે જીવને બહુમાન થાય છે, તે યોગાવંચક સમાધિનું કાર્ય છે.

વળી, ગુણવાન પુરુષનો યોગ થયા પછી તે જીવ ભક્તિથી શાસ્ત્રાનુસારી વિધિપૂર્વક તેમને વંદનાદિ ક્રિયા કરે તો તે ક્રિયા જીવમાં વિશેષ ગુણના આવિર્ભાવનું કારણ બને છે, તે ક્રિયાવંચક સમાધિનું કાર્ય છે.

વળી ગુણવાન પુરુષ પણ આની યોગ્યતાને જોઈને તેની યોગ્યતાને અનુરૂપ ઉચિત ઉપદેશ આપે, અને આવા જીવમાં તે ઉચિત ઉપદેશ પણ સમ્યક્ પરિણમન પામે, તો તે ફલાવંચક સમાધિનું કાર્ય છે.

તેથી એ ફલિત થયું કે ગુણવાનનો યોગ, ગુણવાનને કરાતી વંદનક્રિયા અને ગુણવાન પાસેથી સાંભળવા મળતો યોગમાર્ગનો ઉપદેશ, આ ત્રણે નિમિત્તો આવા જીવમાં તેની ભૂમિકા પ્રમાણે મોક્ષને અનુકૂળ ભાવો પ્રગટ કરવામાં નિમિત્ત બને છે. તેથી આ ત્રણે નિમિત્તોને શુભનિમિત્તસંયોગ કહેલ છે.

સંક્ષેપથી એ પ્રાપ્ત થાય કે ગુણવાનનો યોગ, તેમને કરાતી વંદનક્રિયા, અને તેમની પાસેથી પ્રાપ્ત થતો ઉપદેશ નિમિત્તકારણ છે. જીવમાં વર્તતી ત્રણ પ્રકારની યોગ્યતા તે અવંચકત્રય છે; અને ગુણવાનને જોઈને થતું બહુમાન, વિધિપૂર્વકની વંદનક્રિયાથી થતી ભાવશુદ્ધિ, અને ઉપદેશનું પરિણમન એ ત્રણ ક્રમસર ત્રણ અવંચક સમાધિનાં કાર્ય છે. **II૩૩II**

**અવતરણિકા :-**

**अवञ्चकोदयाद् इत्युक्तं, अत एतत्स्वरूपप्रतिपिपादयिषयाह –**

**અવતરણિકાર્થ :-**

**અવંચકના ઉદયથી, એ પ્રમાણે કહેવાયું અર્થાત્ શ્લોક-૩૩માં અવંચકના ઉદયથી શુભનિમિત્તસંયોગ થાય છે, એ પ્રમાણે કહેવાયું. આથી આના સ્વરૂપને=અવંચકના સ્વરૂપને પ્રતિપાદન કરવાની ઈચ્છાથી કહે છે –**

**શ્લોક :-**

**योगक्रियाफलाख्यं यत् श्रूयतेऽवञ्चकत्रयम् ।**
**साधूनाश्रित्य परममिषुलक्ष्यप्रि(क्रि)योपमम् ।।३४।।**

**અન્વયાર્થ :-**

**यत्=જે કારણથી साधून् आश्रित्य=સાધુને આશ્રયીને इषुलक्ष्यक्रियोपमम्=ઈષુલક્ષ્યક્રિયાની ઉપમાવાળું परमं=શ્રેષ્ઠ योगक्रियाफलाख्यं अवञ्चकत्रयं=યોગ-ક્રિયા-ફલ નામવાળું અવંચકત્રય श्रूयते=સંભળાય છે=**

આગમમાં સંભળાય છે. (તે કારણથી અવંચકના ઉદયથી ભદ્રમૂર્તિ, મહાત્મા એવા આવા પ્રકારના જીવને શુભનિમિત્તસંયોગ થાય છે, એ પ્રકારે શ્લોક-૩૩ની સાથે સંબંધ છે.) ॥૩૪॥

**શ્લોકાર્થ :-**

**જે કારણથી સાધુને આશ્રયીને ઈષુલક્ષ્યની ક્રિયાની ઉપમાવાળું શ્રેષ્ઠ યોગ-ક્રિયા-ફળ નામવાળું અવંચકત્રય આગમમાં સંભળાય છે, તે કારણથી અવંચકના ઉદયથી ભદ્રમૂર્તિ, મહાત્મા એવા આવા પ્રકારના જીવને શુભનિમિત્તસંયોગ થાય છે, એ પ્રકારે શ્લોક-૩૩ની સાથે સંબંધ છે. ॥૩૪॥**

**ટીકા :-**

**'योगक्रियाफलाख्यं' यस्मात् 'श्रूयतेऽवञ्चकत्रयम्' आगमे** 'योगावञ्चकः क्रियावञ्चकः फलावञ्चकः' **इति वचनात्, अव्यक्तसमाधिरेवैष, तदधिकारे पाठात्, चित्रक्षयोपशमतस्तथाविध आशयविशेष इति, एतच्च 'साधूनाश्रित्य' साधवो मुनयः, 'परं-(परमं) अवञ्चकत्रयं' स्वरूपतस्त्वेतद् 'इषुलक्ष्य-क्रियोपमं' शरस्य लक्ष्यक्रिया तत्प्रधानतया तदविसंवादिन्येव, अन्यथा लक्ष्यक्रियात्वायोगात्, एवं साधूनाश्रित्य योगावञ्चकस्तद्योगाविसंवादी, एवं तद्वन्दनादिक्रियान्तत्फलं चाश्रित्यैष एवमेव द्रष्टव्य इति ॥३४॥**

**ટીકાર્થ :-**

'योगक्रियाफलाख्यं' ..... द्रव्यत इति ॥ **જે કારણથી યોગ, ક્રિયા અને ફળ નામવાળું અવંચકત્રય આગમમાં સંભળાય છે; કેમ કે** યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચક **એ પ્રકારનું વચન છે, અવ્યક્તસમાધિ જ આ=અવંચકત્રય છે; કેમ કે તેના અધિકારમાં=અવ્યક્તસમાધિના અધિકારમાં, પાઠ છે=ત્રણ અવંચકને કહેનાર વચન છે.**

અહીં પ્રશ્ન થાય કે આ અવ્યક્તસમાધિરૂપ અવંચક : યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચક ત્રણ ભેદવાળો કેમ છે ? તેથી કહે છે –

**ચિત્ર પ્રકારના ક્ષયોપશમથી=યોગમાર્ગમાં પ્રતિબંધક એવા કર્મના જુદા જુદા પ્રકારના ક્ષયોપશમથી, તેવા પ્રકારનો આશયભેદ છે અર્થાત્ યોગ અવંચક બને, ક્રિયા અવંચક બને, ફલ અવંચક બને તેવા પ્રકારનો આશયભેદ છે. 'इति'=એથી કરીને, આ અવંચક ત્રણ ભેદવાળો છે, એ અર્થ 'इति' શબ્દથી ફલિત થાય છે.**

**અને આ=અવંચકત્રય, સાધુને આશ્રયીને परमं=શ્રેષ્ઠ, અવંચકત્રય છે. અહીં સાધુઓ મુનિ છે.**

**સ્વરૂપથી વળી=અવંચકત્રય સ્વરૂપથી વળી, આ છે=વક્ષ્યમાણ છે, અને તે સ્વરૂપ બતાવે છે :**

**ઈષુલક્ષ્યની ક્રિયાની ઉપમાવાળું છે=અવંચકત્રય ઈષુલક્ષ્યની ક્રિયાની ઉપમાવાળું છે, અને તે સ્વરૂપ સ્પષ્ટ કરતાં કહે છે :**

**બાણની લક્ષ્યક્રિયા, તત્પ્રધાનપણું હોવાને કારણે=લક્ષ્યપ્રધાનપણું હોવાને કારણે, તદ્ અવિસંવાદી જ હોય છે=લક્ષ્યને અવિસંવાદી જ હોય છે; અન્યથા=લક્ષ્યને અવિસંવાદી ન હોય તો, લક્ષ્યક્રિયાત્વનો અયોગ હોવાથી (લક્ષ્યક્રિયા કહેવાય નહિ. તે જ રીતે યોગાવંચક આદિ ત્રણ અવિસંવાદી ન હોય તો યોગાવંચક આદિ કહેવાય નહિ, તેમ इषुलक्ष्यक्रियोपमम् દ્વારા બતાવેલ છે.)**

**આ રીતે=પૂર્વમાં કહ્યું કે અવંચકત્રય इषुलक्ष्यक्रियोपमम् છે એ રીતે, સાધુને આશ્રયીને યોગાવંચક તેમના યોગનો=સાધુના યોગનો, અવિસંવાદી છે; એ રીતે=જે રીતે યોગાવંચક ઇષુલક્ષ્યક્રિયોપમાવાળો હોવાથી અવંચક છે એ રીતે, તેની વંદનાદિ ક્રિયાને=સાધુને કરાતી વંદન ક્રિયાને અથવા તેના ફળને= સાધુયોગના ઉપદેશાદિરૂપ ફળને, આશ્રયીને, આ=ક્રિયાવંચક અથવા ફલાવંચક, એ રીતે જ જાણવો= અવિસંવાદી છે એ રીતે જ જાણવો. ।।૩૪।।**

❖ અહીં 'तद्वन्दनादिक्रिया तत्फलं च' એ પ્રકારનો ટીકાના અંતમાં પાઠ છે. તેના સ્થાને 'तद्वन्दनादिक्रियान्ततत्फलं च' એ પ્રકારનો પાઠ હસ્તલિખિત પ્રતમાં છે અને તે શુદ્ધ છે; કેમ કે तद्वन्दनादिक्रियां એ 'आश्रित्य' નું કર્મ છે, અને સંધિના નિયમથી પાછળ 'त' હોવાથી 'क्रियाम्' માં 'म्' નો 'न्' થયેલ છે.

❖ ટીકાના અંતમાં 'तद्वन्दनादिक्रियां तत्फलं चाश्रित्य' છે ત્યાં 'च', कार 'वा' कार અર્થમાં છે.

**ભાવાર્થ :-**

આગમમાં યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચક એમ ત્રણ અવંચક કહ્યા છે, અને અવ્યક્ત સમાધિના અધિકારમાં આ ત્રણ અવંચકનું કથન છે. તેથી આ ત્રણે અવંચક જીવમાં રહેલ અવ્યક્તસમાધિરૂપ છે. જીવમાં યોગમાર્ગની પ્રવૃત્તિના પ્રતિબંધક મોહનીયકર્મના જુદા જુદા પ્રકારના ક્ષયોપશમના કારણે તેવા પ્રકારના ત્રણ આશયો પ્રગટે છે, અને આ ત્રણે અવંચક ઇષુની લક્ષ્ય વીંધવાની ક્રિયાની ઉપમાવાળા છે. જેમ લક્ષ્ય વીંધવાની પ્રધાનતા કરીને બાણ મૂકવામાં આવે અને બાણ તે લક્ષ્યને વીંધે તો બાણની તે લક્ષ્યક્રિયા છે તેમ કહેવાય, અન્યથા તે લક્ષ્યક્રિયા કહેવાય નહિ. એ રીતે કોઈ જીવને સાધુનો યોગ થાય અને તે યોગ અવિસંવાદી હોય તો યોગાવંચક કહેવાય અન્યથા યોગાવંચક કહેવાય નહિ. તે રીતે ક્રિયાવંચક અને ફલાવંચક પણ અવિસંવાદિ હોય તો ક્રિયાવંચક અને ફલાવંચક કહેવાય અન્યથા ક્રિયાવંચક કે ફલાવંચક કહેવાય નહિ.

આશય એ છે કે ગુણસંપન્ન મહાત્માને ગુણસંપન્નરૂપે જોવા તે ગુણસંપન્નનો યોગ અવંચક છે, અને ગુણસંપન્ન મહાત્માને પ્રણામાદિ ક્રિયાનો નિયમ કરે તે ક્રિયાવંચક છે, અને ગુણસંપન્ન મહાત્માનો યોગ થયા પછી ઉપદેશાદિ દ્વારા ધર્મસિદ્ધિના વિષયમાં સાનુબંધ ફળની પ્રાપ્તિ થાય તે ફલાવંચક છે. તેથી એ ફલિત થયું કે ચરમાવર્તમાં આવેલો જીવ દુઃખિતોમાં અત્યંત દયા આદિ ભાવવાળો હોય છે ત્યારે, એવા જીવને તેનામાં રહેલ આ ત્રણ પ્રકારની અવંચકસમાધિને કારણે સદ્યોગાદિ શુભનિમિત્તસંયોગ થાય છે, જે તેની કલ્યાણની પરંપરાનું કારણ બને છે. **।।૩૪।।**

**અવતરણિકા :-**

एतदपि यन्निमित्तं तदभिधातुमाह –

**અવતરણિકાર્થ :-**

આ પણ=અવંચકત્રય પણ, જેના નિમિત્તે થાય છે, તેને=તે નિમિત્તને, બતાવવા માટે કહે છે –

**શ્લોક :-**

**एतच्च सत्प्रणामादिनिमित्तं समये स्थितम् ।**
**अस्य हेतुश्च परमस्तथाभावमलाल्पता ।।३५।।**

**અન્વયાર્થ :-**

च=અને एतद्=આ=અવંચકત્રય सत्प्रणामादिनिमित्तं=સત્પ્રણામાદિ નિમિત્તવાળો समये=શાસ્ત્રમાં स्थितम्=સ્થિત છે च=અને अस्य=આનો=સત્પ્રણામાદિનો परमः हेतुः=પરમ હેતુ तथाभावमलाल्पता=તે પ્રકારની ભાવમલની અલ્પતા છે. ।।૩૫।।

**શ્લોકાર્થ :-**

**અને આ અવંચકત્રય સત્પ્રણામાદિ નિમિત્તવાળો શાસ્ત્રમાં સ્થિત છે, અને સત્પ્રણામાદિનો પરમ હેતુ તે પ્રકારની ભાવમલની અલ્પતા છે. ।।૩૫।।**

**ટીકા :-**

'एतच्च'=अवञ्चकत्रयं, एतच्चावञ्चकत्रयं, 'सत्प्रणामादिनिमित्तं' - साधुवन्दनादिनिमित्तमित्यर्थः 'समये स्थितं' - सिद्धान्ते प्रतिष्ठितम्, 'अस्य'=सत्प्रणामादेः, 'हेतुश्च परमः' क इत्याह 'तथाभावमलाल्पता'=कर्मसम्बन्धयोग्यताल्पता, रत्नादिमलापगमे ज्योत्स्नादिप्रवृत्तिवदिति योगाचार्याः ।।३५।।

**ટીકાર્થ :-**

'एतच्च'=अवञ्चकत्रयं, ..... योगाचार्याः ।। અને આ=અવંચકત્રય, સત્પ્રણામાદિ નિમિત્તવાળો=સાધુવંદનાદિ નિમિત્તવાળો, શાસ્ત્રમાં સ્થિત છે=સિદ્ધાંતમાં પ્રતિષ્ઠિત છે, અને આનો=સત્પ્રણામાદિનો પરમહેતુ કોણ છે ? એથી કહે છે :

તથાપ્રકારની ભાવમલની અલ્પતા છે=સત્પ્રણામાદિમાં નિમિત્ત બને તેવા પ્રકારની કર્મસંબંધની યોગ્યતાની અલ્પતા છે; જેમ રત્નાદિના મલના અપગમમાં જ્યોત્સ્નાદિની પ્રવૃત્તિ છે, એ પ્રમાણે યોગાચાર્યો કહે છે. ।।૩૫।।

❖ 'रत्नादिमलापगमे' માં 'आदि' પદથી સુવર્ણનું ગ્રહણ કરવું.

❖ 'सत्प्रणामादि' માં 'आदि' પદથી સત્પુરુષોનાં પૂજન, સત્કારનું ગ્રહણ કરવું.

❖ 'ज्योत्स्नादिप्रवृत्तिवदिति' માં 'आदि' પદથી સુવર્ણની કાંતિનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

ભાવમલના અપગમને કારણે જીવમાં ત્રણ અવંચકને અનુકૂળ ત્રણ પ્રકારની અવ્યક્ત સમાધિ પ્રગટે છે.

**યોગાવંચકસમાધિ :-** ભાવમલના અપગમને કારણે જે પુરુષમાં યોગાવંચકને અનુકૂળ અવ્યક્ત સમાધિ પ્રગટી છે, તે પુરુષને સાધુનું દર્શન થાય ત્યારે ગુણવાન એવા તે સાધુને ગુણવાનરૂપે જોઈને તે સાધુ પ્રત્યે તે પુરુષ ભક્તિવાળો થાય છે. આ પ્રકારનો પરિણામ થવામાં તે પુરુષમાં પ્રગટેલ યોગાવંચકસમાધિ કારણ છે.

**ક્રિયાવંચકસમાધિ :-** યોગાવંચકસમાધિવાળા પુરુષ કરતાં જે પુરુષમાં અધિક ભાવમલનો અપગમ થયો છે, તે પુરુષમાં યોગાવંચક અને ક્રિયાવંચક નામની બે પ્રકારની અવ્યક્તસમાધિ પ્રગટે છે. તે પુરુષને સાધુનું દર્શન થાય ત્યારે ગુણવાન એવા તે સાધુને ગુણવાનરૂપે જોઈને તે સાધુ પ્રત્યે તે પુરુષ ભક્તિવાળો થાય છે અને વિશેષ પ્રકારના બહુમાનથી વંદનાદિ ક્રિયા કરે છે, જેના બળથી યોગમાર્ગનાં પ્રતિબંધક ઘણાં કર્મો નાશ કરે છે. આ પ્રકારનો પરિણામ થવામાં તે પુરુષમાં પ્રગટેલ ક્રિયાવંચકસમાધિ કારણ છે.

**ફલાવંચકસમાધિ :-** વળી જે પુરુષમાં ત્રણે અવંચક સમાધિને અનુકૂળ ભાવમલનો અપગમ થયો છે, તે પુરુષમાં યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચક નામની ત્રણે પ્રકારની અવ્યક્તસમાધિ પ્રગટે છે. તે પુરુષને સાધુનું દર્શન થાય ત્યારે ગુણવાન એવા તે સાધુને ગુણવાનરૂપ જોઈને તે સાધુ પ્રત્યે ભક્તિવાળો થાય છે, તે વિશેષ પ્રકારના બહુમાનથી વંદનાદિ ક્રિયા કરે છે, અને ગુણવાન સાધુ પાસેથી પ્રાપ્ત થતા ઉપદેશ દ્વારા ગુણવાન સાધુ સાથેના યોગના ફળભૂત સાનુબંધ ધર્મની પ્રાપ્તિ કરે છે. આ ત્રીજા પ્રકારનો પરિણામ થવામાં તે પુરુષમાં પ્રગટેલ ફળાવંચકસમાધિ કારણ છે.

આ શ્લોકનો સંબંધ પૂર્વના શ્લોકો સાથે આ રીતે છે :

શ્લોક-૩૦માં કહ્યું કે ઘણો ભાવમલ ક્ષીણ થાય ત્યારે જીવ સંશુદ્ધ જિનકુશલચિત્તાદિ યોગબીજોને ગ્રહણ કરે છે, અને ઘણો ભાવમલનો ક્ષય ચરમાવર્તમાં થાય છે, તે વાત શ્લોક-૩૧માં બતાવી; અને તેમાં યુક્તિ આપી કે શાસ્ત્રકારોએ ચરમાવર્તનું જે લક્ષણ કર્યું છે, તે લક્ષણ બતાવે છે કે ચરમાવર્તમાં ઘણો ભાવમલ ક્ષીણ થયો છે; અને આવા લક્ષણવાળા ચરમાવર્તી જીવને અવંચકના ઉદયથી શુભનિમિત્તસંયોગ પ્રાપ્ત થાય છે તે શ્લોક-૩૩માં બતાવ્યું; અને અવંચકનો ઉદય જીવને સત્પ્રણામાદિ નિમિત્તવાળો છે અને સત્પ્રણામાદિમાં મુખ્ય કારણ જીવમાં ભાવમલની અલ્પતા છે, તે આ શ્લોક-૩૫થી બતાવે છે.

તેથી એ ફલિત થાય કે ચરમાવર્તવર્તી જીવો ભાવમલની અલ્પતાવાળા છે, અને તેવા જીવો વિશેષ બોધ નહિ હોવા છતાં સાધુના ત્યાગને જોઈને તેમના પ્રત્યે બહુમાનભાવવાળા થાય છે, સાધુને જોતાં સત્પ્રણામાદિ કરે છે, અને તેનાથી જીવને અવંચકત્રયની પ્રાપ્તિ થાય છે. જેમ ધર્મપાલના જીવે સાધુને જોઈને વિચાર કર્યો કે આ મહાત્માઓ પોતાનું આત્મહિત સાધે છે અને આપણે ચોરી આદિ કરીને આપણો જન્મ વ્યર્થ ખોયો. આ પ્રકારની મહાત્માની પ્રશંસાથી તેનામાં યોગબીજનું ગ્રહણ થયું અને અવંચકત્રયના અંતરાયભૂત કર્મનું વિગમન થવાથી અવ્યક્તસમાધિ પ્રગટી, જેથી બીજા ભવમાં મહાવીર ભગવાનની દેશના સાંભળે છે ત્યારે યોગાવંચકસમાધિને કારણે ગુણસંપન્ન એવા ભગવાનનો યોગ ગુણસંપન્નરૂપે થયો, અને ઉપદેશ સાંભળીને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ. **॥૩૫॥**

**અવતરણિકા :-**

प्रकृतवस्त्वपोद्वलनाय व्यतिरेकसारमाह –

**અવતરણિકાર્થ :-**

પ્રકૃત વસ્તુને=તથા પ્રકારના ભાવમલની અલ્પતા વગર સત્પ્રણામાદિ થતા નથી એ રૂપ પ્રકૃત વસ્તુને, અપોદ્વલન કરવા માટે=ફેરવીને દૃઢ કરવા માટે, વ્યતિરેકસારને=વ્યતિરેકપ્રધાન કથનને, કહે છે -

**શ્લોક :-**

**नास्मिन् घने यतः सत्सु, तत्प्रतीतिर्महोदया ।**
**किं सम्यग् रूपमादत्ते, कदाचिन्मन्दलोचनः ।।३६।।**

**અન્વયાર્થ :-**

यतः=જે કારણથી अस्मिन् घने=આ ઘન હોતે છતે=ભાવમલ ઘન હોતે છતે सत्सु=સત્પુરુષોમાં महोदया तत्प्रतीतिः=મહોદયવાળી તેની પ્રતીતિ=મહોદયવાળી સત્પુરુષરૂપે પ્રતીતિ न=થતી નથી.

(તે કારણથી સત્પ્રણામાદિનો પરમહેતુ તથાભાવમલની અલ્પતા છે, એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે.

શ્લોકના પૂર્વાર્ધનું જ સદૃશ વસ્તુની ઉપમા દ્વારા સમર્થન કરે છે.)

मन्दलोचनः=મંદલોચનવાળો कदाचित्=ક્યારેય किं=શું सम्यग् रूपम्=સમ્યગ્ રૂપને आदत्ते=ગ્રહણ કરે છે ? અર્થાત્ ગ્રહણ કરતો નથી. ।।૩૬।।

**શ્લોકાર્થ :-**

**જે કારણથી આ ઘન હોતે છતે સત્પુરુષોમાં મહોદયવાળી સત્પુરુષરૂપે પ્રતીતિ થતી નથી, તે કારણથી સત્પ્રણામાદિનો પરમ હેતુ તથાભાવમલની અલ્પતા છે, એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે.**

**શ્લોકના પૂર્વાર્ધનું જ સદૃશ વસ્તુની ઉપમા દ્વારા સમર્થન કરે છે :**

**મંદલોચનવાળો ક્યારેય શું સમ્યગ્ રૂપને ગ્રહણ કરે છે ? અર્થાત્ ગ્રહણ કરતો નથી. ।।૩૬।।**

**ટીકા :-**

'न' 'अस्मिन्'=भावमले, 'घने'=प्रबले, यतः 'सत्सु'=साधुषु, 'तत्प्रतीतिः' सत्प्रतीतिः, भवति किंविशिष्टेत्याह 'महोदया-' अभ्युदयादिसाधकत्वेन । प्रतिवस्तूपमयाऽमुमेवार्थमाह 'किं सम्यग् रूपमादत्ते?' लक्षणव्यञ्जनादि-कात्स्न्र्येन 'कदाचिन्मन्दलोचनः' इन्द्रियदोषान्नादत्त एवेत्यर्थः ।।३६।।

**ટીકાર્થ :-**

'न' 'अस्मिन्' ..... एवेत्यर्थः।। જે કારણથી ઘન=પ્રબળ, આ=ભાવમલ હોતે છતે, સત્પુરુષોમાં=

**સાધુપુરુષોમાં, તેની પ્રતીતિ=સત્પ્રતીતિ, થતી નથી. કેવા પ્રકારની વિશિષ્ટ આ સત્પ્રતીતિ છે ? એથી કહે છે :**

**અભ્યુદયાદિસાધકપણું હોવાને કારણે મહોદયવાળી સત્પ્રતીતિ છે. આ જ અર્થને=ઘન મલ હોતે છતે સાધુમાં મહોદયવાળી સત્પ્રતીતિ થતી નથી એ જ અર્થને, પ્રતિવસ્તુની ઉપમાથી=સદૃશ વસ્તુની ઉપમાથી, કહે છે :**

**લક્ષણવ્યંજનાદિ કાત્સ્ન્ર્યથી=લક્ષણવ્યંજનાદિના સંપૂર્ણપણાથી સમ્યગ્ રૂપ ક્યારે પણ મંદલોચનવાળો શું ગ્રહણ કરે છે ? અર્થાત્ ઇંદ્રિયનો દોષ હોવાથી ગ્રહણ કરતો નથી જ. ॥૩૬॥**

❖ 'अभ्युदयादि' માં 'आदि' પદથી નિઃશ્રેયસ=મોક્ષનું ગ્રહણ કરવું.

❖ 'लक्षणव्यञ्जनादि' માં 'आदि' પદથી રેખા, ઉપરેખાનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં સ્થાપન કર્યું કે જીવમાં તેવા પ્રકારની ભાવમલની અલ્પતાથી સત્પ્રણામાદિ થાય છે. તેને જ દૃઢ કરવા માટે કહે છે :

જીવમાં ભાવમલ ઘણો હોય તો સાધુ પુરુષમાં આ ગુણવાન પુરુષ છે તે પ્રકારે પ્રતીતિ થતી નથી. જોકે ઘન ભાવમલવાળા જીવો પણ તીર્થંકરની પુણ્યપ્રકૃતિ આદિ જોઈને તેઓને નમસ્કાર આદિ કરે છે, પરંતુ તે નમસ્કાર માત્ર બાહ્ય વૈભવથી પ્રભાવિત થઈને કરે છે. તેવા નમસ્કારની વ્યાવૃત્તિ કરવા માટે કહે છે કે સાધુ પુરુષોમાં અભ્યુદય અને મોક્ષની સાધક એવી મહોદયવાળી પ્રતીતિ જીવને ઘન ભાવમલ હોતે છતે થતી નથી.

તેથી એ ફલિત થયું કે ઘણો ભાવમલ જાય ત્યારે ગુણવાનના ગુણોથી આકર્ષાઈને બહુમાનનો ભાવ થાય છે, અને તેના કારણે અભ્યુદય અને મોક્ષનું કારણ બને તેવી ગુણવાન પુરુષોમાં સત્પુરુષની પ્રતીતિ થાય છે. તેવી સત્પુરુષની પ્રતીતિ ઘણો ભાવમલ હોય ત્યારે થાય નહિ, તેથી ભાવમલની અલ્પતા જ સત્પ્રણામાદિનું નિમિત્ત કારણ છે એ પ્રકારે પૂર્વશ્લોક સાથે સંબંધ છે; અને તેને સદૃશ વસ્તુની ઉપમા દ્વારા બતાવે છે :

જેની ચક્ષુની શક્તિ નબળી હોય તે જીવ ક્યારેય લક્ષણવ્યંજનાદિ કાત્સ્ન્ર્યથી સમ્યગ્ રૂપ જોઈ શકતો નથી.

અહીં કદાચિત્ કહેવાથી એ કહેવું છે કે જે જીવ પાસે લક્ષણ, વ્યંજન, રેખા, ઉપરેખા આદિનું જ્ઞાન છે અને અન્ય જીવના રૂપને જોવા માટે પ્રયત્નવાળો પણ છે, આમ છતાં ચક્ષુમાં દોષ હોય તો દેહનાં લક્ષણો, વ્યંજનો, રેખા, ઉપરેખા વગેરે ક્યારેય યથાર્થ જોઈ શકતો નથી; કેમ કે ચક્ષુમાં સામર્થ્ય નથી. તે રીતે જેનો ભાવમલ અલ્પ થયો નથી, તેવો જીવ કોઈક રીતે મનુષ્યભવને પામીને ઘણો બુદ્ધિમાન હોય અને ઘણાં શાસ્ત્રો ભણ્યો હોય, તોપણ ભાવમલની પ્રચુરતાને કારણે તેને તત્ત્વને જોવાની નિર્મળ અંતરંગ ચક્ષુ નથી; તેથી ક્યારે પણ ગુણવાન પુરુષોમાં રહેલા મોક્ષને અનુકૂળ પારમાર્થિક ગુણોને તે જોઈ શકતો નથી. તેથી જે જીવમાં ભાવમલની અલ્પતા થાય, તેવા જીવને તત્ત્વ જોવાની કંઈક નિર્મળ પ્રજ્ઞા પ્રગટે છે, અને તેવો જીવ સાધુમાં રહેલ મોક્ષસાધક યોગોને કંઈક જોઈ શકે છે, જેના કારણે તેમના પ્રત્યે બહુમાન થાય છે અને તે બહુમાનથી પ્રેરાઈને સત્પ્રણામાદિ કરે છે.

'तदभावे तदभावः' એ વ્યતિરેક કથન છે, અને અવતરણિકામાં કહેલ કે 'વ્યતિરેકસારને કહે છે' તે શ્લોકમાં આ રીતે છે :

અલ્પભાવમલનો અભાવ હોતે છતે સાધુ પુરુષોમાં મહોદયવાળી સત્પ્રતીતિ થતી નથી, એ કથનથી એ ફલિત થયું કે અલ્પમલના અભાવમાં સત્પ્રતીતિનો અભાવ છે. આ વ્યતિરેકસાર કથન છે. **॥૩૬॥**

**અવતરણિકા :-**

**अधुनान्वयसारमधिकृतवस्तुसमर्थनायैवाह –**

**અવતરણિકાર્થ :-**

**પૂર્વશ્લોકમાં ભાવમલની અલ્પતાથી સત્પ્રણામાદિ થાય છે તેનું વ્યતિરેકથી સમર્થન કર્યું. હવે અન્વયપ્રધાન અધિકૃત વસ્તુના સમર્થન માટે=ભાવમલની અલ્પતા સત્પ્રણામાદિનો હેતુ છે તે રૂપ અધિકૃત વસ્તુના સમર્થન માટે, જ કહે છે –**

**શ્લોક :-**

**अल्पव्याधिर्यथा लोके तद्विकारैर्न बाध्यते ।**
**चेष्टते चेष्टसिद्‌ध्यर्थं, वृ(धृ)त्यैवायं तथा हिते ।।३७।।**

**અન્વયાર્થ :-**

**यथा=જે પ્રમાણે लोके=લોકમાં अल्पव्याधिः=અલ્પવ્યાધિવાળો तद्विकारैः=તેના વિકારો વડે=વ્યાધિના વિકારો વડે बाध्यते न=બાધા પામતો નથી च=અને इष्टसिद्धयर्थं=ઈષ્ટસિદ્ધિને માટે=કુટુંબાદિ પાલન માટે चेष्टते=ચેષ્ટા કરે છે=રાજસેવાદિમાં પ્રવૃત્તિ કરે છે, तथा=તે પ્રમાણે अयं=આ=યોગી धृत्या एव= ધૃતિ વડે જ हिते=હિતમાં (પ્રવૃત્તિ કરે છે.) ।।૩૭।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે લોકમાં અલ્પવ્યાધિવાળો માણસ વ્યાધિના વિકારો વડે બાધા પામતો નથી અને કુટુંબાદિપાલન માટે રાજસેવાદિમાં પ્રવૃત્તિ કરે છે, તે પ્રમાણે યોગી ધૃતિ વડે જ હિતમાં પ્રવૃત્તિ કરે છે. ।।૩૭।।**

**ટીકા :-**

**'अल्पव्याधिः'=क्षीणप्रायरोगः, 'यथा लोके' कश्चित् 'तद्विकारैः'=कण्ड्वादिभिः ,'न बाध्यते'= व्याधेरल्पत्वेन न बाध्यते, किं चेत्याह 'चेष्टते च' राजसेवादौ, 'इष्टसिद्‌ध्यर्थं'=कुटुम्बादिपालनाय, एष दृष्टान्तोऽयमर्थोपनय इत्याह, 'वृ(धृ)त्यैव' धर्मयोनिरूपया एतच्च** 'वृत्तिः' (धृतिः) श्रद्धा सुखा विविदिषा विज्ञप्तिरिति धर्मयोनयः' **इति वचनात्, तदनया हेतुभूतया, 'अयं'=योगी, 'तथा' अल्पव्याधिपुरुष-वत्स्थूराऽकार्यप्रवृत्तिनिरोधेन, 'हिते'=हितविषये दानादौ, चेष्टत इति ।।३७।।**

**ટીકાર્થ :-**

**'अल्पव्याधिः' ..... चेष्टत इति ।। જે પ્રમાણે લોકમાં અલ્પવ્યાધિવાળો કોઈક=ક્ષીણપ્રાય રોગવાળો કોઈક, તેના વિકારો વડે= વ્યાધિના વિકારો વડે=કંડુ આદિ વડે, બાધા પામતો નથી=વ્યાધિનું અલ્પપણું હોવાને કારણે બાધા પામતો નથી, किं च=અને શું ? એથી કહે છે – અને રાજસેવાદિમાં ઈષ્ટસિદ્ધિ માટે=કુટુંબાદિ પાલન માટે, ચેષ્ટા કરે છે, આ=પૂર્વમાં વર્ણન કર્યું એ, દૃષ્ટાંત છે. આ=આગળ વર્ણન કરાય છે, એ અર્થ ઉપનય છે. એથી કહે છે - અર્થાત્ અર્થ ઉપનયને કહે છે :**

**ધર્મયોનિરૂપ ધૃતિ વડે જ 'अयं योगी' - આ યોગી, તે પ્રકારના અલ્પવ્યાધિવાળા પુરુષની જેમ સ્થૂલ અકાર્યની પ્રવૃત્તિના નિરોધ વડે, હિતમાં=હિતના વિષયભૂત દાનાદિમાં, ચેષ્ટા કરે છે.**

અહીં ધૃતિ ધર્મયોનિ કેમ છે ? તેમાં યુક્તિ આપે છે :

ધૃતિ, શ્રદ્ધા, સુખા, વિવિદિષા, વિજ્ઞપ્તિ 'इति=एताः, એ=ધર્મયોનિઓ છે. **એ પ્રકારનું વચન હોવાથી= અન્યદર્શનનું વચન હોવાથી, ધર્મયોનિરૂપ ધૃતિ વડે જ આ યોગી હિતમાં ચેષ્ટા કરે છે, એમ અન્વય છે. ।।૩૭।।**

❖ અહીં ટીકામાં 'धर्मयोनिरूपया' પછી 'एतच्च' અને 'इति वचनात्' પછી 'तदनया हेतुभूतया' એ કથનનું વિભક્તિથી કોઈ જોડાણ નથી, તેથી પાઠ કંઈક ત્રૂટિત જણાય છે. માટે મૂળશ્લોકને સામે રાખીને જે પ્રમાણે અન્વય છે તે પ્રમાણે ટીકાર્થ લખેલ છે.

❖ 'कुटुंबादिपालनाय' માં 'आदि' પદથી સ્વપાલનનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

શ્લોક-૩૫માં કહેલ કે ભાવમલની અલ્પતા એ સત્પ્રણામાદિનો હેતુ છે. તેને અન્વયપ્રધાન દૃષ્ટાંતથી સમર્થન કરે છે.

જેમ લોકમાં કોઈ પુરુષને ઘણો રોગ બાધા કરતો હોય તો તે પુરુષ, તેને કુટુંબનું પાલન કે સ્વનું પાલન ઇષ્ટ હોવા છતાં તેને માટે ધનોપાર્જનાદિમાં પ્રવૃત્તિ કરી શકતો નથી; જ્યારે અલ્પવ્યાધિવાળો હોય તો તે વ્યાધિ તેને અતિ બાધા કરતો નથી, તેથી પોતાને ઇષ્ટ એવું કુટુંબનું પાલન, પોતાના દેહનું પાલન વગેરે કરવા માટે રાજસેવા આદિ પ્રવૃત્તિ કરે છે.

આ દૃષ્ટાંત દ્વારા અર્થનો ઉપનય કરે છે - જેમ તે અલ્પ વ્યાધિવાળો ઇષ્ટસિદ્ધિ માટે પ્રવૃત્તિ કરે છે, તેમ પહેલી દૃષ્ટિને પામેલા એવા આ યોગી ધર્મની યોનિભૂત એવી ધૃતિ વડે કરીને પોતાના હિતના વિષયભૂત દાનાદિમાં પ્રવૃત્તિ કરે છે.

આશય એ છે કે જેમ શરીરનો વ્યાધિ અલ્પ હોય તો ધનોપાર્જનાદિમાં સંસારી જીવો પ્રવૃત્તિ કરી શકે છે, તે રીતે ઘણો ભાવમલ ક્ષય થાય છે ત્યારે જીવમાં રાગાદિરૂપ ભાવરોગ અલ્પ થાય છે, તેથી આત્મહિતને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિ કરે છે. આ ઉચિત પ્રવૃત્તિ ધૃતિથી થાય છે; કેમ કે ધૃતિ આદિ પાંચ, ધર્મની નિષ્પત્તિની યોનિઓ છે. તે આ રીતે –

જીવ સંસારમાં સાત ભયોથી વ્યાકુળ હોય છે, તેથી તે સાત ભયોના નિવારણના બાહ્ય ઉપાયોમાં યત્ન કરે છે; પોતાને આજીવિકાની તકલીફ ન થાય, શત્રુ આદિથી કોઈ આપત્તિ ન આવે કે વૃદ્ધાવસ્થા જલદી ન આવે તેના માટે સર્વ પ્રવૃત્તિઓ કર્યા કરે છે; પરંતુ કર્મમલની અલ્પતા થવાથી યોગની પહેલી દૃષ્ટિને પામેલા યોગી, જેમ અલ્પ વ્યાધિવાળો જીવ પોતાના કુટુંબપાલન માટે ચેષ્ટા કરે છે, તેમ ધૃતિપૂર્વક આત્મહિતમાં પ્રવૃત્તિ કરે છે.

અહીં વિશેષ એ છે કે ધૃતિપૂર્વક આત્મહિતમાં પ્રવૃત્તિ કરવાથી અભય, ચક્ષુ, માર્ગ, શરણ અને બોધિ આ પાંચ ભૂમિકા ક્રમસર જીવમાં આવે છે. તેમાંથી અભય, ચક્ષુ, માર્ગ અને શરણ : એ ભાવો યોગની પ્રથમ ચાર દૃષ્ટિમાં થનારા હોવાથી ચારદૃષ્ટિસ્વરૂપ છે. તેમાં બોધિની પ્રાપ્તિ એ સમ્યગ્જ્ઞાન સ્વરૂપ છે અને યોગની પ્રથમ ચાર દૃષ્ટિઓ સમ્યગ્જ્ઞાનની પૂર્વભૂમિકારૂપ છે. વળી ધૃતિ, શ્રદ્ધા, સુખા, વિવિદિષા અને વિજ્ઞપ્તિ : એ પાંચ ધર્મયોનિઓ છે. ત્યાં પહેલી દૃષ્ટિમાં અભયની પ્રાપ્તિ થાય છે, તેને અહીં ધૃતિ શબ્દથી ગ્રહણ કરે છે. બીજી દૃષ્ટિમાં ચક્ષુ પ્રાપ્ત થાય છે, તેને અહીં શ્રદ્ધાથી ગ્રહણ કરેલ છે. ત્રીજી દૃષ્ટિમાં માર્ગની પ્રાપ્તિ થાય છે, તેને અહીં સુખાથી ગ્રહણ કરેલ છે. ચોથી દૃષ્ટિમાં શરણ પ્રાપ્ત થાય છે, તેને અહીં વિવિદિષાથી ગ્રહણ કરેલ છે. આ ધૃતિ આદિ ચારેય પરિણામોથી વિજ્ઞપ્તિરૂપ સમ્યક્ત્વ પ્રગટ થાય છે. વળી યોગની પ્રથમ ચાર દૃષ્ટિઓ સમ્યગ્જ્ઞાનની પૂર્વભૂમિકારૂપે સમ્યગ્જ્ઞાનરૂપ છે, અને બોધિની પ્રાપ્તિ એ સમ્યગ્જ્ઞાન છે. આ બંને પ્રકારનાં સમ્યગ્જ્ઞાન સમ્યક્પ્રવૃત્તિનું કારણ છે. માટે ધૃતિ આદિ પાંચેયને ધર્મની યોનિ કહેલ છે. **॥૩૭॥**

**અવતરણિકા :-**

**एतदनन्तरोदितमखिलमेव यदोपजायते तदाभिधातुमाह –**

**અવતરણિકાર્થ :-**

**આ અનંતર કહેવાયેલું સર્વ જ=શ્લોક-૨૩થી સંશુદ્ધ જિનકુશલચિત્તાદિ જે ભાવમલની અલ્પતાને કારણે થતાં યોગબીજો કહ્યાં તે સર્વ જ, જ્યારે થાય છે, तदा=તે કાળ, કહેવા માટે કહે છે –**

**શ્લોક :-**

**यथाप्रवृत्तकरणे, चरमेऽल्पमलत्वतः ।**
**आसन्नग्रन्थिभेदस्य, समस्तं जायते ह्यदः ।।३८।।**

**અન્વયાર્થ :-**

**अल्पमलत्वतः=અલ્પમલપણું હોવાને કારણે आसन्नग्रन्थिभेदस्य=આસન્નગ્રંથિભેદવાળા જીવને चरमे यथाप्रवृत्तकरणे=ચરમયથાપ્રવૃત્તકરણમાં अदः समस्तं=આ બધું=શ્લોક-૨૩ થી ૩૭ સુધીમાં બતાવેલ સંશુદ્ધ જિનકુશલચિત્તાદિ સર્વ जायते=થાય છે. ही=પાદપૂર્તિ માટે છે. ॥૩૮॥**

**શ્લોકાર્થ :-**

**અલ્પમલપણું હોવાને કારણે આસન્નગ્રંથિભેદવાળા જીવને ચરમ યથાપ્રવૃત્તકરણમાં શ્લોક-૨૩ થી ૩૭ સુધીમાં બતાવેલ સંશુદ્ધ જિનકુશલચિત્તાદિ સર્વ થાય છે. 'ह्री' પાદપૂર્તિ માટે છે. ।।૩૮।।**

**ટીકા :-**

**'यथाप्रवृत्तकरणे' - प्राग्व्यावर्णितस्वरूपे 'चरमे'=पर्यन्तवर्तिनि, 'अल्पमलत्वतः' कारणात् 'आसन्नग्रन्थिभेदस्य' सतः, 'समस्तं' - अनन्तरोदितं 'जायते ह्यद' एतदिति ।।३८।।**

**ટીકાર્થ :-**

**'यथाप्रवृत्तकरणे' ..... एतदिति ।। પ્રાગ્વ્યાવર્ણિત સ્વરૂપવાળા=શ્લોક-૧૦માં વર્ણન કરાયેલા સ્વરૂપવાળા, ચરમ=પર્યન્તવર્તિ, યથાપ્રવૃત્તકરણમાં, અલ્પમલપણાને કારણે આસન્નગ્રંથિભેદવાળા છતા એવા જીવને, આ=અનંતરમાં કહેવાયેલ=શ્લોક-૨૩ થી ૩૭ સુધીમાં કહેવાયેલ, સમસ્ત થાય છે. ।।૩૮।।**

**ભાવાર્થ :-**

ચરમાવર્તમાં આવેલો જીવ જ્યારે અને જેટલાં પણ, યોગની પ્રથમની ચાર દૃષ્ટિના પરિણામને સ્પર્શનારાં યથાપ્રવૃત્તકરણ કરે છે, તે સર્વ યથાપ્રવૃત્તકરણને ચરમયથાપ્રવૃત્તકરણ કહેવાય, એ પ્રકારનો ઉલ્લેખ ધર્મપરીક્ષામાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે કરેલ છે.

તેથી એ ફલિત થાય કે જીવ ચરમાવર્તમાં આવેલો હોય ત્યારે તેનામાં ભાવમલ અલ્પ વર્તતો હોય છે, અને તેવો જીવ દુઃખિતમાં અત્યંત દયા કરે, ઇત્યાદિ જે ચરમાવર્તનું લક્ષણ કર્યું, તે દુઃખિતમાં દયા આદિ ચરમયથાપ્રવૃત્તકરણના સામર્થ્યથી કરે છે; અને જિનમાં કુશલચિત્તાદિ કરે છે કે આચાર્યાદિમાં પણ કુશલચિત્ત કરે છે કે સાધુવંદનાદિ કરે છે, તે સર્વ ચરમયથાપ્રવૃત્તકરણના સામર્થ્યથી કરે છે. આ ભૂમિકા સર્વ યોગબીજોના ગ્રહણની છે, તેથી સમ્યગ્જ્ઞાનની પૂર્વભૂમિકા છે. માટે આ જ્ઞાનવાળા જીવને ગ્રંથિભેદઆસન્નવર્તી કહેલ છે. આવા જીવને ઉચિત સામગ્રી મળે તો ગ્રંથિભેદ એ જ ભવમાં કરે, ક્વચિત્ ઘણા ભવ પછી પણ કરે.

વળી કોઈક જીવ ચરમાવર્તમાં આવેલો હોય, એક પુદ્ગલપરાવર્ત નિયમા સંસારમાં પરિભ્રમણ કરનારો હોય, અને ચરમાવર્તમાં આવ્યા પછી તરત કોઈ નિમિત્ત પામીને યોગબીજો ગ્રહણ કરે, તો તેવો જીવ યોગબીજો ગ્રહણ કર્યા પછી કર્મના દોષથી ચરમયથાપ્રવૃત્તકરણમાંથી અવશ્ય બહાર નીકળી જાય છે, અને આવો જીવ ગ્રંથિભેદ વહેલામાં વહેલો કરે તોપણ અર્ધ પુદ્ગલપરાવર્ત સંસાર બાકી રહે ત્યારે જ કરી શકે છે, તેનાં પહેલાં ગ્રંથિભેદ સંભવતો નથી. તેથી આવા જીવને આશ્રયીને યોગબીજો ગ્રહણ કર્યા પછી કાળથી ગ્રંથિભેદમાં ઘણો વિલંબ હોવા છતાં, ગ્રંથિભેદને અનુકૂળ એવો ઉત્તમ ભાવ આવા જીવોમાં પણ યોગબીજગ્રહણકાળમાં વર્તી રહ્યો છે. તેથી ઉત્તમ ભાવને આશ્રયીને આ ચરમયથાપ્રવૃત્તકરણ ગ્રંથિભેદને આસન્ન છે, અને કાળને આશ્રયીને પણ ચરમાવર્ત બહારના થતા યથાપ્રવૃત્તકરણની અપેક્ષાએ યોગબીજને ગ્રહણ કરતું એવું ચરમયથાપ્રવૃત્તકરણ ગ્રંથિભેદને આસન્ન છે; કેમ કે ઉત્કૃષ્ટથી ગ્રંથિભેદનું અંતર એક પુદ્ગલપરાવર્તન થઈ શકે, તેનાથી અધિક અંતર થઈ શકે નહિ.

તેથી એ ફલિત થાય કે ચરમાવર્તમાં આવેલા જીવને ભાવમલ અલ્પ વર્તતો હોય છે, તેથી સામગ્રી મળે તો ચરમાવર્તમાં રહેલ જીવ જિનકુશલચિત્તાદિ સર્વ યોગબીજોમાંથી પોતાની ભૂમિકા પ્રમાણે જે સંભવે તે યોગબીજ ગ્રહણ કરે છે, અને યોગબીજ ગ્રહણ કર્યા પછી સામગ્રી મળે તો સમ્યક્ત્વ પણ પામી શકે, અને આગળની ભૂમિકાઓ પણ શીઘ્ર પામે તો યોગમાર્ગના સેવનથી ચરમાવર્તનો કાળ પણ અલ્પ કરીને શીઘ્ર મોક્ષમાં પહોંચી જાય; અને કોઈ જીવ યોગબીજ ગ્રહણ કરીને પાછળથી યોગમાર્ગથી ભ્રષ્ટ થાય તો ઉત્કૃષ્ટથી એક પુદ્ગલપરાવર્તના અંતે અવશ્ય યોગમાર્ગને પામીને મોક્ષમાં જાય છે. **॥૩૮॥**

**અવતરણિકા :-**

**अथवा चरमं यथाप्रवृत्तमिदमपूर्वमेवेत्याह –**

**અવતરણિકાર્થ :-**

**અથવા આ ચરમયથાપ્રવૃત્તકરણ અપૂર્વ જ છે. इति=एतद्=એને, કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં ચરમયથાપ્રવૃત્તકરણને ગ્રંથિભેદની આસન્ન છે એમ કહ્યું. તેથી એ ફલિત થયું કે ગ્રંથિભેદ અપૂર્વકરણથી થાય છે અને અપૂર્વકરણ એ અપૂર્વ છે; પરંતુ ચરમયથાપ્રવૃત્તકરણ ગ્રંથિભેદના કારણીભૂત અપૂર્વકરણની આસન્નમાં છે. હવે 'અથવા'થી ચરમયથાપ્રવૃત્તકરણ અપૂર્વકરણની જેમ અપૂર્વ છે, તે બતાવતાં કહે છે :

**શ્લોક :-**

**अपूर्वासन्नभावेन, व्यभिचारवियोगतः ।**
**तत्त्वतोऽपूर्वमेवेदमिति योगविदो विदुः ।।३९।।**

**અન્વયાર્થ :-**

**अपूर्वासन्नभावेन=અપૂર્વ આસન્નભાવ હોવાને કારણે व्यभिचारवियोगतः=વ્યભિચારનો વિયોગ હોવાથી इदम्=આ=ચરમયથાપ્રવૃત્તકરણ तत्त्वतः=તત્ત્વથી अपूर्वम् एव=અપૂર્વ જ છે, इति=એ પ્રમાણે योगविदः= યોગના જાણનારાઓ विदुः=કહે છે. ।।૩૯।।**

**શ્લોકાર્થ :-**

**અપૂર્વ આસન્નભાવ હોવાને કારણે વ્યભિચારનો વિયોગ હોવાથી ચરમયથાપ્રવૃત્તકરણ તત્ત્વથી અપૂર્વ જ છે, એ પ્રમાણે યોગના જાણનારાઓ કહે છે. ।।૩૯।।**

**ટીકા :-**

'अपूर्वासन्नभावेन' हेतुना तथा 'व्यभिचारवियोगतः' कारणात् 'तत्त्वतः'=परमार्थेन, 'अपूर्वमेव' 'इदं'=चरमं यथाप्रवृत्तम्, 'इति योगविदो विदुः' एवं योगविदो जानत इति भावः ।।३९।।

**ટીકાર્થ :-**

'अपूर्वासन्नभावेन' ..... भावः ।। **અપૂર્વકરણના આસન્નભાવરૂપ હેતુથી અને વ્યભિચારનો વિયોગ હોવાને કારણે તત્ત્વથી=પરમાર્થથી, આ=ચરમયથાપ્રવૃત્તકરણ, અપૂર્વ જ છે, એ પ્રમાણે યોગના જાણનારાઓ કહે છે, એ પ્રકારનો ભાવ છે. ॥૩૯॥**

**ભાવાર્થ :-**

જીવ ગ્રંથિભેદ અપૂર્વકરણથી કરે છે અને અપૂર્વકરણ એ ગ્રંથિભેદને અનુકૂળ જીવનો અધ્યવસાય છે, અને તે અધ્યવસાય અપૂર્વ છે; કેમ કે પૂર્વમાં જીવે ક્યારેય આવો ઉત્તમ અધ્યવસાય કર્યો નથી, તેથી આ અપૂર્વ કોટીનો અધ્યવસાય છે; અને આ અપૂર્વકરણના અધ્યવસાયથી જીવ ગ્રંથિનો ભેદ કરીને સમ્યક્ત્વ પામે છે; અને દરેક ચરમયથાપ્રવૃત્તકરણ એ અપૂર્વકરણના અતિ આસન્નભાવવાળું છે; કેમ કે ચરમયથાપ્રવૃત્તકરણમાં થતા યોગબીજોના ગ્રહણને અનુકૂળ અધ્યવસાયથી નિમિત્ત પામીને જીવને અપૂર્વકરણનો અધ્યવસાય ઉલ્લસિત થાય છે. આ ચરમયથાપ્રવૃત્તકરણમાં થતો યોગબીજોના ગ્રહણને અનુકૂળ અધ્યવસાય પણ પૂર્વમાં જીવને ક્યારેય પ્રાપ્ત થયો નથી; તેથી જેમ ગ્રંથિભેદ વખતે થતો અપૂર્વકરણનો ઉત્તમ અધ્યવસાય અપૂર્વ છે, તેમ અપૂર્વકરણના આસન્નભાવવાળો એવો ચરમયથાપ્રવૃત્તકરણનો અધ્યવસાય પણ અપૂર્વ જ છે.

વળી ચરમયથાપ્રવૃત્તકરણકાળમાં ગ્રહણ કરાતાં યોગબીજોનો અધ્યવસાય નિયમા ગ્રંથિભેદનું કારણ છે. તેથી ચરમયથાપ્રવૃત્તકરણમાં થયેલા યોગબીજના અધ્યવસાયમાં ગ્રંથિભેદરૂપ ફળ સાથે વ્યભિચારનો વિયોગ છે, અર્થાત્ વ્યભિચાર નથી. તેથી ચરમયથાપ્રવૃત્તકરણને પણ તત્ત્વથી અપૂર્વ જ કહેલ છે; કેમ કે ચરમાવર્તમાં કોઈક જીવને યથાપ્રવૃત્તકરણ અનેક વખત થવા છતાં તે સર્વ યથાપ્રવૃત્તકરણો યોગબીજોને ગ્રહણ કરે તેવાં જ થાય છે, તેને આશ્રયીને તે યથાપ્રવૃત્તકરણ પણ અપૂર્વ જ છે. જેમ કોઈ જીવ સમ્યક્ત્વ પામ્યા પછી મિથ્યાત્વને પામે તો ફરી સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા અપૂર્વકરણ કરે, અને તેમ અનેક વખત મિથ્યાત્વ પામે તો અનેક વખત પણ અપૂર્વકરણ કરે. આમ અપૂર્વકરણ પણ કોઈ જીવને અનેક વખત થવા છતાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરતી વખતે જ થાય છે, માટે સર્વ અપૂર્વકરણો અપૂર્વ જ છે.

સામાન્ય રીતે અપૂર્વકરણનો જ અધ્યવસાય અપૂર્વ હોય અને ચરમયથાપ્રવૃત્તકરણનો અધ્યવસાય અપૂર્વ ન હોય તો, અને અપૂર્વકરણના આસન્નભાવમાત્રથી ચરમયથાપ્રવૃત્તકરણને અપૂર્વ કહેવું હોય તો, પરમાર્થથી અપૂર્વ છે તેમ ન કહેવાય; પરંતુ કારણમાં કાર્યનો ઉપચાર કરીને અપૂર્વ છે તેમ કહેવું પડે, અર્થાત્ અપૂર્વકરણનો અધ્યવસાય અપૂર્વ છે અને ચરમયથાપ્રવૃત્તકરણ તેના આસન્નભાવવાળું છે, માટે ઉપચારથી અપૂર્વ છે, તેમ કહેવું પડે; પરંતુ ગ્રંથકારને ચરમયથાપ્રવૃત્તકરણ ઉપચારથી અપૂર્વ માન્ય નથી, તે બતાવવા માટે જ કહ્યું કે તત્ત્વથી ચરમયથાપ્રવૃત્તકરણ અપૂર્વ જ છે.

તેનાથી એ ફલિત થયું કે જેમ અપૂર્વકરણનો પરિણામ અનાદિ સંસારમાં સમ્યક્ત્વની પ્રાપ્તિના કાળ સિવાય જીવે ક્યારેય પ્રાપ્ત કર્યો નથી તેથી તે અપૂર્વ છે, તેમ ચરમયથાપ્રવૃત્તકરણનો પરિણામ પણ અપૂર્વ

જ છે; કેમ કે આવો પરિણામ જીવે યોગબીજ ગ્રહણના કાળ સિવાય અનંતકાળમાં ક્યારેય પ્રાપ્ત કર્યો નથી. જોકે ગ્રંથિભેદકાળમાં થતો અપૂર્વકરણનો પરિણામ વિશેષ કોટીનો અપૂર્વ છે, અને ચરમયથાપ્રવૃત્તકરણનો પરિણામ પણ અપૂર્વ છે, ફક્ત તેના જેટલો ઉત્તમ નથી; પણ ભાવથી તેની નજીકનો પરિણામ છે. જેમ મુનિભાવનો પરિણામ અધિક ઉત્તમ છે, તેના કરતાં ગ્રંથિભેદનો પરિણામ ન્યૂન છે, તોપણ ગ્રંથિભેદના પરિણામને અપૂર્વ પરિણામરૂપે શાસ્ત્રકારોએ સ્વીકાર્યો, તે રીતે ભાવથી અપૂર્વકરણની નજીકનો અને અવશ્ય અપૂર્વકરણના પરિણામને પ્રગટ કરે તેવો ચરમયથાપ્રવૃત્તકરણનો પરિણામ પણ અપૂર્વ છે, એમ યોગમાર્ગના જાણનારાઓ કહે છે. **II૩૯II**

**અવતરણિકા :-**

**इहैव गुणस्थानयोजनमाह –**

**અવતરણિકાર્થ :-**

**અહીં જ=યોગની પહેલી દૃષ્ટિમાં જ, ગુણસ્થાનકના યોજનને કહે છે –**

**ભાવાર્થ :-**

શાસ્ત્રમાં ૧૪ ગુણસ્થાનકો બતાવાયાં છે, તેમાં મિથ્યાત્વ નામનું પ્રથમ ગુણસ્થાનક છે. ગુણસ્થાનકનો અર્થ એ થાય કે મોક્ષને અનુકૂળ એવા ગુણોનું સ્થાન, અને આવા ગુણોના સ્થાનરૂપ પહેલું ગુણસ્થાનક પહેલી દૃષ્ટિમાં છે, તે પ્રકારના યોજનને પ્રસ્તુત શ્લોકમાં કહે છે –

**શ્લોક :-**

**प्रथमं यद् गुणस्थानं, सामान्येनोपवर्णितम् ।**
**अस्यां तु तदवस्थायां, मुख्यमन्वर्थयोगतः ।।४०।।**

**અન્વયાર્થ :-**

**सामान्येन=સામાન્યથી यत् प्रथमं गुणस्थानं=જે પ્રથમ ગુણસ્થાનક उपवर्णितम्=વર્ણન કરાયું=શાસ્ત્રમાં કહેવાયું, तद्=તે अस्यां तु अवस्थायां=આ જ અવસ્થામાં मुख्यम्=મુખ્ય છે=નિરુપચરિત છે;**

**अन्वर्थयोगतः=કેમ કે અન્વર્થનો યોગ છે=ગુણસ્થાનક શબ્દની વ્યુત્પત્તિનો યોગ છે. ।।૪૦।।**

**શ્લોકાર્થ :-**

**સામાન્યથી જે પ્રથમ ગુણસ્થાનક શાસ્ત્રમાં કહેવાયું છે, તે આ જ અવસ્થામાં નિરુપચરિત છે; કેમ કે ગુણસ્થાનક શબ્દની વ્યુત્પત્તિનો યોગ છે. ।।૪૦।।**

**ટીકા :-**

**'प्रथमं'=आद्यं 'यद् गुणस्थानं' मिथ्यादृष्ट्याख्यं, 'सामान्येनोपवर्णितम्' आगमे** 'मिच्छद्दिट्ठी सासायणाइ'

(सासायणे, य) **इति वचनात्, 'अस्यां तु तदवस्थायां' इत्यस्यामेव, 'मुख्यं'=निरुपचरितम्, कुत इत्याह 'अन्वर्थयोगतः' एवं गुणभावेन गुणस्थानोपपत्तेरिति ।।४०।।**

**ટીકાર્થ :-**

**'प्रथमं'** ..... गुणस्थानोपपत्तेरिति ।। **પ્રથમ=આદ્ય, જે મિથ્યાદૃષ્ટિ નામનું ગુણસ્થાનક સામાન્યથી આગમમાં વર્ણન કરાયું; કેમ કે** મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદન આદિ **એ પ્રકારનું વચન છે, તે=પ્રથમ ગુણસ્થાનક, આ જ અવસ્થામાં=યોગની પહેલી દૃષ્ટિવાળી જ અવસ્થામાં, મુખ્ય=નિરુપચરિત, છે. કેમ નિરુપચરિત છે ? એથી કહે છે - અન્વર્થનો યોગ હોવાથી નિરુપચરિત છે.**

અન્વર્થના યોગનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે :

**આ રીતે=પૂર્વમાં जिनेषु कुशलं चित्तं ઈત્યાદિ જે અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, ગુણનો ભાવ હોવાને કારણે=મોક્ષને અનુકૂળ ગુણોનો સદ્ભાવ હોવાને કારણે, ગુણસ્થાનની ઉપપત્તિ છે=ગુણના આધારની જીવમાં સંગતિ છે.**

**'इति' શબ્દ પ્રથમ દૃષ્ટિની સમાપ્તિમાં છે. ।।૪૦।।**

**ભાવાર્થ :-**

'મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદન આદિ' એ પ્રકારનું શાસ્ત્રવચન છે. આ વચન પ્રમાણે મિથ્યાદૃષ્ટિ આદિ ચૌદ ગુણસ્થાનકોનાં નામોનો ઉલ્લેખ છે, તેમાં પહેલું ગુણસ્થાનક મિથ્યાદૃષ્ટિ નામનું ગુણસ્થાનક છે, એમ સામાન્યથી કથન કર્યુ છે; અને આ ગુણસ્થાનકમાં સમ્યક્ત્વ આદિ નહિ પામેલા સર્વ સંસારી જીવો છે. તેથી શાસ્ત્રવચન પ્રમાણે સર્વ મિથ્યાદૃષ્ટિ જીવોનો આ ગુણસ્થાનકમાં સંગ્રહ છે, તોપણ ગુણસ્થાનક શબ્દની વ્યુત્પત્તિથી વિચારીએ તો પહેલું ગુણસ્થાનક પહેલી દૃષ્ટિમાં જ મુખ્યપણે પ્રાપ્ત થાય છે; કેમ કે ગુણસ્થાનક શબ્દની વ્યુત્પત્તિ એ છે કે 'મોક્ષને અનુકૂળ એવા ગુણોનું સ્થાન તે ગુણસ્થાન.' આવા ગુણસ્થાનકમાં જે જીવો વર્તતા હોય તે જીવોમાં તે ગુણસ્થાનક છે તેમ કહેવાય. મિથ્યાત્વ અવસ્થામાં સર્વ સંસારી જીવો છે, તે સર્વ સંસારી જીવોમાં મોક્ષને અનુકૂળ એવો ગુણ નથી, તેથી ઉપચારથી તેઓ પહેલા ગુણસ્થાનકમાં છે તેમ કહેવાય છે; પરંતુ જે જીવો યોગની પહેલી દૃષ્ટિને પામ્યા છે તેઓમાં સંશુદ્ધ જિનકુશલચિત્તાદિ જે ભાવો પ્રગટ થયા છે, તે સર્વ ભાવો મોક્ષને અનુકૂળ એવા ગુણોના સ્થાનરૂપ છે. તેથી શાસ્ત્રમાં કહેલું પહેલું ગુણસ્થાનક આ પહેલી દૃષ્ટિમાં જ નિરુપચરિત ઘટે છે. અન્ય જીવોમાં ગુણોનું સ્થાન એવું ગુણસ્થાનક નહિ હોવા છતાં મિથ્યાત્વ છે, તેને સામે રાખીને ઉપચારથી મિથ્યાત્વ ગુણસ્થાનક કહેલ છે.

આનાથી એ ફલિત થયું કે પહેલી દૃષ્ટિવાળા જીવોમાં મિથ્યાત્વ છે, છતાં મિથ્યાત્વ અવસ્થામાં પણ સંભવી શકે એવા મોક્ષને અનુકૂળ કેટલાક ગુણો પ્રગટ્યા છે, તેથી પહેલી દૃષ્ટિમાં રહેલા જીવોમાં નિરુપચરિત મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનક છે. **।।૪૦।।**

# તારાદૃષ્ટિ

**અવતરણિકા :-**

उक्ता मित्रा, अधुना तारोच्यते, तदत्राह –

**અવતરણિકાર્થ :-**

મિત્રાદૃષ્ટિ કહેવાઈ, હવે તારાદૃષ્ટિ કહેવાય છે. તે કારણથી અહીં=શ્લોકમાં, કહે છે -

**ભાવાર્થ :-**

શ્લોક-૨૧ થી ૪૦ સુધી વર્ણન કર્યું તેના દ્વારા મિત્રાદૃષ્ટિ કહેવાઈ. હવે તારાદૃષ્ટિ કહેવાય છે, એ પ્રકારે ગ્રંથકાર પ્રતિજ્ઞા કરે છે. તેથી અહીં=પ્રસ્તુત શ્લોકમાં, ગ્રંથકાર તારાદૃષ્ટિના સ્વરૂપને બતાવે છે --

**શ્લોક :-**

तारायां तु मनाक् स्पष्टं, नियमश्च तथाविधः ।
अनुद्वेगो हितारम्भे, जिज्ञासा तत्त्वगोचरा ।।४१।।

**અન્વયાર્થ :-**

तारायां=તારાદૃષ્ટિમાં तु=વળી मनाक् स्पष्टं=થોડું સ્પષ્ટ દર્શન છે च=અને नियमः तथाविधः=નિયમ તેવા પ્રકારનો છે=જેવા પ્રકારનો યમ ઇચ્છાદિ ચાર પ્રકારવાળો છે તેવા પ્રકારનો ઇચ્છાદિ ચાર પ્રકારવાળો નિયમ છે, हितारम्भे=હિતના આરંભમાં अनुद्वेगः=અનુદ્વેગ છે. तत्त्वगोचरा जिज्ञासा=તત્ત્વના વિષયવાળી જિજ્ઞાસા છે. ।।૪૧।।

**શ્લોકાર્થ :-**

**તારાદૃષ્ટિમાં વળી થોડું સ્પષ્ટ દર્શન છે, અને જેવા પ્રકારનો યમ ઇચ્છાદિ ચાર પ્રકારવાળો છે તેવા પ્રકારનો ઇચ્છાદિ ચાર પ્રકારવાળો નિયમ છે, હિતના આરંભમાં અનુદ્વેગ છે અને તત્ત્વના વિષયવાળી જિજ્ઞાસા છે. ।।૪૧।।**

**ટીકા :-**

'तारायां' पुनर्दृष्टौ किमित्याह 'मनाक् स्पष्टं' दर्शनमिति वर्तते 'मित्रायां दर्शनं मन्दं' (श्लो. २१) इत्यतः, 'नियमश्च तथाविधः' शौचादिरिच्छादिरूप एव 'शौचसन्तोषतपः स्वाध्यायेश्वरप्रणिधानानि नियमाः' (यो. सू.-२, ३२) इति वचनात् । तदत्र द्वितीययोगात्प्रतिपत्तिरपि, मित्रायां त्वेतदभाव एव, तथाविधक्षयोपशमाभावात् । तथा 'अनुद्वेगो हितारम्भे' पारलौकिकेऽखेदसहितः, अत एव तत्सिद्धिः । तथा 'जिज्ञासा तत्त्वगोचरा' अद्वेषत एव तत्प्रतिपत्त्यानुगुण्यमिति ।।४१।।

**ટીકાર્થ :-**

'तारायां' ..... तत्प्रतिपत्त्यानुगुण्यमिति ।। શ્લોક-૨૧માં કહ્યું કે મિત્રાદૃષ્ટિમાં દર્શન મંદ છે. **તેની અપેક્ષાએ પુનઃ=વળી તારાદૃષ્ટિમાં મનાક્ સ્પષ્ટ=થોડુંક સ્પષ્ટ, દર્શન છે. દર્શન એ શબ્દ શ્લોક-૨૧માંથી અહીં વર્તે છે=मित्रायां दर्शनं मंदं એ પ્રકારના શ્લોકથી અહીં અનુવૃત્તિ છે; અને તેવા પ્રકારનો નિયમ છે= ઈચ્છાદિરૂપ જ શૌચાદિ છે. અર્થાત્ જેવા પ્રકારનો અહિંસાદિરૂપ યમ ઈચ્છાદિરૂપ ચાર ભેદવાળો છે, તેવા પ્રકારનો ઈચ્છાદિરૂપ જ ચાર ભેદવાળો શૌચાદિરૂપ નિયમ છે. તેમાં હેતુ કહે છે –**

શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વરપ્રણિધાન નિયમો છે. **એ પ્રકારનું વચન હોવાથી શૌચાદિરૂપ નિયમ છે, એમ અન્વય છે.**

**તે કારણથી=તારાદૃષ્ટિમાં શૌચાદિ નિયમ છે તે કારણથી, અહીં=તારાદૃષ્ટિમાં, બીજા યોગની પ્રતિપત્તિ પણ છે=નિયમરૂપ બીજા યોગનો બોધ તો છે, પરંતુ સ્વીકાર પણ છે. વળી મિત્રામાં આનો=બીજા યોગરૂપ નિયમનો, અભાવ જ છે; કેમ કે તેવા પ્રકારના ક્ષયોપશમનો અભાવ છે= તારાદૃષ્ટિવાળાને જેવા પ્રકારનો ક્ષયોપશમ છે તેવા પ્રકારના ક્ષયોપશમનો મિત્રાદૃષ્ટિવાળાને અભાવ છે; અને પારલૌકિક એવા હિતારંભમાં અખેદ સહિત અનુદ્વેગ છે, આથી કરીને જ=પારલૌકિક હિતારંભમાં અખેદ સહિત અનુદ્વેગ છે આથી કરીને જ, તેની સિદ્ધિ છે=જે લક્ષ્યને સામે રાખીને ક્રિયાની પ્રવૃત્તિ કરી છે તે લક્ષ્યની નિષ્પત્તિ છે; અને અદ્વેષથી જ તત્ત્વના વિષયમાં જિજ્ઞાસા છે.**

તે જિજ્ઞાસા કેવી છે તે સ્પષ્ટ કરે છે :

**તત્પ્રતિપત્તિ આનુગુણ્ય=તત્ત્વની પ્રાપ્તિને અનુરૂપ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૪૧।।**

❖ 'तदत्र द्वितीययोगात्प्रतिपत्तिरपि' એ પ્રકારનો પાઠ છે ત્યાં 'तदत्र द्वितीययोगस्य प्रतिपत्तिरपि' એ પ્રકારનો પાઠ જોઈએ. શુદ્ધ પાઠ મળેલ નથી.

**ભાવાર્થ :-**

યોગમાર્ગના વિષયમાં મિત્રાદૃષ્ટિવાળાના બોધ કરતાં તારાદૃષ્ટિવાળાનો બોધ કંઈક સ્પષ્ટ હોય છે. મિત્રાદૃષ્ટિવાળા જીવોને યોગીના ઉપદેશાદિથી પાંચ યમો મોક્ષ માટે સેવવા જોઈએ, સંસારની ક્રિયાઓ પાપરૂપ છે અને અહિંસા, સત્ય આદિ ક્રિયાઓ આત્મા માટે કર્તવ્ય છે તેટલો બોધ હોય છે. તેથી નિયમના પરમાર્થને જોઈ શકતા નથી; કેમ કે તેવા પ્રકારનો ક્ષયોપશમ નથી; જ્યારે તારાદૃષ્ટિવાળાને મિત્રાદૃષ્ટિવાળા કરતાં કંઈક સ્પષ્ટ ક્ષયોપશમ હોવાથી આત્મકલ્યાણ માટે જેમ અહિંસાદિ પાંચ યમો ઉપાદેય લાગે છે તેમ શૌચાદિ પાંચ નિયમો પણ ઉપાદેય લાગે છે. તેથી તારાદૃષ્ટિવાળાને આઠ યોગાંગમાંથી બીજા નિયમ નામના યોગાંગની પણ પ્રાપ્તિ હોય છે.

**સમ્યગ્દૃષ્ટિના, મિત્રાદૃષ્ટિવાળાના અને તારાદૃષ્ટિવાળાના બોધનો ભેદ :-**

તત્ત્વમાર્ગને જોવાનો પ્રારંભિક વિચાર પ્રગટ થયેલો હોવાને કારણે મિત્રાદૃષ્ટિવાળાને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ યમ સેવવા જેવા છે તેટલો ક્ષયોપશમ થયેલો હોય છે, અને પોતાના સ્થૂલ બોધ પ્રમાણે એ પાંચ યમોને, સેવવાની રુચિવાળા હોય છે, અને પોતાની રુચિ અનુસાર તેઓ યમોમાં કંઈક યત્ન પણ કરતા હોય છે. આમ છતાં જે રીતે સમ્યગ્દૃષ્ટિ પાંચ યમરૂપ પાંચ મહાવ્રતોને મોક્ષના કારણરૂપે જોઈ શકે છે, તેવો સૂક્ષ્મબોધ પહેલી દૃષ્ટિવાળાને નથી; છતાં પહેલી દૃષ્ટિવાળાની યમની આચરણા પ્રધાનદ્રવ્યઆચરણા છે; જ્યારે સમ્યગ્દૃષ્ટિ તો સૂક્ષ્મબોધવાળા હોવાને કારણે ભગવાનના વચનાનુસાર એક અહિંસાવ્રતને પણ સર્વનયની દૃષ્ટિથી જોનારા હોય છે. તેથી 'સ્વ ભાવપ્રાણના રક્ષણમાં જ અહિંસાવ્રતની વિશ્રાંતિ છે, અને સ્વ ભાવપ્રાણના રક્ષણમાં કરાયેલો યત્ન પરંપરાએ વીતરાગતાનું કારણ બને, બાકીનાં ચાર વ્રતો પણ સ્વ ભાવપ્રાણના રક્ષણરૂપ અહિંસાની વાડરૂપ છે.' આ રીતે પાંચ વ્રતોના પરમાર્થને સમ્યગ્દૃષ્ટિ જોનારા હોય છે. તેથી અહિંસાદિના પારમાર્થિક બોધપૂર્વક અહિંસાદિમાં જો યત્ન કરે તો તેમનું અહિંસાદિનું પાલન ભાવઅહિંસાદિના પાલનરૂપ બને છે. તેવું વ્રતોનું પાલન પહેલી દૃષ્ટિવાળાને નથી, તોપણ પ્રધાનદ્રવ્યક્રિયા હોવાથી ભાવયમના પાલનનું કારણ બને તેવું યમોનું પાલન પ્રથમ દૃષ્ટિવાળાને હોય છે.

આનાથી એ ફલિત થાય કે સમ્યગ્દૃષ્ટિના બોધ અનુસાર પાંચ મહાવ્રતોમાં આખો યોગમાર્ગ સંગૃહીત થાય છે, અને તે બોધ અનુસાર જે કંઈ અહિંસાદિનું પાલન સમ્યગ્દૃષ્ટિ કરે તે સર્વ ભાવઅહિંસાદિના પાલનરૂપ બને છે; જ્યારે પહેલી દૃષ્ટિવાળાને સ્થૂલથી અહિંસાદિ પાંચ યમનો બોધ હોય છે, અને તે બોધ અનુસાર રુચિપૂર્વકની આચરણા કરે છે; અને તારાદૃષ્ટિમાં તે યોગમાર્ગનો બોધ કંઈક સ્પષ્ટ થાય છે, જેથી અહિંસાદિ પાંચ યમની આચરણા સાથે શૌચાદિ નિયમોને પણ તે યોગમાર્ગની ભૂમિકારૂપે જોઈ શકે છે. તેથી તારાદૃષ્ટિવાળા શૌચાદિ ભાવોમાં રુચિ અનુસાર યત્ન કરીને નિયમોનું પાલન પણ કરે છે, જ્યારે મિત્રાદૃષ્ટિવાળાને તેવા પ્રકારનો ક્ષયોપશમ નહિ હોવાથી યમથી અતિરિક્ત શૌચાદિ ભાવોને યોગમાર્ગના પરિણામરૂપે તેઓ જોઈ શકતા નથી.

બીજી દૃષ્ટિવાળાને પાતંજલસૂત્ર અનુસાર અથવા ૨૨મી બત્રીશી અનુસાર શૌચાદિ નિયમોનો બોધ આ પ્રમાણે છે :

**(૧) શૌચનિયમ :-** શૌચ બાહ્ય અને અભ્યંતર બે ભેદવાળો છે. બાહ્ય શૌચ માટી આદિથી કાયાના પ્રક્ષાલનરૂપ છે અને અભ્યંતર શૌચ મૈત્ર્યાદિભાવોથી ચિત્તની મલિનતાના પ્રક્ષાલનરૂપ છે.

બીજી દૃષ્ટિવાળા વિચારે છે કે આ શરીર અશુચિમય છે, માટે તેનું માટી આદિથી પ્રક્ષાલન કરીને આત્મકલ્યાણ માટે ભગવદ્ભક્તિમાં યત્ન કરવો જોઈએ. વળી તે વિચારે છે કે જેમ ભગવદ્ભક્તિ માટે બાહ્યશુચિપણું આવશ્યક છે તેમ આંતરશુચિપણું પણ આવશ્યક છે, માટે આત્માને મૈત્રી આદિ ભાવોથી પણ શુદ્ધ કરવો જોઈએ.

બીજી દૃષ્ટિવાળા જીવોને આ શૌચભાવનાથી સાત કાર્યો થાય છે.

(i) સ્વાંગે જુગુપ્સા, (ii) બીજાની કાયા સાથે અસંગ, (iii) સત્ત્વશુદ્ધિ, (iv) સૌમનસ્ય, (v) એકાગ્રતા, (vi) ઇંદ્રિયોનો જય અને (vii) વિવેકખ્યાતિરૂપ આત્મદર્શનની યોગ્યતા.

**(i) સ્વાંગે જુગુપ્સા :-** બીજી દૃષ્ટિવાળા યોગીને પોતાની કાયામાં જુગુપ્સા થાય છે. તે વિચારે છે કે આ કાયા અશુચિમય છે માટે આમાં મમત્વ કરવું જોઈએ નહિ.

**(ii) બીજાની કાયા સાથે અસંગ :-** કાયાનું આવું જુગુપ્સનીય સ્વરૂપ હોવાથી બીજાની કાયા સાથે સંગ કરવાની વૃત્તિ બીજી દૃષ્ટિવાળા યોગીને થતી નથી.

**(iii) સત્ત્વશુદ્ધિ :-** શૌચભાવનાને કારણે જીવમાં કાયા પ્રત્યેનો રાગ-દ્વેષનો ભાવ ઘટવાથી પ્રકાશ અને સુખાત્મક સત્ત્વની શુદ્ધિ થાય છે.

આશય એ છે કે શરીર પ્રત્યે જુગુપ્સા કરવાથી શરીરનો રાગ ઘટતો જાય છે, ભોગાદિની લાલસા ઘટતી જાય છે અને ભોગરહિત એવા આત્માના સ્વરૂપનો બોધ થતો જાય છે, જે પ્રકાશાત્મક આત્માનો શુભ પરિણામ છે; અને ભોગથી વિમુખભાવમાં જ સ્વસ્થતાના સુખનો બીજી દૃષ્ટિવાળા યોગીને અનુભવ થાય છે. તે બતાવવા માટે કહ્યું કે શૌચભાવનાથી પ્રકાશ અને સુખાત્મક સત્ત્વની શુદ્ધિ થાય છે.

**(iv) સૌમનસ્ય :-** બીજી દૃષ્ટિવાળા યોગીને ખેદના અનનુભવ દ્વારા માનસિક પ્રીતિ થાય છે, શૌચભાવનાને કારણે દેહ જુગુપ્સનીય લાગવાથી તેની આળપંપાળ કરવાની મનોવૃત્તિ ઘટે છે, જેથી દેહની આળપંપાળ માટે શ્રમ કરવારૂપ ખેદનો અનનુભવ થવાને કારણે માનસિક આનંદ થાય છે.

**(v) એકાગ્રતા :-** બીજી દૃષ્ટિવાળા યોગીને શૌચભાવનાને કારણે કાયા પ્રત્યેનું મમત્વ ઘટવાથી યોગસાધનાના માર્ગમાં એકાગ્રતા આવે છે.

**(vi) ઇંદ્રિયોનો જય :-** બીજી દૃષ્ટિવાળા યોગીને કાયા પ્રત્યેનું મમત્વ ઘટવાથી કાયાને અનુકૂળ વિષયો પ્રત્યે પણ મમત્વ ઘટે છે, અને બધા જીવોની કાયા જુગુપ્સનીય દેખાવાથી કોઈનાં રૂપ-રંગ જોઈને ઇંદ્રિયો વિષય અભિમુખ જતી નથી. તેથી શૌચભાવનાને કારણે ઇંદ્રિયોનો જય થાય છે.

**(vii) આત્માના દર્શનની યોગ્યતા :-** બીજી દૃષ્ટિવાળા યોગીને ભોગાદિની મનોવૃત્તિ ઘટવાથી આત્મદર્શનની યોગ્યતા પ્રગટે છે.

આનાથી એ ફલિત થાય કે શૌચભાવનાથી બીજી દૃષ્ટિવાળા જીવોને ક્રમસર ઉપર બતાવ્યાં તેવાં ફળો પ્રાપ્ત થાય છે, જ્યારે પહેલી દૃષ્ટિવાળા જીવોને યમાદિની સ્થૂલ આચરણાથી અધિક શૌચભાવનામાં કેવી રીતે યત્ન કરવો, વગેરેનો બોધ હોતો નથી. આવો બોધ પ્રગટે ત્યારે જીવ બીજી દૃષ્ટિમાં આવે છે.

બીજી દૃષ્ટિવાળા જીવો શૌચભાવના કરતા હોય છે, જેનાં ઉપર્યુક્ત સાત ફળો છે. બધા જ બીજી દૃષ્ટિવાળા યોગીઓને આ ફળો પ્રાપ્ત થાય તેવો નિયમ નથી; તોપણ બીજી દૃષ્ટિવાળા જીવોની શૌચભાવનાની પ્રવૃત્તિ તે ફળની નિષ્પત્તિની ભૂમિકારૂપ છે અને કોઈક યોગીને તે ફળો પ્રગટ પણ થયાં હોય છે.

**(૨) સંતોષનિયમ :-** બીજી દૃષ્ટિમાં રહેલા યોગીઓ સંતોષરૂપ નિયમનું સેવન કરે છે=આત્મહિત સાધવા માટે સંતોષને કેળવવો જોઈએ, તે પ્રકારનું લક્ષ્ય કરીને પ્રકૃતિને સંતોષવાળી બનાવવા યત્ન કરે છે; અને સંતોષ જ્યારે સુઅભ્યસ્ત થાય છે ત્યારે યોગીઓને અતિશય સુખ પેદા થાય છે, જેની આગળ બાહ્ય ઇંદ્રિયોથી થયેલું સુખ 'સો'મા ભાગે પણ આવતું નથી.

**(૩) તપનિયમ :-** બીજી યોગદૃષ્ટિવાળા જીવો આત્માની શુદ્ધિ કરવા માટે તપની રુચિવાળા હોય છે, અને આત્મકલ્યાણ માટે કોઈક બીજી દૃષ્ટિવાળા યોગી તપમાં યત્ન કરતા હોય અને તેનો તપ સુઅભ્યસ્ત બને તો કાયામાં રહેલી અશુચિનો પણ ક્ષય થઈ જાય છે. તેથી તેની કાયાનાં પુદ્ગલો પણ પવિત્ર બની જાય છે, અને અનેક પ્રકારની સિદ્ધિઓ પ્રગટે છે. સુઅભ્યસ્ત તપથી ક્લેશાદિ અશુચિનો ક્ષય થવાથી કાયા અને ઇંદ્રિયોની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે; અર્થાત્ શરીરને અણું જેટલું બનાવવાની શક્તિ અને મોટું બનાવવાની શક્તિ પ્રગટ થાય છે, અને ઇંદ્રિયોમાં સૂક્ષ્મ, વ્યવહિત ભીંત આદિથી વ્યવધાનવાળા અત્યંત દૂર રહેલા પદાર્થને જોવાનું સામર્થ્ય પ્રગટે છે.

**(૪) સ્વાધ્યાયનિયમ :-** સ્વાધ્યાય એટલે પ્રણવપૂર્વક મંત્રનો જાપ. બીજી દૃષ્ટિવાળા યોગી યોગમાર્ગની સાધનાના અર્થે સ્વાધ્યાયમાં યત્ન કરે છે, જે જપરૂપ છે; અને તેનાથી જે ઇષ્ટદેવતાનો જાપ કરે છે, તે દેવતાનું દર્શન પણ થાય છે.

આશય એ છે કે જ્યારે મંત્રજાપ સુઅભ્યસ્ત બને છે ત્યારે તે મંત્રથી અભિપ્રેત એવા દેવતાનું પોતે સાક્ષાત્ દર્શન કરતો હોય તેવો પરિણામ પણ પ્રગટ થાય છે.

**(૫) ઈશ્વરપ્રણિધાન :-** સર્વ ક્રિયાઓના ફળમાં નિરપેક્ષપણાથી ઈશ્વરને સમર્પણ લક્ષણ ઈશ્વર પ્રણિધાન છે. આ ઈશ્વરપ્રણિધાનથી સમાધિમાં અંતરાય કરનારા ક્લેશોનો નાશ થવાથી સમાધિ પ્રગટે છે.

તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન આ ત્રણે પણ શોભન અધ્યવસાય હોવાને કારણે ક્લેશરૂપ કાર્યના પ્રતિબંધ દ્વારા સમાધિને અનુકૂળ બને છે.

### -: બીજી દૃષ્ટિમાં પ્રગટ થતું ઉદ્વેગનું વર્જન :-

**ઉદ્વેગ એટલે કષ્ટસાધ્યતાજ્ઞાનજનિત આળસ, તેનું વર્જન :-** આ અનુષ્ઠાન અસાધ્ય નથી, પરંતુ કષ્ટસાધ્ય છે, તેમ જાણીને તે અનુષ્ઠાનમાં શક્તિ પ્રમાણે યત્ન ન કરે, પણ આળસ કરે તો, શરીરથી થાકેલો ન હોય અને ક્રિયા કરતો હોય તોપણ, ઉદ્વેગના વશથી અનુત્સાહથી ક્રિયા કરે છે. તેથી તે ક્રિયા કરતો હોવા છતાં તેનાથી સુખ પ્રાપ્ત કરતો નથી અર્થાત્ ઉપશમભાવના સુખને અનુભવતો નથી, અને ઉદ્વેગથી કરાયેલી ક્રિયા રાજવેઠ જેવી છે. બીજી દૃષ્ટિમાં આવેલા યોગીને ક્રિયામાં આવો ઉદ્વેગદોષ હોતો નથી.

### પહેલી દૃષ્ટિવાળા અને બીજી દૃષ્ટિવાળા જીવોના અનુષ્ઠાન વચ્ચેનો ભેદ :-

સામાન્ય રીતે પહેલી દૃષ્ટિમાં આવેલા જીવો ખેદદોષ વગરના હોય છે, તેથી ધર્મકાર્ય કરવાનું આવે તો ઉત્સાહથી કાર્ય કરે છે. આમ છતાં તે કાર્ય કષ્ટસાધ્ય જણાય તો ઉદ્વેગ દોષ પહેલી દૃષ્ટિમાં આવી શકે છે;

છતાં પહેલી દૃષ્ટિવાળા યોગીને સર્વ ધર્મકાર્યમાં ઉદ્વેગ આવે છે તેવો નિયમ નથી, પરંતુ આદરેલું અનુષ્ઠાન કષ્ટસાધ્ય છે તેવું જણાય ત્યારે તે અનુષ્ઠાન ઉદ્વેગથી પણ કરે; જ્યારે બીજી દૃષ્ટિવાળા યોગીને કંઈક સ્પષ્ટ બોધ હોય છે. તેથી યોગમાર્ગને અનુકૂળ એવા અનુષ્ઠાનના સેવનકાળમાં તે અનુષ્ઠાન કષ્ટસાધ્ય જણાય તોપણ શક્તિના પ્રકર્ષથી યત્ન કરે છે, પણ વેઠની જેમ કરતા નથી. તેનું કારણ એ છે કે આ દૃષ્ટિમાં રહેલા જીવને બોધ હોય છે કે 'વેઠની જેમ કરીશ તો મારું હિત થશે નહિ.' તેથી કાર્ય કઠણ જણાય તો વધારે સાવચેતીપૂર્વક યત્ન કરીને શક્તિ અનુસાર તે અનુષ્ઠાનમાં યત્ન કરે છે. વળી પહેલી દૃષ્ટિવાળા જીવોનો બોધ મંદ હોવાથી જો તે અનુષ્ઠાન કષ્ટસાધ્ય જણાય તો સમ્યગ્ પ્રયત્ન કરવામાં આળસ કરે છે, અને બાહ્ય આચરણામાત્ર કરીને તે અનુષ્ઠાન કર્યાનો સંતોષ માને છે; જ્યારે બીજી દૃષ્ટિવાળા જીવોને તો કંઈક સ્પષ્ટ બોધ હોવાને કારણે તે અનુષ્ઠાનથી કંઈક ઉચિત ભાવો ઉત્પન્ન કરવાનો આશય પ્રગટેલો હોય છે, જેથી અનુષ્ઠાન કષ્ટસાધ્ય જણાય ત્યારે આળસનો ત્યાગ કરીને શક્તિ અનુસાર તે અનુષ્ઠાનને સેવે છે; કારણ કે બીજી દૃષ્ટિવાળા યોગીને શૌચ-સંતોષાદિ નિયમ દ્વારા આત્માના ઉત્તમ ભાવો પ્રગટ કરવાનો પરિણામ પ્રગટેલો છે; જ્યારે પહેલી દૃષ્ટિવાળા જીવોને અહિંસાદિ પાંચ યમોની બાહ્ય ક્રિયાઓ સેવવામાં જ આત્મકલ્યાણની બુદ્ધિ છે. તેથી પહેલી દૃષ્ટિવાળા કરતાં બીજી દૃષ્ટિવાળા જીવો કંઈક પરિણામના અર્થી છે, તેથી જેમ બીજા યોગાંગને પ્રાપ્ત કરે છે તેમ ક્રિયાના આઠ દોષોમાંથી ઉદ્વેગ દોષના પરિહારપૂર્વક ક્રિયાને સમ્યગ્ નિષ્પન્ન કરવા પણ યત્ન કરે છે.

**દૃષ્ટિ બહારના, પહેલી દૃષ્ટિવાળા અને બીજી દૃષ્ટિવાળા જીવોના અનુષ્ઠાન વચ્ચેનો ભેદ :-**

યોગમાર્ગને નહિ પામેલા દૃષ્ટિ બહારના જીવો આલોક અને પરલોકના ફળની આશંસાથી ભૌતિક હિત માટે ક્વચિત્ સંયમ પાળતા હોય, અથવા દેવ-ગુરુનું કાર્ય કરતા હોય કે યમનું સેવન સારી રીતે કરતા હોય, તોપણ તે અનુષ્ઠાનમાં તેઓને પ્રીતિ વર્તતી નથી; જેમ મજુરને મજુરીનું કાર્ય કરવામાં પ્રીતિ હોતી નથી, આમ છતાં ધન સારું મળે તેમ હોય તો તે મજુરીની બાહ્ય ક્રિયા અંતરંગ પ્રીતિ વિના સારી રીતે પણ કરે. જ્યારે યોગમાર્ગમાં પ્રવૃત્ત યોગીઓ સંયમપાલન, દેવ-ગુરુનું કાર્ય કે યમનું સેવન પરલોકના હિત માટે તો કરે જ છે, પરંતુ તે કાર્ય કરવામાં પણ તેઓને પ્રીતિ વર્તે છે, તેથી પહેલી દૃષ્ટિવાળા જીવો ખેદ વગર પ્રીતિપૂર્વક ધર્મઅનુષ્ઠાન કરે છે. જેમ કોઈક ધનના અર્થે બાળક રમાડવાનું કામ સ્વીકારે છે અને તે બાળકને રમાડવામાં તેને પ્રીતિ પણ વર્તે છે. વળી, પહેલી દૃષ્ટિવાળા જીવો પ્રીતિપૂર્વક ધર્મઅનુષ્ઠાન કરે છે, છતાં કોઈક ધર્મઅનુષ્ઠાન કષ્ટસાધ્ય જણાય તો ઉદ્વેગ દોષથી રાજવેઠની જેમ કરે છે; જ્યારે બીજી દૃષ્ટિવાળા જીવોને તે અનુષ્ઠાન કષ્ટસાધ્ય જણાવા છતાં જાણે છે કે સમ્યગ્ રીતે કરાયેલું અનુષ્ઠાન આત્માના ગુણની નિષ્પત્તિનું કારણ છે, તેથી તે અનુષ્ઠાન ઉદ્વેગ વગર શક્તિ અનુસાર યત્ન કરીને ફળની સિદ્ધિ થાય તે રીતે કરે છે.

## -: તત્ત્વગોચરા જિજ્ઞાસા :-

બીજી દૃષ્ટિવાળા જીવોને અદ્વેષથી તત્ત્વજિજ્ઞાસા થાય છે, જે તત્ત્વની પ્રતિપત્તિને અનુરૂપ છે=તત્ત્વના નિર્ણયનું કારણ બને તેવી છે. અર્થાત્ આ જિજ્ઞાસા તત્ત્વને જાણવાની પ્રવૃત્તિ દ્વારા તત્ત્વના સ્વીકારમાં વિશ્રાંત થશે.

પહેલી દૃષ્ટિમાં અદ્વેષ ગુણ પ્રગટે છે. તે અદ્વેષ ગુણ બતાવતાં શ્લોક-૨૧માં કહ્યું કે અદેવકાર્યાદિમાં અદ્વેષ છે. કોઈ જીવ અદેવને દેવબુદ્ધિથી પૂજતો હોય તો પહેલી દૃષ્ટિવાળો જીવ ત્યાં દ્વેષ કરતો નથી, પરંતુ કરુણા કરે છે એમ શ્લોક-૨૧ની ટીકામાં બતાવ્યું.

વળી પ્રતિમાશતક ગાથા-૭૧માં ટીકામાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે કહ્યું કે વિધિઅદ્વેષ પણ પ્રથમ યોગાંગની પ્રાપ્તિરૂપ છે. તેમાં યોગબિંદુ ગાથા-૧૫૯ની સાક્ષી આપેલ છે, અને તે ગાથામાં મુક્તિઅદ્વેષને કારણે આ સદનુષ્ઠાન છે તેમ કહેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે મુક્તિનો અદ્વેષ એ પ્રથમ યોગાંગ છે અને મુક્તિના અદ્વેષને ઉપલક્ષણથી યોગબિંદુમાં મોક્ષમાર્ગનો અદ્વેષ અને મોક્ષમાર્ગમાં પ્રસ્થિતનો અદ્વેષ પણ ગ્રહણ કરેલ છે. વળી મુક્તિઅદ્વેષ બત્રીશીની ગાથા-૨૪માં કહ્યું કે ગુણનો અદ્વેષ ક્રિયારાગનો પ્રયોજક થાય તો સંસારહ્રાસનું કારણ બને.

તેથી એ ફલિત થાય કે ગુણનો અદ્વેષ, ગુણવાનનો અદ્વેષ, મુક્તિનો અદ્વેષ, વિધિનો અદ્વેષ, મુક્તિમાર્ગનો અદ્વેષ, મુક્તિમાર્ગમાં પ્રસ્થિતનો અદ્વેષ કે અન્ય દર્શનવાળા અદેવને દેવરૂપે પૂજતા હોય તેના પ્રત્યેનો અદ્વેષ, તે સર્વ પ્રથમ દૃષ્ટિમાં વર્તતું અદ્વેષરૂપ યોગાંગ છે. શ્લોક-૩૨માં 'दुःखितेषु दयात्यन्तम्' માં ગુણવાનમાં અદ્વેષ કહ્યો તે પણ પ્રથમ યોગાંગ સ્વરૂપ છે. આવો અદ્વેષ જેઓને પ્રગટેલો હોય તેવો જીવ જ્યારે બીજી દૃષ્ટિમાં આવે છે ત્યારે પ્રથમ દૃષ્ટિ કરતાં કંઈક સ્પષ્ટ બોધ થાય છે. તેથી યોગમાર્ગનો સામાન્ય બોધ થાય છે, જેથી વિશેષની જિજ્ઞાસા પ્રગટે છે અને આ જિજ્ઞાસાને કારણે બીજી દૃષ્ટિવાળા યોગી વિશેષ વિશેષ યોગમાર્ગને જાણવા પ્રવૃત્તિ કરે છે, જેના કારણે પાંચમી દૃષ્ટિ પ્રાપ્ત થશે ત્યારે તત્ત્વની પ્રાપ્તિ થશે. તે બતાવવા માટે કહ્યું કે અદ્વેષથી તત્ત્વગોચરા જિજ્ઞાસા થયેલ છે અને તે જિજ્ઞાસા તત્ત્વપ્રતિપત્તિને અનુગુણ છે અર્થાત્ તત્ત્વની પ્રાપ્તિનું અવશ્ય કારણ બને તેવા સ્વરૂપવાળી છે. **॥૪૧॥**

**અવતરણિકા :-**

**अस्यां दृष्टौ यदन्यद् गुणजातं भवति तदाह –**

**અવતરણિકાર્થ :-**

**આ દૃષ્ટિમાં=બીજી દૃષ્ટિમાં, જે અન્ય ગુણસમુદાય=શ્લોક-૪૧માં બતાવ્યો તેના કરતાં અન્ય જે ગુણસમુદાય, થાય છે, તેને કહે છે –**

**શ્લોક :-**

**भवत्यस्यां तथाऽच्छिन्ना, प्रीतिर्योगकथास्वलम् ।**
**शुद्धयोगेषु नियमाद् बहुमानश्च योगिषु ।।४२।।**

**અન્વયાર્થ :-**

अस्यां=આમાં=બીજી દૃષ્ટિમાં योगकथासु=યોગકથાવિષયક तथा=તે પ્રકારે अलम् अच्छिन्ना प्रीतिः=અત્યંત સતત પ્રીતિ च=અને शुद्धयोगेषु योगिषु=અકલ્ક યોગવાળા યોગીઓમાં=નિષ્પાપ યોગવાળા યોગીઓમાં नियमात्=નિયમથી बहुमानः=બહુમાન भवति=થાય છે. ।।૪૨।।

**શ્લોકાર્થ :-**

**બીજી દૃષ્ટિમાં યોગકથાવિષયક તે પ્રકારે અત્યંત સતત પ્રીતિ અને નિષ્પાપયોગવાળા યોગીઓમાં નિયમથી બહુમાન થાય છે. ।।૪૨।।**

**ટીકા :-**

**'भवति' 'अस्यां' दृष्टौ 'तथा-' तेन प्रकारेण 'अच्छिन्ना' भावप्रतिबन्धसारतया 'प्रीतिर्योगकथास्वलम्' अत्यर्थं तथा 'शुद्धयोगेषु' अकल्कप्रधानेषु 'नियमाद्'-नियमेन बहुमानश्च योगिषु भवति ।।४२।।**

**ટીકાર્થ :-**

**'भवति' ..... भवति ।। આ દૃષ્ટિમાં તે પ્રકારે=ભાવપ્રતિબંધસારપણારૂપે, અચ્છિન્ના=સતત, યોગકથાના વિષયમાં અત્યંત પ્રીતિ થાય છે; तथा=અને, શુદ્ધયોગવાળા યોગીમાં=અકલ્કપ્રધાન એવા યોગીઓમાં, નિયમથી બહુમાન થાય છે. ।।૪૨।।**

❖ 'शुद्धयोगेषु' પછી 'अवकल्कप्रधानेषु' ના સ્થાને હસ્તલિખિત પ્રતમાં 'अकल्कप्रधानेषु' પાઠ છે, જે શુદ્ધ છે.

**ભાવાર્થ :-**

પહેલી દૃષ્ટિવાળા જીવો કરતાં બીજી દૃષ્ટિવાળા જીવોનો બોધ કંઈક સ્પષ્ટ છે. તેથી શ્લોક-૪૧માં બતાવ્યું તે પ્રમાણે બીજી દૃષ્ટિવાળા જીવોને જેમ નિયમાદિ પ્રગટે છે, તેમ યોગમાર્ગના વિષયમાં અત્યંત સતત પ્રીતિ પણ વર્તે છે.

આશય એ છે કે પ્રથમ દૃષ્ટિમાં બોધ મંદ હોય છે. તેથી આત્મહિત માટે અહિંસાદિ પાંચ યમની આચરણા આવશ્યક છે એટલું તેમને દેખાય છે, અને તે જીવો ભગવાનના શાસનને પામેલા હોય તો સંશુદ્ધ જિનકુશલચિત્તાદિ પણ કરે છે. આમ છતાં બોધ મંદ છે તેથી વિશેષ જાણવાની જિજ્ઞાસા તેઓને પ્રગટતી નથી અને યોગમાર્ગની કથામાં અચ્છિન્ન અત્યંત પ્રીતિ વર્તતી નથી, પરંતુ સામાન્યથી યોગમાર્ગની વાતો

તેમને ગમે છે. આથી પહેલી દૃષ્ટિવાળા જીવો અહિંસાદિ વ્રતોના પાલનમાં કે ભગવદ્ભક્તિ આદિમાં રુચિવાળા હોય છે, અને ક્યારેક યોગમાર્ગને સાંભળવાનો પ્રસંગ હોય તો સાંભળવા પણ જાય છે, તે કથા તેમને ગમે પણ છે; આમ છતાં બીજી દૃષ્ટિવાળા જીવોને પ્રથમ દૃષ્ટિવાળા જીવો કરતાં કંઈક સ્પષ્ટ બોધ હોય છે, તેથી બીજી દૃષ્ટિવાળા જીવોને યોગમાર્ગને કહેનારાં કથનોમાં અત્યંત ભાવથી પ્રતિબંધ વર્તે છે અને તે સાંભળવા માટે સતત અત્યંત પ્રયત્ન કરે છે; કેમ કે બીજી દૃષ્ટિવાળા જીવોને સામાન્યથી કંઈક તત્ત્વ દેખાય છે, તેથી વિશેષ જાણવાની જિજ્ઞાસા વર્તે છે, માટે યોગકથાની વાતો ચાલતી હોય તો તેને સાંભળવા માટે આવા જીવો સતત પ્રયત્ન કરે છે. વળી નિષ્પાપ એવા શુદ્ધ યોગોમાં વર્તતા યોગીઓમાં તેમને નિયમથી બહુમાન વર્તે છે; કેમ કે કંઈક સ્પષ્ટ બોધ હોવાને કારણે યોગીઓમાં વર્તતા યોગના માર્ગને તેઓ કંઈક સમજી શકે છે. આથી વિશેષ યોગમાર્ગની પ્રાપ્તિ માટે યોગકથાઓમાં રસ લે છે અને જે મહાત્માઓ વિશેષ યોગમાર્ગને પ્રાપ્ત કરી શક્યા છે, તેઓમાં વર્તતા નિષ્પાપ યોગોને જોઈને તેમને બહુમાન થાય છે. **॥૪૨॥**

**અવતરણિકા :-**

**न केवलमयम्, किञ्च –**

**અવતરણિકાર્થ :-**

**કેવલ આ નથી=કેવલ શુદ્ધ યોગવાળા યોગીઓમાં બહુમાન નથી, તો શું છે ?**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૨ના ઉત્તરાર્ધમાં કહ્યું કે બીજી યોગદૃષ્ટિવાળા યોગીઓને શુદ્ધ યોગવાળા યોગીઓમાં બહુમાન હોય છે. ત્યાં કોઈને પ્રશ્ન થાય કે શુદ્ધ યોગવાળા યોગીઓમાં માત્ર બહુમાન હોય છે કે તેઓની ભક્તિ આદિ પણ કરે છે ? તેથી કહે છે : કેવલ બહુમાન નથી, પરંતુ બીજું પણ કંઈક કરે છે, અને તેનો સમુચ્ચય किञ्च થી કરીને શ્લોકમાં બતાવે છે –

**શ્લોક :-**

**यथाशक्त्युपचारश्च, योगवृद्धिफलप्रदः ।**
**योगिनां नियमादेव, तदनुग्रहधीयुतः ।।४३।।**

**અન્વયાર્થ :-**

**च=અને योगिनां=યોગીઓની=આહાર લેનારા યોગીઓની योगवृद्धिफलप्रदः=યોગવૃદ્ધિના ફળને દેનારો तदनुग्रहधीयुतः=ઉપચારસંપાદકની અર્થાત્ આહાર આપનારની અનુગ્રહબુદ્ધિથી અર્થાત્ 'આ મહાત્માને આહાર આપીને તેમની સંયમવૃદ્ધિમાં હું નિમિત્ત બનું' તે પ્રકારની અનુગ્રહબુદ્ધિથી યુક્ત यथाशक्ति શક્તિના ઔચિત્યથી नियमादेव उपचारः=નિયમથી જ ઉપચાર છે=આહારાદિ દાનની ક્રિયા છે. ।।૪૩।।**

શ્લોકાર્થ :-

**અને યોગીઓની યોગવૃદ્ધિના ફળને દેનારો, ઉપચારસંપાદક એવી પોતાની અનુગ્રહબુદ્ધિથી યુક્ત, શક્તિના ઔચિત્યથી, નિયમથી જ આહારાદિ દાનનો ઉપચાર છે. ।।૪૩।।**

ટીકા :-

'यथाशक्ति'=शक्त्यौचित्येन किमित्याह 'उपचारश्च' ग्रासादिसम्पादनेन यथोक्तयोगिष्विति प्रक्रमः, स एव विशिष्यते 'योगवृद्धिफलप्रदः' तत्सम्यक्परिणामेन, 'योगिनां नियमादेव' नान्यथा तद्विघातहेतुरिति, 'तदनुग्रहधीयुतः'=उपचारसम्पादकानुग्रहधीयुत इत्यर्थः ।।४३।।

ટીકાર્થ :-

'यथाशक्ति' ..... इत्यर्थः ।। **અને યથાશક્તિ=શક્તિના ઔચિત્યથી, શું ? એથી કહે છે : ગ્રાસાદિસંપાદન દ્વારા ઉપચાર છે. યથોક્ત યોગીઓમાં=શ્લોક-૪૨માં કહેલ યોગીઓમાં, ઉપચાર છે, એ કથન પ્રક્રમથી પ્રાપ્ત થાય છે. તે જ=ઉપચાર જ, વિશેષરૂપે બતાવાય છે : તેના=ગ્રાસાદિના, સમ્યક્ પરિણામથી યોગવૃદ્ધિના ફળને દેનારો છે.**

કોને યોગવૃદ્ધિફળ પ્રાપ્ત થાય છે ? તેથી કહે છે :

**યોગીઓને=જે યોગીઓને આહારાદિ આપે છે તે યોગીઓને, યોગવૃદ્ધિફળ દેનાર છે, એમ અન્વય છે. नियमादेव=નિયમથી જ યથાશક્તિ ઉપચાર બીજી દૃષ્ટિવાળા કરે છે, એમ સંબંધ છે.**

**'न अन्यथा तद्विघातहेतुरिति' - अन्यथा=તેના વિઘાતનો હેતુ થાય=યોગમાર્ગના વિઘાતનો હેતુ થાય, 'इति'=એ રીતે, બીજી દૃષ્ટિવાળા ઉપચાર न=કરતા નથી, પરંતુ જે રીતે યોગીઓની યોગની વૃદ્ધિ થાય તે રીતે જ ગ્રાસાદિ સંપાદન કરે છે.**

વળી તે યથાશક્તિ ઉપચાર કેવો છે ? તે બતાવતાં કહે છે :

**તેની અનુગ્રહધીથી યુક્ત છે=ઉપચારસંપાદક એવા પોતાની અનુગ્રહ બુદ્ધિથી યુક્ત છે='આ મહાત્માની સંયમની વૃદ્ધિ માટે હું આહાર આપીને મારા ઉપર અનુગ્રહ કરું,' તેવી બુદ્ધિથી યુક્ત આ ઉપચાર છે. ।।૪૩।।**

ભાવાર્થ :-

પૂર્વશ્લોકમાં કહ્યું કે બીજી યોગદૃષ્ટિવાળા જીવોને શુદ્ધ યોગવાળા યોગીઓમાં નિયમથી બહુમાન હોય છે. વળી બીજી દૃષ્ટિવાળા જીવો પોતાની શક્તિ પ્રમાણે આહારાદિસંપાદન દ્વારા નિયમથી તે યોગીઓની ભક્તિ કરે છે અને વિવેકવાળી તેઓની ભક્તિ હોવાથી યોગીઓના યોગની વૃદ્ધિનું કારણ છે.

આશય એ છે કે બીજી દૃષ્ટિવાળા જીવો વિચારે છે કે 'આ યોગીઓ યોગસાધના કરે છે, તેથી તેઓની યોગની વૃદ્ધિમાં સહાયક થાય તેવા આહારાદિ મારે આપવા જોઈએ, જેથી તેઓ સંયમની સારી આરાધના

કરી શકે.' આવા વિવેકપૂર્વક અપાયેલો તે આહાર હોવાથી પ્રાયઃ યોગીને પણ તે આહાર સમ્યક્ પરિણમન પામે છે; અર્થાત્ યોગીના શરીરને ઉપષ્ટંભન થાય તે રીતે પરિણમન પામે છે, અને તે શરીરના બળથી યોગીઓ યોગમાં યત્ન કરે છે.

અહીં વિશેષ એ છે કે બીજી દૃષ્ટિવાળા જીવો પણ અતિશય જ્ઞાની નથી, પોતાના બોધ અનુસાર યોગીના સંયમની વૃદ્ધિ થાય તેવો આહાર આપે છે; આમ છતાં સારા આશયથી પોતાના બોધ પ્રમાણે વિચારીને અપાયેલો આહાર પણ ક્યારેક યોગીના શરીરમાં કોઈક વિઘાતનું નિમિત્ત પણ બની શકે છે, અને ક્વચિત્ તે આહાર જ શ્વાસનળી આદિમાં પ્રવેશી જાય તો મૃત્યુ આદિનું પણ કારણ બની શકે છે; આમ છતાં આપનારના વિવેકને સામે રાખીને પ્રાયઃ કરીને આહાર યોગીના સંયમની વૃદ્ધિનું કારણ બને છે, એ અર્થ બતાવવા માટે યોગવૃદ્ધિના ફળને દેનારો ઉપચાર છે, એમ કહેલ છે.

વળી આ બીજી દૃષ્ટિવાળા જીવો સંયમવ્યાઘાત થાય તેવો આહાર યોગીઓને આપતા નથી.

વળી આ ઉપચાર તદનુગ્રહધીથી યુક્ત છે અર્થાત્ ઉપચારસંપાદક એવા પોતાના હૈયામાં એવી અનુગ્રહબુદ્ધિ વર્તે છે કે 'મારા આહારાદિ દ્વારા આ મહાત્માની ભક્તિ કરીને તેમના સંયમની વૃદ્ધિ થાય તે રીતે એમના દેહને હું અનુગ્રહ કરું, જેથી મારા ઉપર અનુગ્રહ થાય અર્થાત્ આ મહાત્માની ભક્તિ દ્વારા મને યોગમાર્ગની પ્રાપ્તિ થાય. **॥૪૩॥**

**અવતરણિકા :-**

**अयमेव विशिष्यते –**

**અવતરણિકાર્થ :-**

**આ જ=પૂર્વ શ્લોકમાં વર્ણન કરાયેલ ઉપચાર જ, વિશેષણ દ્વારા વિશેષિત કરાય છે –**

**શ્લોક :-**

**लाभान्तरफलश्चास्य, श्रद्धायुक्तो हितोदयः ।**
**क्षुद्रोपद्रवहानिश्च, शिष्टसम्मतता तथा ।।४४।।**

**અન્વયાર્થ :-**

**च=અને अस्य=આને=ઉપચાર કરનારને लाभान्तरफलः=લાભાંતરફળવાળો श्रद्धायुक्तः=શ્રદ્ધાયુક્ત हितोदयः=હિતોદયવાળો च=અને क्षुद्रोपद्रवहानिः=ક્ષુદ્રોપદ્રવની હાનિવાળો तथा=તથા शिष्टसम्मतता=શિષ્ટસમ્મતતાવાળો ઉપચાર છે. ।।૪૪।।**

**શ્લોકાર્થ :-**

**અને ઉપચાર કરનારને લાભાંતરફળવાળો, શ્રદ્ધાયુક્ત, હિતોદયવાળો અને ક્ષુદ્રોપદ્રવની હાનિવાળો તથા શિષ્ટસમ્મતતાવાળો ઉપચાર છે. ।।૪૪।।**

**ટીકા :-**

**'लाभान्तरफलश्च' 'अस्य'=उपचारकर्तुः, शुद्धोपचारपुण्यात्तथाविपाकभावात्, अत एव 'श्रद्धायुक्त' उपचार इति प्रक्रमः, 'हितोदयः' पूर्ववत्, 'क्षुद्रोपद्रवहानिश्च' भवति, अत एव व्याध्यादिनाशः 'शिष्टसम्मतता तथा', अत एवास्यातिसुन्दरो बहुमानः ।।४४।।**

**ટીકાર્થ :-**

'लाभान्तरफलश्च' ..... बहुमानः ।। **અને આને=ઉપચાર કરનારને, લાભાંતરફળવાળો ઉપચાર છે, એ પ્રકારે ઉપચારની અનુવૃત્તિ પૂર્વશ્લોકથી જાણવી.**

આ ઉપચાર લાભાંતરફળવાળો કેમ છે ? તેમાં હેતુ કહે છે :

**શુદ્ધ ઉપચારના પુણ્યથી तथा=તે પ્રકારનો=લાભાંતરફળ પ્રગટે તે પ્રકારનો, કર્મનો વિપાક થવાથી ઉપચાર કરનારને લાભાન્તર ફલ પ્રાપ્ત થાય છે=યોગમાર્ગની પ્રાપ્તિથી અન્ય ધનાદિ લાભની પ્રાપ્તિ થાય છે.**

**अत एव=આથી જ=લાભાંતરફળવાળો છે આથી જ, શ્રદ્ધાયુક્ત ઉપચાર છે. 'ઉપચાર છે' એ કથન પ્રક્રમથી પ્રાપ્ત થાય છે.**

**हितोदयः=પૂર્વની જેમ=લાભાંતરફળવાળો છે એની જેમ હિતોદયવાળો ઉપચાર છે, અને ક્ષુદ્રોપદ્રવની હાનિ થાય છે.**

**આથી જ=આ ઉપચારથી ક્ષુદ્રોપદ્રવની હાનિ થાય છે આથી જ, વ્યાધિ આદિનો નાશ થાય છે.**

**અને આ ઉપચાર શિષ્ટસમ્મતતાવાળો છે, આથી જ=આ ઉપચાર શિષ્ટસમ્મતતાવાળો છે આથી જ, આને=ઉપચાર કરનારને, અતિસુંદર બહુમાન છે=યોગીના ગ્રાસાદિસંપાદનની ક્રિયામાં અતિસુંદર બહુમાન છે. ।।૪૪।।**

❖ 'व्याध्यादि' માં 'आदि' પદથી દરિદ્રતાનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં બતાવ્યું કે બીજી દૃષ્ટિવાળા જીવો શુદ્ધ યોગવાળા યોગીઓને યથાશક્તિ આહારાદિ સંપાદન દ્વારા ઉપચાર કરે છે=દાન આપે છે. તે ઉપચાર કેવો છે તે પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે : બીજી દૃષ્ટિવાળા જીવો યોગીઓને જે આહારાદિ દાન કરે છે તેનાથી તેઓને યોગમાર્ગની પ્રાપ્તિરૂપ ફળ તો મળે છે, પરંતુ અન્ય લાભરૂપ ફળ પણ પ્રાપ્ત થાય છે; કેમ કે શુદ્ધ આહારાદિ ઉપચારની ક્રિયાથી બંધાયેલું પુણ્ય અન્ય લાભના ફળને આપે તે રીતે વિપાક પરિણામવાળું છે. જેમ શાલિભદ્રના જીવે પૂર્વભવમાં સંયમી મહાત્માની આહારાદિ દ્વારા ભક્તિ કરેલ, તેનાથી બંધાયેલું પુણ્ય યોગમાર્ગની પ્રાપ્તિનું તો કારણ બન્યું, પરંતુ અન્ય એવા ધનાદિની પ્રાપ્તિરૂપ ફળ આપનારું પણ થયું. તેથી શાલિભદ્રના ભવમાં વૈભવને પણ પામ્યા અને તે દાનના ફળથી યોગમાર્ગની પ્રાપ્તિરૂપ ફળ પણ મળ્યું.

વળી આ ઉપચાર લાભાંતરફળવાળો છે આથી શ્રદ્ધાયુક્ત છે. જેમ પર્વતમાં ધૂમને જોઈને એમ કહેવાય કે આ પર્વત ધૂમવાળો છે આથી અગ્નિવાળો છે. તેથી નક્કી થાય કે ધૂમવાળો હોવાને કારણે આ પર્વત અગ્નિવાળો છે. તે રીતે પ્રસ્તુતમાં આ ઉપચાર લાભાંતરફળવાળો છે આથી શ્રદ્ધાયુક્ત છે. તેથી એ નક્કી થાય કે જો આ ઉપચાર શ્રદ્ધાયુક્ત ન હોય તો લાભાંતરફળવાળો બને નહિ અર્થાત્ યોગમાર્ગની પ્રાપ્તિરૂપ ફળ અને અન્ય લાભના ફળવાળો બને નહિ.

વળી આ ઉપચાર પૂર્વની જેમ હિતોદયવાળો છે. જેમ શુદ્ધ ઉપચારના પુણ્યથી તે પ્રકારના કર્મના વિપાકને કારણે લાભાંતરફળ મળે છે, તેની જેમ ગ્રાસાદિસંપાદનરૂપ ઉપચાર હિતના ઉદય માટે છે. તેથી જીવને સદ્ગતિઓની પરંપરા દ્વારા મોક્ષનું કારણ બને તેવા હિતના ઉદયવાળો છે. જેમ ધનસાર્થવાહના ભવમાં ઋષભદેવ ભગવાને દાન કરેલ, તેનાથી પછીના ભવમાં તેમને હિતનો ઉદય થયો, તેની જેમ બીજી દૃષ્ટિવાળા જીવોને ગ્રાસાદિસંપાદનરૂપ ઉપચાર હિતોદયવાળો છે.

અને આ પ્રકારનો ઉપચાર કરવાથી ઉપચાર કરનારના ક્ષુદ્ર ઉપદ્રવની હાનિ થાય છે. આથી વ્યાધિ આદિનો નાશ થાય છે. વ્યાધિ આદિમાં આદિ શબ્દથી દરિદ્રતાનું ગ્રહણ કરવાનું છે. તેથી એ પ્રાપ્ત થાય કે બીજી દૃષ્ટિવાળા જીવો યોગી પ્રત્યે વિવેકપૂર્વકની ભક્તિ કરે ત્યારે ક્ષુદ્ર પ્રકારના ઉપદ્રવને કરનાર એવા કર્મની હાનિ થાય છે. તેથી તેવા જીવોમાં કોઈ વખતે વ્યાધિ આદિ વર્તતો હોય તો તે દાનની ક્રિયાથી વ્યાધિ આદિનો નાશ થઈ જાય છે, અને દરિદ્રતા હોય તો તે પણ નાશ પામે છે. જેમ શ્રીપાળરાજાને નવપદની આરાધનાથી કુષ્ટરોગરૂપ વ્યાધિનો નાશ થયો, તેમ ઉત્તમ આશયથી કરાયેલ યોગીની ભક્તિથી ભક્તિ કરનારના વ્યાધિ આદિ નાશ પામે છે.

વળી, બીજી દૃષ્ટિવાળા જીવોનો ગ્રાસાદિ સંપાદનરૂપ ઉપચાર વિવેકયુક્ત હોવાથી શિષ્ટસમ્મતતાવાળો છે. આથી આ ઉપચારની ક્રિયા કરનારને અતિ સુંદર બહુમાન છે અર્થાત્ યોગી પ્રત્યે અતિ સુંદર બહુમાન છે.

આશય એ છે કે બીજી દૃષ્ટિવાળા જીવોને કંઈક સ્પષ્ટ બોધ હોવાને કારણે યોગીઓની યોગવૃદ્ધિ થાય, એ પ્રકારના વિવેકથી દાન આપે છે, અને તે દાનક્રિયામાં તેઓને અતિ સુંદર બહુમાન વર્તતું હોય છે. જેમ શાલિભદ્રના જીવે પૂર્વભવમાં મહાત્માને દાન કર્યું, તે વખતે વિશેષ બોધ નહિ હોવા છતાં પોતાના બોધને અનુરૂપ મહાત્માને દાન આપવાની ક્રિયામાં અતિ સુંદર બહુમાન હતું. આથી શિષ્ટ પુરુષોને આવા પ્રકારના વિવેકવાળી દાનક્રિયા સંમત છે. 'अत एव' નું જોડાણ શ્રદ્ધાયુક્તમાં જેમ કર્યું તે જ રીતે અહીં સમજી લેવું. **॥૪૪॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**तथा=અને –**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૩માં કહ્યું કે શુદ્ધયોગવાળા યોગીઓમાં યથાશક્તિ ઉપચાર છે. વળી, બીજી દૃષ્ટિવાળામાં અન્ય શું છે ? તેનો સમુચ્ચય 'तथा' થી કરે છે.

**શ્લોક :-**

**भयं नातीव भवजं, कृत्यहानिर्न चोचिते ।**
**तथाऽनाभोगतोऽप्युच्चैर्न चाप्यनुचितक्रिया ।।४५।।**

**અન્વયાર્થ :-**

**भवजं भयं=ભવના પરિભ્રમણથી થયેલો ભય अतीव न=અતિ નથી च=અને उचिते=ઉચિતમાં कृत्यहानिः न=કૃત્યની હાનિ નથી तथा=અને अनाभोगतोऽपि=અનાભોગથી પણ उच्चैः=અત્યંત अनुचितक्रिया न चापि=અનુચિત ક્રિયા નથી. ।।૪૫।।**

**શ્લોકાર્થ :-**

**ભવના પરિભ્રમણથી થયેલો ભય અતિ નથી, અને ઉચિતમાં કૃત્યની હાનિ નથી, અને અનાભોગથી પણ અત્યંત અનુચિત ક્રિયા નથી. ।।૪૫।।**

**ટીકા :-**

**'भयं नातीव भवजं' तथाऽशुभाऽप्रवृत्तेः, 'कृत्यहानिर्न चोचिते' सर्वस्मिन्नेव धर्मादरात्, 'तथानाभोगतोऽप्युच्चै'रत्यर्थं, 'न चाप्यनुचितक्रिया' सर्वत्रैव ।।४५।।**

**ટીકાર્થ :-**

**'भयं नातीव ..... सर्वत्रैव ।। ભવથી પેદા થયેલો ભય અતિ નથી; કેમ કે તે પ્રકારની=ઘણી વિડંબનાનું કારણ બને તે પ્રકારની, અશુભ પ્રવૃત્તિ નથી. સર્વ જ ઉચિતમાં કૃત્યહાનિ નથી; કેમ કે ધર્મનો આદર છે; અને અનાભોગથી પણ સર્વત્ર જ=ધર્મ, અર્થ અને કામમાં અત્યંત અનુચિત ક્રિયા નથી. ।।૪૫।।**

**ભાવાર્થ :-**

વિચારકને જણાય કે સંસાર જન્મ, જરા, વ્યાધિ આદિ અનેક ભયોથી વ્યાપ્ત છે, અને મારો આત્મા શાશ્વત છે, અને મારાં વર્તમાનનાં કૃત્યો પ્રમાણે ભાવિનું સર્જન છે; અને પોતાનું જીવન અનુચિત પ્રવૃત્તિઓથી વ્યાપ્ત દેખાતું હોય તો તેને ભવનો અત્યંત ભય ઉત્પન્ન થાય છે. આ બીજી દૃષ્ટિવાળા જીવો તે પ્રકારની અશુભ પ્રવૃત્તિઓ કરતા નથી અને વિચારક પણ છે. તેઓ જાણે છે કે આ ભવ અનેક ભયોથી વ્યાપ્ત છે, તોપણ મને યોગમાર્ગ ગમે છે અને હું તે પ્રકારની અશુભ પ્રવૃત્તિ કરતો નથી. માટે ક્રમસર યોગમાર્ગની પ્રાપ્તિ કરીને

આ ભવથી છૂટીશ. આ પ્રકારની માર્ગાનુસારી વિચારણાના બળથી તેને ભવથી થયેલો અતિ ભય નથી. આમ છતાં કંઈક ભય પણ છે, તે બતાવવા માટે અતિ ભય નથી, તેમ કહેલ છે; ભવનું યથાર્થ સ્વરૂપ દેખાય છે, તેથી કંઈક ભય છે, અને તે ભયને કારણે તે વિચારે છે કે 'જો હું યોગમાર્ગમાં પ્રવૃત્તિ નહિ કરું, તો સંસારના પરિભ્રમણની પ્રાપ્તિ થશે' અને પોતે અશુભ પ્રવૃત્તિ કરતો નથી, તેથી ભયથી વિહ્વળ બનતો નથી.

બીજી દૃષ્ટિવાળા જીવોને ધર્મનો આદર છે તેથી સર્વ ઉચિત કૃત્યની હાનિ નથી. આશય એ છે કે સર્વ ઉચિત કૃત્યો એટલે, સંસારમાં રહેલો હોય ત્યારે માતા-પિતા-સ્વજન આદિ પ્રત્યે જે કંઈ ઉચિત કૃત્યો હોય તે તેમ જ કરે, અને ધર્મના ક્ષેત્રમાં પણ પોતાની શક્તિ અનુસાર જે ઉચિત કૃત્યો હોય તે તેમ જ કરે; કેમ કે બીજી દૃષ્ટિવાળા જીવને કંઈક સ્પષ્ટ બોધ હોવાથી ધર્મમાં આદર હોય છે, અને ધર્મ હંમેશાં ઉચિત કૃત્યો પ્રત્યે પ્રવૃત્તિ કરાવે છે. તેથી બીજી દૃષ્ટિવાળા જીવો માર્ગાનુસારી ગુણોમાં સમ્યગ્ યત્ન કરે છે.

વળી આ બીજી દૃષ્ટિવાળા જીવોની અનાભોગથી પણ સર્વત્ર અત્યંત અનુચિત ક્રિયા નથી. સામાન્ય રીતે જીવ કષાયને વશ થઈને અનુચિત ક્રિયા કરે છે, તેમ બીજી દૃષ્ટિવાળા જીવો પણ કષાયને વશ થઈને ક્યારેક અનુચિત ક્રિયા પણ કરે; આમ છતાં અત્યંત અનુચિત ક્રિયા બીજી દૃષ્ટિવાળા જીવો અનાભોગથી પણ કરતા નથી. આ અનુચિત પ્રવૃત્તિ ધર્મ, અર્થ અને કામના વિષયમાં થઈ શકે છે, પરંતુ બીજી દૃષ્ટિવાળા જીવો કંઈક વિવેકવાળા હોય છે, તેથી સાધુજનની નિંદા આદિ અત્યંત અનુચિત પ્રવૃત્તિ ક્યારેય કરતા નથી, અને અર્થ, કામમાં પણ અત્યંત નિંદનીય એવી પ્રવૃત્તિઓ અનાભોગથી પણ કરતા નથી. **॥૪૫॥**

**અવતરણિકા :-**

एवं –

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=પૂર્વ શ્લોકમાં બતાવ્યું કે બીજી દૃષ્ટિવાળા જીવને ભવનો અતિ ભય નથી, ઉચિત કૃત્યમાં હાનિ નથી, અનાભોગથી પણ અનુચિત ક્રિયા નથી એ રીતે, બીજુ શું છે ? તે બતાવે છે :**

**શ્લોક :-**

**कृत्येऽधिकेऽधिकगते, जिज्ञासा लालसान्विता ।**
**तुल्ये निजे तु विकले, सन्त्रासो द्वेषवर्जितः ।।४६।।**

**અન્વયાર્થ :-**

**अधिकगते अधिके कृत्ये=અધિક ગુણવાળા આચાર્યાદિમાં વર્તતાં પોતાનાથી અધિક કૃત્યોમાં लालसान्विता जिज्ञासा=લાલસાયુક્ત જિજ્ઞાસા છે, तुल्ये विकले निजे तु=તુલ્ય વિકલ પોતાના જ કૃત્યમાં=અધિક ગુણવાળા આચાર્યાદિમાં વર્તતાં કૃત્યોની તુલ્ય પોતાના જ વંદનાદિ વિકલ કૃત્યમાં द्वेषवर्जितः संत्रासः= દ્વેષરહિત સંત્રાસ છે. ।।૪૬।।**

**શ્લોકાર્થ :-**

**અધિકગુણવાળા આચાર્યાદિમાં વર્તતાં પોતાનાથી અધિક કૃત્યોમાં બીજી દૃષ્ટિવાળા યોગીને લાલસાયુક્ત જિજ્ઞાસા છે, અધિકગુણવાળા જીવોમાં વર્તતાં કૃત્યોની તુલ્ય પોતાના જ વંદનાદિ વિકલકૃત્યમાં દ્વેષરહિત સંત્રાસ છે. ॥૪૬॥**

**ટીકા :-**

**'कृत्ये' ध्यानादौ 'अधिके-' स्वभूमिकापेक्षया 'अधिकगते'=आचार्यादिवर्तिनि 'जिज्ञासा'ऽस्य कथमेतदेवमिति 'लालसान्विता'=अभिलाषातिरेकयुक्ता, 'तुल्ये' कृत्ये वन्दनादौ,'निजे तु'=आत्मीय एव, 'विकले'-कायोत्सर्गकरणादिना, 'सन्त्रासो' भवत्यात्मनि 'हा ! विराधकोऽहमि' ति, 'द्वेषवर्जितो'-ऽधिकेऽधिकृतदृष्टिसामर्थ्यादिति ।।४६।।**

**ટીકાર્થ :-**

**'कृत्ये' ..... दृष्टिसामर्थ्यादिति ।। અધિકગત એવા, આચાર્યાદિમાં વર્તતા સ્વભૂમિકાની અપેક્ષાએ અધિક ધ્યાનાદિ કૃત્યમાં જિજ્ઞાસા=अस्य=આને અર્થાત્ આચાર્યાદિને एतद=ધ્યાનાદિ કૃત્યો एवं=આવા પ્રકારનાં कथम्=કેવી રીતે છે ? એ પ્રકારની જિજ્ઞાસા, વળી તે જિજ્ઞાસા કેવી છે ? તે સ્પષ્ટ કરે છે : લાલસાઅન્વિત=પોતાને તેવા પ્રકારનાં ધ્યાનાદિ નિષ્પન્ન કરવાના અભિલાષના અતિરેકથી યુક્ત છે.**

**નિજ=આત્મીય જ વિકલ=કાયોત્સર્ગકરણાદિથી વિકલ, તુલ્ય વંદનાદિ કૃત્યમાં=અધિક ગુણવાળાની તુલ્ય વંદનાદિકૃત્ય વિષયક, 'હું વિરાધક છું' એ પ્રકારનો આત્મામાં સંત્રાસ થાય છે.**

વળી, તે સંત્રાસ કેવો છે ? તે કહે છે :

**અધિકમાં દ્વેષવર્જિત છે; કેમ કે અધિકૃત દૃષ્ટિનું=તારાદૃષ્ટિનું, સામર્થ્ય છે.**

**અહીં 'हा' શબ્દ ખેદઅર્થક છે.**

**ટીકાના અંતે 'इति' શબ્દ કથનની સમાપ્તિમાં છે. ॥૪૬॥**

❖ 'वन्दनादौ' માં 'आदि' પદથી વૈયાવચ્ચ, તપ આદિ કૃત્યનું ગ્રહણ કરવું.

❖ 'कायोत्सर्गकरणादि' માં 'आदि' પદથી વિધિનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

બીજી દૃષ્ટિવાળા જીવોને પ્રથમ દૃષ્ટિવાળા જીવો કરતાં કંઈક સ્પષ્ટ બોધ હોય છે, તેથી પોતાનાથી અધિક ગુણવાળા એવા આચાર્યાદિના ધ્યાનાદિ કૃત્યમાં વર્તતો સુદૃઢ યત્ન તેઓ જોઈ શકે છે, અને પોતાનામાં તે પ્રકારનાં ધ્યાનાદિ કરવાની શક્તિ નથી તે પણ જોઈ શકે છે. તેથી એવા મહાત્માઓને જોઈને બીજી દૃષ્ટિવાળા જીવોને તેવા પ્રકારનાં ધ્યાનાદિમાં યત્ન કરવાની અતિશય અભિલાષા થાય છે, અને તે અભિલાષાથી યુક્ત જિજ્ઞાસા થાય છે કે 'આ મહાત્માઓ કેવી રીતે આ ધ્યાનાદિમાં યત્ન કરે છે ?' અને

આવી જિજ્ઞાસાને કારણે તેઓનાં તે કૃત્યોને જોઈને 'પોતાનામાં કેવો પ્રયત્ન કરીને તે કૃત્યો પ્રગટ થાય ?' એવા પ્રકારનો બોધ કરવા યત્ન કરે છે; અને ક્રમે કરીને જિજ્ઞાસાના બળથી તેવો બોધ પણ પ્રાપ્ત કરે છે, અને શક્તિસંચય થાય ત્યારે તે મહાત્માની જેમ પોતે પણ ધ્યાનાદિ કરી શકે છે.

વળી તે અધિક ગુણવાળા મહાત્માઓ જે વંદનાદિ કૃત્યો કરે છે, તે વંદનાદિ કૃત્યો બીજી દૃષ્ટિવાળા જીવો પણ કરે છે; પરંતુ પોતાનાં વંદનાદિ કૃત્યોમાં સમ્યગ્ પ્રકારના કાયોત્સર્ગાદિ પોતે કરી શકતા નથી. તેથી પોતાના તેવા વિકલ કાયોત્સર્ગાદિને જોઈને તેમને સંત્રાસ થાય છે કે 'હું વિરાધક છું, આથી જ સમ્યગ્ પ્રકારનો કાયોત્સર્ગ કરી શકતો નથી' વળી અધિક ગુણવાળા મહાત્માઓ વંદનાદિ કૃત્યો કરે છે, અને તે વંદનાદિ કૃત્યો વિકલતા વગર સમ્યગ્ કરે છે, તે જોઈને તેમના પ્રત્યે દ્વેષ થતો નથી; કેમ કે બીજી દૃષ્ટિવાળા જીવોમાં ગુણોનો તેવો પક્ષપાત થયેલો છે કે જેથી પોતાના વિકલ અનુષ્ઠાનમાં સંત્રાસ છે અને અન્યમાં પોતાનાથી અધિક ગુણોને જોઈને ઇર્ષ્યાનો પરિણામ થતો નથી. **॥૪૬॥**

**અવતરણિકા :-**

**બીજી દૃષ્ટિવાળા જીવોમાં અન્ય ગુણોનો સમુદાય છે તે વાત શ્લોક-૪૨ થી ૪૬ સુધી કરી. હવે બીજી દૃષ્ટિવાળા જીવો ભવના ઉચ્છેદ માટે શું વિચારે છે, તે શ્લોક-૪૭-૪૮માં કહે છે.**

**શ્લોક :-**

दुःखरूपो भवः सर्व उच्छेदोऽस्य कुतः कथम् ।
चित्रा सतां प्रवृत्तिश्च, साऽशेषा ज्ञायते कथम् ।।४७।।

**અન્વયાર્થ :-**

**सर्वः भवः दुःखरूपः=સર્વ ભવ દુઃખરૂપ છે. अस्य=આનો=ભવનો उच्छेदः=ઉચ્છેદ कुतः=શેનાથી થાય ? कथम्=કેવી રીતે થાય ? च=અને सतां=સંતોની=મુનિઓની चित्रा प्रवृत्तिः=અનેક પ્રકારની પ્રવૃત્તિ છે, सा अशेषा=તે સર્વ कथम्=કેવી રીતે ज्ञायते=જણાય ? ।।૪૭।।**

**શ્લોકાર્થ :-**

**સર્વ ભવ દુઃખરૂપ છે. આનો=ભવનો ઉચ્છેદ શેનાથી થાય ? કેવી રીતે થાય ? અને મુનિઓની અનેક પ્રકારની પ્રવૃત્તિ છે, તે સર્વ કેવી રીતે જણાય ? ।।૪૭।।**

**ટીકા :-**

'दुःखरूपो भवः सर्वो' जन्मजरादिरूपत्वात् 'उच्छेदः' 'अस्य'=भवस्य, 'कुतो' हेतोः, क्षान्त्यादेः 'कथं'=केन प्रकारेण 'चित्रा', 'सतां'=मुनीनां, प्रवृत्तिश्चैत्यकर्मादिना प्रकारेण, 'साऽशेषा ज्ञायते कथं' तदन्यापोहतः ।।४७।।

**ટીકાર્થ :-**

**'दुःखरूपो ..... 'कुतो' हेतोः । સર્વ ભવ જન્મજરાદિરૂપ હોવાથી દુઃખરૂપ છે. આનો=ભવનો, ઉચ્છેદ કયા હેતુથી થાય ?**

તો વિચારે છે –

**क्षान्त्यादेः ક્ષમાદિથી થાય.**

**'कथं'=केन प्रकारेण વળી પ્રશ્ન થાય કે કયા પ્રકારથી થાય ? કયા પ્રકારના પ્રયત્નથી ક્ષમાદિ પેદા થાય ?**

તો બીજી દૃષ્ટિવાળા વિચારે છે કે – 'જે પ્રકારે મુનિઓ પ્રવૃત્તિ કરે છે તે પ્રકારે પ્રવૃત્તિ કરવામાં આવે તો મુનિઓની જેમ ક્ષમાદિભાવો પ્રગટે.' તેથી વિચારે છે.

**'चित्रा' 'सतां' ..... तदन्यापोहतः ।। અને સંતોની=મુનિઓની, ચૈત્યકર્માદિ પ્રકારથી ચિત્રપ્રવૃત્તિ છે, તે=મુનિઓની પ્રવૃત્તિ, તદન્યઅપોહથી=ક્ષમાને અનુકૂળ એવી મુનિઓની પ્રવૃત્તિથી અન્ય પ્રકારની પ્રવૃત્તિના અપોહથી=ભેદથી, અશેષ=સર્વ, કેવી રીતે જણાય ? અર્થાત્ જણાતી નથી. ।।૪૭।।**

❖ 'चैत्यकर्मादि' માં 'आदि' પદથી સાધુનાં અન્ય ઉચિત કૃત્યોનું ગ્રહણ કરવું.

**અવતરણિકા :-**

यतः –

**અવતરણિકાર્થ :-**

**यतः=જે કારણથી**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકના ઉત્તરાર્ધમાં કહ્યું કે ચિત્ર પ્રકારની મુનિઓની પ્રવૃત્તિ છે, તે અશેષ કેવી રીતે જણાઈ શકે ? અર્થાત્ જણાતી નથી. કેમ જણાતી નથી ? એમાં યુક્તિ આપવા માટે यतः થી કહે છે, જેનો ૪૮મા શ્લોક સાથે સંબંધ છે.

**શ્લોક :-**

**नास्माकं महती प्रज्ञा, सुमहान् शास्त्रविस्तरः ।**
**शिष्टाः प्रमाणमिह तदित्यस्यां मन्यते सदा ।।४८।।**

**અન્વયાર્થ :-**

**अस्माकं=અમારી महती प्रज्ञा=મહાન પ્રજ્ઞા न=નથી, (તેથી મુનિઓની અશેષ પ્રવૃત્તિનો અમારાથી નિર્ણય થતો નથી એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે.) शास्त्रविस्तरः=શાસ્ત્રવિસ્તાર सुमहान्=સુમહાન છે,**

इह=અહીં=સંસારના ઉચ્છેદ માટે કરાતા યત્નમાં शिष्टाः प्रमाणम्=શિષ્ટો પ્રમાણ છે. तद्=તે કારણથી अस्यां=આમાં=આ દૃષ્ટિમાં इति=આ રીતે=શિષ્ટોને પ્રમાણ કરીને પ્રવૃત્તિ કરવી જોઈએ એ રીતે, सदा=હંમેશાં मन्यते=માને છે. ॥૪૮॥

**શ્લોકાર્થ :-**

**અમારી મહાન પ્રજ્ઞા નથી, શાસ્ત્રવિસ્તાર સુમહાન છે, સંસારના ઉચ્છેદ માટે કરાતા યત્નમાં શિષ્ટો પ્રમાણ છે, તે કારણથી આ દૃષ્ટિમાં શિષ્ટોને પ્રમાણ કરીને પ્રવૃત્તિ કરવી જોઈએ એ રીતે, હંમેશાં માને છે. ॥૪૮॥**

**ટીકા :-**

**'नास्माकं महती प्रज्ञा' संवादिनी, स्वप्रज्ञाविकल्पिते विसंवाददर्शनात्, तथा 'सुमहान् शास्त्रविस्तरः' तत्तत्प्रवृत्तिहेतुत्वात्, एवं 'शिष्टाः' साधुजनसम्मताः 'प्रमाणमिह' व्यतिकरे (तद्) तस्मादित्येवमस्यां दृष्टौ 'मन्यते सदा-' यत्तैराचरितं तदेव यथाशक्ति सामान्येन कर्तुं युज्यत इत्यर्थः ॥४८॥**

**ટીકાર્થ :-**

**'नास्माकं ..... इत्यर्थः ॥ જે કારણથી અમારી મહાન પ્રજ્ઞા નથી=સંવાદિની પ્રજ્ઞા નથી; કેમ કે સ્વપ્રજ્ઞાવિકલ્પિતમાં વિસંવાદનું દર્શન છે. આનો અન્વય પૂર્વશ્લોકના ઉત્તરાર્ધ સાથે ततः દ્વારા કરવાનો છે. તેથી મુનિઓની અશેષ પ્રવૃત્તિનો અમારાથી નિર્ણય થતો નથી એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે.**

અહીં પ્રશ્ન થાય કે પોતાની પ્રજ્ઞાથી મુનિઓની અશેષ પ્રવૃત્તિનો નિર્ણય ન થઈ શકે, તોપણ શાસ્ત્રથી મુનિઓની અશેષ પ્રવૃત્તિનો નિર્ણય થઈ શકે છે. તેથી કહે છે :

**તથા=અને, સુમહાન શાસ્ત્રવિસ્તાર છે; કેમ કે શાસ્ત્રનું યોગમાર્ગની તે તે પ્રવૃત્તિનું હેતુપણું છે. તેથી શાસ્ત્ર દ્વારા પણ મુનિઓની અશેષ પ્રવૃત્તિ પોતે જાણી શકે તેમ નથી, એ પ્રકારનો ધ્વનિ છે.**

તો હવે કઈ રીતે ભવનો ઉચ્છેદ કરવો ? તેથી કહે છે :

**આ રીતે=શાસ્ત્રના બળથી મુનિની પ્રવૃત્તિનો નિર્ણય થાય તેમ નથી એ રીતે, અહીં= વ્યતિકરમાં= સંસારના ઉચ્છેદ અર્થે ક્ષમાદિ ભાવોમાં યત્ન કરવાના પ્રસંગમાં, શિષ્ટો=સાધુજનસમ્મત પુરુષો, પ્રમાણ છે; તે કારણથી આ દૃષ્ટિમાં=બીજી દૃષ્ટિમાં, इति=एवं આ રીતે=સંસારના ઉચ્છેદ માટે શિષ્ટોને પ્રમાણ કરીને પ્રવૃત્તિ કરવી એ રીતે, બીજી દૃષ્ટિવાળા જીવો સદા માને છે.**

આ દૃષ્ટિમાં શિષ્ટોને સદા પ્રમાણ માને છે, તેનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે :

**'જે તેઓના વડે આચરિત છે તે જ યથાશક્તિ સામાન્યથી કરવું યોગ્ય છે' એ પ્રકારનો અર્થ છે= 'शिष्टाः प्रमाणं' એ કથનનો અર્થ છે. ॥૪૮॥**

**ભાવાર્થ :-**

બીજી દૃષ્ટિમાં પ્રથમ દૃષ્ટિ કરતાં કંઈક સ્પષ્ટ બોધ છે, તેથી બીજી દૃષ્ટિવાળા જીવોને ભવો જન્મ-જરા-મરણ-રોગ-શોક આદિથી આક્રાંત=વ્યાપ્ત દેખાય છે, તેથી ભવો દુઃખરૂપ માને છે. તેથી ભવનો ઉચ્છેદ કઈ રીતે થાય ? તેમ વિચારે છે; અને કંઈક નિર્મળ પ્રજ્ઞા થયેલી હોવાથી તેમને દેખાય છે કે ક્રોધ-માન-માયા-લોભરૂપ ચાર કષાયથી સંસારી જીવો ભવનું સર્જન કરે છે, અને તેનો ઉચ્છેદ ચાર કષાયોના વિરુદ્ધભાવરૂપ ક્ષમા, મૃદુતા, ઋજુતા અને નિરીહતાથી થાય છે.

વળી તેઓ વિચારે છે કે આ ક્ષમાદિભાવો કયા પ્રકારે પ્રગટી શકે ? કેમ કે ક્રોધાદિભાવો વસ્ત્રની જેમ દૂર કરી શકાતા નથી કે જેથી ક્ષમાદિભાવો આવિર્ભાવ પામે. માટે કયા પ્રકારનો પ્રયત્ન કરવામાં આવે તો આ ભાવો પ્રગટે ? આ વિચારણાથી તેમને જણાય છે કે મુનિઓ ચૈત્યકર્માદિ પ્રવૃત્તિઓ=ચૈત્યવંદનાદિ ક્રિયાઓ, કરીને ક્ષમાદિભાવો પ્રગટ કરે છે, તેથી તેમ કરવામાં આવે તો ક્ષમાદિભાવો પ્રગટે; પરંતુ મુનિઓની ચૈત્યકર્માદિ પ્રકારની પ્રવૃત્તિઓ ઘણા પ્રકારની છે. તે સર્વ પ્રવૃત્તિઓ ક્ષમાને અનુકૂળ બને તે પ્રકારે કઈ રીતે જાણી શકાય ? કેમ કે મુનિઓની પ્રવૃત્તિ બાહ્ય આચરણારૂપે જેમ દેખાય છે, તેમ પ્રવૃત્તિકાળમાં જે રીતે ક્ષમાને અનુકૂળ તેઓ પ્રયત્ન કરે છે તે પ્રકારે તેઓની સર્વ પ્રવૃત્તિ જાણી શકાય તેમ નથી.

વળી તેમને વિચાર આવે છે કે મુનિઓની સર્વ પ્રવૃત્તિ જાણી શકાતી નથી, અને અમારામાં મહાન પ્રજ્ઞા નથી કે જેથી તેઓની બાહ્ય આચરણાના બળથી તેઓમાં વર્તતો ક્ષમાદિને અનુકૂળ પ્રયત્ન કેવો છે તે જાણી શકાય. પોતાની મહાન પ્રજ્ઞા કેમ નથી ? તેમાં તે વિચારે છે કે પોતાની પ્રજ્ઞાથી વિકલ્પિત પદાર્થોમાં પોતાને જ પાછળથી વિસંવાદ દેખાય છે અર્થાત્ પોતે જ પૂર્વે આ પ્રવૃત્તિ ક્ષમાદિગુણને અનુકૂળ છે તેમ માની યત્ન કર્યો, છતાં તે પ્રયત્નથી ક્ષમાદિ ગુણો પ્રગટ્યા નહિ, તેવો વિસંવાદ દેખાય છે. તેથી નક્કી થાય છે કે મુનિઓની અશેષ પ્રવૃત્તિ પોતે જાણી શકતા નથી.

વળી તેઓ વિચારે છે કે ભલે મારી પાસે મહાન પ્રજ્ઞા નથી, પરંતુ શાસ્ત્રના બળથી તેનો નિર્ણય થઈ શકે છે. માટે શાસ્ત્રમાં યત્ન કરવામાં આવે તો મુનિઓની અશેષ પ્રવૃત્તિનું જ્ઞાન થઈ શકે, અને તે જ્ઞાન પ્રમાણે પ્રવૃત્તિ કરવામાં આવે તો ક્ષમાદિ ગુણો પ્રગટે અને ભવનો ઉચ્છેદ થાય. માટે ક્ષમાદિ ગુણો માટે શાસ્ત્રમાં યત્ન કરવો જોઈએ.

વળી તે વિચારે છે કે શાસ્ત્રનો વિસ્તાર સુમહાન છે; કેમ કે શાસ્ત્ર તે તે પ્રવૃત્તિનો હેતુ છે. આશય એ છે કે યોગમાર્ગને અનુકૂળ જે જે પ્રવૃત્તિઓ છે તે સર્વ પ્રવૃત્તિઓનો હેતુ શાસ્ત્ર છે; અને યોગમાર્ગને અનુકૂળ પ્રવૃત્તિઓ ઘણી છે, તેથી તેને કહેનારા શાસ્ત્રનો વિસ્તાર ઘણો છે, તેથી તે શાસ્ત્ર દ્વારા પોતે મુનિઓની અશેષ પ્રવૃત્તિ જાણી શકે તેમ નથી.

તો હવે શું કરવું કે જેથી ભવનો ઉચ્છેદ થાય ? તેથી વિચારે છે કે સંસારનો ઉચ્છેદ કરવા અર્થે જે ક્ષમાદિ ગુણો પ્રગટ કરવા છે, તેના વિષયમાં જે ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ, તે વ્યતિકરમાં શિષ્ટ પુરુષો પ્રમાણ છે. આ પ્રમાણે બીજી દૃષ્ટિમાં જીવો સદા વિચારે છે. તેનું તાત્પર્ય ટીકામાં સ્પષ્ટ કરતાં કહે છે કે શિષ્ટો પ્રમાણ છે એટલે જે તેઓએ આચર્યું છે તે જ પોતાની શક્તિ પ્રમાણે સામાન્યથી કરવું યોગ્ય છે.

આશય એ છે કે શિષ્ટ પુરુષોની આચરણાને અનુરૂપ સ્વશક્તિ પ્રમાણે પોતે પ્રયત્ન કરવો હોય, તો તેમની પ્રવૃત્તિને અનુરૂપ તેમના જેવી પ્રવૃત્તિ પોતે કરી શકે તેવો પોતાનો ક્ષયોપશમ નથી; છતાં સામાન્યથી તેઓની આચરણાને અનુસરતો હોય તો તે આચરણાના બળથી ક્રમે કરીને વિશેષ ક્ષયોપશમ થાય, અને જેમ શિષ્ટ પુરુષો તે આચરણા કરીને ક્ષમાદિ ગુણોને મેળવી શક્યા, તેમ પોતે પણ સામાન્યથી તેનું અનુસરણ કરે, તો ક્રમે કરીને તેમની જેમ ક્ષમાદિ ગુણોને પ્રાપ્ત કરશે અને તો ભવનો ઉચ્છેદ થશે. આ વિચારણાથી શિષ્ટપુરુષો પાછળ ચાલવાને અનુકૂળ નિર્મળ પ્રજ્ઞારૂપ નિર્મળ અંતરચક્ષુ બીજી દૃષ્ટિમાં પ્રગટ થયેલ છે. તેને સામે રાખીને નમુત્થુણં સૂત્રમાં ચક્ખુદયાણં શબ્દથી ભગવાનને ચક્ષુ આપનારા કહ્યા છે. **॥૪૭-૪૮॥**

## બલાદૃષ્ટિ

**અવતરણિકા :-**

**उक्ता तारा, अधुना बलोच्यते, तदत्राह –**

**અવતરણિકાર્થ :-**

**તારાદૃષ્ટિ કહેવાઈ, હવે બલાદૃષ્ટિ કહેવાય છે. તે કારણથી અહીં=શ્લોકમાં, કહેવાય છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૧ થી ૪૮ સુધી વર્ણન કર્યું, તેના દ્વારા તારાદૃષ્ટિ કહેવાઈ, હવે બલાદૃષ્ટિ કહેવાય છે. તે કારણથી=બલાદૃષ્ટિ કહેવાની ગ્રંથકારે પ્રતિજ્ઞા કરી તે કારણથી, અહીં=શ્લોકમાં, ગ્રંથકાર બલાદૃષ્ટિના સ્વરૂપને બતાવે છે :

**શ્લોક :-**

**सुखासनसमायुक्तं, बलायां दर्शनं दृढम् ।**
**परा च तत्त्वशुश्रूषा, न क्षेपो योगगोचरः ।।४९।।**

**અન્વયાર્થ :-**

**बलायां=બલાદૃષ્ટિમાં सुखासनसमायुक्तं दृढं दर्शनं=સુખાસનથી સમાયુક્ત દઢ દર્શન છે च=અને तत्त्वशुश्रूषा परा=તત્ત્વશુશ્રૂષા પરા છે, योगगोचरः=યોગવિષયક क्षेपो न=ક્ષેપ નથી. ।।૪૯।।**

**શ્લોકાર્થ :-**

**બલાદૃષ્ટિમાં સુખાસનથી સમાયુક્ત દઢ દર્શન છે, અને તત્ત્વશુશ્રૂષા પરા છે, યોગવિષયક ક્ષેપ નથી. ।।૪૯।।**

**ટીકા :-**

**'सुखासनसमायुक्तम्' इति स्थिरसुखासनवत् 'बलायां' दृष्टौ 'दर्शनं' प्रागुक्तं 'दृढं' काष्ठाग्निकणोपम-मिति कृत्वा, 'परा च तत्त्वशुश्रूषा' जिज्ञासासम्भवेति, 'न क्षेपो योगगोचरः' तदनुद्वेगज इति कृत्वा ।।४९।।**

**ટીકાર્થ :-**

**'सुखासनसमा ..... कृत्वा ।। બલાદૃષ્ટિમાં સુખાસનસમાયુક્ત=સ્થિર સુખાસનવાળું, પૂર્વમાં કહેલ અર્થાત્ શ્લોક-૧૭ માં કહેલ લક્ષણવાળું દર્શન, કાષ્ઠઅગ્નિકણની ઉપમાવાળું છે એથી કરીને દૃઢ છે, અને જિજ્ઞાસાથી થનારી છે 'इति'=એથી તત્ત્વશુશ્રૂષા પરા છે.**

**તદનુદ્વેગથી ઉત્પન્ન થયેલો=યોગની પ્રવૃત્તિના અનુદ્વેગથી ઉત્પન્ન થયેલો, યોગનો યત્ન છે, એથી કરીને યોગવિષયક ક્ષેપ નથી. ।।૪૯।।**

**ભાવાર્થ :-**

પહેલી દૃષ્ટિમાં બોધ મંદ હોય છે, જે યોગમાર્ગના પ્રારંભિક બોધરૂપ છે, જેથી પહેલી દૃષ્ટિવાળા જીવોને બાહ્ય આચરણામાત્રમાં જ આત્મકલ્યાણની બુદ્ધિ થાય છે.

બીજી દૃષ્ટિમાં કંઈક સ્પષ્ટ બોધ થાય છે, અને તેને કારણે શૌચ, સંતોષ આદિ ભાવો તરફ બીજી દૃષ્ટિવાળાનો યત્ન થાય છે, જેમાં આચરણા કરતાં પરિણામ તરફ કંઈક યત્ન દેખાય છે. ત્રીજી દૃષ્ટિમાં તેમાં કંઈક અતિશયતા આવે છે, તેથી ત્રીજી દૃષ્ટિવાળા જીવોને સ્થિરસુખાસન નામનું ત્રીજું યોગાંગ પ્રગટ થાય છે. આ સ્થિરસુખાસનનું સ્વરૂપ ગ્રંથકાર સ્વયં આગળના શ્લોકમાં બતાવે છે.

વળી ત્રીજી દૃષ્ટિમાં દર્શન કાષ્ઠઅગ્નિકણની ઉપમાવાળું હોવાથી કંઈક દૃઢ છે અર્થાત્ પહેલી બે દૃષ્ટિ કરતાં દીર્ઘકાળ ટકે એવું અને કંઈક વીર્યવાળું છે. આથી શ્લોક-૧૫ની ટીકામાં કહેલ કે "ત્રીજી દૃષ્ટિનો બોધ કંઈક ટકે એવો હોય છે અને કંઈક વીર્યવાળો હોય છે, તેના કારણે સ્મૃતિ પણ પટુ હોય છે. તેથી જે અનુષ્ઠાનો કરે છે, તેમાં અર્થપ્રયોગમાત્રમાં પ્રીતિ વર્તે છે. માટે ત્રીજી દૃષ્ટિવાળા જીવોનું દર્શન કંઈક કાળ ટકી શકે તેવું હોય છે, તેથી તેઓના અનુષ્ઠાનમાં લક્ષ્યને અનુકૂળ એવો યત્નલેશ હોય છે."

વળી પહેલી બે દૃષ્ટિ કરતાં બોધ અધિક હોવાને કારણે બીજી દૃષ્ટિમાં ઉત્પન્ન થયેલી જિજ્ઞાસા ઉત્તરભાવી તત્ત્વશુશ્રૂષા=તત્ત્વને સાંભળવાની ઇચ્છા, પરાકોટીની હોય છે.

આશય એ છે કે બીજી દૃષ્ટિમાં સામાન્ય બોધને કારણે વિશેષની જિજ્ઞાસા થાય છે, અને તે જિજ્ઞાસાના બળથી કંઈક અધિક બોધ થાય છે ત્યારે જીવને તત્ત્વશુશ્રૂષા ગુણ પ્રગટે છે, અને આ તત્ત્વશુશ્રૂષા તત્ત્વની પ્રાપ્તિ માટે કેવો યત્ન કરાવે છે તે ગ્રંથકાર સ્વયં આગળ કહેવાના છે.

વળી જેમ બીજી દૃષ્ટિમાં કષ્ટસાધ્યતાજ્ઞાનજન્ય આળસરૂપ ઉદ્વેગદોષ જવાને કારણે બીજી દૃષ્ટિવાળા યોગીઓ કષ્ટસાધ્ય અનુષ્ઠાનમાં પણ શક્તિ અનુસાર યત્ન કરે છે, તેના કરતાં ત્રીજી દૃષ્ટિમાં બોધ અધિક

થવાના કારણે કષ્ટસાધ્ય એવા અનુષ્ઠાનમાં આળસ રહિત તેવો સુદૃઢ યત્ન કરે છે, જેથી ક્રિયાકાળમાં ચિત્તનો અન્યત્ર ક્ષેપ પણ થતો નથી.

આશય એ છે કે બીજી દૃષ્ટિવાળા યોગીઓ કષ્ટસાધ્ય અનુષ્ઠાન જણાવા છતાં ઉદ્વેગરહિત યત્ન કરે છે, તોપણ તેવું સંચિત વીર્ય નહિ હોવાથી કષ્ટસાધ્ય અનુષ્ઠાનમાં તેઓનું ચિત્ત વચ્ચે વચ્ચે અન્યત્ર જાય તેવો સંભવ રહે છે. જ્યારે ત્રીજી દૃષ્ટિવાળા યોગીઓ લક્ષ્ય પ્રત્યે બદ્ધ પરિણામવાળા થઈને અનુષ્ઠાનમાં યત્ન કરી શકે તેવા સંચિત વીર્યવાળા હોવાથી ક્ષેપદોષ આવતો નથી.

વળી આગળના શ્લોકમાં કહેવાશે તેવી જીવન જરૂરિયાતથી અધિક તૃષ્ણા=અસત્ તૃષ્ણા ત્રીજી દૃષ્ટિમાં નહિ હોવાને કારણે ક્ષેપ થવાનો સંભવ રહેતો નથી. તેથી પોતાના બોધને અનુરૂપ ફળનિષ્પત્તિને અનુકૂળ ક્ષેપદોષ વગર ત્રીજી દૃષ્ટિવાળા યોગીઓ ધર્મઅનુષ્ઠાનમાં યત્ન કરે છે; જ્યારે બીજી દૃષ્ટિવાળા જીવો કલ્યાણના માટે અનુષ્ઠાનમાં યત્ન કરે છે, અને ધર્મઅનુષ્ઠાન કષ્ટસાધ્ય જણાવા છતાં ઉદ્વેગ વગર પ્રયત્ન કરે છે, આમ છતાં અસત્ તૃષ્ણાને કારણે ઇંદ્રિયોનું ચાંચલ્ય હોવાથી ક્ષેપદોષ થવાનો સંભવ રહે છે. **॥૪૯॥**

**અવતરણિકા :-**

**अमुमेवार्थमाह –**

**અવતરણિકાર્થ :-**

**આ જ અર્થને=શ્લોક-૪૯માં બતાવ્યું કે બલાદૃષ્ટિમાં સ્થિરસુખાસનવાળું દર્શન છે, એ જ અર્થને કહે છે –**

**ભાવાર્થ :-**

અવતરણિકા સાથે શ્લોકનો સંબંધ આ રીતે છે– પ્રસ્તુત શ્લોકમાં કહે કે બલાદૃષ્ટિ હોતે છતે અસત્ તૃષ્ણા નહિ હોવાને કારણે સ્થિરસુખાસન છે. તેથી એ ફલિત થયું કે સ્થિરસુખાસનવાળી આ દૃષ્ટિ છે, અને તે બતાવવા માટે અવતરણિકામાં કહ્યું કે આ જ અર્થને=સ્થિરસુખાસનવાળું દર્શન છે, એ જ અર્થને કહે છે-

**શ્લોક :-**

**नास्यां सत्यामसत्तृष्णा, प्रकृत्यैव प्रवर्त्तते ।**
**तदभावाच्च सर्वत्र, स्थितमेव सुखासनम् ।।५०।।**

**અન્વયાર્થ :-**

**अस्यां सत्यां=આ હોતે છતે=બલાદૃષ્ટિ હોતે છતે प्रकृत्या एव=પ્રકૃતિથી જ असत्तृष्णा=અસત્ તૃષ્ણા प्रवर्तते न=પ્રવર્તતી નથી च=અને तदभावात्=તેના અભાવને કારણે=અસત્ તૃષ્ણાના અભાવને કારણે सर्वत्र=સર્વ પ્રવૃત્તિઓમાં स्थितमेव=સ્થિત જ=અવસ્થિત જ सुखासनम्=સુખાસન છે. ।।૫૦।।**

**શ્લોકાર્થ :-**

**બલાદષ્ટિ હોતે છતે પ્રકૃતિથી જ અસત્તૃષ્ણા પ્રવર્તતી નથી, અને અસત્તૃષ્ણાના અભાવને કારણે સર્વ પ્રવૃત્તિઓમાં અવસ્થિત જ સુખાસન છે. ।।૫૦।।**

**ટીકા :-**

**'नास्याम्' अधिकृतदृष्टौ सत्याम् - 'असत्तृष्णा' – स्थितिनिबन्धनातिरिक्तगोचरा, 'प्रकृत्यैव'= स्वभावेनैव 'प्रवर्तते' विशिष्टशुद्धियोगात्, 'तदभावाच्च'=असत्तृष्णाभावाच्च, 'सर्वत्र'-व्याप्त्या 'स्थितमेव सुखासनं,' तथापरिभ्रमणाभावेन ।।५०।।**

**ટીકાર્થ :-**

**'नास्याम्' अधिकृतदृष्टौ, ..... तथापरिभ्रमणाभावेन ।। આ=અધિકૃત દૃષ્ટિ હોતે છતે, સ્થિતિના કારણથી અતિરિક્ત વિષયવાળી અસત્તૃષ્ણા પ્રકૃતિથી જ=સ્વભાવથી જ, પ્રવર્તતી નથી; કેમ કે વિશિષ્ટ શુદ્ધિનો યોગ છે; અને તેના અભાવથી= અસત્તૃષ્ણાના અભાવથી, સર્વત્ર=સર્વ કાર્યમાં, વ્યાપ્તિથી સ્થિત જ=અવસ્થિત જ, સુખાસન છે; કેમ કે તે પ્રકારના પરિભ્રમણનો અભાવ છે= સ્થિતિનિબંધનની જરૂરિયાત કરતાં અધિક તૃષ્ણાથી જન્ય પરિભ્રમણનો અભાવ છે. ।।૫૦।।**

**ભાવાર્થ :-**

ત્રીજી દૃષ્ટિમાં યોગના આઠ અંગમાંથી આસન નામનું ત્રીજું અંગ પ્રગટ થાય છે અને તે આસન સ્થિર સુખાસનરૂપ છે. તેનું સ્વરૂપ આ શ્લોકમાં બતાવે છે :

ત્રીજી દૃષ્ટિમાં પ્રકૃતિથી જીવને પોતાના જીવનનિર્વાહની જરૂરિયાતથી અતિરિક્ત વસ્તુવિષયક તૃષ્ણા રહેતી નથી, અને એ તૃષ્ણા નહિ હોવાને કારણે જીવનની સર્વ પ્રવૃત્તિઓમાં અવસ્થિત સુખાસન હોય છે; કેમ કે અસત્ તૃષ્ણાને કારણે જે પ્રકારે પરિભ્રમણ થાય છે તેવું પરિભ્રમણ ત્રીજી દૃષ્ટિવાળા જીવો કરતા નથી. માટે તેવા પરિભ્રમણકૃત ક્લેશનો અભાવ થવાથી સુખપૂર્વક જીવનારા હોય છે.

**સ્થિરાદિ દૃષ્ટિવાળા ભાવસાધુની તૃષ્ણા અને ત્રીજી દૃષ્ટિવાળાની તૃષ્ણા વચ્ચેનો ભેદ :-**

સાધુઓ સંયમ ગ્રહણ કરે છે ત્યારે કોઈ પદાર્થ પ્રત્યે તેમને તૃષ્ણા હોતી નથી, દેહની જરૂરિયાત પ્રત્યે પણ તૃષ્ણા હોતી નથી, કેવલ સમતાની વૃદ્ધિના ઉપાયભૂત ઉચિત ક્રિયાઓ કરવાની મનોવૃત્તિ હોય છે. આથી સાધુ ગોચરી માટે જાય ત્યારે વિચારે છે કે 'આહાર મળશે તો સંયમની વૃદ્ધિ થશે અને નહિ મળે તો તપની વૃદ્ધિ થશે.' તેથી દેહની જરૂરિયાતરૂપ આહાર પ્રત્યે પણ તૃષ્ણા હોતી નથી. વળી આહાર વગર સંયમયોગમાં યત્ન અશક્ય દેખાય ત્યારે અપવાદથી દોષિત આહાર ગ્રહણ કરે તોપણ દેહ પ્રત્યે કે આહાર પ્રત્યે તૃષ્ણા નથી, કેવલ સંયમયોગની વૃદ્ધિ પ્રત્યે ઇચ્છા છે અને તેના ઉપાયરૂપે અપવાદથી અશુદ્ધ ભિક્ષામાં યત્ન છે. તેથી ભાવસાધુને તૃષ્ણાનો સંપૂર્ણ અભાવ છે.

જ્યારે ત્રીજી દૃષ્ટિવાળા જીવોને દેહ પ્રત્યે કંઈક રાગ છે, તેથી દેહની પ્રાથમિક જરૂરિયાતોની તૃષ્ણા છે, *તોપણ પ્રાથમિક જરૂરિયાતથી અધિક તૃષ્ણા નથી. તેથી અધિક ધન પ્રાપ્તિ અર્થે પરિભ્રમણ કરવાની* મનોવૃત્તિ નથી, માટે તે પ્રકારની ઉત્સુકતા નહિ હોવાને કારણે ધર્મપ્રવૃત્તિકાળમાં ક્ષેપદોષ નથી, અને પ્રકૃતિ શાંત હોવાથી જે કંઈ પ્રવૃત્તિ કરે છે તે સર્વ પ્રવૃત્તિઓમાં અવસ્થિત સુખાસન છે. આથી ત્રીજી દૃષ્ટિવાળા જીવો ક્વચિત્ ગૃહસ્થ હોય અને વૈભવવાળા હોય, તોપણ ધનની લાલસાથી અત્યંત વ્યાકુળ થઈને પ્રવૃત્તિઓ કરતા નથી, અને ક્વચિત્ સામાન્ય સ્થિતિવાળા હોય તોપણ સંતોષપૂર્વક જીવીને સુખપૂર્વક રહેનારા હોય છે. વળી ઇંદ્રિયોની નિરર્થક ઉત્સુકતા શાંત થયેલી હોવાથી ત્રીજી દૃષ્ટિવાળા યોગીઓ ધર્મની પ્રવૃત્તિ કરતા હોય ત્યારે ક્ષેપદોષ વગર પ્રવૃત્તિ કરી શકે છે.

સામાન્યથી જીવોને ધર્મપ્રવૃત્તિકાળમાં પણ આજુબાજુ જોવાની, કોણ આવ્યું કોણ ગયું તેનો ખ્યાલ રાખવાની કે કરાતી પ્રવૃત્તિમાં સુદૃઢ મન પ્રવર્તાવવાનું છોડીને અન્યત્ર મનને પ્રવર્તાવવાની ચેષ્ટા દેખાય છે, તે સર્વ સ્થિતિનિબંધન તૃષ્ણાથી=પ્રાથમિક જીવન જરૂરિયાતમાં વર્તતી તૃષ્ણાથી, અધિક તૃષ્ણાનું કાર્ય છે. આથી લક્ષ્યને અનુરૂપ ક્ષેપદોષ વગર તેવા જીવો યત્ન કરી શકતા નથી.

વળી કેટલાક સૂક્ષ્મબોધવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો પણ પ્રાથમિક જરૂરિયાતોને છોડીને અધિક ધનાદિમાં યત્ન કરતા દેખાય છે. વસ્તુતઃ તેમનો બોધ અને તેમની રુચિ ધનાદિની તૃષ્ણામાં પ્રવૃત્તિ કરાવે નહિ, પરંતુ તૃષ્ણાના ઉચ્છેદમાં પ્રવૃત્તિ કરાવે; આમ છતાં બલવાન અવિરતિઆપાદકકર્મ હોય ત્યારે સમ્યગ્દૃષ્ટિ જીવો પણ તૃષ્ણાથી ધનાદિમાં યત્ન કરતા હોય છે. તે રીતે બલાદૃષ્ટિનો વિચાર કરીએ તો એ પ્રાપ્ત થાય કે બલાદૃષ્ટિવાળા જીવોને જે પ્રકારનો સ્થૂલ બોધ છે, તે પ્રકારની તેઓની રુચિ છે; અને તે રુચિ અનુસાર તેઓ પ્રવૃત્તિ કરે છે ત્યારે, તેઓને રુચિથી વિપરીત પ્રવૃત્તિ કરાવનાર બળવાન કર્મ નથી. માટે તેઓ સ્થિતિનિબંધન તૃષ્ણાથી અધિક પ્રયત્ન કરતા નથી. વળી બલાદૃષ્ટિમાં રહેલા પણ કેટલાક જીવોનું ધનાદિની લાલસાને ઉત્પન્ન કરાવનાર બલવાન કર્મ હોય, અને તે કર્મના દોષથી વ્યાકુળ થઈને અધિક અધિક ધનાદિ માટે પ્રવૃત્તિ કરતા હોય, તોપણ તેમનો બોધ તે પ્રવૃત્તિમાં શિથિલતા કરે છે; અને જ્યારે તે બલવાન કર્મ શિથિલ બને ત્યારે ત્રીજી દૃષ્ટિમાં રહેલા જીવો અવશ્ય પોતાના બોધ અનુસાર અને રુચિ અનુસાર પ્રવૃત્તિ કરીને પ્રસ્તુત શ્લોકમાં વર્ણન કર્યું તેવા સ્થિરસુખાસનપરિણામવાળા બને છે. **॥૫૦॥**

**અવતરણિકા :-**

एतदेवाह –

**અવતરણિકાર્થ :-**

**આને જ કહે છે=પૂર્વ શ્લોકમાં કહ્યું કે ત્રીજી દૃષ્ટિમાં અસત્ તૃષ્ણાના અભાવને કારણે સર્વત્ર અવસ્થિત જ સુખાસન છે, એને જ કહે છે –**

**શ્લોક :-**

**अत्वरापूर्वकं सर्वं, गमनं कृत्यमेव वा ।**
**प्रणिधानसमायुक्तमपायपरिहारतः ।।५१।।**

**અન્વયાર્થ :-**

अत्वरापूर्वकं सर्वं गमनं=અત્વરાપૂર્વક સર્વ ગમન वा=અને अपायपरिहारतः=અપાયના પરિહારથી प्रणिधानसमायुक्तं सर्वं कृत्यमेव=પ્રણિધાનયુક્ત સર્વ કૃત્ય જ છે. ।।૫૧।।

**શ્લોકાર્થ :-**

**અત્વરાપૂર્વક સર્વ ગમન અને અપાયના પરિહારથી પ્રણિધાનયુક્ત સર્વ કૃત્ય જ છે. ।।૫૧।।**

**ટીકા :-**

**'अत्वरापूर्वकम्'=अनाकुलमित्यर्थः 'सर्वं'-सामान्येन किं तदित्याह 'गमनं' देवकुलादौ, 'कृत्यमेव वा' वन्दनादि, 'प्रणिधानसमायुक्तं'=मनःप्रणिधानपुरःसरं, 'अपायपरिहारतः'=दृष्ट्याद्यपायपरिहारेण ।।५१।।**

**ટીકાર્થ :-**

**'अत्वरापूर्वकम्' ..... परिहारेण ।। અત્વરાપૂર્વક=અનાકુળપણે, સામાન્યથી સર્વ દેવકુલાદિમાં ગમન, અને અપાયના પરિહારથી=અન્યત્ર દૃષ્ટિ આદિના ગમનના પરિહારથી, પ્રણિધાનસમાયુક્ત= મનઃપ્રણિધાનપૂર્વક, વંદનાદિ કૃત્ય જ છે. ।।૫૧।।**

- ❖ 'देवकुलादौ' માં 'आदि' પદથી ઉપાશ્રયનું ગ્રહણ કરવું.
- ❖ 'वन्दनादि' માં 'आदि' પદથી પૂજનનું ગ્રહણ કરવું.
- ❖ 'दृष्ट्यादि' માં 'आदि' પદથી મનનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

ત્રીજી દૃષ્ટિવાળાને અસત્ તૃષ્ણા નહિ હોવાને કારણે સ્થિરસુખાસન હોય છે, જેથી ધર્મ કરવા અર્થે દેવકુલાદિમાં જતા હોય તો અત્વરાપૂર્વક ગમન કરે છે. તે રીતે વંદનાદિ કૃત્યો પણ અત્વરાપૂર્વક કરે છે; અને ક્રિયાકાળમાં અસત્ તૃષ્ણા નહિ હોવાને કારણે દૃષ્ટિ અને મન ભગવદ્ભક્તિ આદિને છોડીને અન્યત્ર ગમન કરતાં નથી, તેથી પોતાના બોધને અનુરૂપ ભગવાનના ગુણોમાં દૃષ્ટિ અને મનને સુદૃઢ પ્રવર્તાવે છે.

ત્રીજી દૃષ્ટિવાળા જીવોનું દર્શન સ્થિરસુખાસનવાળું છે, તેથી સર્વ ધર્મપ્રવૃત્તિ સમ્યગ્ કરી શકે છે.

અહીં ટીકામાં સર્વ ગમનને સ્પષ્ટ કરવા માટે કહ્યું કે સામાન્યથી સર્વ ગમન અત્વરાપૂર્વક હોય છે. ત્યાં સામાન્યથી કહીને એ કહેવું છે કે કોઈ વિશિષ્ટ કારણ હોય ત્યારે ત્વરાપૂર્વક પણ થાય, પરંતુ સામાન્ય રીતે

સર્વ ગમન અત્વરાપૂર્વક થાય છે; અને સર્વ ગમન કહીને એ કહેવું છે કે કોઈ એક વખતનું ગમન નહિ, પરંતુ જ્યારે જ્યારે દેવકુલાદિમાં જતા હોય ત્યારે સર્વ ગમન અત્વરાપૂર્વક થાય છે.

અહીં વિશેષ એ છે કે શ્લોક-૧૫ની ટીકામાં દૃષ્ટિના વર્ણન વખતે સ્થિરાદૃષ્ટિના વર્ણનમાં કહ્યું કે પ્રાયઃ કરીને સ્થિરાદૃષ્ટિ પ્રણિધાનની યોનિ છે. તેથી એ પ્રાપ્ત થાય કે સ્થિરાદૃષ્ટિમાં પ્રણિધાન પ્રગટ્યું નથી, પરંતુ સ્થિરાદૃષ્ટિનો બોધ પ્રણિધાનનું ઉત્પત્તિસ્થાન છે, અને તે પણ પ્રાયઃ; જ્યારે અહીં તો ત્રીજી દૃષ્ટિમાં કહ્યું કે પ્રણિધાનપૂર્વક વંદનાદિ કૃત્યો છે. તેથી જિજ્ઞાસા થાય કે અહીં કહેલ પ્રણિધાન અને સ્થિરાદૃષ્ટિમાં કહેલ પ્રણિધાન વચ્ચેનો ભેદ શું છે ?

તેનું સમાધાન એ છે કે સ્થિરાદૃષ્ટિવાળા યોગીઓને સમ્યગ્બોધ હોવાથી સર્વ ઉપદ્રવથી રહિત મોક્ષ સાર લાગે છે, અને તેની નિષ્પત્તિનો એક ઉપાય સમિતિ-ગુપ્તિમય એવું નિસ્પૃહ જીવન દેખાય છે. તેથી સૂક્ષ્મબોધવાળા એવા સ્થિરાદૃષ્ટિવાળા યોગી પ્રાયઃ કરીને પ્રણિધાન કરે છે કે ‘પ્રાપ્ત થયેલા મનુષ્યભવમાં ભગવાનના વચનાનુસાર સમિતિ-ગુપ્તિમાં યત્ન કરીને મારે સંસારનો ઉચ્છેદ કરવો જોઈએ’ અને આવું પ્રણિધાન જે સ્થિરાદૃષ્ટિવાળા યોગી કરી શકે છે તે યોગી સંયમ ગ્રહણ કરીને પ્રણિધાનાદિ આશયપૂર્વક સંયમમાં યત્ન કરે છે. આમ છતાં કેટલાક સ્થિરાદૃષ્ટિવાળા જીવો પણ બલવાન ચારિત્રમોહનીયના ઉદયવાળા હોય તો પોતાના બોધને અનુરૂપ સાધ્યની સિદ્ધિ માટે સમિતિ-ગુપ્તિને અનુકૂળ પ્રણિધાનાદિ આશયો કરી શકતા નથી. તેને સામે રાખીને કહ્યું કે સ્થિરાદૃષ્ટિનો બોધ પ્રાયઃ કરીને પ્રણિધાનાદિની યોનિ છે.

વળી સ્થિરાદૃષ્ટિવાળા યોગીઓમાંથી કેટલાક યોગીઓને મોક્ષના ઉપાયભૂત સમિતિ-ગુપ્તિમય સંયમની તીવ્ર સ્પૃહા હોવા છતાં તત્કાળ તેવું જીવન જીવી શકે તેવી શક્તિ હોતી નથી. તેઓ પણ તે શક્તિસંચય માટે પ્રણિધાન આદિ કરીને દેશવિરતિધર્મનું પાલન કરતા હોય છે, અને તેના દ્વારા આ ભવમાં શક્તિસંચય થાય તો સર્વવિરતિ પણ ગ્રહણ કરે છે.

વળી કેટલાક સ્થિરાદૃષ્ટિવાળા યોગીઓ મોક્ષનો ઉપાય સર્વવિરતિ છે, તેમ જાણે છે, અને સર્વવિરતિને સેવવાની રુચિવાળા છે; આમ છતાં બલવાન ચારિત્રમોહનીયકર્મ હોવાથી દેશવિરતિમાં પણ યત્ન કરી શકતા નથી. આવા યોગીઓ સાધ્યની નિષ્પત્તિ માટે સંયમને અનુકૂળ પ્રણિધાનાદિ આશયો કરી શકતા નથી. તેઓના વ્યવચ્છેદ માટે કહ્યું કે સ્થિરાદૃષ્ટિ પ્રાયઃ પ્રણિધાન આદિ આશયની યોનિ છે.

વળી ત્રીજી દૃષ્ટિવાળા યોગીઓ સ્વભૂમિકા અનુસાર જે વંદનાદિ કૃત્યો કરે છે, તે કૃત્યો પોતાના સ્થૂલ બોધ અનુસાર પ્રણિધાનઆશયપૂર્વક કરે છે; અને તેની જેમ જ અવિરતિના ઉદયવાળા સ્થિરાદૃષ્ટિવાળા યોગી પણ જે વંદનાદિ કૃત્યો કરે છે, તે પોતાના સૂક્ષ્મ બોધ અનુસાર પ્રણિધાનઆશયપૂર્વક કરે છે; છતાં દેશવિરતિ આદિના કૃત્યોમાં પ્રણિધાન કરી શકતા નથી, તે અપેક્ષાએ સ્થિરાદૃષ્ટિને પ્રાયઃ પ્રણિધાનની યોનિ છે, તેમ કહેલ છે. **॥૫૧॥**

**અવતરણિકા :-**

उक्तं दर्शनम् । अस्यैव शुश्रूषामाह –

**અવતરણિકાર્થ :-**

શ્લોક-૫૦-૫૧માં બલાદૃષ્ટિનું દર્શન કહેવાયું. હવે આની જ=બલાદૃષ્ટિવાળાની જ, શુશ્રૂષાને કહે છે –

**શ્લોક :-**

**कान्तकान्तासमेतस्य, दिव्यगेयश्रुतौ यथा ।**
**यूनो भवति शुश्रूषा तथास्यां तत्त्वगोचरा ।।५२।।**

**અન્વયાર્થ :-**

यथा=જે પ્રમાણે कान्तकान्तासमेतस्य यूनः=સુંદર સ્ત્રીથી યુક્ત એવા યુવાનને दिव्यगेयश्रुतौ=કિંનર આદિના ગીતશ્રવણમાં शुश्रूषा भवति=શુશ્રૂષા છે, तथा=તે પ્રમાણે अस्यां=આમાં=બલાદૃષ્ટિમાં तत्त्वगोचरा= તત્ત્વના વિષયવાળી શુશ્રૂષા છે. ।।૫૨।।

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે સુંદર સ્ત્રીથી યુક્ત એવા યુવાનને કિંનરના ગીતશ્રવણમાં શુશ્રૂષા છે, તે પ્રમાણે બલાદૃષ્ટિમાં તત્ત્વના વિષયવાળી શુશ્રૂષા છે. ।।૫૨।।**

**ટીકા :-**

'कान्तकान्तासमेतस्य'=कमनीयप्रियतमायुक्तस्य, 'दिव्यगेयश्रुतौ यथा' किंनरादिगेयश्रुतावित्यर्थः 'यूनो'=वयःस्थस्य 'भवति' 'शुश्रूषा'=श्रोतुमिच्छा तद्गोचरैव 'तथा' 'अस्यां' दृष्टौ व्यवस्थितस्य सतः 'तत्त्वगोचरा'=तत्त्वविषयैव शुश्रूषा भवति ।।५२।।

**ટીકાર્થ :-**

'कान्तकान्तासमेतस्य' ..... शुश्रूषा भवति ।। જે પ્રમાણે કાન્ત કાન્તાથી યુક્તને=કમનીય પ્રિયતમાથી યુક્ત એવા યુવાનને દિવ્ય ગેયશ્રવણમાં=કિંનર આદિના ગીતશ્રવણમાં, શુશ્રૂષા તદ્ગોચરા જ અર્થાત્ કિંનરના ગીતના વિષયવાળી જ, સાંભળવાની ઇચ્છા હોય છે; તે પ્રમાણે આ દૃષ્ટિમાં વ્યવસ્થિત છતા યોગીને=બલાદૃષ્ટિમાં રહેલા યોગીને, તત્ત્વગોચરા જ=તત્ત્વના વિષયવાળી જ, શુશ્રૂષા હોય છે. ।।૫૨।।

**ભાવાર્થ :-**

સામાન્ય રીતે સુંદર સ્ત્રીથી યુક્ત યુવાન પુરુષને દિવ્ય સંગીત સાંભળવામાં અત્યંત રુચિ હોય છે, જે ભવસ્વભાવના કારણે થાય છે. તેમ ત્રીજી દૃષ્ટિવાળા જીવોને જે નિર્મળ દૃષ્ટિ પ્રગટી છે, તેના કારણે

યોગમાર્ગને કહેનારા તત્ત્વના વિષયમાં તેમને તે યુવાન પુરુષ જેવી તત્ત્વને સાંભળવાની ઇચ્છા પ્રગટે છે. તેથી જેમ તે યુવાનને દિવ્ય ગીત સાંભળવાનો અવસર આવે તો અત્યંત આનંદ થાય છે, તેવો અપૂર્વ આનંદ તત્ત્વશ્રવણના વિષયમાં બલાદૃષ્ટિવાળા યોગીને થાય છે. વળી આ સાંભળવાની ઇચ્છા, સાંભળવાની સામગ્રી મળે તો સાંભળવાની ક્રિયામાત્રમાં વિશ્રાંત થાય તેવી નથી, પરંતુ તત્ત્વના સમ્યગ્બોધનું કારણ બને તે રીતે સાંભળવામાં યત્ન કરાવે તેવા ગુણવાળી છે, જે સ્વયં જ ગ્રંથકાર આગળ સ્પષ્ટ કરે છે.

અહીં વિશેષ એ છે કે શ્લોક-૪૭-૪૮માં કહેલ કે બીજી દૃષ્ટિવાળા યોગી વિચારે છે કે ભવનો ઉચ્છેદ કઈ રીતે થાય ? અને તેમ વિચારવાથી તેમને ભવના ઉચ્છેદના ઉપાય ક્ષમાદિભાવો દેખાય છે, પરંતુ તે ક્ષમાદિભાવો કઈ રીતે પ્રગટ કરવા તેનો નિર્ણય કરી શકતા નથી. તેથી વિચારે છે કે શિષ્ટ પુરુષોની આચરણાને પ્રમાણ કરીને સામાન્યથી તે રીતે કરવામાં આવે તો જ ક્ષમાદિગુણો પ્રગટે. આથી બીજી દૃષ્ટિવાળાને યોગીઓની ક્ષમાદિગુણને અનુકૂળ પ્રવૃત્તિઓનો પરમાર્થ જાણવાની જિજ્ઞાસા હોય છે, અને તે જિજ્ઞાસામાંથી ઉત્પન્ન થયેલી શુશ્રૂષા બલાદૃષ્ટિમાં આવે છે. તેથી બલાદૃષ્ટિવાળાને સંસારના ઉચ્છેદનું કારણ બને તેવા ક્ષમાદિગુણોને પ્રગટ કરવાના ઉપાયને સાંભળવાની તીવ્ર ઇચ્છા હોય છે, જે શુશ્રૂષા ગુણરૂપ છે; અને સાંભળવાનો સંયોગ મળે તો આવા જીવો યોગી પાસે તેનો પરમાર્થ જાણીને અવશ્ય સમ્યગ્બોધ કરે છે; જેમ ૧૫૦૦ તાપસો ગૌતમસ્વામીને પામીને યોગમાર્ગના પરમાર્થને પ્રાપ્ત કરી શક્યા.

આશય એ છે કે ૧૫૦૦ તાપસો મોક્ષના અર્થી હતા અને મોક્ષના ઉપાયને સાંભળવાની તીવ્ર અભિલાષાવાળા હતા. તેથી તેઓમાં શુશ્રૂષાગુણ હતો; અને જ્યારે તેમણે ગૌતમસ્વામીને ગુરુ તરીકે સ્વીકાર્યા ત્યારે ગૌતમસ્વામીએ તેમના ક્ષયોપશમને અનુરૂપ મોક્ષનો ઉપાય વીતરાગતા છે તેમ બતાવ્યું, અને વીતરાગતા માટે અસંગભાવમાં યત્ન કરવો જોઈએ તેમ બતાવ્યું. અસંગભાવની પ્રાપ્તિ માટે સંયમ ગ્રહણ કરીને સમિતિ-ગુપ્તિમાં કઈ રીતે આચરણા કરવી જોઈએ, તે વાત તેમની ભૂમિકા પ્રમાણે બતાવી; અને સંયમીએ કઈ આચરણાઓ કઈ રીતે કરવી જોઈએ, જેથી સમિતિ-ગુપ્તિની પ્રાપ્તિ થાય, તેનો બોધ કરાવીને તેમને દીક્ષા આપી. તે ઉપદેશના બળથી તેમને યોગમાર્ગનો યથાર્થ બોધ થયો, જેથી શક્તિના પ્રકર્ષથી સંયમમાં યત્ન કર્યો અને અસંગભાવને પ્રાપ્ત કરીને કેવળજ્ઞાનને પામ્યા. **॥૫૨॥**

**અવતરણિકા :-**

**इयं चैवम्भूतेत्याह –**

**અવતરણિકાર્થ :-**

**અને આ=બલાદૃષ્ટિમાં પ્રગટ થતી શુશ્રૂષા, આવા પ્રકારની છે=શ્લોકમાં બતાવે છે તેવા પ્રકારની છે, इति=एतद्=એને, કહે છે.**

શ્લોક :-

बोधाम्भःस्त्रोतसश्चैषा, सिरातुल्या सतां मता ।
अभावेऽस्याः श्रुतं व्यर्थमसिरावनिकूपवत् ।।५३।।

અન્વયાર્થ :-

च=અને बोधाम्भःस्त्रोतसः सिरातुल्या=બોધરૂપી પાણીના પ્રવાહની સિરાતુલ્ય एषा=આ=શુશ્રૂષા सतां= સંતોને=મુનિઓને मता=માન્ય છે=ઈષ્ટ છે. अस्याः अभावे=આના અભાવમાં=શુશ્રૂષાના અભાવમાં श्रुतं=સાંભળેલું असिरावनिकूपवत्=સિરા વગરની પૃથ્વીમાં કૂવો ખોદવાની જેમ व्यर्थम्=વ્યર્થ છે. ।।૫૩।।

શ્લોકાર્થ :-

**અને બોધરૂપી પાણીના પ્રવાહની સિરાતુલ્ય શુશ્રૂષા મુનિઓને ઈષ્ટ છે. શુશ્રૂષાના અભાવમાં સાંભળેલું સિરા વગરની પૃથ્વીમાં કૂવો ખોદવાની જેમ વ્યર્થ છે. ।।૫૩।।**

ટીકા :-

'बोधाम्भःस्त्रोतसो'=बोधोदकप्रवाहस्य, 'चैषा' शुश्रूषा, 'सिरातुल्या'ऽवन्ध्याऽक्षयतद्बीजकल्पतया 'सतां मता'=मुनीनामिष्टा, 'अभावेऽस्याः' शुश्रूषायाः किमित्याह 'श्रुतं' 'व्यर्थं'=श्रमफलम्, किंवदित्याह 'असिरावनिकूपवत्' असिरावनौ पृथिव्यां कूपखननं अतत्खननमेवाऽतत्फलत्वादिति ।।५३।।

ટીકાર્થ :-

'बोधाम्भः ..... तत्फलत्वादिति ।। અને અવંધ્ય, અક્ષય તેનું=બોધનું, બીજ કલ્પપણું હોવાને કારણે=બીજતુલ્યપણું હોવાને કારણે, બોધરૂપી પાણીના પ્રવાહની સિરાતુલ્ય આ=શુશ્રૂષા, સંતોને=મુનિઓને, માન્ય છે=ઈષ્ટ છે. આના=શુશ્રૂષાના, અભાવમાં શ્રુત=સાંભળેલું, વ્યર્થ છે= શ્રમફળવાળું છે.

કોની જેમ ? એથી કરીને કહે છે –

અસિરા અવનિમાં કૂપની જેમ.

સિરા વગરની પૃથ્વીમાં કૂપખનનરૂપ દૃષ્ટાંતનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

સિરા વગરની પૃથ્વીમાં કૂપખનન અતત્ખનન જ છે=કૂપનું અખનન જ છે; કેમ કે અતત્ફળપણું છે=કૂપના અખનનું ફળપણું છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૫૩।।

**ભાવાર્થ :-**

જે પૃથ્વીમાં કૂવો ખોદવાથી પાણી નીકળે તેવી સિરાઓ છે, તે સિરાઓ કૂવો ખોદવામાં આવે તો અવશ્ય પાણીની પ્રાપ્તિ કરાવે તેવી અવંધ્ય છે, વળી તે સિરાઓ પાણીની પ્રાપ્તિ માટે અક્ષય તદ્‌બીજ જેવી છે=સતત પાણીની પ્રાપ્તિ કરાવે તેના જેવી છે. તેથી આવી સિરાવાળી ભૂમિમાં કૂવો ખોદવામાં આવે તો અવશ્ય સતત પાણીની પ્રાપ્તિ થાય. તેમ ત્રીજી દૃષ્ટિવાળા જીવોને જે શુશ્રૂષાગુણ પ્રગટ્યો છે, તે શુશ્રૂષાગુણ બોધરૂપી પ્રવાહ માટે સિરા તુલ્ય છે. માટે જેમ સિરાવાળી ભૂમિમાં કૂવો ખોદવામાં આવે તો અક્ષય જલની પ્રાપ્તિ થાય છે, તેમ શુશ્રૂષાગુણવાળા જીવોને યોગમાર્ગના ઉપદેશની પ્રાપ્તિ થાય, તો તેઓની સાંભળવાની ક્રિયા અવશ્ય પારમાર્થિક બોધનું કારણ થાય છે; અને જે જીવોને આ શુશ્રૂષાગુણ પ્રગટ્યો નથી, તેવા જીવો યોગી પાસે યોગમાર્ગનું શ્રવણ કરે, તોપણ તે શ્રવણ વ્યર્થ ફળવાળું છે. જેમ સિરા વગરની પૃથ્વીમાં કૂવો ખોદવામાં આવે તો જળની પ્રાપ્તિ થાય નહિ, તેમ શુશ્રૂષાગુણ વગરના જીવો તત્ત્વનું શ્રવણ કરે તોપણ તેઓને તત્ત્વનો બોધ થાય નહિ.

અહીં વિશેષ એ છે કે પહેલી દૃષ્ટિવાળા અને બીજી દૃષ્ટિવાળા જીવો શુશ્રૂષાગુણવાળા નથી, તોપણ પહેલી દૃષ્ટિવાળા જીવો અદ્વેષગુણવાળા છે, બીજી દૃષ્ટિવાળા જીવો જિજ્ઞાસાગુણવાળા છે, અને તેવા જીવોને યોગમાર્ગ સાંભળવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, તો અદ્વેષગુણવાળાને ઉપદેશના બળથી પ્રાયઃ જિજ્ઞાસાગુણ પ્રગટે છે, અને જિજ્ઞાસાગુણ પ્રગટ્યો છે જેમને એવા બીજી દૃષ્ટિવાળા જીવોને પણ ઉપદેશથી પ્રાયઃ શુશ્રૂષાગુણ પ્રગટે છે, ત્યાર પછી તેઓની ઉપદેશશ્રવણક્રિયા સમ્યગ્બોધનું કારણ બને છે; અને જે જીવો યોગમાર્ગથી તદ્દન વિમુખ છે તેવા અદ્વેષાદિ ગુણ વગરના માટે ઉપદેશ ફળવાળો નથી, જ્યારે ત્રીજી દૃષ્ટિવાળા જીવોને શુશ્રૂષાગુણ પ્રગટેલો હોવાથી શ્રવણની ક્રિયા શીઘ્ર બોધનું કારણ બને છે, અને અદ્વેષાદિગુણવાળા પહેલી દૃષ્ટિવાળા અને બીજી દૃષ્ટિવાળા જીવોને ઉપદેશ શુશ્રૂષાગુણ પ્રગટાવીને સમ્યગ્બોધનું કારણ બને છે. **॥૫૩॥**

**અવતરણિકા :-**

**इहैव व्यतिरेकमाह –**

**અવતરણિકાર્થ :-**

**અહીં જ=પૂર્વ શ્લોકમાં કહ્યું કે બોધરૂપી પાણી માટે શુશ્રૂષા સિરા તુલ્ય છે - એ કથનમાં જ, વ્યતિરેકને કહે છે :**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે બોધરૂપી પાણી માટે બલાદૃષ્ટિમાં પ્રગટ થયેલ શુશ્રૂષા સિરા તુલ્ય છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે જેમ સિરાવાળી પૃથ્વીમાં કૂવો ખોદવામાં આવે તો અવશ્ય પાણીની પ્રાપ્તિ થાય, તેમ શુશ્રૂષાગુણવાળાને તત્ત્વબોધ કરાવનારી સામગ્રી મળે તો અવશ્ય બોધ પ્રગટ થાય. હવે એ કથનમાં જ

વ્યતિરેકને કહે છે અર્થાત્ બોધસામગ્રી ન મળે તો શુશ્રૂષાગુણનું શું ફળ પ્રાપ્ત થાય ? તે રૂપ વ્યતિરેકને કહે છે : અહીં 'વ્યતિરેક' શબ્દ 'અભાવ' અર્થમાં છે અને તેનાથી શ્રવણસામગ્રીનો અભાવ ગ્રહણ કરવાનો છે. તેથી એ પ્રાપ્ત થાય કે શુશ્રૂષાગુણવાળાને પ્રાપ્ત થયેલી શ્રવણના અભાવની સામગ્રીને કહે છે અર્થાત્ અભાવની સામગ્રીમાં પણ તેને શુશ્રૂષા શું ફળવાળી છે તેને કહે છે, એ પ્રકારનો ધ્વનિ છે.

**શ્લોક :-**

**श्रुताभावेऽपि भावेऽस्याः, शुभभावप्रवृत्तितः ।**
**फलं कर्मक्षयाख्यं स्यात्परबोधनिबन्धनम् ।।५४।।**

**અન્વયાર્થ :-**

**श्रुताभावेऽपि=શ્રુતના અભાવમાં પણ=શ્રવણના અભાવમાં પણ अस्याः=આના-શુશ્રૂષાના भावे=ભાવમાં=સદ્ભાવમાં शुभभावप्रवृत्तितः=શુભભાવની પ્રવૃત્તિ હોવાથી परबोधनिबन्धनम् कर्मक्षयाख्यं फलं=પરબોધનું કારણ એવું કર્મક્ષય નામનું ફળ=આત્મહિત માટે ઉપયોગી એવા બોધનું કારણ એવું કર્મક્ષય નામનું ફળ स्यात्=થાય. ।।૫૪।।**

**શ્લોકાર્થ :-**

**શ્રવણના અભાવમાં પણ શુશ્રૂષાના સદ્ભાવમાં શુભ ભાવની પ્રવૃત્તિ હોવાથી આત્મહિત માટે ઉપયોગી એવા બોધનું કારણ એવું કર્મક્ષય નામનું ફળ થાય. ।।૫૪।।**

**ટીકા :-**

**'श्रुताभावेऽपि'=श्रवणाभावेऽपि, 'भावेऽस्याः'=शुश्रूषायाः, किमित्याह 'शुभभावप्रवृत्तितः-' तद्भावस्यैव शुभत्वात् 'फलं कर्मक्षयाख्यं स्यात्'-वचनप्रामाण्येन, एतच्च 'परबोधनिबन्धनं'= प्रधानबोधकारणं, वचनप्रामाण्यादेव ।।५४।।**

**ટીકાર્થ :-**

**'श्रुताभावेऽपि' ..... वचन-प्रामाण्यादेव ।। શ્રુતના અભાવમાં પણ=શ્રવણના અભાવમાં પણ, આના=શુશ્રૂષાના, ભાવમાં શુભભાવની પ્રવૃત્તિ હોવાથી કર્મક્ષય નામનું ફળ થાય.**

શુભભાવની પ્રવૃત્તિ કેમ છે ? તેમાં હેતુ કહે છે :

**તદ્ભાવનું જ=શુશ્રૂષાના પરિણામનું જ, શુભપણું છે.**

અહીં શુશ્રૂષાના ભાવથી કર્મક્ષય કેમ થાય છે ? તેમાં યુક્તિ આપે છે :

**વચનના પ્રામાણ્યને કારણે=શાસ્ત્રવચન કહે છે કે 'શુશ્રૂષાથી કર્મક્ષય થાય છે,' તેના પ્રામાણ્યને કારણે કર્મક્ષયરૂપ ફળ થાય છે, એમ નક્કી થાય છે.**

**અને આ=શુશ્રૂષાના ભાવથી પેદા થયેલું કર્મક્ષયરૂપ ફળ, પરબોધનું કારણ છે=પ્રધાનબોધનું કારણ છે.**

તેમાં હેતુ કહે છે :

**વચનના પ્રામાણ્યથી જ=શાસ્ત્રવચનના પ્રામાણ્યથી જ, નક્કી થાય છે કે શુશ્રૂષાગુણથી થયેલું કર્મક્ષયરૂપ ફળ મોક્ષના કારણીભૂત એવા સમ્યગ્બોધનું કારણ છે. ।।૫૪।।**

**ભાવાર્થ :-**

ત્રીજી દૃષ્ટિવાળા યોગીને સંસારના ઉચ્છેદના ઉપાયને જાણવાની તીવ્ર ઇચ્છા હોય છે, તેથી આત્મહિત માટે ઉપયોગી એવા તત્ત્વને સાંભળવાની ઇચ્છારૂપ શુશ્રૂષાગુણ વર્તે છે. આવા યોગી આત્મહિતવિષયક વિચારણા કરતા હોય ત્યારે સાંભળવાનો વ્યક્ત અભિલાષ વર્તતો હોય છે, અને યોગીઓ પાસે સાંભળવા પણ શક્ય હોય તો જાય છે. આમ છતાં યોગમાર્ગનો યથાર્થ બોધ કરાવે તેવા યોગીની પ્રાપ્તિ ન થાય તો તેમને સમ્યગ્બોધનું કારણ બને તેવી શ્રવણસામગ્રીનો અભાવ પણ પ્રાપ્ત થાય; છતાં પણ તેમનામાં વર્તતો શ્રવણનો અભિલાષ પોતે જ શુભભાવરૂપ હોવાથી તેનાથી તેમને કર્મક્ષયરૂપ ફળ પ્રાપ્ત થાય છે.

અહીં પ્રશ્ન થાય કે સંસારી જીવોને પણ જે વાતમાં રસ હોય છે, તેને સાંભળવાની તીવ્ર ઇચ્છા હોય છે. આમ છતાં તેનાથી તેમને કર્મક્ષયરૂપ ફળ પ્રાપ્ત થતું નથી, અને ત્રીજી દૃષ્ટિવાળાને જે શુશ્રૂષાગુણ પ્રગટ્યો છે તેનાથી તેમને કર્મક્ષયરૂપ ફળ પ્રાપ્ત થાય છે, તે કોણ નક્કી કરી શકે ? તેથી કહે છે –

'શાસ્ત્રવચન જ પ્રમાણ છે' અર્થાત્ શાસ્ત્રવચન કહે છે કે સંસારી જીવોને જે પ્રિયને સાંભળવાની ઇચ્છા હોય છે તે શુભભાવરૂપ નથી, અને ત્રીજી દૃષ્ટિવાળાને પ્રિય એવા યોગમાર્ગના પરમાર્થને સાંભળવાની જે તીવ્ર ઇચ્છા હોય છે, તે શુભભાવરૂપ છે. તેથી ત્રીજી દૃષ્ટિવાળા જીવોને શુશ્રૂષાગુણથી કર્મક્ષયરૂપ ફળની પ્રાપ્તિ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે શુશ્રૂષાગુણથી જે કર્મક્ષય થાય છે, તે કેવા પ્રકારના ફળની નિષ્પત્તિનું કારણ બને તેવો છે ? તેથી કહે છે –

શુશ્રૂષાગુણ યોગમાર્ગના બોધમાં પ્રતિબંધક એવાં જ્ઞાનાવરણીય આદિ કર્મોના નાશનું કારણ થાય છે. તેથી શુશ્રૂષાગુણવાળા યોગીને આ ભવમાં શ્રવણની સામગ્રી ન મળે તોપણ યોગમાર્ગની પ્રાપ્તિનું કારણ બને તેવા બોધનાં પ્રતિબંધક એવાં જ્ઞાનાવરણીય આદિ કર્મોનો ક્ષય થાય છે.

અહીં પ્રશ્ન થાય કે શુશ્રૂષાગુણ પ્રગટેલો હોય, અને બોધની સામગ્રી મળે, તો ઉપદેશ આદિના શ્રવણથી તે પ્રકારનાં બોધનાં પ્રતિબંધક એવાં જ્ઞાનાવરણીય આદિ કર્મનો ક્ષય થાય છે, તેમ કહી શકાય; પરંતુ જેને બોધની સામગ્રી મળી નથી, તેવા શુશ્રૂષાગુણવાળા જીવોને યોગમાર્ગના બોધનું કારણ બને એવાં જ્ઞાનાવરણીય આદિ કર્મોનો ક્ષય થાય છે. તે કેવી રીતે નક્કી થાય ? તેથી કહે છે :

ભગવાનના વચનના પ્રામાણ્યથી જ તે નક્કી થાય છે. 'શુશ્રૂષાગુણવાળા જીવોને શ્રવણની સામગ્રી ન મળે તોપણ યોગમાર્ગના બોધમાં પ્રતિબંધક એવાં કર્મોનો ક્ષય થાય છે.' ભગવાનના આ વચનથી આ

ભવમાં ઉપદેશની સામગ્રી પ્રાપ્ત ન થાય તોપણ જન્માંતરમાં યોગમાર્ગના સમ્યગ્બોધને આવા શુશ્રૂષાગુણવાળા યોગી અવશ્ય પ્રાપ્ત કરશે.

અહીં વિશેષ એ છે કે તત્ત્વને સાંભળવાની તીવ્ર ઇચ્છાવાળા જીવોને તત્ત્વ સાંભળવાની સામગ્રી મળે તો તત્ત્વની પ્રાપ્તિમાં પ્રતિબંધક એવા જ્ઞાનાવરણીય અને મિથ્યાત્વમોહનીયકર્મનો નાશ અવશ્ય તરત થાય, અને સૂક્ષ્મબોધવાળું જ્ઞાન અવશ્ય પ્રગટે; પરંતુ જે જીવોને શુશ્રૂષાગુણ પ્રગટ્યો છે, અને બોધની સામગ્રી મળી નથી, આમ છતાં યોગમાર્ગને સાંભળવાની જે તીવ્ર ઇચ્છા છે, તે યોગમાર્ગના પ્રતિબંધક એવા જ્ઞાનાવરણીય અને મિથ્યાત્વમોહનીયકર્મનો અવશ્ય નાશ કરે છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેમ સિરાવાળી પૃથ્વી હોય અને તેને ખોદીને કૂવો ન કરવામાં આવે તો લેશ પણ પાણીની પ્રાપ્તિરૂપ ફળ મળતું નથી; જ્યારે શુશ્રૂષાગુણવાળા જીવોને કૂવો ખોદવાની ક્રિયાસ્થાનીય શ્રવણસામગ્રી ન મળે તો, સાક્ષાત્ બોધરૂપ ફળની પ્રાપ્તિ થાય નહિ; આમ છતાં તે શુશ્રૂષાગુણ સર્વથા વ્યર્થ નથી, પરંતુ શુશ્રૂષાગુણના શુભભાવને કારણે યોગમાર્ગની પ્રાપ્તિમાં પ્રતિબંધક એવા જ્ઞાનાવરણીય અને મિથ્યાત્વમોહનીયકર્મનો ક્ષય થાય છે. તેથી કૂપનું દૃષ્ટાંત વ્યતિરેક સ્થાનમાં સમાન નથી, તે બતાવવા માટે અહીં કહ્યું કે શ્રવણસામગ્રીના અભાવમાં પણ કર્મક્ષયરૂપ ફળ થાય છે. **॥૫૪॥**

**અવતરણિકા :-**

**योगेऽक्षेपगुणमाह –**

**અવતરણિકાર્થ :-**

**યોગમાં=શુભયોગમાં, અક્ષેપગુણને કહે છે –**

**ભાવાર્થ :-**

બલાદૃષ્ટિવાળા જીવોને ક્રિયામાં વર્તતો ક્ષેપદોષ જાય છે અને અક્ષેપગુણ પ્રગટે છે, અને તે અક્ષેપગુણ યોગમાર્ગની પ્રવૃત્તિવિષયક હોય છે. તે કેવા સ્વરૂપવાળો છે, તેને ગ્રંથકાર કહે છે –

**શ્લોક :-**

**शुभयोगसमारम्भे, न क्षेपोऽस्यां कदाचन ।**
**उपायकौशलं चापि, चारु तद्विषयं भवेत् ।।५५।।**

**અન્વયાર્થ :-**

**अस्यां=આ દૃષ્ટિ હોતે છતે=બલાદૃષ્ટિ હોતે છતે शुभयोगसमारम्भे=શુભયોગના સમારંભમાં= શુભયોગની પ્રવૃત્તિમાં कदाचन=ક્યારેય क्षेपो न=ક્ષેપ નથી=ક્ષેપદોષ નથી चापि=અને तद्विषयं चारु उपायकौशलं=તેના વિષયક સુંદર ઉપાયકૌશલ્ય=શુભયોગની પ્રવૃત્તિવિષયક સુંદર ઉપાયકૌશલ્ય भवेत्=હોય છે. ।।૫૫।।**

**શ્લોકાર્થ :-**

**બલાદૃષ્ટિ હોતે છતે શુભયોગની પ્રવૃત્તિમાં ક્યારેય ક્ષેપદોષ નથી, અને શુભયોગની પ્રવૃત્તિવિષયક સુંદર ઉપાયકૌશલ્ય હોય છે. ॥૫૫॥**

**ટીકા :-**

**'शुभयोगसमारम्भे' - तथाविधध्यानादौ, 'न क्षेपोऽस्याम्'=अधिकृतदृष्टौ सत्यां, 'कदाचन' भवति, 'उपायकौशलं चापि' तथाविधदेशाध्यासनादि 'चारु'=शोभनं, 'तद्विषयं'=शुभयोगसमारम्भ-विषयं, 'भवेद्' इति ।।५५।।**

**ટીકાર્થ :-**

**'शुभयोगसमारम्भे' ..... 'भवेद्' इति ।। अस्याम् - અધિકૃત દૃષ્ટિ હોતે છતે=બલાદૃષ્ટિ હોતે છતે, તેવા પ્રકારના ધ્યાનાદિરૂપ શુભયોગના સમારંભમાં=ત્રીજી દૃષ્ટિવાળા જીવોના બોધને અનુરૂપ ધ્યાનાદિ શુભયોગની પ્રવૃત્તિમાં, ક્યારેય ક્ષેપ થતો નથી, અને તદ્‌વિષય=શુભયોગસમારંભવિષય, ચારુ=શોભન, તથાવિધ દેશઅધ્યાસનાદિરૂપ ઉપાયની કુશળતા=યોગનિષ્પત્તિમાં સહાયક થાય તેવા સ્થાનમાં બેસવા આદિરૂપ ઉપાયની કુશળતા, હોય છે.**

**'इति' શબ્દ કથનની સમાપ્તિ માટે છે. ॥૫૫॥**

❖ 'तथाविधध्यानादि' માં 'आदि' પદથી જપ, સ્વાધ્યાય આદિનું ગ્રહણ કરવું.

❖ 'तथाविधदेशाध्यासनादि' માં 'आदि' પદથી આસન અને ધ્યાનાદિની ક્રિયાની પ્રવૃત્તિનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

ત્રીજી દૃષ્ટિમાં આવેલા યોગીને પ્રથમ બે દૃષ્ટિ કરતાં બોધ કંઈક બલિષ્ઠ હોય છે અને આથી શ્લોક-૧૫ની ટીકામાં કહેલ તે પ્રમાણે ત્રીજી દૃષ્ટિવાળા જીવોને અર્થપ્રયોગમાં પ્રીતિ હોય છે, અને તેના કારણે યત્નલેશ થતો હોય છે. જોકે ત્રીજી દૃષ્ટિવાળા જીવોને સૂક્ષ્મ બોધ નથી, તેથી પરિપૂર્ણ સમ્યક્ યત્ન થતો નથી; તોપણ પ્રથમ બે દૃષ્ટિ કરતાં કંઈક સ્પષ્ટ બોધ છે, માટે યોગની જે કોઈ પ્રવૃત્તિ કરે છે તે પ્રવૃત્તિમાં ફળનિષ્પન્ન થાય તે રીતે કરવાની પ્રીતિ હોય છે. તેથી જે પણ યત્નલેશ થાય છે તે યત્નલેશરૂપે આ દૃષ્ટિમાં રહેલા જીવો પોતાની ભૂમિકાને અનુરૂપ ધ્યાન, જપ, સ્વાધ્યાય આદિ કરે છે, અને તેમાં ક્યારેય ક્ષેપદોષ ન આવે તે રીતે પ્રયત્ન કરે છે.

વળી પ્રથમ બે દૃષ્ટિ કરતાં ત્રીજી દૃષ્ટિમાં બોધ બલિષ્ઠ હોવાને કારણે શુભયોગની પ્રવૃત્તિવિષયક સુંદર ઉપાયકૌશલ્ય હોય છે. તેથી પોતાની ભૂમિકા પ્રમાણે જે ધ્યાન, જપાદિ કરે છે તે ક્રિયાથી ફળ નિષ્પન્ન થાય તેવા પ્રકારના દેશમાં બેસવું, તેવા પ્રકારના આસનમાં બેસવું, તે પ્રકારે મન-વચન-કાયાના યોગોને પ્રવર્તાવવા આદિ વિધિ સાચવે છે, કે જેથી લક્ષ્યને અનુરૂપ યત્ન થાય છે; અને આથી ત્રીજી

દૃષ્ટિથી જીવનું માર્ગમાં ગમન શરૂ થાય છે; જે કથન 'નમુત્થુણં' સૂત્રમાં 'મગ્ગદયાણં' શબ્દથી કરેલ છે. વળી આ ત્રીજી દૃષ્ટિવાળા જીવો સૂક્ષ્મબોધવાળા નહિ હોવા છતાં સૂક્ષ્મબોધને અનુકૂળ એવા માર્ગમાં પ્રવૃત્તિ કરે છે, અને ઉપાયનું કૌશલ્ય હોવાને કારણે તેઓની માર્ગની પ્રવૃત્તિ સૂક્ષ્મ બોધરૂપ ફળનું કારણ બને તેવી છે. **॥૫૫॥**

**અવતરણિકા :-**

तथाऽस्यामेव दृष्टावभ्युच्चयमाह –

**અવતરણિકાર્થ :-**

**तथा - અને, अस्यामेव दृष्टौ=આ જ દૃષ્ટિમાં=બલાદૃષ્ટિમાં, અભ્યુચ્ચયને કહે છે=પૂર્વશ્લોકમાં બતાવેલ કે ક્ષેપદોષ થતો નથી અને ઉપાયકૌશલ્ય થાય છે, તેમાં જ સમુચ્ચયરૂપે અન્ય ગુણને કહે છે :**

**શ્લોક :-**

**परिष्कारगतः प्रायो, विघातोऽपि न विद्यते ।**
**अविघातश्च सावद्यपरिहारान्महोदयः ।।५६।।**

**અન્વયાર્થ :-**

परिष्कारगतः विघातोऽपि=ઉપકરણગત વિઘાત પણ=ઉપકરણમાં ઈચ્છારૂપ પ્રતિબંધ પણ प्रायः=ઘણું કરીને विद्यते न=વિદ્યમાન નથી च=અને अविघातः=અવિઘાત सावद्यपरिहारात्=સાવદ્યના પરિહારથી महोदयः=મહોદયવાળો છે. ।।૫૬।।

**શ્લોકાર્થ :-**

**ઉપકરણમાં ઈચ્છારૂપ પ્રતિબંધ પણ ઘણું કરીને વિદ્યમાન નથી, અને અવિઘાત સાવદ્યના પરિહારથી મહોદયવાળો છે. ।।૫૬।।**

**ટીકા :-**

'परिष्कारगतः' उपकरणगत इत्यर्थः 'प्रायो'=बाहुल्येन, 'विघातोऽपि'-इच्छाप्रतिबन्धो, 'न विद्यते'-अस्यां सत्यामिति, 'अविघातश्च' किम्भूतो भवतीत्याह 'सावद्यपरिहारात्'=प्रतिषिद्धपरिहारेण, 'महोदयः' अभ्युदयनिःश्रेयसहेतुरित्यर्थः ।।५६।।

**ટીકાર્થ :-**

'परिष्कारगतः' ..... हेतुरित्यर्थः ।। **આ દૃષ્ટિ હોતે છતે પ્રાયઃ=બહુલતાથી=ઘણું કરીને, પરિષ્કારગત= ઉપકરણવિષયક, ઈચ્છાના પ્રતિબંધરૂપ વિઘાત પણ વિદ્યમાન હોતો નથી.**

**અને અવિઘાત કેવા પ્રકારનો હોય છે ? એથી કરીને કહે છે :**

**સાવદ્યના પરિહારથી=પ્રતિષિદ્ધના પરિહારથી, મહોદયવાળો છે=અભ્યુદય અને નિઃશ્રેયસનો હેતુ છે અર્થાત્ ઇચ્છાના પ્રતિબંધરૂપ વિઘાતનો અભાવ અભ્યુદય અને મોક્ષનું કારણ છે. ।।૫૬।।**

**ભાવાર્થ :-**

ત્રીજી દૃષ્ટિમાં રહેલા યોગીઓમાંથી કેટલાક સંસારનો ત્યાગ કરીને સંન્યાસી થયેલા હોય, જિનશાસનમાં હોય તો સાધુ થયેલા હોય, તો કેટલાક ગૃહસ્થમાં પણ શ્રાવકાદિ ધર્મ પાળતા હોય; આવા સર્વ યોગીઓને ધર્મના ઉપકરણમાં ઘણું કરીને ઇચ્છાના પ્રતિબંધરૂપ અર્થાત્ મમત્વના સંશ્લેષરૂપ યોગમાર્ગમાં વિઘાત કરે તેવો પરિણામ હોતો નથી.

અહીં પ્રાયઃ કહેવાથી ક્વચિત્ કોઈક નિમિત્તને પામીને સૂક્ષ્મ પ્રતિબંધ થાય તેવું બને, તોપણ મોટે ભાગે આવા જીવો ધર્મના ઉપકરણને ધર્મના ઉપાયરૂપે જુએ છે, તેથી ધર્મવૃદ્ધિનું અંગ બને તે રીતે તે ઉપકરણનો ઉપયોગ કરતા હોય છે; અને ધર્મઉપકરણમાં મમત્વના પ્રતિબંધરૂપ વિઘાતનો અભાવ છે, તેના કારણે તે ઉપકરણનો જે રીતે ઉપયોગ કરવાનો પ્રતિષેધ કર્યો હોય તે રીતે ઉપયોગ કરતા નથી, પરંતુ સાવદ્યના પરિહારપૂર્વક સંયમનું કારણ બને તે રીતે તેનો ઉપયોગ કરે છે. આથી તેઓમાં વર્તતો ઉપકરણ પ્રત્યેના મમત્વના અભાવનો પરિણામ અભ્યુદય અને નિઃશ્રેયસનો હેતુ બને છે અર્થાત્ પુણ્યાનુબંધીપુણ્ય અને મોક્ષની નિષ્પત્તિનું કારણ બને તેવી નિર્જરાનો હેતુ બને છે. **।।૫૬।।**

❋ ❋ ❋

## યોગદૃષ્ટિસમુચ્ચય ભાગ-૧ સમાપ્ત

सच्छ्रद्धासङ्गतो बोधो, दृष्टिरित्यभिधीयते ।
असत्प्रवृत्तिव्याघातात् सत्प्रवृत्तिपदावहः ॥

અસત્પ્રવૃત્તિના વ્યાઘાતથી,
સત્પ્રવૃત્તિના સ્થાનને વહન કરનાર
અથવા લાવનાર,
સાચી શ્રદ્ધાથી યુક્ત
એવો બોધ તે દૃષ્ટિ છે,
એ પ્રમાણે કહેવાય છે.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : (૦૭૯) ૩૨૯૧૧૪૭૧
E-mail : gitarthganga@yahoo.co.in

DESIGN BY
9428500401
9824048680